(એ વી સ્કુલના પહેલા ત્રણ ધોરણો માટે ટેક્સ્ટ બુક તરીકે મંજુર થયેલી)

# હિંદના ઇતિહાસનું પ્રથમ દર્શન


કર્તા,

ખાલુભાઇ લલ્લુભાઇ કાજી,

બી એ. એસ ટી સી ડી



પ્રકાશક,

પોપટલાલ મગનલાલ ગજરાવાલા.

ધી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો,

અમદાવાદ.

1924

Price Rs. 0-12-0.

એંગ્લો-વર્નાક્યુલર સ્કૂલોના પહેલા ત્રણ ધોરણો માટે

# હિંદના ઇતિહાસનું પ્રથમ દર્શન

## સરળ વાર્તાઓ અને પુષ્કળ ચિત્રો સહિત.


કર્તા,

બાલુભાઇ લલ્લુભાઇ કાજી, બી એ; એસ. ટી સી ડી.

તે

મુંબઇ સરકારી કેળવણીખાતું

હેડ માસ્તર, શ્રી રણજીતસિંહજી હાઇસ્કૂલ, દેવગઢબારીઆ

‘જગમાં ઝુકેલું જગત’ ના ભાષાન્તરકર્તા





પ્રકાશક

ચોપટલાલ મગનલાલ ગજરાવાળા.

ધી ગુજરાત ઓરીએન્ટલ બુકડીપો

રીચીરોડ, અમદાવાદ

આવૃત્તિ ૪ થી સને ૧૯૨૪ રીપ્રીન્ટ

મુદ્રણસ્થાન આદિત્યમુદ્રણાલય, રાયખડગેટ,—અમદાવાદ.
મુદ્રક પ્રાણજીવન વિશ્વનાથ પાઠક

# પ્રસ્તાવના.

શાળાના અભ્યાસક્રમમા ઈતિહાસ અતિ અગત્યનો અને ઉપયોગી વિષય છે એ નિર્વિવાદ છે પૂર્વે થયેલા મહાન વીરોના પરાક્રમ, દેશમા થએલા બનાવો અને તેથી પ્રજાની સ્થિતિ ઉપર થએલી અસર, અન્ય દેશો સાથે સ્વદેશનો સબધ, વ્યાપારઉદ્યોગનો વિકાસ વગેરેની માહિતી દરેક વિદ્યાર્થીને હોવી જોઇએ, પરતુ નાના બાળકો મહાન પુરુષોની નીતિરીતિથી તથા બનાવોથી થતી અસરની તુલના કરી શકે અને ઇતિહાસનુ ખરૂ રહસ્ય સમજી શકે એવો સભવ ન હોવાથી વાર્તા રૂપેજ ઇતિહાસનુ જ્ઞાન તેમને આપવુ, વાસ્તવિક છે વાર્તા રસમય હોવાથી મન ઉપર સારી છાપ પડે અને મોટી વય થતા બાળકની સમજશક્તિ ખીલે ત્યારે વાર્તામાથી જે ખરો બોધ લેવાનો હોય તે આપોઆપ સમજાઇ જાય પરતુ છુટાછવાયા બનાવો અને પરાક્રમોની વાર્તા કેવળ વાર્તાજ રહી જવાનો ભય રહે છે ક્રમવાર બનાવો અને પરાક્રમ સબધી વાર્તાઓને બીજી સહેજ સહેજ હકીકત વડે ગુથી લેવામા આવે તો બાળકોને સ્વદેશના ઇતિહાસનુ પ્રથમ દર્શન ઉત્તમ રીતે થાય એમા સંદેહ નથી

માત્ર ઇતિહાસ નહિ, તેમજ માત્ર વાર્તા નહિ, ઇતિહાસની રેખા બહુ આછી નહિ તેમજ બહુ ભરેલી નહિ, એવા પુસ્તકની ખાસ જરૂર મને જણાઇ એ હેતુ લક્ષમા રાખી આ લઘુ પુસ્તક ગુજરાતની ઍંગ્લોવર્નાક્યુલર શાળાઓના પહેલા ત્રણ ધોરણના વિદ્યાર્થીઓ માટે તૈયાર કર્યું છે, પરતુ પ્રાથમિક શાળાઓના છેલ્લા ત્રણ ધોરણના તેમજ વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષાના વિદ્યાર્થીઓને પણ આ પુસ્તક ઉપયોગી થઇ પડે એમ માન્યતા છે વળી ભાષા ઘણી સાદી અને સરળ રાખી છે જેથી બાળકો વિષય સહેલાઇથી સમજી શકે

પુસ્તકના ત્રણ ભાગ પાડવામા આવ્યા છે, પ્રત્યેક ભાગ એકેક વેચાણ માટે પુસ્તો થઇ રહે એટલો છે, પ્રથમ ભાગ **પ્રાચીન** કાળને લગતો છે, વેદના સમયથી મુસલમાન રાજ્યની હિંદમા શરૂઆત થવા માંડી ત્યાસુધીની વાર્તારૂપે ઐતિહાસિક રેખા એમા આપવામા આવેલી છે **દ્વિતીય ભાગ** મધ્યકાળનુ દર્શન કરાવે છે, ગુજરાતની કાઇક ઇતિહાસ ઉપરાત દિલ્હીના પઠાણ પાદશાહો, મોગલ સમ્રાટો, અને મરાઠા [illegible]ાગેના સમયની માહીતી એમા સમાવેલી છે **તૃતીય ભાગમા** અર્વાચીન સમય આલેખવામા આવ્યો છે પશ્ચિમના દેશોની પ્રજાનુ આગમન, અંગ્રેજોના અમલની શરૂઆત, અંગ્રેજ વીરોના જીવનચરિત્રો અને તેમાથી મળતો બોધ, તેમણે હિંદના કલ્યાણાર્થે કરેલો સ્તુત્ય પ્રયાસ, અને હિંદને બ્રિટિશ અમલથી મળેલા અપૂર્વ લાભો આ વિભાગમા વર્ણવેલા છે

જેમને માટે આ લઘુ પુસ્તક રચવામા આવ્યુ છે તેમને ખરે-ખર એ ઉપયોગી થઇ પડશે એવી આશા છે તેમ થશે તો લીધેલો શ્રમ સફળ થએલો માનીશ

આ પુસ્તક તૈયાર થતુ હતુ ત્યારે તે વાચી કેટલીક સૂચનાઓ આપવા માટે ભરૂચ હાઇસ્કૂલના આસિસ્ટન્ટ માસ્તર મી. ઉછરંગરાય કેશવરાય ઓઝા બી એ નો હુ અંતઃકરણપૂર્વક આભાર માનુ છુ

દેવગઢબારીઆ.<br>રેવા કાંઠા. }  બા. લ. કાજી

—

# દ્વિતીય આવૃત્તિ.

આ આવૃત્તિના પહેલા અને બીજા ભાગમા અમુક અમુક સ્થળે ઘટિત સુધારો વધારો કરવામા આવ્યો છે ગત અનુભવ અને શિષ્યોની શક્તિ વિચારી આ બે ભાગમા વિભાગ કરવાની જરૂર જણાઈ નથી

ત્રીજો ભાગ ઘણો ઉપરત્વે વિસ્તાર કરવા જોગ જણાયો તેથી નં ૮૯–૫૧ તથા ૬૯–૭૦ સુધીની વાર્તાઓ નવેસરથી લખવામા આવી છે તેમા વર્તમાન સમય સુધીના ઇતિહાસનો તથા હિંદની રાજ્યપદ્ધતિની જરૂર જોગી હકીકતનો સમાવેશ કરવામા આવ્યો છે

આશા છે કે આ આવૃત્તિ પ્રથમ આવૃત્તિ કરતા વિશેષ સરળ અને ઉપયોગી નીવડશે

દેવગઢ બારીઆ, રેવાકાંઠા }
જુન, સને ૧૯૨૨, } બા. લ. કાજી

---

# ચોથી આવૃત્તિ.

આ આવૃત્તિમા જરૂર જોગો સહેજ ફેરફાર કરવામા આવ્યો છે વળી વીર પુરુષોના ચિત્રો, અગત્યના નકશાઓ, તેમજ અગત્યની સાલવારી આપવામા આવ્યા છે

આશા છે કે આ સુધારાવધારાથી પહેલાના કરતા આ આવૃત્તિ વિદ્યાર્થીઓને વધુ ઉપયોગી થઇ પડશે

દેવગઢ બારીઆ; રેવાકાંઠા. }
નવેમ્બર, સને ૧૯૨૨ } બા. લ. કાજી

---

# અનુક્રમણિકા.

## ભાગ ૧ લો.

### પ્રાચીન હિંદ

## ભાગ ૨ જો.

### હિંદના મુસલમાન રાજાઓ અને તેમનાં રાજ્યો

## ભાગ ૩ જો.

### અર્વાચીન હિંદ; બ્રિટિશ સત્તા

# અગત્યનાં ઐતિહાસિક વર્ષો.

ઈ સ પૂર્વે ૨૦૦૦ વર્ષ પર આર્યો હિંદમા આવ્યા

,, ,, ૧૦૦૦ વર્ષથી આર્યો હિંદુ કહેવાવા લાગ્યા

,, ,, ૧૦૦૦-૩૦૦ બ્રાહ્મણોની સત્તાનો સમય

,, ,, ૪૮૦ મા ગૌતમ બુદ્ધનો જન્મ થયો.

,, ,, ૩૨૭ મા મહાન સિકંદરે પૌરસને હરાવ્યો

ઈ સ ૫૭૦-મહમદ પેગંબર સાહેબનો જન્મ થયો

,, ૬૩૯-મુસલમાનોએ ઈરાન જીત્યુ.

,, ૧૦૦૦-મહમદ ગિજની હિંદ પર ચઢી આવ્યો

,, ૧૦૦૧-મહમદે લાહોરના રાજા જયપાલને હરાવ્યો

,, ૧૦૨૪-મહમદે સોમનાથ પાટણ જીત્યુ.

,, ૧૧૯૩-મહમદ ઘોરીએ પૃથ્વીરાજને હરાવ્યો.

,, ૧૨૦૬-ગુલામવંશ સ્થપાયો

,, ૧૨૯૬-૧૩૧૬-અલાઉદીને રાજ્ય ભોગવ્યુ

,, ૧૫૦૪-બાબરે કાબુલ જીત્યુ

,, ૧૫૨૬-બાબરે ઇબ્રાહિમ લોદીને હરાવ્યો

,, ૧૫૪૨-મહાન અકબરનો જન્મ થયો.

,, ૧૫૫૬-અકબરે હેમુને હરાવ્યો

,, ૧૭૩૮-નાદિરશાહ હિંદ પર ચઢી આવ્યો

,, ૧૬૫૯-આરંગઝેબ ગાદીએ બેઠો

ઈ સ ૧૬૨૭-શિવાજીનો જન્મ થયો

,, ૧૬૫૯-શિવાજીએ અફઝલખાનને મારી નાખ્યો.

,, ૧૬૬૧-શિવાજીએ શાઈસ્તખાનને નસાડયો.

,, ૧૬૮૭-શિવાજી મરણ પામ્યો,

,, ૧૭૦૭-ઔરંગઝેબ મરણ પામ્યો.

ઇ સ ૧૭૪૮–મરાઠી રાજ્યની સંપૂર્ણ સત્તા પેશ્વાના હાથમા આવી.

,, ૧૭૬૧–અહમદશાહ અબદઅલીએ મરાઠાઓને હરાવ્યા

,, ૧૪૯૮–વાસ્કોડીગામા હિંદમા આવ્યો

,, ૧૬૦૦–અંગ્રેજોએ ઇસ્ટઇંડિઆ કંપનિ સ્થાપી

,, ૧૭૨૫–રૉબર્ટ ક્લાઇવ જન્મ્યો

, ૧૭૪૪–અંગ્રેજો અને ફ્રેંચો વચ્ચે લડાઇ થઇ

,, ૧૭૫૬–કલકત્તાનું કાગગૃહ

,, ૧૭૫૭–પ્લાસીની લડાઇ

, ૧૭૭૨–વૉરન હેસ્ટિંગ્સ બંગાળાનો ગવર્નર નીમાયા

,, ૧૭૭૪– ,, ,, હિંદનો પહેલો ગવર્નર જનરલ થયા

,, ૧૭૯૯–ટીપુ હાર્યો અને મરાયો

,, ૧૮૧૭–પેશ્વાનુ રાજ્ય ખાલસા કર્યું

, ૧૮૩૨–સતી થવાનો ચાલ બંધ પાડયો

,, ૧૮૪૫–મુદકી અને ફિરોઝપુરની લડાઇમા સીખોને હરાવ્યા

,, ૧૮૪૮–સતારા બ્રિટિશ રાજ્યમા જોડી દીધુ

,, ૧૮૪૮–૪૯ બીજો સીખ વિગ્રહ

ઇ સ ૧૮૫૭–દેશી સિપાઇઓનો બળવો

,, ૧૮૫૮–હિંદ ઇંગ્લંડની સરકારના હાથમા મુકાયુ

,, ૧૯૦૧–સાતમા એડવર્ડ હિંદના શહેનશાહ થયા

,, ૧૯૧૦–પાંચમા જ્યૉર્જ હિંદના શહેનશાહ થયા

,, ૧૯૧૧–દિલ્હી હિંદની રાજધાની થયુ

,, ૧૯૧૪–જગતનું મહાભારત યુદ્ધ શરૂ થયુ

,, ૧૯૧૯–સલાહ થઇ.

# ભાગ ૧ લો.

# પ્રાચીન હિંદ.

## ૧ હિંદુસ્તાનનું સામાન્ય વર્ણન.

આપણે આ પુસ્તકમા **હિંદુસ્તાનના** જુદા જુદા લોકો વિષે વાર્તા કરવા માગીએ છીએ, પણ તે તમને કહેતા પહેલા એ દેશ ક્યા આવેલો છે, એમા ક્યા ક્યા પહાડો છે, તથા કઈ કઇ નદીઓ આવી રહેલી છે તે તમારે જાણવાની જરૂર છે

નકશામા જુઓ **એશિઆ ખંડની** દક્ષિણે આવેલા ત્રિકોણાકાર દેશને આપણે હાલ **હિંદુસ્તાન** કહીએ છીએ એ દેશની ઉત્તરે **હિમાલય** નામના ઉંચા પર્વતની હાર આવેલી છે ત્યા બરફ હમેશા રહે છે અને કદી પીગળતો નથી, તેથી આ પર્વતને "**બરફના રહેઠાણનું**" નામ આપવામા આવ્યુ છે વળી ત્યા એટલી બધી ઠંડી રહે છે કે માણસ કે જાનવર જીવી શકતા નથી, તેમજ ઝાડ અને વનસ્પતિ બહુ થોડા ઊગે છે પત્થર અને ખડક સિવાય બીજુ કાઇ જણાતું નથી આથી આરબ લોકોએ આ પર્વતને "**પૃથ્વીના પત્થરના પટાની**" ઉપમા આપી છે આ પહાડો બહુ ઉંચા છે તેથી ઉત્તરમાથી કોઇ માણસ આવી શકે નહિ, પણ વાયવ્ય અને ઇશાન કોણમા તેઓ નીચા થઇ ગયા છે, તેથી ખીણોમા થઇને માણસો આવજા કરી શકે છે એવા રસ્તાને "**ઘાટ**" કહે છે વાયવ્ય કોણ તરફના પહાડમાથી આવવાના માર્ગને **ખૈબરઘાટ** કહે છે.


હિંદુસ્તાનના
પર્વતો અને નદીઓ.
બ્રહ્મપુત્રા નદી
ગંગા નદી
બંગાળાનો
ઉપસાગર
અરબી
સમુદ્ર

**હિમાલય** પર્વત ઘણો ઉંચો છે વાદળા એના શિખર સાથે અથડાય છે, તેથી ત્યા વરસાદ બહુ વરસે છે, અને પાણી પર્વત પરથી નીચે પડે છે આથી જુદી જુદી નદીઓ બને છે અને તે હિમાલયના નીચલા પ્રદેશમા વહે છે

આમાની મુખ્ય નદીઓ ગગા અને સિધુ છે જે પ્રદેશમાં તેઓ વહે છે તેને "**સિધુ તથા ગંગાના નિચાણ પ્રદેશ**" તરીકે ઓળખવામા આવે છે **બ્રહ્મપુત્રા** નામની એક બીજી નદી છે તે **બ**ંગાળાના ઉપસાગરમા પડે છે

હિદુસ્તાનના મધ્ય ભાગમા જમીન પાછી ઉંચી થએલી માલમ પડે છે ત્યા એક બીજા પર્વતની હાર દેખાય છે, એ પહાડો બહુ ઉંચા નથી, તેમ હિમાલયની પેઠે ત્યા હમેશા બરફ પડેલો હોતો નથી. એ પર્વતને આપણે "**વિધ્યાચળ**" કહીએ છીએ, એની દક્ષિણનો મુલક ઘણો પહાડી છે એ મુલકના પૂર્વ અને પશ્ચિમ કિનારા પર ડુગરોની હારો આવી રહેલી છે એ હારોને "**પૂર્વ અને પશ્ચિમ ઘાટ**" કહે છે એ બે ઘાટો વચ્ચેનો પ્રદેશ "**દખ્ખણ**" નામથી ઓળખાય છે દખ્ખણ એ '**દક્ષિણ**' શબ્દનો અપભ્રશ છે તેમા **ગોદાવરી** અને **કૃષ્ણા** મુખ્ય નદીઓ છે, પણ તેમા પાણી બહુ થોડુ હોય છે, અને ઉનાળામા તો તે લગભગ સુકાઇ જાય છે

**એકંદરે જોતાં હિદુસ્તાનનો કિનારો ઘણે ભાગે પહાડી છે અને વહાણવટીઓને અનુકૂળ આવે એવો નથી** મુખત્વે અગ્નિ કોણમા દરીઆના મોજા કિનારા સાથે ઘણા જોરથી અથડાય છે, અને વહાણને જમીન સુધી આવવામા ઘણી મુસીબત વેઠવી પડે છે સારા બદરો તો ત્યા ઘણાજ થોડા છે, પરતુ વર્ષના અમુક ભાગમા એક જાતનો પવન ફુકાય છે, તેનો લાભ લઇ વહાણવટીઓ પોતાના વહાણો મરજી મુજબ હકારે છે

# ૨. હિંદના લોક.

## અ અનાર્ય.

હિંદુસ્તાન વિષે ઉપર લખેલી વાત જાણી એટલે સ્વાભાવિક રીતે તમે પૂછશો કે એ દેશમા પ્રથમ કયા લોક રહેતા હતા, તેઓ ક્યાથી આવ્યા, કેવી રીતે આવ્યા, તેઓનો રાજા કોણ હતો અને તેઓ કેવા નિયમો પાળતા હતા? આ સઘળા પ્રશ્નોનો જવાબ આપવો બહુ કઠિન છે, કારણ કે ગએલા જમાનાનો ઇતિહાસ જાણ-વાના પુરતા સાધન આપણી પાસે નથી હિંદુસ્તાનમા ઘણા મોટા મોટા રાજ્યકર્તાઓ થઇ ગયા, પણ તેમણે પોતે અથવા તો કોઈ બીજાએ તે વખતનો વૃત્તાન્ત લખ્યો નથી માત્ર થોડી ઘણી હકી કત તે જમાનાના **શિલાલેખ, તામ્રપટ, સિક્કાઓ** અને **પરદેશી મુસાફરોના લખાણ** પરથી આપણને માલમ પડી આવે છે તે ઉપરાત **અસલના લોકોના ધાર્મિક ગ્રથો, પુરાણો**, અને **વીર રસનાં કાવ્યો** પરથી આપણને થોડુ ઘણુ જાણવાનુ મળી આવે છે, પણ જોઇએ તેવો સંતોષકારક ઈતિહાસ મળી શકતો નથી, તેથી આપણને દીલગીર થવુ પડે છે

હિંદુસ્તાનના અસલના લોકો ઘણા **જગલી** હતા હાલ પણ કેટલાક ભાગમા તેમની જાતો માલમ પડે છે તેઓ જગલમા રહી પોતાનો નિર્વાહ કરે છે, અને અર્ધ નગ્ન સ્થિતિમા દેખાય છે આ-પણે જે પ્રમાણે જમીન ખેડી અનાજ પકવીએ છીએ, અને રહેવા વાસ્તે પાકા ઘર બાધીએ છીએ તેમ તે લોકો કરતા નથી **મધ્ય હિંદુસ્તાનના કથ, રજપુતાનાના ભીલ** અને **નીલગિરિના ડુંગરમા વસતા લોકો** ઉપર કહેલા લોકોની જાતના છે આપણે આ સર્વ જગલી જાતોને કોળી કહીએ છીએ. હિંદુસ્તાનના મૂળ વતની પણ તેમને ગણવામા આવે છે

ઇ સ પૂર્વે ૨૦૦૦ વર્ષ પહેલા જ્યારે **આર્ય** લોક હિંદુસ્તાનમા આવ્યા, ત્યારે ઉપર કહેલી **અનાર્ય** જાતોને તેઓએ **દસ્યુ** કે **દાસનું** નામ આપ્યુ હતું **વેદ** જે **હિંદુઓનો** જુનામા જુનો ગ્રંથ છે, તમા આ અનાર્ય લોકને **ચપટા નાકવાળા, કાચું માંસ ખાનારા, યજ્ઞમાં વિઘ્ન કરનારા, યજ્ઞ નહિ કરનારા** એવા વર્ણવવામા આવ્યા છે

**દ્રાવિડ, તેલુગુ, તામિલ, કાનડી** અને દક્ષિણ હિંદુસ્તાનમાં વસતા લોકોની એક બીજી જાત છે ઘણા વર્ષ પૂર્વે આ લોક હિંદુસ્તાનમા આવ્યા હોય અથવા તો જે પ્રમાણે **કોળી** લોક અહીંઆના મૂળ વતની કહેવાય છે તે પ્રમાણે તેઓ પણ અહીંના મૂળ વતની હોય. ગમે તેમ હોય તો પણ દ્રાવિડ લોકો **કોળી** કરતા વધારે સુધરેલા હતા, તેઓ જમીન ખેડતા, અનાજ પકવતા અને કપડા પહેરતા. તેઓ **નાગની** અને **ઝાડની** પૂજા કરતા. દેવોથી ડરતા તેથી પોતાના રક્ષણાર્થે તેમની પ્રાર્થના કરતા, અને તેમને ખુશ કરવાને પ્રાણીઓનો વધ કરતા

ઉપર વર્ણવેલા **અનાર્ય** લોકો **સાચા, નિમકહલાલ** અને ઘણે ભાગે **માયાળુ** માલુમ પડ્યા છે, મદ્રાસ ઇલાકાના **અનાર્ય** જાતોના સિપાઇઓએ દક્ષિણ હિંદ જીતવામા બ્રિટિન સરકારને ઘણી સારી મદદ કરી હતી ઇ સ ૧૭૫૭ના **પ્લાસીના** યુદ્ધમા પણ તેઓએ સારો ભાગ લીધો હતો બહાદુર **ગુરખા** પણ **હિમાલયની** એક અનાર્ય જાત છે, તેમણે પણ હાલના મહાન યુરોપીય વિગ્રહમા ઘણી સારી સેવા બજાવી છે

## આર્ય.

ઈ સ. પૂર્વે ૨૦૦૦ વર્ષ ઉપર માણસના ટોળે ટોળા **ખૈબર** અને **બોલનઘાટમાં** થઇને હિંદુસ્તાનમા આવવા લાગ્યા ઘણા વર્ષ

સુધી એ પ્રવાહ જારી રહ્યો તે લોકો પોતાને **આર્ય** કહેતા અને આપણે પણ તેમને એજ નામથી ઓળખીએ છીએ તમે પૂછશો કે એ માણસો ક્યાથી આવ્યા ? તેનો જવાબ એજ છે કે હાલ જે દેશને **અફગાનિસ્તાન, ઇરાન અને તુર્કસ્તાન** કહીએ છીએ ત્યા તેમનુ મૂળ રહેઠાણ હતુ, તેથી તેઓ ત્યાથીજ આવ્યા હોવા જોઇએ વખત જતા તેમનામા બે ભાગ પડયા એક **પૂર્વના આર્યો** અને બીજા **" પશ્ચિમના આર્યો " ઉત્તર હિંદુસ્તાનના ઈતિહાસનો સબંધ** પૂર્વના આર્યો સાથે છે, તેથી તમને તેમની વાત કહીશુ

તેઓ પોતાનુ મૂળ રહેઠાણ છોડી હિદુસ્તાન તરફ વધવા લાગ્યા. ઘણી પહાડી જમીન અને ઝરાઓ ઓળગ્યા પછી જ્યા હાલ **પેશાવર** આવી રહેલુ છે, ત્યા તેઓ આવ્યા, અને **સિંધુ** નદીને કિનારે આવી અટકયા ત્યા લાબા વખત સુધી તેમણે સાદી અને સુખી જિંદગી ગુજારી તેઓ ઘણા **ઢોર તથા ઘેટાં પોતાની સાથે રાખતા, જમીન ખેડતા,** અને પોતાનુ ગુજરાન ચલાવતા **શિકાર કરવામા અને માછલા પકડવામા પુરુષ વર્ગ પોતાનો વખત ગાળતો સ્ત્રીઓ પાણી ભરતી, ખોરાક રાંધતી, અને પુરુષ વર્ગને ઘરમા બનતી મદદ આપતી,** જ્યારે **આર્યોને** પોતાના રહેઠાણમા પોતાને તથા ઢોરને વાસ્તે પૂરતો ખોરાક મળવા લાગ્યો નહિ, ત્યારે તેઓને **દ્રાવિડ** લોકોની માફક ભટકવાની જરૂર પડી તેસના પછી બીજા ટોળા પણ આવવા લાગ્યા ધીમે ધીમે ગગા નદીના **" નિચાણ પ્રદેશમા "** તેઓ એકઠા મળી રહ્યા

ઉપર કહેલા **આર્ય** લોકોએ પોતનો ઇતિહાસ લખ્યો નથી, તેમજ કોઇ વિદેશી મુસાફરે તેમનો વૃત્તાન્ત આપ્યો નથી, પરતુ વેદમાથી પ્રાચીનકાળના હિદમા વસનારારા લોક વિષે આપણને થોડી ઘણી માહિતી મળી શકે છે **પોતાની દોલતનો અંદાજ પોતાની પાસેના**



આર્યોની સૂર્ય પૂજા.

ઢોરની સંખ્યાથી તેઓ કરતા. કેટલાંક કુટુંબો મળી તેમની એક જાત કે ટોળી બનતી. દરેક ટોળીના એક આગેવાન પુરુષની સરદારી હેઠળ તેઓ લડાઇમા જતા. સઘળી જાતનાં શસ્ત્રનો ઉપયોગ તેમને આવડતો. સૂર્ય, વરુણ, ઇંદ્ર, અગ્નિ ઇત્યાદિ દેવોની તેઓ મંત્રોવડે પ્રાર્થના કરતા. આ પ્રાર્થના બ્રાહ્મણો તેમની પાસે કરાવતા. બ્રાહ્મણનો વર્ગ તે વખતમાં હતો, પણ હાલ જેમ જ્ઞાતિનું બંધારણ માલમ પડે છે તેમ વેદના સમયમા હતું નહિ ઘોડા અને ઢોરનું બળિદાન આપવામાં આવતું, તેમની બધી ક્રિયાઓમા સોમ નામનો કેફી રસ એક અગત્યનો ભાગ ભજવતો હતો

## ૪. રામાયણ.

### અ રામ અને સીતા.

આર્યોના જુદા જુદા ટોળા એકઠા મળી ગગા અને જમનાના પ્રદેશમા વસ્યા, એવુ તમે આગલી વાર્તામા વાચી ગયા ત્યાથી દક્ષિણમા **વિંધ્યાચળ** સુધી અને પૂર્વમા **બગાળા** સુધી તેઓ વસ્યા ત્યા તેમણે પોતાના રાજ્ય સ્થાપ્યા, તેમાનુ એક રાજ્ય **અયોધ્યાનુ** હતુ ત્યા સૂર્યવશી દશરથ રાજા રાજ્ય કરતા હતા તેમને ચાર પુત્ર હતા તેમના નામ **રામ, લક્ષ્મણ, ભરત** અને **શત્રુઘ્ન** હતા પટરાણીના પુત્ર **રામ** હતા, પરતુ તેમની માનીતી રાણીના પુત્ર **ભરત** હતા **રામ** સોળ વર્ષના થયા ત્યારથીજ ઘણી બહાદુરી બતાવવા લાગ્યા અયોધ્યાની આસપાસના જગલમા ઘણા રાક્ષસો ફરતા હતા, અને ઋષિઓને ઘણો ત્રાસ આપી તેમના યજ્ઞકર્મનો ભગ કરતા હતા, તેથી **રામ** પોતાના ભાઈ **લક્ષ્મણ** સાથે વનમા ગયા, અને રાક્ષસોનો સહાર કર્યો આ પ્રમાણે રાક્ષસોના ભયથી દેશ ધીમે ધીમે મુક્ત થયો.

ત્યાથી આગળ ચાલતા **મિથિલાપુરીમા** તેઓ આવી પહોચ્યા ત્યા **જનક** નામે રાજા રાજ્ય કરતો હતો તેમને **સીતા** નામે એક સુદર કન્યા હતી **જનક** રાજા પાસે **શિવનું** આપેલુ એક ધનુષ હતુ જે કોઈ તે નમાવી શકે તેને **સીતા** પરણાવવી એવો એમણે નિશ્ચય કર્યો હતો ઘણા રાજકુવરો એ કુવરી પરણવા ઇચ્છા ગખતા હતા, પરતુ તેમનાથી ધનુષ વાળી શકાયુ નહિ અતે **રામે** ધનુષ હાથમા લીધુ અને તેને નમાવ્યુ એટલુજ નહિ પણ તેના કકડે કકડા કરી નાખ્યા આથી **સીતાજી** સાથે ધામધુમથી લગ્ન કરી **રામ** **અયોધ્યા** પાછા વળ્યા

કાળના વહેવા સાથે દશરથ રાજા વૃદ્ધ થતા ગયા, તેથી રામનો **રાજ્યાભિષેક** કરવાની ઇચ્છા થઇ પરંતુ **કૈકેયી** ( ભરતની માતા ) જે તેમની માનીતી રાણી હતી તે ઘણી દીલગીર થઇ, અને **ભરત** ગાદીએ આવે એવો તેણે આગ્રહ કર્યો આ સાભળીને રાજાને ઘણો ખેદ થયો પ્રજા પણ ઘણી નારાજ થઈ, પરંતુ **આપેલું વચન પાળવુ જોઇએ, એ ક્ષત્રિયનો ધર્મ છે** એમ જાણી **રામચંદ્રજી** વનમા જવા તૈયાર થયા તેમણે કહ્યુ "**ક્ષત્રિય રાજાએ પોતાનું વચન પાળવુજ જોઇએ. વનમા મારૂ મરણ થાય તો પણ મારા પિતાએ આપેલું વચન તોડવુ જોઇએ નહિ.**" સીતાને ઘેર રહેવાનુ રામે કહ્યુ પણ તેમણે કહ્યુ કે, "**જ્યાં તમે ત્યા હું. સુખ અને દુખ એ બંનેની હુ ભાગીઅણ છું તમારા વિના મહેલમાં રહેવા કરતાં તમારી સાથે એક ઝુપડામાં રહેવામાં હુ વધારે આનંદ માનીશ**" અને **સીતા** તથા પોતાના નાના ભાઇ **લક્ષ્મણને** લઇ **રામચંદ્રજી** પ્રયાગ તરફ ચાલ્યા

રામે અયોધ્યા છોડયા પછી શોકમા ને શોકમા દશરથ રાજાએ પોતાનો દેહ પાડયો **ભરતને** ગાદી આપવામા આવી પરંતુ તે લેવા તેણે ના પાડી, અને કહ્યુ કે "**રામચંદ્રજીની ગેરહાજરીમાં હું રાજ્યનો કારભાર ચલાવીશ પણ ગાદીનો સ્વીકાર કરી કદી પણ હુ રાજા થઇશ નહિ**" ત્યાર પછી **ભરત રામની** શોધમા નીકળ્યા **રામનો** મેળાપ થયો પણ તેમણે તેની માગણી સ્વીકારી નહિ, અને કહ્યુ કે "**ચૌદ વરસ સુધી હું કદી પણ પાછો ફરવાનો નથી**" આથી નિરુપાયે **ભરતે** રામની ગાદી ઉપર તેમની **પાદુકા** મૂકી રાજ્યકારભાર ચલાવ્યો

### ब રામ અને રાવણ

રામચંદ્રજી ત્યાર પછી દક્ષિણ તરફ ચાલ્યા. ત્યા તેમને **ઘણા** રાક્ષસો સાથે લડવુ પડયુ **શુર્પણખા** નામની રાક્ષસીએ **સીતાને**

જીવડાવવા ઘણા પ્રયત્ન કર્યા, પણ **લક્ષ્મણે** તેનુ નાક કાપી હાકી કાઢી **લંકા** જેને હાલ **સિલોન** કહે છે તેના પર રાજ્ય કરનાર **રાવણ** રાજાની આ બેન થતી હતી તેણે પોતાના ભાઈને સર્વ વૃત્તાન્ત કહ્યા, અને રામ પર વેર લેવા **રાવણે** તેને વચન આપ્યુ અને **સીતાનુ** હરણ કરવા તે તત્પર થયો. સન્યાસીનો વેષ લઇ **સીતા**ના રહેઠાણ આગળ તે ગયો અને **રામ** તથા **લક્ષ્મણની** ગેરહાજરીનો લાભ લઇ **સીતાને** ઉપાડી **લંકા** તરફ ચાલ્યો ગયો.

**રામને સીતા** માલમ પડયા નહિ ત્યારે દુખથી તે અર્ધા ઘેલા જેવા થઇ ગયા **સીતાનુ** શુ થયુ હશે અને તેમની કયા શોધ કરવી એ બાબતથી એમનુ મન બહુ ગુચવાવા લાગ્યુ અને તેમણે દક્ષિણ તરફ શોધ કરવા માંડી પશ્ચિમ ઘાટ આગળ રહેનારા વાનર રાજા સાથે તેમને દોસ્તી થઇ તે રાજાએ **હનુમાન** નામના પોતાના સરદારને **સીતા**ની શોધ કરવા મોકલ્યો તેણે શોધ કરી ખબર આપી કે **સીતાને રાવણ** લઇ ગયો છે, અને હાલ તે **લંકામાં** કેદ છે હનુમાનની સરદારી નીચે એક મોટું **વાનરનુ ( જંગલી લોકનુ ) લશ્કર** લઇ રામની મદદે તે રાજા ગયો તે લશ્કરે દરીઆ પર એક પૂલ બાંધ્યો અને સખ્યાબધ માણસો **લંકા**ના ટાપુ પર ઉતરી પડયા ત્યા એક ભારે રણસગ્રામ થયો **રાવણની સ્ત્રી મંદોદરી**, અને તેના ભાઈ **વિભીષણે સીતા**ને પાછી આપવાને **રાવણને** બહુ સમજાવ્યો, પણ તેણે કોઈનુ માન્યુ નહિ અને યુદ્ધમા **રાવણ**, તેનો પુત્ર **ઇંદ્રજીત** અને ભાઇ **કુંભકર્ણ** વગેરે સર્વે મરાયા **રામ** અને **સીતા** મળ્યા ચૌદ વરસનો વનવાસ પુરો થયો હતો તેથી તેઓ **અયોધ્યા** ગયા **ભરતે** ઘણી ખુશીથી રાજ્યની લગામ તેમને સોપી

**અયોધ્યામા** ઘણા વર્ષ સુધી **રામચદ્રજીએ** રાજ્ય કર્યું **એમની** આગળના આર્ય રાજાઓ કરતા **સૌથી** વધારે ખ્યાતિ **એમણે** મેળવી છે **એમની** રાજનીતિ **એવી** સારી હતી અને પ્રજા તરફ **એ**-

117425



મનો એવો પ્રેમ હતો, કે લોકો એમને દેવ તરીકે અદ્યાપિ પૂજે છે. રામના જીવન પરથી ઘણુ શિક્ષણ મળે છે દરેક જણે **માતાપિતાનું વચન પાળવું**, અને **સંકટ સમયે ધીરજ ધરવી** એ બે સાર આપણે ખાસ ગ્રહણ કરવાના છે **સીતાના વૃત્તાંત પરથી સ્ત્રીના ધર્મ શા છે અને પતિસેવા કેવી રીતે કરવી જોઇએ** એ બાબતનો દરેક હિંદુ સ્ત્રીને ખ્યાલ આવે છે,

## ૪. મહાભારત.

### अ. પાંડવ અને કૌરવ.

**રામાયણના** સમયમા **સૂર્યવંશી** આર્યોના રાજ્ય બળવાન હતા **તે તમે** વાચ્યુ તેમનુ રાજ્ય **અયોધ્યામા** હતુ તે પણ તમે જાણ્યુ તે રાજ્યની પાસે **દિલ્હીની** પૂર્વે **હસ્તિનાપુરનુ ચંદ્રવંશી** રાજ્ય હતુ, ત્યા **ભારત** નામના આર્ય રાજાના વંશજો રાજ્ય કરતા હતા ભારત કુટુબમા **ધૃતરાષ્ટ્ર** નામે રાજા થયો તે જન્મથી આધળો હતો તેથી તેણે પોતાના નાના ભાઈ **પાંડુને** રાજ્ય સોપ્યુ ધૃતરાષ્ટ્રને સો દીકરા હતા તેઓ **કૌરવ** કહેવાતા તેમા સૌથી મોટો **દુર્યોધન** હતો પાડવને પાચ દીકરા હતા તે પાડવ કહેવાતા પાચ પાડવોમા મુખ્ય **યુધિષ્ઠિર**, **ભીમ** અને **અર્જુન** હતા તેઓ **મહાભારતના** શૂરવીર યોદ્ધાઓ તરીકે પ્રખ્યાત છે **પાંડવો** અને **કૌરવો** સાથે ઉછર્યા, વળી **દ્રોણાચાર્ય** નામના ગુરુએ તેમને યુદ્ધકળા શીખવી અને વખત જતા રાજકુવરો શસ્ત્રના ઉપયોગમા ઘણા પ્રવીણ થયા

ધૃતરાષ્ટ્રે **પાંડવના** પુત્ર **યુધિષ્ઠિરને** ગાદીવારસ નીમ્યા **તેથી કૌરવો પાડવો** તરફ વેર રાખવા લાગ્યા અંતે તેમણે તેમને **મારી** નાખવાની યુક્તિ રચી **હસ્તિનાપુરથી** થોડે દૂર **એક** લાખનુ બના-

વેલુ ઘર હતુ ત્યા થોડો વખત રહેવા કૌરવોએ **પાંડવોને** કહ્યુ પાડવો ત્યા ગયા, પણ એનુ પરિણામ સારૂ આવશે નહિ એમ લાગવાથી તેમણે ત્યા જઇ તે ઘરમા એક સુરગ ખોદાવી રાખી. જેથી આફતની વખતે તેમાથી બહાર નીકળી શકાય એક દિવસે પાડવોની માતા કુતીએ થોડા બ્રાહ્મણને જમવા નોતર્યા તેમા એક સ્ત્રી અને તેના પાચ દીકરા વગર નોતરે જમવા ગયા, રાત પડતા તે સ્ત્રી અને તેના દીકરા ત્યા ઉધી ગયા પવન ઘણો જોસથી ફુકાતો હતો, તે વખતે ઘરને આગ લાગી, સવારે છ મનુષ્યના હાડકા રાખના ઢગલામા માલમ પડયા, તે ઉપરથી કૌરવોએ એમ ધાર્યું કે પાચે પાડવો અને તેમની માતા આગમા બળી મુઆ હશે, પરતુ પાડવો તો જીવતા હતા તેઓ સુરગમાથી નાસી ગયા અને બ્રાહ્મણના વેષમા ભટકવા લાગ્યા

જગલમા પાડવો ભટકતા હતા ત્યારે તેમને **વ્યાસ** નામના ઋષિનો સમાગમ થયો તેમણે કહ્યુ કે **પાંચાલ** દેશના **દ્રુપદ** રાજા પોતાની પુત્રી દ્રૌપદીનો સ્વયવર રચે છે દ્રૌપદી ઘણી ખુબસુરત કુમારિકા હતી પાડવો સ્વયવર મંડપમા ગયા ત્યા કૌરવો અને બીજા રાજાઓ પણ આવેલા હતા મચ્છવેધ કરી શકે તેને દ્રૌપદી વરે એવુ નક્કી કરવામા આવ્યુ હતુ ઘણા રાજકુવરો મચ્છવેધ કરવા તત્પર થયા, પણ કોઇથી તે થયો નહિ અતે અર્જુન બ્રાહ્મણના વેષમા આગળ આવ્યો, અને સહેલાઇથી તેણે મચ્છવેધ કર્યો

દ્રૌપદી લઇને પાડવો પોતાના ઘર તરફ વળ્યા ઘરના બારણા આગળથી તેઓ બોલ્યા કે '**અમે ભિક્ષા લઇને ઘેર આવ્યા છીએ માટે બારણું** ઉઘાડો " ભિક્ષુક બ્રાહ્મણને વેષે તે ફરતા હતા તેથી માત્ર હાસ્યની ખાતર તેઓ ઉપર પ્રમાણે બોલ્યા તેમની માતાએ જવાબ આપ્યો કે તમે જે લઇ આવ્યા છો તે સરખે ભાગે વહેચી લો. વ્યાસે કહ્યુ કે દ્રૌપદી વાસ્તે એવાજ લગ્ન કર્મના સજોગોથી નિર્માણ

**થએલા** છે આથી સઘળા સંતોષ પામ્યા, અને લગ્ન પછી પાંડવો **ઇંદ્રપ્રસ્થ** રહેવા ગયા.

પાંડવો તરફ કૌરવોની દાઝ દિવસે દિવસે વધતી ગઇ. તેમણે સઘળા રાજાઓને એક મીજબાની આપી અને તેમને જુગટુ રમવા આમંત્રણ કર્યું યુધિષ્ઠિરને એક ક્ષત્રિય તરીકે તે આમંત્રણનો સ્વીકાર કરવો પડયો અને જુગારમાં યુધિષ્ઠિર હાર્યા દ્રૌપદીને દરબારમાં ઘસડી લઇ જવામાં આવ્યા, અને કૌરવોએ તેમનું અણઘટતી રીતે અપમાન કર્યું. પાંડવો આ સઘળુ લાચારીથી ખમ્યા, પરંતુ ભીમે તેજ વખતે પ્રતિજ્ઞા લીધી કે **હું દુર્યોધનનું અંગ ભાંગીશ ત્યારેજ સંતોષ પામીશ.**' આ પ્રમાણે પાંડવોએ ધન, રાજપાટ, સઘળુ ખોયુ અને તેમને જંગલમાં ચાલ્યા જવુ પડયુ.

## ૭ મહાભારતનુ યુદ્ધ

તેર વર્ષ પછી પાંડવોએ તેમજ કૌરવોએ યુદ્ધની સામગ્રી તૈયાર કરી **કુરુક્ષેત્રના** મેદાનમાં બંને સેનાઓ મળી કૌરવોના સેનાપતિ વયોવૃદ્ધ અને શૂરવીર **ભીષ્મ** હતા તે ઉપરાંત **કર્ણ** નામે યોદ્ધો કૌરવો સાથે રહી પાંડવો સામે લડયો કૌરવની સેના મોટી હતી, પરંતુ **અર્જુન** જેવો **બાણાવળી, ભીમ** જેવો **ગદાધારી,** અને **શ્રીકૃષ્ણ** જેવા **સલાહકાર** તેમની પાસે હતા નહિ જ્યારે લડાઇ શરૂ થવાની તૈયારી થઇ ત્યારે અર્જુન પોતાના રથમાંથી સઘળા લશ્કરને જોવા લાગ્યો, અને અનહદ મનુષ્યની લડાઇમાં હાનિ થશે એવા વિચારથી લડાઇમાંથી લડયા વગર પાછા ચાલ્યા જવાનુ તેને મન થયુ, પરંતુ શ્રીકૃષ્ણે એની સાથે વાદવિવાદ કરી એના મનનુ સમાધાન કર્યું શ્રીકૃષ્ણ જે વચનો તે વખતે બોલ્યા તેજ **ભગવદ્ ગીતાનાં** વચનો છે અઢાર દિવસ સુધી લડાઈ ઘણી જોસભેર ચાલી

પ્રથમ કૌરવોના સેનાપતિ **ભીષ્મ** પડયા. ત્યારપછી **દ્રોણ, કર્ણ**

વગેરે મહારથીઓ મરણને શરણ થયા માત્ર ચાર કૌરવો બચ્યા, અને ભીમે દુર્યોધનને ગદાયુદ્ધમા માર્યો પાડવો તે પછી હસ્તિનાપુરમા ગયા ત્યા ઘણા વર્ષ રાજ્ય કર્યા પછી તેઓ મેરૂ પર્વત તરફ ચાલ્યા, દ્રૌપદી પણ સાથે હતા તેમની સાથે તેમનો નિમકહલાલ કુતરો પણ હતો આ પ્રમાણે મનુષ્યલોકમાથી પાડવો ચાલ્યા ગયા પર્વત ચઢતા ચઢતા એક પછી એક મૃત્યુને શરણ થયા માત્ર યુધિષ્ઠિર અને તેમનો કુતરો સ્વર્ગની નજદીક આવી પહોચ્યા, પરતુ પોતાના ભાઇઓ, સ્ત્રી અને કુતરા સિવાય સ્વર્ગમા એકલા રહેવાનુ એમને ઠીક નહિ લાગવાથી એમણે નર્કમા રહેવાનો ઠરાવ કર્યો અને આ છેલ્લી કસોટીથી સતોષી થઇ ઇંદ્ર રાજાએ બધાને સ્વર્ગનો અધિકાર આપ્યો

હસ્તિનાપુરના રાજ્યને માટે થએલા યુદ્ધનુ વર્ણન મહાભારતના માત્ર ચોથા ભાગમા સમાઇ રહે છે બાકીના ભાગમા ત્યાર પહેલાના વખતની કથા છે તે ઉપરથી ક્ષત્રિયધર્મ કેવો હતો, ક્ષત્રિયોની શી શી ફરજો હતી, બ્રાહ્મણો કેવા વિદ્વાન હતા, તથા તેમને કેવા પ્રકારનુ માન આપવુ જોઇએ વગેરેનુ આપણને જ્ઞાન થાય છે. એકદરે જોતા **મહાભારત એ ઉત્તર હિદુસ્તાનના 'શૂરવીરોના સમયનો' જ્ઞાનનો ભડાર છે**

## ૫. પ્રાચીન હિંદુઓ અને તેમની વિદ્યા.

આશરે ઇ સ પૂર્વે ૧૦૦૦ થી **આર્ય હિંદુ** કહેવાવા લાગ્યા હિંદુસ્તાનમા તેઓ **અનાર્યો** સાથે લાબી મુદ્દત રહ્યા તેથી તેઓમાના કેટલાક તેમની ભાષા શીખ્યા, તેમની સાથે ગાઢ સબધમા આવ્યા, અને તેમની કન્યાઓ પરણી ધીમે ધીમે તેમની સાથે મળી ગયા. આ લોકોના વશજો શુદ્ધ આર્યો ગણાયા નહિ, પરતુ તેમનો એક જુદોજ વર્ગ બન્યો. આર્યો જેમ જેમ ઉત્તર હિદુસ્તાનમા પ્રસરતા

ગયા તેમ તેમ તેઓને લડાઇમા એટલુ બધુ રોકાવુ પડયુ કે જુની વેદની પૂજા તથા મત્રો શીખવાની તેમને ફુરસદ મળી નહિ, તેથી તે કામ અમુક લોકોને સોપવામા આવ્યુ તે લોકો '**બ્રાહ્મણ**' કહેવાયા જે પુરુષો જોરાવર માલમ પડયા તેમને લડાઇનુ કામ સોપવામા આવ્યુ, અને તેઓ '**ક્ષત્રિય**' કહેવાયા બાકીના લોકો જે જમીન ખેડતા, લુગડા વણતા, તથા બીજુ પરચુરણ કામ કરતા તેઓ '**વૈશ્ય**' કહેવાયા, **આર્ય અને અનાર્યના લગ્નથી ઉત્પન્ન થએલી પ્રજા જેનો જુદોજ વર્ગ બન્યો હતો, તે 'શુદ્ર' કહેવાવા લાગ્યો.** આ પ્રમાણે પ્રથમ **ચાર વર્ણ** બની, પરતુ કામ અને ધધાને અનુસરીને જુદી જુદી સેકડો ન્યાતો બની જે હાલ આપણે **જોઇએ** છીએ.

આર્યના મુખ્ય જુના દેવો ઇદ્ર, અને **અગ્નિ** વિસારે પડયા, એક નવો **બ્રાહ્મણ ધર્મ** બન્યો એ ધર્મમા **બ્રહ્મા, વિષ્ણુ, શિવ,** એ મુખ્ય દેવો મનાયા જેમ જેમ આર્યો દક્ષિણ તરફ ફેલાતા ગયા તેમ તેમ તે ધર્મ સર્વત્ર ફેલાતો ગયો એવીજ રીતે મૂળ ભાષા **સસ્કૃત હતી** તે ઉપરથી જુદી જુદી હિદુ ભાષાઓ બની જે હાલ હિદુસ્તાનમા જુદે જુદે ઠેકાણે બોલાય છે બ્રાહ્મણો દેવના મત્રો અને સ્તુતિ ભણતા, પણ નવરાશ મળતી ત્યારે તેઓ કવિતા રચતા, કાયદા બનાવતા, અને બીજી વિદ્યાઓ શીખતા બ્રાહ્મણોના સમયમા મહાભારત તથા રામાયણ રચાયા, એ આપણે પહેલા કહી ગયા છીએ બ્રાહ્મણોએ પોતાની સસ્કૃત ભાષાના વ્યાકરણ બનાવ્યા. **પાણિનિએ** તેનુ પ્રથમ વ્યાકરણ લખ્યુ, તેવુ કોઇ ભાષામા અદ્યાપિ લખાયુ નથી તેઓએ **ખગોળવિદ્યા, ગણિતશાસ્ત્ર,**અને બીજી વિદ્યાકળાનો સારો અભ્યાસ કર્યો **સુમારે ઈ. સ પૂર્વે ૧૦૦૦થી ૩૦૦ સુધી એટલે લગભગ ૭૦૦ વર્ષનો આ કાળ 'પ્રાચીન હિદુ સમય' પ્રાચીન હિદુ સમય અથવા ' બ્રાહ્મણોની સત્તાનો સમય " કહેવાય છે**

## ૬ પશ્ચિમ પ્રજાનું હિંદમાં આગમન.

### સિકંદર અને પોરસની વાર્તા.

**ગ્રીસમાં** આશરે ૨૨૦૦ વર્ષ પહેલા **એલેકઝાન્ડર** નામે રાજા થઇ ગયો તેને **સિકંદર** પણ કહે છે તેના પિતાએ તેને સારી કેળવણી આપી હતી તથા યુદ્ધકળા પણ શીખવી હતી, તેથી તે એક ઘણો બહાદુર લડવૈયો થયો ઈ સ પૂર્વે ૩૩૪ની વસતઋતુમા ૬૦૦૦ માણસનુ લસ્કર લઈ **ઈરાનના** રાજા સાથે લડાઇ ચલાવવા તે પોતાના દેશમાથી નીકળ્યો પોતાની માતાની આજ્ઞા લેતી વખતે પોતાની પાસેના સઘળા પૈસા તેણે તેને આપી દીધા અને કહ્યુ કે **"માતાજી, માત્ર આશા અને ઉદ્દેશ મારી સાથે હું લઇ જવા માગું છુ. એ સાથે હશે તો તો ગમે તેવુ કઠણ કામ હુ પાર પાડી શકીશ."**

**ઈરાનમાં** સખત લડાઇ લડ્યા પછી પોતાના લશ્કરને આરામની જરૂર હતી, તેથી ત્રણ વર્ષ સુધી પડાવ નાખી તે ત્યા રહ્યો ત્યાર પછી **અફગાનિસ્તાનમાં** આવેલા **બૅક્ટ્રિઆમાં** તેણે આગળ વધવા માડ્યુ પોતાના નામ ઉપરથી ત્યા એક શહેર વસાવ્યુ અને આગળ વધતા તેનુ લશ્કર છેક સિંધુ નદી આગળ આવી પહોચ્યુ **અટક** શહેર આગળ હોડીઓનો પુલ બાંધી તેઓ તે નદી ઓળગ્યા અને **ટેક્ષિલા** શહેર આગળ તેઓએ પડાવ નાખ્યો ઉનાળાની ગરમી સખત પડતી હતી અને સિપાઇઓ બળ્યાઝળ્યા હોવાના સબબ સાથે રણમાથી પસાર થતા હતા, તેવામા કોઈ એક માણસે અલેકઝાન્ડરને પાણી આપ્યુ, પરતુ પોતાના સિપાઇઓ તરસથી મરતા હતા તે પ્રસગમા પોતે એકલાએ પાણી પીવુ તે એને ઠીક લાગ્યુ નહિ, તેથી તેણે પાણી ઢોળી નાખ્યુ, એક ઇતિહાસ લેખક કહે છે " **જાણે ઢોળી નાખેલા પાણીએ સર્વની તરસ મટાડી હોય તેમ આ કૃત્યના પરિણામે આખું લશ્કર તાજુ થઇ ગયું.**"

**તેક્ષિલામા** થોડો વખત ગાળ્યા પછી ઝેલમ નદીને પેલે પાર

પંજાબમા **પોરસ** ( પુરુ વિક્રમ ) રાજા રાજ્ય કરતો હતો, તેની સાથે લડવા તે નીકળ્યો. ઝેલમ નદીમા તે વખતે રેલ આવેલી હતી. કોઇ સાધારણ લડવૈયા હોત તો પાનખર ઋતુની રાહ જોઇ ત્યા બેસી રહેત, પરંતુ **સીકંદરે** એમ કર્યું નહિ. કામ જેમ મુશ્કેલ તેમ તેનો ઉત્સાહ વધારે થતો. પોતાની હોડી, તરાપા વગેરે પોતાના પડાવથી તેણે ૧૬ માઇલ દૂર રાખી મૂક્યા હતા. વરસાદ ધોધમાર વરસતો હતો તે વખતે તેણે નદી ઓળંગી. હિન્દુસ્તાનનુ અને ગ્રીસનુ લશ્કર સામસામુ આવી ઉભુ રહ્યુ. **પોરસે** પોતાના પુત્રને ૨૦૦૦ ઘોડેસવાર અને ૧૨૦ રથ સાથે પ્રથમ રણસંગ્રામમા મોકલ્યો, પણ તે હારવાની અણી પર આવ્યો એટલે પોતાનુ મોટુ લશ્કર લઇને તેની મદદે ધાયો. ૨૦૦ હાથી અને ૩૦,૦૦૦ પાયદળ લડાઇના મેદાનમા તેણે ગોઠવી દીધુ, પરંતુ ગ્રીક લોકો પોરસના લશ્કર કરતા ઝનુની અને જોરાવર હતા તેથી અંતે **પોરસ** રાજા હારી ગયો.

**પ્લુટાર્ક** નામનો ગ્રીક લેખક લખે છે કે લડાઇના ગુંચવાડામા પોરસના હાથીએ દુશ્મનના લશ્કર કરતા પોતાના લશ્કરને વધારે નુકસાન કર્યું. તેઓ ગાડા થઈ આમતેમ નાસવા લાગ્યા. જે કોઈ તેમના સપાટામા આવ્યા તે સઘળા ચગદાઇ ગયા. અંતે **પોરસ** રાજા ઘવાયો અને કેદ પકડાયો. **પોરસના** હાથીએ પોતાના માલીકની બહુ સેવા બજાવી. પોતાની બનતી કોશિશથી તે તેને દુશ્મનના હલ્લામાથી બચાવી લેતો. અંતે જ્યારે એને એમ માલમ પડયુ કે રાજાના શરીરમા અસંખ્ય તીરો ભોંકાઇ ગયા છે, ત્યારે તે ધીમેથી ઘુંટણીએ પડયો અને પોતાની સુંઢથી સઘળા તીરો કાઢી નાખ્યા. **પોરસને** જ્યારે કેદી તરીકે અલેક્ઝાન્ડર પાસે લઇ જવામા આવ્યો, ત્યારે તેને ગ્રીક રાજાએ પૂછ્યુ કે "**મારે તમારી સાથે કેવી રીતે વર્તવું ?**" **પોરસે જવાબ આપ્યો "એક રાજા તરીકે "** અલેક્ઝાન્ડર આ જવાબથી ઘણો ખુશ થયો અને તેને છુટો કરી પહેલાની પેઠે રાજ્ય કરવા દીધુ.

સિકંદરને આગળ વધવા ઘણી ઉમેદ હતી, પરંતુ તેના સિપાઇઓ ઘેર પાછા વળવા ઘણા આતુર હતા, તેથી તે ઘર તરફ રવાના થયો. રસ્તે **બેબિલોન** શહેરમાં તે મરણ પામ્યો. તેના મરણ પછી ગ્રીક રાજાઓએ અફગાનિસ્તાન અને પંજાબમાં ઘણાં વર્ષ સુધી રાજ્ય કર્યું, પરંતુ ગ્રીક લોકોની હિંદમાં આવેલી સંખ્યા બહુ થોડી તેથી તેઓ ધીમે ધીમે પંજાબના લોક સાથે મળી ગયા, ત્યાર પછી ગ્રીક તરીકેનો તેમનો ઇતિહાસ બંધ પડ્યો.

## ૭. બુદ્ધ: તેણે ફેલાવેલો ધર્મ અને શિક્ષણ.

આપણે આગળ કહી ગયા તે પ્રમાણે '**પ્રાચીન હિંદુ સમય**'-માં બ્રાહ્મણોના હાથમાં બહુ સત્તા હતી, ધર્મ સંબંધી જ્ઞાન તેઓ પોતેજ મેળવતા અને તે જ્ઞાન બીજા લોકોને આપતા નહિ. પરિણામે લોકોમાં ધર્મ સંબંધી વાદવિવાદ ચાલવા લાગ્યા. એ અરસામાં એટલે ઇ. સ. પૂર્વે ૪૮૦ માં **કપિલવસ્તુ** નામના ગામમાં એક ક્ષત્રિય રાજાને ત્યાં **ગોતમ બુદ્ધનો** જન્મ થયો. તેને **સિદ્ધાર્થ** પણ કહેતા હતા. ઓગણીસ વર્ષની ઉમરે તેના લગ્ન કરવામાં આવ્યાં. ટુંકામાં કહીએ તો તેની શરૂઆતની જિંદગી સંસારી સુખ અને મોજમઝામાં પસાર કરવામાં આવી હતી.

**ગૌમત ઘણો વિચારવંત હતો. તેનું હૃદય માયાળુ હતુ. સઘળાં પ્રાણી તરફ સમાનદૃષ્ટિથી તે જોતો હતો.** શિકાર કરતાં તેનું હૃદય ભરાઇ આવતું. પોતાના વહાલા સારથિ ચના સાથે રથમાં બેસી તે બહાર ફરવા નીકળ્યો. તેણે કમરેથી બેવડા વળી ગયેલા એક વૃદ્ધ પુરુષને રસ્તામાં જોયો. તેને એના ઉપર દયા આવી અને એકદમ રથ અટકાવ્યો અને તે અપંગ ડોસાને તેણે કાંઇક બક્ષિસ આપી,

વળી કોઇ બીજા પ્રસંગે એક માણુસ ભયંકર રોગથી પીડાતો હતો તેના પર ગૌતમની દૃષ્ટિ પડી. દરેક મનુષ્ય તે માંદા માણુસથી દૂર રહેતો અને તેને સ્પર્શ થાય નહિ તે માટે બનતી તજવીજ કરતો. આથી ગૌતમને બહુ લાગી આવ્યું, અને આ ખુશનુમા જગતમાં રોગ શા માટે પેદા થાય છે તે સંબંધી તે વિચાર કરવા લાગ્યો, અને એક સંન્યાસી કે જેણે આ દુનિયાની મોજમઝા મૂકી દીધી હતી તે ગૌતમને મળ્યો. **તે વખતે એને દેહકષ્ટ, તપ અને ઉપવાસની ખૂબી વિષે કાંઇક ભાન થયું.**

બહાર ફરી ઘેર આવ્યા પછી પોતાને ત્યાં પુત્રનો પ્રસવ થયો છે એવી વધામણી ગૌતમને આપવામાં આવી, તે વખતે માત્ર તે એટલુંજ બોલ્યો કે, "**મને એક બીજી જંજાળ વળગી. તેમાં-થી મારે છુટવું પડશે.**" રાત્રે તે સુતો પરંતુ મધ્ય રાત્રે ઊઠયો પોતાની વહાલી સ્ત્રી તથા બાળક પર એક વાર છેલ્લી દૃષ્ટિ નાખી. ઘોડા પર બેસી પોતાના સારથિ સાથે તે બહાર નીકળી પડયો. સારાં વસ્ત્ર, અલંકાર શરીર પરથી કાઢીને તેણે ચનાને આપી દીધાં, અને કહ્યું કે "દેહકષ્ટ અને તપ કરવાના હેતુથી અને શાંતિનો ખરો માર્ગ શોધવાને માટે હું ઘરબાર છોડીનીકળ્યો છું એવું તું મારા પિતા-જીને કહેજે

ગૌતમ તે પછી બ્રાહ્મણો પાસે તેમના શિષ્ય તરીકે થોડો વખત રહ્યો, પરંતુ તેઓ સુખ અને શાંતિનો ખરો માર્ગ તેને બતાવી શક્યા નહિ, તેથી વિંધ્યાચળના જંગલોમાં તેણે છ વર્ષ ગાળ્યાં તપ અને દેહ-દમનથી પોતાનું શરીર ગાળી નાખ્યું, પણ આખરે તેને એમજ લાગ્યું કે આમ કરવાથી હું જાતે સુખી થઇશ નહિ તેમજ બીજાને સુખનો ખરો માર્ગ બતાવી શકીશ નહિ, તેથી સાધારણ મનુષ્યની માફક તેણે ખાવા પીવાનું શરૂ કર્યું. એક દિવસ ગૌતમ પીપળાના ઝાડ તળે બેઠો હતો, ત્યાં વિચારમાં ઘણો લીન થઇ ગયો.

તે બોલી ઉઠયો કે, "મને જ્ઞાન થયુ છે નિર્વાણ તથા શાતિનો ખરો માર્ગ મને સુઝયો છે શાતિના ખરા માર્ગ પર બીજાઓને દોરવાને મારે નીકળવુ જોઇએ " તે ઠામ ઠામ ફરવા લાગ્યો, અને જે માણસો તેની પાસે આવ્યા તેમને ધર્મ સબધી ઉપદેશ કરવા લાગ્યો. આ પ્રમાણે તેના કેટલાક શિષ્યો થયા સઘળા સાથે તે રાજમહેલમા ગયો ત્યા રાજા અને રૈયતે તેનો નવો ધર્મ સ્વીકાર્યો ગૌતમના પિતાએ જ્યારે જાણ્યુ કે પોતાનો પુત્ર ઘેર ઘેર ભિક્ષા માગી પોતાનો નિર્વાહ કરે છે ત્યારે તેણે તેને પોતાની પાસે બોલાવ્યો, અને કહ્યુ કે "જે ઉચ્ચ કુટુબમા હુ જન્મ્યો તે કુટુબમા શુ તુ જન્મ્યો નથી? આપણા વશજોએ કોઇ પણ દિવસ ભિક્ષા માગી પેટ ભર્યું છે ! પરતુ બુદ્ધે નમ્રતાથી જવાબ આપ્યો કે "વહાલા પિતાજી ! મારી પાસે અમુલ્ય ખજાનો છે, તેનો ભડાર આપ આગળ મૂકવા રજા આપો "

આ નવો ધર્મ બ્રાહ્મણોને પસદ પડયો નહિ **બૌદ્ધ ધર્મ પ્રમાણે બધાં મનુષ્ય સરખા છે અને સર્વ પોતાના કર્મ પ્રમાણે સુખ પ્રાપ્ત કરી શકે છે,** આ બ્રાહ્મણોને રુચ્યુ નહિ તેઓના મત પ્રમાણે બળિદાન આપવાનો અધિકાર તેમનો જ હતો, તેઓ બીજા વર્ણના લોકને અજ્ઞાન રાખતા હતા, તેથી બૌદ્ધ ધર્મ તરફ તેઓ તિરસ્કારથી જોવા લાગ્યા, પરતુ બુદ્ધની જિદગીમા લાખો હિદુઓ તેના ધર્મમા દાખલ થયા, છએ વર્ષ સુધી હિંદુસ્તાનનો મુખ્ય ધર્મ બૌદ્ધ ધર્મ રહ્યો બુદ્ધના મરણ પછી સેકડો વર્ષ સુધી તે ધર્મના લોકોએ તેને દેવ તરીકે પૂજ્યો અને ઠામ ઠામ તેની મૂર્તિ સ્થાપી. હાલ જો કે હિદુસ્તાનમાથી એ ધર્મ નાબુદ થઇ ગયો છે તોપણ **ચીન, સીલોન, બ્રહ્મદેશ** વગેરે દેશોમા તેના અનુયાયીઓ ઘણા માલમ પડે છે બૌદ્ધ ધર્મના મુખ્ય સિદ્ધાતો નીચે પ્રમાણે છે —

૧ સર્વ મનુષ્ય સરખાં છે. ૨ સર્વ પોતાનાં સારાં કામથી મોક્ષ કે નિર્વાણ પામી શકે છે. ૩ દરેક જણે સદ્‌ગુણી થઈ પાપ તજવુ અને અંતકરણ નિર્મળ રાખવુ ૪ પ્રાણી માત્ર તરફ ભલા અને દયાળુ થવું ૫ કોઈ તરફ ઘાતકી થવું નહિ કે કોઇને ઈજા કરવી નહિ.

---

## ૮ બૌદ્ધ સમયના મહાન રાજાઓ.

### અ ચંદ્રગુપ્ત.

હાલ જે પ્રદેશ **બહાર** કહેવાય છે, ત્યા પ્રાચીન હિંદુ સમયમા **મગધનું** રાજ્ય ઘણું પ્રસિદ્ધ હતું **બુદ્ધના** વખતમા **બિંબિસાર** નામે રાજા **મગધમા** રાજ્ય કરતો હતો તેણે **બૌદ્ધ** ધર્મ સ્વીકાર્યો હતો તેના પછી ત્યા **ચદ્રગુપ્ત** રાજા થયો તેણે મોટુ લશ્કર એકઠુ કર્યું, અને પોતાના રાજ્યનો વિસ્તાર ઘણો વધાર્યો એના રાજ્યની હદ પૂર્વ અને પશ્ચિમમા **બગાળાના** ઉપસાગરથી તે **અરબી** સમુદ્ર સુધી અને દક્ષિણમા **નર્મદા** નદી સુધી બધાઇ આથી એને હિંદુસ્તાનના પહેલા **શહેનશાહનુ** નામ આપ્યુ છે

**ચંદ્રગુપ્ત** રાજાના વખતમા **સિકંદરનો** સેનાપતિ **સેલ્યુકસ** **ગગા** નદી સુધી આવી પહોચ્યો તેની અને **ચંદ્રગુપ્ત** વચ્ચે એક મહાન યુદ્ધ થયુ **સેલ્યુકસને** પાછા હઠવુ પડયુ, અને **ચદ્રગુપ્તના** ૬૦૦ હાથીના બદલામા હાલ જ્યા **કાબુલ, કદહાર** અને **હેરાત** આવેલા છે ત્યાના પ્રાતો તેને આપવા પડયા આમ છતા **ચંદ્રગુપ્તે** પોતાના દરબારમા તેનો એલચી મોકલવાની પરવાનગી આપી **મેગેસ્થિનિસ** નામનો ગ્રીક એલચી એના દરબારમા આઠ વર્ષ રહ્યો તેણે **હિંદુસ્તાન** વિષે એક પુસ્તક લખ્યું હતુ તે કહે છે કે, " **હિંદુસ્તાનના**



ચંદ્રગુપ્તના સમયનું હિંદ.

લોક સાદા અને કરકસરવાળા છે. તેઓ વ્યવસ્થા સારી રાખી જાણે છે. ત્યાં ચોરી તો ભાગ્યેજ થાય છે, તેઓ એવા તો વિશ્વાસુ અને સાચા છે કે એક બીજાને ત્યાં થાપણ મૂકતાં સહી, સિક્કા અને સાક્ષીઓની જરૂર પડતી નથી તેઓ વિદ્વાનોને સૌથી વધારે માન આપે છે. તેઓ ખેડુતની બહુ સારી સંભાળ લે છે. રાજા ન્યાયાસન પર બેસે છે ત્યારે આખો દિવસ લાગલાગટ કામ કર્યા કરે છે." દેશની નિકાસ વિષે લખતા તે કહે છે કે "રાજાના દરબારમા સોનાના વાસણો વપરાતા હતા ગજા જવાહીર અને સારી મજલીન પહેરતો." વળી વધારામા તે કહે છે કે "માણુસ અને જાનવરની લડાઇ કરવામા આવતી રાજા શિકાર કરતો, અને તીરકામઠાનો ઉપયોગ જાણુતો હતો રાજા પોતાના સગાવહાલા મારી નાખી ગાદીએ આવ્યો હતો તેથી દિવસે ઉઘતો નહિ અને રાત્રે સુવાનો વખત થાય ત્યા સુધી ક્યા ઓરડામા સુવુ તે નક્કી કરતો નહિ. ચદ્રગુપ્ત ચોવીસ વર્ષ રાજ્ય કરીને ઇ સ. પૂર્વે ર૯૭ મા મૃત્યુ પામ્યો તેના પછી તેનો છોકરો તેની ગાદીએ આવ્યો પરતુ પોતાના મહાન પિતા અને તેથી પણુ વધારે ખ્યાતિ મેળવનાર મહાન પુત્રથી તે ઢકાઇ ગયો તેના રાજ્યમા ખાસ જાણુવા લાયક બીના નથી"

## ૪. અશોક.

ચંદ્રગુપ્ત યુદ્ધકળામા નિપૂણુ હતો તેજ પ્રમાણુમા તેનો પૌત્ર અશોક શાત સ્વરૂપે હતો. કાશ્મીર અને નેપાલ સહિત ઉતર હિંદુસ્તાનમા તેણે રાજ્ય કર્યું, અને ધીમે ધીમે દક્ષિણુ હિંદુસ્તાનના થોડા ભાગમા પોતાની સત્તા બેસાડી એક મહાન સામ્રાજ્યનો એ ખરેખર શહેનશાહ હતો ઓરિસ્સા ઉપર તે ચઢાઇ લઇ ગયો વિગ્રહ ત્રણુ વર્ષ ચાલ્યો લાખો માણુસો મરાયા, અને યુદ્ધ પુરૂં થતા પહેલા સઘળો પ્રદેશ ઉજ્જડ થઇ ગયો આથી એનું હૃદય

ભરાઈ આવ્યુ, અને **બૌદ્ધ ધર્મ** તરફ તેનુ મન વળ્યુ અને તેણે **બૌદ્ધ** ધર્મ સ્વીકાર્યો અને સાધુના કપડા પહેર્યા

અશોકે જુદી જુદી આજ્ઞાઓ ઘડી અને આખા હિંદમા જુદે જુદે સ્થળે સ્તભો પર કોતરાની એક લેખમા તેણે એવુ લખ્યુ છે કે “ **દયાથી જીત મેળવવી એ શ્રેષ્ઠ છે.** ” એવા સ્તભો હાલ પણ દેખાય છે એક અલહાબાદમા બીજો જગન્નાથપુરીમા અને ત્રીજો જુનાગઢમા ગિરનાર પાસે છે

પોતાના રાજ્યના અગિઆરમા વર્ષમા બૌદ્ધ ધર્મ રાજ્યધર્મ તરીકે સ્વીકારાય એવી તેની ઇચ્છા થઇ કહેવા કરતા કરી બતાવવાથી વધારે અસર થાય છે એમ સમજી પીળો ઝભ્ભો પહેરી ખોરાક વાસ્તે ઘેર ઘેર ભટકી તે ભિક્ષા માગવા લાગ્યો આની અસર રૈયત પર ઘણી થઇ, અને તેમનામાના ઘણાએ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો. એ ધર્મ ફેલાવવાને માટે દક્ષિણ હિંદુસ્તાન અને **સીલોન**મા અશોકે સાધુઓ મોકલ્યા ત્યા તેમણે એ ધર્મ ફેલાવ્યો

દર ત્રણ કે પાચ વર્ષે એક સભા બોલાવવી એવુ અશોકે નક્કી કર્યું તે સભામા બૌદ્ધ ધર્મના સિદ્ધાતો સઘળાને સમજાવવા માટે તેણે ઉપદેશકો નીમ્યા કેટલાક સૈકા પછી બૌદ્ધ ધર્મની પવિત્ર જગાની મુલાકાતે ચીનથી કેટલાક ધાર્મિક પુરુષો આવ્યા, આ યાત્રાળુમા **ફા-હીઆન** નામનો એક પુરુષ ઇ સ ૪૦૦ મા હિંદુસ્તાનમા આવ્યો **રાવલપિંડિ**મા જ્યા અશોકના પુત્રના સ્મરણાર્થે એક સ્તભ બાધેલો હતો ત્યા આગળ ફરતા ફરતા તે આવી ચઢ્યો બૌદ્ધ ધર્મની અસર લોકો પર કેટલી મજબુત હતી તે નીચે આપેલી તેની વાર્તા ઉપરથી સમજાશે —

અશોકને કુનલ નામનો પુત્ર હતો તે પુત્રની માતાના મરણ પછી રાજા બીજી સ્ત્રી સાથે પરણ્યો પુત્ર ઉપર રાજાનો અત્યત પ્રેમ જોઈ નવી રાણીને ઇર્ષા થઈ અને અતે તે તેને મારી નાખવાના નિશ્ચય પર આવી પ્રથમ તો રાજાને સમજાવી ટેક્ષિલાના ગવર્નર

તરીકે તેને દૂર મોકલાવી દીધો, પણ થોડા વખત પછી રાજાના નામથી કુવરના પ્રધાન ઉપર એક પત્ર તેણે લખ્યો તેમા લખ્યુ કે " તમારે કુવરની આખો ફોડી નાખવી, અને ઉજ્જડ અરણ્યમા ભૂખ અને તરસથી રવડી રઝડી મરી જાય એમ તેની સ્ત્રી સાથે મૂકી આવવો. "

પ્રધાનને કાગળ મળતા હુકમ બજાવવામા આવ્યો, અને કુવર અધ થઇ જગલમા રખડતો થઇ ગયો ફરતા ફરતા તે પોતાના પિતાના પાટનગર **પાટલિપુત્રમાં** ( પટણા ) આવી પહોચ્યો મહેલ આગળ આવતા તે બોલ્યો, કે " એક વખત હુ રાજાનો કુવર હતો, હાલ હુ ભિખારી છુ હુ પોતે કોણ છુ અને કેવો નિર્દોષ છુ તે મારા પિતા આગળ જાહેર કરી શકુ તો કેવુ સારૂ " આ વિચારથી એક વાસળી લઇ જે ગાયન તેના પિતાને ઘણુ પ્રિય હતુ તે વગાડવા લાગ્યો વાસળીનો નાદ સાભળતાજ પિતાનુ હૃદય આકુળવ્યાકુળ થઇ ગયુ તેણે ગાનારને પોતાની પાસે બોલાવ્યો જોતાને વાર પોતાના પુત્રને તેણે ઓળખ્યો પુત્રે સઘળી બીના પિતાને કહી અને પોતાનુ નિર્દોષપણુ જાહેર કર્યું, રાજા ઘણો ગુસ્સે થયો અને તેણે પોતાની રાણીને શિક્ષા કરી

પુત્ર અધ હતો તેથી રાજાને ઘણો સતાપ થયા કરતો હતો. **ઘોષ** નામનો એક **બૌદ્ધમાર્ગી** સાધુ હતો, તેની પાસે તે પોતાના પુત્રને લઇ ગયો તે સન્યાસીએ **બૌદ્ધમાર્ગીઓ**ની એક સભા બોલાવી, અને એવી સારી રીતે ઉપદેશ આપ્યો કે સઘળા શ્રોતાજનોની આખ-માથી દડદડ આસુ ટપકવા લાગ્યા સોનાના વાસણમા તેણે આસુ ઝીલી લીધા, પછી ઘોષ બોલ્યો " ગૌતમ બુદ્ધ વિષે મે વ્યાખ્યાન આપ્યુ છે તે સત્ય હોય તો આ આસુમા કુનલની આખો ધોવાથી તે પ્રકાશિત થશે " થયુ પણ તેમજ કુવરે આખ ઉઘાડી અને ઘોષનો તેણે અતકરણપૂર્વક આભાર માન્યો

અશોકે બૌદ્ધ ધર્મ વાસ્તે ઘણું કર્યું બુદ્ધ અથવા તેના મહાન અનુયાયીઓની હાડકાની રજ ઉપર ઠેકાણે ઠેકાણે ઘુમટો બંધાવ્યા તેણે ૪૦ કે ૪૧ વર્ષ રાજ્ય કર્યું તે ક્યારે, કેવી રીતે, અને ક્યા મરી ગયો તે આપણે જાણતા નથી, પરંતુ એટલું તો જાણીએ છીએ કે તે મહાન રાજા થઈ ગયો, અને પોતાના રાજ્યને સલાહશાંતિમાં મૂકી ગયો

અશોકના મૃત્યુ પછી મૌર્ય ( ચંદ્રગુપ્તે સ્થાપેલું ) રાજ્ય વિષે આપણને ઘણી થોડી માહિતી છે, પશ્ચિમના ગ્રીક રાજાઓ અને દક્ષિણના હિંદુઓ સાથે તે રાજ્યને ઘણી લડાઇઓ થઇ હતી, તે આપણે જાણીએ છીએ કેટલાક જમાના પછી મૌર્યવંશનું નામ નિશાન કશું રહ્યું નહિ

---

## ૯. મહાવીર સ્વામી.

ઇ૦ સ૦ પૂર્વે પાંચસે છસે વર્ષ ઉપર જે સમયે ગૌતમ બુદ્ધે પોતાનો ઉપદેશ ચલાવ્યો, તે સમયે મહાવીર સ્વામીએ અસલના જૈન ધર્મમાં સુધારો કર્યો તે જૈનોના ચોવીસમા તિર્થંકર કહેવાય છે. જૈન શબ્દ ' જિન ' ઉપરથી થયો છે " જિત " એટલે જીતનાર, આ સંસારરૂપી મોહનો ગઢ જીતનાર તે જિન ઉપરથી તેમના અનુયાયીઓ જૈનો કહેવાય છે

જે ભાગમાં તે મુખ્યત્વે ફર્યા તે ભાગ એમના વિહરવા ઉપરથી બિહાર નામે ઓળખાય છે,

**મહાવીર સ્વામી વર્ધમાન** નામના એક ક્ષત્રિય રાજકુમાર હતા નાનપણથીજ એમના મનની વૃત્તિ વૈરાગ્યવાળી હતી, પરંતુ સ્નેહાળ માતપિતાનો ત્યાગ કરી એકદમ દીક્ષા ગ્રહણ કરવાનું ઉચિત ધાર્યું નહિ, પણ માતપિતાના ગુજરી ગયા પછી પોતાના વડિલ બંધુની અનુમતિ લઇ

ત્રીસ વર્ષની વયે સાધુ થયા. દીક્ષા લીધા પછી બાર વર્ષ તપમાં ગાળી કેવળ જ્ઞાન પામ્યા, અને ત્રીસ વર્ષ સુધી તેમણે ઉપદેશ કર્યો. તેમના અનુયાયીઓમા **શ્વેતાંબર** અને **દિગંબર** એવા બે ભેદ પડ્યા છે જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાત અહિંસા છે તેઓ **કર્મ, પુનર્જન્મ, આત્મા,** અને **નિર્વાણને** માને છે પ્રાણીઓનુ રક્ષણ કરનારી પાંજરાપોળો મોટે ભાગે જૈન ઉદારતાને આભારી છે, **જૈન કોમ વ્યાપારી અને શાંતિપ્રિય કોમ છે.**

જૈનોએ પોતાના પવિત્ર તીર્થો પર્વતો ઉપર વસાવ્યા છે. તેમા આબુ ઉપરના મંદિરોનુ કોતરકામ પ્રેક્ષકોના મનને હેરત પમાડે છે તેમા **શેત્રુંજય, સમેતિશિખર, તારંગા** ગિરનાર વગેરે તેમાના જાત્રાના સ્થળોછે જૈન સાધુઓએ પ્રાચીન કાળથી **સંસ્કૃત** તથા **પ્રાકૃત** ભાષાઓને પોષણ આપ્યુ છે, અને મધ્યકાળથી છેક સાપ્રતકાળ સુધી રાસાઓ, અને કાવ્યો રચી ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવી છે. હાલમા હિંદના જુદા જુદા ભાગમા મળી જૈનોની વસ્તી ૧૩ લાખની છે

---

## ૧૦ ગુપ્ત વંશ.

### अ વિક્રમાદિત્ય અને ફા-હ્યાનની મુસાફરી.

ઇ સ ૩૦૮ મા **ગુપ્ત** વંશનો પહેલો રાજા ચંદ્રગુપ્ત થયો. **મૌર્ય** વંશના સ્થાપનાર **ચંદ્રગુપ્ત** ઉપરથી તેણે એ નામ ધારણ કર્યું. તેણે પોતાનુ રાજ્ય ઘણુ વધાર્યું ઇ સ ૩૭૫ મા તેનો પુત્ર ગાદીએ આવ્યો હિંદુ જમાનો જે '**નવીન હિંદુ યુગ**' કહેવાય છે તેની શરૂઆતમા તે થઇ ગયો તે સૂર્ય જેવા પરાક્રમવાળો હતો તેથી તેને **વિક્રમાદિત્ય** કહે છે તેનુ રાજ્ય માળવામા હતું કાઠિઆવાડમા વાસો કરી રહેલી **શક** જાતોને તેણે હાંકી કાઢી. એના વખ-

તમા બીજા દેશના સિક્કાઓ અને પરદેશી માલ આવવા લાગ્યા, અને નવીન વિચારો પણ એનાજ વખતમા ફેલાયા

**ફા-હીઆન** કરીને એક **ચીનનો** વતની બુદ્ધના મંદિરની યાત્રા કરવા આ વખતે હિંદના પ્રવાસે નીકળ્યો હતો એ યાત્રાળુએ આ સમયનો વૃત્તાન્ત લખ્યો છે **બૌદ્ધ ધર્મ** નાબુદ થયો હતો અને હિંદુ ધર્મ પાછો સતેજ થયો હતો, તે જોઇ તેને ઘણો ખેદ થતો, પરંતુ લોકોમા હજી દયા અને હેતભાવ કાયમ રહ્યા હતા તે જોઇ તે ઘણો ખુશી થયો તે કહે છે કે આખા દેશમા કોઇ પણ જાતની હિંસા થતી દેખાતી નથી ઘણે સ્થળે નિર્ધન અને અનાથ વાસ્તે આશ્રમો માલમ પડે છે, ત્યા તેમની બરદાસચાકરી ઘણી કાળજીથી કરવામા આવે છે તે ઉપરાત એ પ્રવાસીએ **વિક્રમાદિત્યના** દરબારની પણ નોધ લીધી છે તેના કહેવા પ્રમાણે રાજાના દરબારમા ઘણા કવિ અને પંડિતો હતા એ વિદ્વાનોમા નવ ઘણા પ્રખ્યાત હતા. તેઓ વિક્રમના '**નવ રત્ન**' તરીકે જાણીતા થયા છે **કાળિદાસ** નામે કવિ ઘણોજ વિદ્વાન હતો **શાકુન્તલ, રઘુવંશ, મેઘદૂત** વગેરે ઘણા ઉત્તમ કાવ્યો તેણે રચ્યા છે રાજા **વિક્રમાદિત્યના** જમાનામા સંસ્કૃત ભાષા ઘણી ઉચ્ચ સ્થિતિએ પહોચી વિદ્વાનોએ ખગોળ વિદ્યાનો ઘણો સારો અભ્યાસ કર્યો, અને સારા સારા પુસ્તકો લખ્યા **પંચતંત્રની** વાર્તાઓ પણ આજ જમાનામા લખાઇ આ રાજાના જીવનને લગતી બીજી ઘણી વાર્તાઓ હાલ હિંદના દરેક ગામમા કહેવાય છે, તે **વિક્રમાર્કની** વાર્તાને નામે મશહુર છે

આ રાજા ક્યારે થયો તે નિશ્ચિત સાલ આપણે જાણતા **નથી,** પણ શુમારે ઇ સ ૫૩૩મા એનુ રાજ્ય હતું એ **માળવાને** સૌથી વધારે પ્રખ્યાત રાજા હતો ક્ષત્રિય રાજાઓ માળવામા ઇ સ પૂર્વે ૫૬ મા આવ્યા તે સમય દર્શાવનાર એક જુનો **શક હાલ** ચાલુ છે, તેને **વિક્રમનો સંવત્**' કહે છે **વિક્રમ** ઘણો બળવાન

તથા શૂરવીર રાજા હતો તેની પહેલા કે પછી તેના જેવો ન્યાયાધીશ કોઇ થયો નથી ન્યાય આપવામ તે કદી ભૂલ કરતો નહિ તેના મરણ પછી ઘણે કાળે તેનુ ધર્માસન ખંડરમાથી નીકળી આવ્યુ એવી કથા ચાલે છે કે કેટલાક છોકરાઓ જયા ધર્માસન દટાએલુ હતું ત્યા રમતા હતા રમતમા છોકરાઓ એક બીજાને ન્યાય આપવા લાગ્યા તેઓ ન્યાય એવો તો વાજબી આપતા કે સઘળા ચકિત થતા આનુ કારણ શુ હશે તેની તપાસ કરતા માલમ પડી આવ્યુ કે જે ટેકરી ઉપર ન્યાય કરનાર છોકરો બેસતો હતો તેની નીચે વિક્રમ રાજાનુ ધર્માસન દટાએલુ હતુ. તે સિંહાસનમા એવુ બળ હતું કે નિર્દોષ નાના છોકરાઓમા સદ્બુદ્ધિ આવતી અને ખરૂ ખોટુ પારખવાની શકિત તેમનામા પેદા થતી આ વાર્તા ઉપરથી સાર એટલાજ લેવાનો કે વિક્રમાદિત્ય ઘણો ન્યાયી રાજા હતો

વિક્રમ રાજા પછી તેના વંશજોએ દક્ષિણમા લડાઈ જારી રાખી,પરંતુ તે લડાઇમાથી તેઓ નિવૃત્ત થયા નહિ એટલામા હૂણ લોકોના ટોળેટોળા હિંદુસ્તાનના વાયવ્ય ખૂણામાથી ઉતરી આવ્યા તે લોકો **મોગોલિઅન** હતા, તેમનો સરદાર **તોરમાણ** નામે હતો. તેણે **માળવાના** મુલકનો કેટલોક ભાગ ગુપ્ત રાજાઓ પાસથી જીતી લઈ લીધો અને ચક્રવર્તી રાજા કહેવડાવવા લાગ્યો અને તે રાજાના વંશજોને ઉજ્જનના રાજાએ હરાવ્યા જે હુણ લોકો હિંદુસ્તાનમા રહ્યા તે હિંદુ લોક સાથે ભળી ગયા

## ૮ રાજા હર્ષ અને હુએન્થશાંગ.

સાતમા સૈકામા હિંદુસ્તાનમા ઘણા રાજ્યો હતા તેમા જુદા જુદા રાજાઓ રાજ્ય કરતા હતા ઉત્તર હિંદુસ્તાનના સઘળા રાજાઓમા હર્ષ રાજા સર્વથી પ્રખ્યાત હતો તેની રાજધાની **સ્થાણ્વીશ્વરમાં હતી.**

હર્ષ રાજા અને તેના દરબાર વિષે હિએોન્થશાંગ નામના ચીનના યાત્રાળુ તરફથી આપણને ઘણી ખબર મળે છે, તે લખે છે કે એક છત્ર તળે આખા હિંદુસ્તાનને લાવવા તેનો વિચાર હતો. તેમા તે થોડે અંશે ફતેહમંદ થયો, પણ દક્ષિણમા પોતાની સત્તાને વધારી શક્યો નહિ નર્મદાના પ્રદેશ આગળ પુલકેશિન રાજાની સત્તા હતી. તે પ્રદેશ તરફ તે આગળ વધ્યો, પરંતુ લડાઇના મેદાનમા પોતાના હાથીઓની હાર દુશ્મનોએ કરી નાખી ત્યારે હર્ષ રાજાનો હર્ષ જતો રહ્યો, અને તે ચાલુક્ય રાજાથી બીવા લાગ્યો

હવે વૃદ્ધ થવાથી લડાઇના મેદાનમા કૂચ કરતા ફરતા તે થાકી ગયો હતો તેથી તેની બાકીની જિંદગાની અશોકની પેઠે શાંતિમા ગાળવા તેનો વિચાર થયો. એની જિંદગીની શરૂઆતમા એ શિવ-માર્ગી હતો, પરંતુ પછીથી એનો વિચાર બદલાયો અને એણે એમ કહ્યુ કે " એક દિવસ હુ બૌદ્ધ ધર્મનો શિષ્ય થઇશ, અને સાધુના ભગવા વસ્ત્ર પહેરીશ " આથી મુસાફરો વાસ્તે એણે ધોરી રસ્તાઓ અને પુલો બનાવ્યા, અને ઠામ ઠામ માંદા માણસો વાસ્તે આશ્રમો તૈયાર કરાવ્યા ધર્મના મતભેદ વાસ્તે એ બહુ દરકાર રાખતો નહિ એકંદરે જોતા ધર્મની બાબતમા સઘળાને છૂટ આપતો હતો.

ચીનનો પ્રવાસી વધારામા લખે છે કે હર્ષ રાજા જાતે કવિતા લખતો હતો તે વિદ્યાવિનોદી હતો અને વિદ્વાનોને ઉત્તેજન આપતો હતો ધર્મની ચર્ચા વાસ્તે તે સભાઓ બોલાવતો જેમા સ્રીઓ પણ છૂટથી ભાગ લેતી. હિઓન્થશાગ ચીન જવા નીકળ્યો તે પહેલા હર્ષ રાજાએ કનોજમા પોતાના ખંડિયા રાજાઓની એક સભા બોલાવી, સભાને વાસ્તે એક કામ ચલાઉ મઠ ઉભો કરવામા આવ્યો તેમા બુદ્ધની મૂર્તિની સ્થાપના કરી કેટલીક ક્રિયાઓ કરવામા આવી, પરંતુ તે ક્રિયાઓ પુરી થાય તે પહેલા ત્યા આગ લાગી અને સઘળુ કામ અટકયુ ત્યાથી સઘળા અલહાબાદ (પ્રયાગ)

ગયા ત્યા દરેક ધર્મના હજારો માણસ ભેગા થયા સભાને પહેલે દિવસે બુદ્ધ પ્રતિમાની, બીજે દિવસે સૂર્યની મૂર્તિની, અને ત્રીજે દિવસે શિવની મૂર્તિની સ્થાપના કરવામા આવી મહોત્સવ ૭૫ દિવસ ચાલ્યો રાજ્યમહેલનો બધો સરસામાન બૌદ્ધમાર્ગી અને બ્રાહ્મણોને એક સરખી રીતે રાજાએ વહેંચી આપ્યો ત્યાર પછી જેમ બુદ્ધે પોતાના પિતાનુ ઘર છોડતી વખતે કર્યું હતું તેમ તેણે પોતાનો રાજવંશી પોશાક કાઢી નાખી ગરીબ ભિખારીના ફાટચા તૂટચા કપડા પહેર્યાં

સભાનુ કામ થઇ રહ્યા પછી ચીનનો યાત્રાળુ ચીન ગયો. જે સઘળુ જોયુ હતું, તેનો વૃત્તાન્ત તેણે ત્યા જઇ લખ્યો. ઇ સ. ૬૪૪ મા તે મરણ પામ્યો હર્ષ પણ થોડા વર્ષમા મૃત્યુને શરણ થયો તેના મરણ પછી કોઇ પણ લાયક વારસ નહિ હોવાથી સર્વ ઠેકાણે અધાધુધી ફેલાઈ

---

## દક્ષિણ હિંદ.

### મહાન રાજા રાજ.

અસલના વખતમા જમીન માર્ગેજ વિદેશીઓ હિંદુસ્તાનમા આવતા હતા તેનો માર્ગ માત્ર ઉત્તરમાજ છે, તેથી દક્ષિણ વિષે પૂરતી માહિતી આપણને મળતી નહોતી, પરતુ પોર્ટુગીઝ લોકો જળમાર્ગે પ્રથમ યુરોપથી હિંદુસ્તાનમા આવ્યા તેઓ દક્ષિણ હિંદમા ઉતર્યા. ગગા નદીની નીચેના સઘળા પ્રદેશને ‘દખ્ખણ’ ( દક્ષિણ ) નામથી ઓળખવામા આવે છે, પરતુ કૃષ્ણા અને ગોદાવરી નદી વચ્ચેનો પ્રદેશ જે પૂર્વથી પશ્ચિમ સુધી પથરાય છે તેનેજ ‘દખ્ખણ’ નામ ખરી રીતે આપવુ જોઇએ દક્ષિણમા હાલ દ્રાવિડ લોકો

વસે છે તેઓ **તેલુગુ** ભાષા બોલે છે ત્યા આગળ લગભગ ૩૦૦ વર્ષ સુધી અંધ્ર લોકોના રાજાએ રાજ્ય કર્યું હતુ **ગ્રીસ, રોમ ઇજિપ્ટ** અને **ચીન** સાથે તેઓ વેપાર કરતા, પરતુ અમુક સજોગને લીધે તેઓનુ રાજ્ય પડી ભાગ્યુ ત્યાર પછી ત્યા **ચાલુક્ય** રાજાઓનો વશ સ્થપાયો તેમના સૌથી પહેલા રાજાની ઉત્પત્તિ બહુ વિચિત્ર છે કોઇ પવિત્ર પુરુષ દેવને જળધારા કરતો હતો, એટલામા ફુવારામાથી એક *ખુબસુરત મનુષ્ય નીકળી આવ્યો તેને તેમણે પોતાનો પ્રથમ રાજા નીમ્યો પોતાના સરદારો લડાઇમા હારી જતા તે વખતે તેમને સ્ત્રીના પોશાક પહેરાવવામા આવતા તેમના કૃત્યો સ્ત્રી જેવા હતા તેથી તેમને તેમના જેવા કપડા પહેરાવવાનુ તેમને યોગ્ય લાગતુ હતુ **પુલકેશિન** તેમનો એક પ્રખ્યાત રાજા થઇ ગયો તે આપણે પહેલા કહી ગયા છીએ હર્ષ રાજા સાથે તે લડાઇ લડયો હતો તે પણ તમે જાણોછો તેણે ઈરાનના રાજાને ત્યા એલચી મોકલ્યા હતા. ઈરાનના રાજાએ પણ પોતાના એલચી તેના દેશમા મોકલ્યા હતા તે **અજંટા** શહેરની દીવાલ પરના ચિત્રો ઉપરથી આપણને માલુમ પડે છે ટુકામા કહીએ તો એની સત્તા ઘણી હતી, પરતુ મુસલમાનો ૧૩ મા સૈકામા નર્મદા ઓળગી ત્યા વધ્યા અને દક્ષિણનો છેલ્લો રાજા તેમની સાથે લડતા પડયો

હિંદુસ્તાનની દક્ષિણે ત્રણ મુખ્ય રાજ્યો હતા, તે દ્રાવિડ લોકોના **પાંડય, ચેરા,** અને **ચોલા** રાજ્ય તરીકે પ્રસિદ્ધ છે આ ત્રણમાથી ચોલાનુ રાજ્ય વધારે પ્રખ્યાતિ પામ્યુ હતુ ત્રણે રાજ્યો મોતીનો વેપાર કરતા હતા યુરોપના વેપારીઓ મોતી તથા બીજો સામાન લેવા ત્યા આવજા કરતા આશરે ઇ. સ ૧૦૦૦ મા ચોલા રાજ્યમા મહાન રાજા રાજ્ય કરતો હતો રાજા રાજે દક્ષિણના બધા રાજ્ય જીત્યા, અને કલિંગનુ રાજ્ય પણ તેણે જીત્યુ **પલ્લવ** તેમજ **ચાલુક્ય** લોકો ઉપર તેણે જીત મેળવી. એનુ પાટનગર **તાંજોર** હતુ ત્યા આગળ

ગ્રીક મોટુ દેવાલય એણે બધાવ્યુ, અને તેની દીવાલો પર પોતે મેળવેલી જીતની કથા કોતરાવી

ચોલા રાજ્ય પાસે જબરૂ લશ્કર હતુ એટલુજ નહિ પણ નૌકાસૈન્ય પણ હતું નૌકાસેનાના બળથી એણે સીલોનનો ટાપુ જીત્યો. રાજા રાજ શિવભક્ત હતો, પરંતુ બાદ્ધમાર્ગીઓને તે હેરાન કરતો નહિ

## ૧૨ અસલના રજપૂતો અને તેમના રાજ્યો.

### જગદેવ પરમારની વાર્તા

'રજપુત' શબ્દનો અર્થ રાજપુત્ર થાય છે કેટલાક રજપૂત રાજાઓ ક્ષત્રિય રાજાઓમાથી અને કેટલાક ઉત્તર તરફથી આવેલી ટાળીઓમાથી ઉતરી આવેલા હતા રજપૂત લોકોમા ઘણી જાતો હતી તેમના સરદાર 'રાણા' કે 'રાય' કહેવાતા તેઓ એકવચની હતા, તથા પોતાના દેશ વાસ્તે ઘણો પ્રેમ ધરાવતા, પરતુ માહોમાહે કજીઆને લીધે મુસલમાન રાજાઓથી તેઓ હારી ગયા, અને અતે તેમણે સર્વસ્વ ખોયુ ગ્રીસના અસલના સ્પાર્ટાના લોક જેવા અસલના રજપૂત લોકો હતા **લડાઈમાં દુશ્મનને પીઠ બતાવવા કરતાં રણક્ષેત્રમા મરી જવુ** તેઓ વધારે પસદ કરતા રજપૂત સ્ત્રીઓ પણ પુરુષ જેવીજ બહાદુર, એકવચની અને પ્રામાણિક હતી, **શત્રુને તાબે થવા કરતાં તેઓ મરવા તૈયાર થતી.** જ્યારે તેમને એમ લાગતું કે પોતાના પતિ, પિતા અથવા ભાઇ રણસંગ્રામમા લડતા મરણ પામશે તો તેવે પ્રસગે દુશ્મનના હાથમા જવા કરતા કેસરીઆ કરી તેઓ અગ્નિમા બળી મરવાનુ પસદ કરતી હતી.

રજપૂતોમા ઘણી જાતો હતી હજુ પણ તે જાતોના રજપૂત માલમ પડે છે તેમની મુખ્ય જાતો **વાઘેલા, સોલંકી, ચાવડા**

રાઠોડ, ચોહાણ, સિસોદીઆ, પરમાર, ઝાલા, વગેરે અરવલ્લી ટેકરીના આસપાસના ભાગો તથા વિંધ્ય પર્વતની ઉત્તરે આવેલા પ્રદેશને રજપુતાના કહે છે ત્યા ઘણી રજપુત ટોળીઓ રહેતી હતી અને હાલ પણ ઘણા રજપુત રાજાઓ રાજ્ય કરે છે ઇ સ ૭૬૬ થી તે મુસલમાન આવ્યા ત્યા સુધી સૌરાષ્ટ્રમા રજપુત રાજાઓનો અમલ હતો તેઓ ચાલુકય વશના કહેવાતા પુલકેશિન તથા તેના વશજો પણ ચાલુકય વશના હતા, અને તેમનુ રાજય દક્ષિણમા હતુ તે તમો જાણો છો માળવામા વિક્રમાદિત્ય અને તેના વશજો રાજય કરતા હતા ઓઢિઆમા ઇ સ ૪૭૪ થી ઇ સ ૧૧૩૨ સુધી એટલે લગભગ ૬૫૦ વર્ષ કેસરી વશના રાજાઓની સત્તા હતી. મહારાષ્ટ્રની ઉત્તરે દેવગિરિમા યદુ વશના રજપૂત રાજાઓનો અમલ હતો. આ પ્રમાણે હિદુસ્તાનના જુદા જુદા ભાગમા રજપૂત રાજાઓએ પોતાની સત્તા જમાડી હતી, અને દરેક રજપૂત રાજા સ્વતત્ર રીતે રાજય કરતો હતો

રજપૂત રાજાઓ વિષે ઘણી વાર્તા છે, પરતુ અહીં એક આપી છે. આગળ જતા જેમ જેમ પ્રસગ આવશે તેમ તેમ બીજા રજપૂત રાજાઓ વિષે વિવેચન કરીશુ

માળવામા ઉદયાદિત્ય નામે રાજા આશરે ૧૦૦૦ વર્ષ પહેલા રાજ્ય કરતો હતો વાઘેલા અને સોલકી એમ બે વશની તેને રાણીઓ હતી વાઘેલી માનીતી હતી તેના પુત્ર કરતાં સોલકિણીનો પુત્ર નાનો હતો, પરતુ ઘણો ખૂબસુરત અને ચાલાક હતો તેનુ નામ જગદેવ હતુ રાજાની પ્રીતિ તેના પર અત્યત હતી, પણ તેની ઓરમાન માતા વાઘેલી તેના પર ઇર્ષા રાખતી અને ધારાનગરીમાથી તેને કાઢી મૂકવા અવકાશ શોધતી હતી ગોર્ડ વશના ગંભીર રાજાને ખબર હતી કે જગદેવ ઘણો રૂપાળો કુવર હતો, અને તેની કાન્તિ સૂર્યના જેવી તેજસ્વી હતી, તેથી પોતાની કુવરીના લગ્ન તેની સાથે

કરવાના વિચારથી તેણે તેને પોતાની પાસે બોલાવ્યો. વાઘેલી રાણીએ આ તકનો લાભ લઈ જગદેવને વિદાય કર્યો

રસ્તે જતા **ચાવડા** વંશના રાજ્યમા તે જઇ પહોચ્યો ત્યાના રાજાને **વીરમતી** નામની એક કન્યા હતી જગદેવની બહાદુરી અને ચાલાકી જોઈ તેણે પોતાની પુત્રીને તેની સાથે પરણાવી, અને હાથી, ઘોડા, નોકરો વગેરે ઘણુ કીમતી દાન તેને આપ્યુ લગ્ન પછી જગદેવ પાછો ધારાનગરી ગયો પરંતુ પોતાની માતા સોલંકિણી આગળ જઇ તેણે કહ્યુ કે "મારાથી હવે અહીં રહી શકાય એમ નથી ધારાનગરી છોડી મારૂ નસીબ હુ પરદેશમા અજમાવી લઇશ." અંતે પોતાની સ્ત્રી ચાવડી વીરમતી સાથે તેણે પોતાનુ ગામ છોડ્યું. **સોલંકી** વંશના **સિદ્ધરાજ જયસિંહની** કીર્તિ વિષે એણે બહુ સાંભળ્યુ હતુ, તેથી તેના પાટનગર **પાટણ** જવા તેણે વિચાર કર્યો. રસ્તે જતા એક વાઘ અને વાઘણ જે સિદ્ધરાજના રાજ્યને ત્રાસ આપતાં હતા તેને તેણે મારી નાખ્યા આથી રાજા તેના પર ઘણો ખુશ થયો અને તેને પોતાના નોકરીમા રાખ્યો નોકરી દરમિયાન રાજાની જગદેવે ઘણી સેવા બજાવી પોતાના માલિક ખાતર અનેક પ્રસંગે પોતાનો જીવ તેણે જોખમમા નાખ્યો તેણે ત્યા અઢાર વર્ષ નોકરી કરી ઘણુ દ્રવ્ય અને કીર્તિ સંપાદન કર્યા

એક મોટા ધનવાન અને બળવાન રાજાની પેઠે તે થોડા વર્ષ પછી પાછો ધારાનગરી ગયો પિતા તેને જોઈ હર્ષઘેલો થઇ ગયો. સોલંકિણી હરખાઈ, વાઘેલીએ પણ પોતાનો દ્વેષ તેના પરથી છોડી દીધો તેના પિતાએ ધારાનગરીનુ રાજ્ય તેને સોપ્યુ જગદેવે લગભગ ૫૨ વર્ષ રાજ્ય કર્યું અને ૮૫ વર્ષની ઉમરે મરણ પામ્યો. રજપૂતો કેવા બહાદુર હોય છે તથા દુ:ખની વખતે કેવુ ધૈર્ય રાખે છે, તે આપણને જગદેવની વાર્તા ઉપરથી માલમ પડે છે

# ભાગ ૨ જો.

## ૧૩ હિંદના મુસલમાન રાજાઓ અને તેમનાં રાજ્યો.

### મહાન ધર્મસુધારક મહંમદ,

હિંદુસ્તાન પર પરદેશી હુમલા ઘણા થઇ ગયા તે તમે વાંચ્યુ. **આર્યોએ** દ્રાવિડ લોકોને હાંકી કાઢયા અને તેમના પર **ગ્રીક**, **સિથિઆન** અને **હૂણ** લોકોએ ઘણા હુમલા કર્યાં અને તેમના પર **મુસલમાન** લોકો ચઢી આવ્યા મુસલમાનોનો અમલ હિંદુસ્તાન પર ઘણા વર્ષો રહ્યો

**અરબસ્તાન** હિંદુસ્તાન જેવડો મોટો દેશ છે, પરંતુ તેના જેવો ફળદ્રુપ નથી પહેલાના વખતમા આરબો પરદેશ સાથે વેપાર કરતા અને પોતાને ખપમા આવતી ચીજો ત્યાથી લાવતા હતા તેમના ધર્મના સ્થાન **મક્કા** શહેરમા ઈ૦ સ૦ ૫૭૦ મા **અબદુલા** ને **અમીનાને** ત્યા એક પુત્રનો જન્મ થયો તે પુત્રનુ નામ **મહંમદ** પાડવામા આવ્યુ તેમના પિતા તેમના જન્મ વખતે મરણ પામ્યા અને જેવા તે છ વર્ષના થયા કે તરતજ તેમની માતા **અમીના** પણ મરણ પામ્યા તેમના કાકાએ તેમને ઉછેર્યા સવારે, બપોરે અને સાજે **કાબા** (પૂજાનું સ્થાન) તરફ મો રાખીને પ્રાર્થના કરવાનો તેમના કાકાએ તેમને ઉપદેશ આપ્યો જેમ જેમ **મહમદ** મોટા થતા ગયા તેમ તેમ પરદેશી મુસાફરો સાથે તે ફરવા લાગ્યા મુસાફરી દરમિઆન તેમણે **યાહુદી** તથા **ખ્રિસ્તી** ધર્મની વાતો સાંભળી તે ઉપરથી આરબોની મૂર્તિપૂજા તરફ તેમને તિરસ્કાર આવ્યો, અને પરમેશ્વર એકજ છે એવુ તે માનવા લાગ્યા રાત્રે જ્યારે આકાશ તરફ એમની દૃષ્ટિ પડતી ત્યારે તે સર્વશક્તિમાન પરમેશ્વરની શક્તિથી ઘણો આનંદ અને વિસ્મય પામતા

પચીસ વર્ષની વયે મક્કાની એક ધનવાન વિધવા સાથે તેમણે લગ્ન કર્યું તેનાથી તેમને ૭ સતાન થયા તેમના ચાળીસમા વર્ષમાં એક રાત્રે તેમને સ્વપ્નુ આવ્યુ તેમા જીબ્રાઈલ નામનો ફિરસ્તો તેમને દેખાયો તેણે કહ્યુ, "મહમદ, તુ અલ્લાનો પેગંબર છે; એક નવો પંથ સ્થાપી તેનો બોધ સઘળાને તારે કરવાનો છે;" તેથી પોતાના ધર્મના સિદ્ધાતો તેમણે લખ્યા અને તેનુ એક પુસ્તક રચ્યુ તેને કુરાન કહે છે

ઇ સ ૬૨૦મા તેમની સ્ત્રી ખદીજાબીબી મરણ પામ્યાં તેમણે પોતાના સ્વામીના ધર્મનો સ્વીકાર કર્યો હતો મક્કાના લોકોએ મહમદનો ધર્મ સ્વીકારવા નાખુશી બતાવી, પરતુ મદીનાના લોકો તેમના ધર્મમા દાખલ થયા અલ્લા એકજ છે અને મહમદ તેનો પેગંબર છે એમ તેઓએ કબૂલ કર્યુ કુરાન તેઓ વાચવા લાગ્યા અને ઇસ્લામ ધર્મ મદીનામા ફેલાવ્યો મહમદ મક્કાથી પોતાના શિષ્યો સાથે મદીના ચાલ્યા ગયા જે સાલમા તે મદીના ગયા તે સાલથી મુસલમાનો પોતાના બનાવોની નોધ રાખે છે અને તે હિજરી સન કહેવાય છે ઇસ્લામ ધર્મ પ્રમાણે ઇશ્વર એક છે, મહંમદ તેનો પેગબર છે, અને સઘળા મુસલમાન ઇશ્વરની નજર આગળ સરખા છે,

## ૧૪. મુસલમાનોનો ફેલાવો.

### મહમદ કાસમ.

મહમદ પેગબરના પથના લોકોએ ઇ સ ૬૩૬ મા ઈરાન જીત્યુ અને પોતાના દેશ સાથે તેને જોડી દીધુ, પરતુ ત્યાના લોકો જેને હાલ આપણે પારસી કહીએ છીએ તેમણે તેમનો ધર્મ માન્યો નહિ, અને પ્રથમ ઇરાનના અખાતમા ઓર્મઝના ટાપુમા તેઓ ચાલ્યા ગયા થોડા વખત પછી તેઓ હિંદુસ્તાનમા આવ્યા મુંબઇ

શહેર અને મુંબઇ ઇલાકો હાલ તેમનુ મુખ્ય મથક છે તેઓ ઘણા ધનવાન, તેમજ ઇલાકાની આગેવાન પ્રજા તરીકે હાલ માલમ પડયા છે.

મહમદના ધર્મના અનુયાયીઓ સ્પેન, ફ્રાન્સ, સીરિયા વગેરે દેશોમા પ્રસરવા લાગ્યા તેમના પેગબરના મરણ પછી પાચ વર્ષે તેમણે હિંદુસ્તાન તરફ વધવા માડયુ સિંધુ નદીને કાઠે મહમદ કાસમ નામના એક તરણ પુરષની સરદારી નીચે દિબલ શહેર આગળ તેમણે પડાવ નાખ્યો, અને શહેરને ઘેરો ઘાલી તેને ફરતા કોટ ઉપર પત્થરનો વરસાદ વરસાવ્યો કોટ અંતે તૂટી પડયો અને તેઓ શહેરમા દાખલ થયા હિંદુઓના લાલ વાવટાને બદલે મુસલમાનોની લીલી ધજા તેમણે ફરકાવી ત્યાર પછી તેમણે મુલતાન શહેર ઉપર હુમલો કર્યો શહેરીઓ ભય પામી તેમને શરણ થયા, પરંતુ મહમદ કાસમે કહ્યુ કે " કોઇએ પણ હિંદુઓના દેવાલયોને અડકવુ નહિ, અને શહેરની અંદર કોઇ પણ જાતનુ નુકસાન કરવુ નહિ " જ્યારે એનો અમલ ત્યા થયો ત્યારે તેણે હિંદુઓને ઉંચી જગાઓ આપી, અને તેમની સાથે સારી રીતે વર્તવા લાગ્યો પોતાના અમલદારોને તે કહેતો કે " લોકો સાથે પ્રામાણિકપણે તમે વર્તજો કોઇ પણ જાતની વહેચણી કરવામા આવે તો તે વાજબી રીતે કરવી મહેસુલ દરેક મનુષ્યના ગજા પ્રમાણે લેવુ માહોમાહે લડવુ નહિ અને કોઇ પણ પ્રકારે દેશને હેરાન કરવો નહિ '

આ તરણે પોતાની ફતેહનુ ફળ ભોગવ્યુ નહિ તેના દેશના લોકોને તેના પર અવિશ્વાસ આવ્યો, તેથી તેને ચામડામા સીવી જીવતો મારી નાખવો એવો તેમના ખલીફાએ હુકમ મોકલ્યો તે પ્રમાણે કરવામા આવ્યુ, અને અંતે તે બુરી હાલતે મરણ પામ્યો એના સબંધમા ગેરસમજુત થએલી જણાય છે હિંદુસ્તાનની કેટલીક કુવરીઓ ખલીફના દરબારમા હતી તેમણે પોતાના પિતા કે જેમણે મહમદ કાસમના હાથે ઘણુ ખમ્યુ હતુ તેમનુ વેર વાળવા ખલીફને ખોટુ સમજાવ્યુ, અને અંતે તેનુ આવી રીતે મોત આવ્યુ.

આરબોનો આ હુમલો નિષ્ફળ નીવડયો તેનુ મુખ્ય કારણ એ હતું કે સિંધ જેના ઉજ્જડ દેશમા તેઓ પ્રથમ આવ્યા ત્યા તેમને પુરતા ખોરાકીના સાધન મળ્યા નહિ બીજું તેમની પાસે જેટલુ જોઇએ તેટલુ લશ્કર હતુ નહિ વળી તે વખતના રજપૂત રાજાઓ તદન નિર્માલ્ય નહોતા, તેથી તેઓ આ પરદેશી માણસોના હુમલાને હાકી કાઢવા શક્તિમાન થયા

---

## ૧૫. અ મહમૂદ ગિઝની ( મૂર્તિ ભાગનાર ) અને સોમનાથ.

આજથી આશરે ૧૦૦૦ વર્ષ પૂર્વે **સબકતગીન** નામનો **અફ્ગાનિસ્તાનનો** રાજા હિંદુસ્તાન પર ચઢાઇ કરી આવ્યો હતો તેણે મહમદનો ધર્મ સ્વીકાર્યો હતો હિંદુસ્તાનમા આવી **લાહોરના** રાજાને તેણે લડાઇમા હરાવ્યો અને ઘણુ દ્રવ્ય **ગિઝની** લઈ ગયો

**સબકતગીન** પછી એનો પુત્ર **મહમૂદ** ગાદીએ આવ્યો. તે નાનો હતો ત્યારથીજ પોતાના પિતા સાથે લડાઇમા જતો હતો એક લડાઇ દરમિઆન એણે એવી તો કીમતી સલાહ આપી કે એના સરદારો એની કુશળતા જોઈ છક થઇ ગયા, અને તે સલાહ પ્રમાણે વર્તતા તેમને દુશ્મન સામે જય મળ્યો મહમૂદ જન્મથીજ ઘણો બેડોળ હતો, વળી શીતળા આવવાથી તે વધારે બેડોળ થયો હતો એક દિવસે આયનામા તેણે પોતાનુ મુખ જોયુ તે જોઇને તે ઘણો નિરાશ થયો તે બોલ્યો "સાધારણ માન્યતા એવી છે કે જે કોઈ રાજાનું મોઢુ જુએ તેની આખ વધારે પ્રકાશિત થાય, પરંતુ મારી મુખમુદ્રા તો એવી છે કે જોનારની આખે અંધારા આવી જાય અને તે આંધળો થાય " તેના વઝીરે જવાબ આપ્યો, " જહાપનાહ ! તમારી રૈયતમાનો ભાગ્યે એક પણ પુરુષ તમારૂ મુખ જોતો હશે,

પરંતુ સઘળા તમારા કૃત્ય એક ચિત્તથી નિહાળે છે, અને તે પરથી બોધ લે છે, માટે તમે સદ્દગુણી થાઓ અને તમારા સુકૃત્યની સુવાસ સર્વત્ર ફેલાવો " મહમૂદ આ જવાબથી ઘણો પ્રસન્ન થયો

બગદાદના ખલીફાએ તેને કેટલાક ઇલ્કાબ આપ્યા તેને તેણે **ધર્મધુંરધર** કહ્યો અને ધર્મના નામથી વિગ્રહ કરવા તેને સૂચવ્યુ તે પ્રમાણે તેણે **હિંદુસ્તાન** પર સત્તર સવારી કરી, અને તે અખૂટ ધનનો ભંડાર લઇ ગયો પ્રથમ તે **હિંદુસ્તાનના** ઘાટો ઓળંગી **પેશાવર** આગળ આવ્યો. ઈ સ ૧૦૦૧ મા તેની અને **લાહોરના** રાજા **જયપાળ** વચ્ચે યુદ્ધ થયુ તેમા જયપાળ હારી ગયો તેનુ સઘળુ જવાહીર, કીમતી માલ, ગુલામો વગેરે **મહમૂદ** ગિઝની લઇ ગયો

**મહમૂદ** જાણતો હતો કે **હિંદુસ્તાન** ઘણો સમૃદ્ધ દેશ છે તેમા દહેરા અનેક છે તેમના ઘુમટો **સોનાથી** મઢેલા છે કેટલાકમા તો મૂર્તિઓ પણ **સોનાની** છે, તેથી તે દેશ જીતી અખૂટ દોલત મેળવવાનો અને ત્યા **ઇસ્લામ ધર્મ** સ્થાપવાનો વિચાર થયો, ફરીથી તે **હિંદુસ્તાનમા** આવ્યો અને ઉત્તરના પ્રદેશમા ફરવા લાગ્યો મૂર્તિઓ પોતાને હાથે તોડી નાખી **સોનુ**, હીરા, **માણેક** વગેરે જવાહીર તેણે લીધા ત્યાથી તે દક્ષિણ તરફ વધ્યો અને અંતે ગુજરાતમા પહોચ્યો તે **સોમનાથ પાટણમાં** ગયો, ત્યાનુ શિવનુ મંદિર ઘણુ પ્રસિદ્ધ હતુ તે મંદિર આગળ આવ્યો એટલે સઘળા ગભરાયા અને પ્રાર્થના કરવા મંડી ગયા બ્રાહ્મણોની મદદે ઠામ ઠામના રજપૂત ભેગા થઈ આવ્યા, પરંતુ **મહમૂદે** તેમને હરાવ્યા, પોતે મંદિરમા દાખલ થયો **બ્રાહ્મણોએ** તેને પુષ્કળ દ્રવ્ય આપવાનુ કહ્યુ, પણ તેણે જવાબ આપ્યો કે " **હું મૂર્તિઓનો વેચનાર નથી; હું તો મૂર્તિઓનું ખંડન કરનાર છું.**" તેણે એમ કહી મૂર્તિના કકડે કકડા કરી નાખ્યા **સોમનાથમાથી** તે બહુ ધન લઇ ગયો, અને તે ધનથી ગિઝનીને નવેસરથી તેણે શણગાર્યું

## ૫ મહમૂદ ગિઝની અને ફિર્દોસી

ગહમૂદના વખતમા ફિર્દોસી નામનો ઘણો પ્રખ્યાત કવિ થઇ ગયો પોતાના પરાક્રમનુ એક કાવ્ય રચવા પાદશાહે તેને કહ્યુ તે કાવ્ય ' **શાહનામા** ' તરીકે પ્રસિદ્ધ છે તેની દરેક બેત દીઠ એક **દિરહમ** ( એક સિક્કો ) આપવા રાજાએ વચન આપ્યુ હતું ફિર્દોસીએ **શાહનામુ**' પુરૂ કર્યું તેમા તેણે ૬૦,૦૦૦ બેત લખી રાજા તે બેતો વાચી ઘણો જ પ્રસન્ન થયો, અને કવિને ૬૦,૦૦૦ રૂપાના દિરહમ આપ્યા આથી કવિ નારાજ થયો, કારણકે સોનાના દિરહમ મળશે એમ તે આશા રાખતો હતો રૂપાના દિરહમનો સ્વીકાર નહિ કરૂ તો મહમૂદ ગુસ્સે થશે, એવી દહેશતથી તેણે લીધા અને પોતાને દેશ જઇ તે પાછા મોકલી આપ્યા, અને ત્યાર પછી બીજી બેતો લખી તેમા એણે રાજાની ઘણી હાસી કરી ગજાની **મા નીચ** કુટુબમા જન્મી હતી તથા તે ઘણો બેડોળ હતો વગેરે તેમા લખ્યુ રાજાએ જ્યારે આ લીટીઓ વાચી ત્યારે તેને ઘણો પસ્તાવો થયો, અને તેણે પોતાની ભૂલ સુધારી ૬૦,૦૦૦ સોનાના દિરહમ તેને મોકલ્યા, પણ એવુ બન્યુ કે એક દરવાજેથી સિક્કાઓ જેવા શહેરમા આવ્યા તેજ વખતે ફિર્દોસીનુ શબ બીજે દરવાજેથી બહાર લઇ જવામા આવ્યુ હતુ અને તે સિક્કાઓ તેની પુત્રીને આપવામા આવ્યા

**સુલતાન મહમૂદે પોતાના રાજ્યનો ઘણો વિસ્તાર કર્યો, પણ રાજ્યની સારી વ્યવસ્થા તે કરી શકયો નહિ.** તેના અમલદારો જુલમ કરતા અને લોકોની સલામતી બરાબર જળવાતી નહિ આ બાબતમા એક વૃદ્ધ સ્ત્રીએ તેને ઘણો સારો બોધ આપ્યો હતો આ સ્ત્રીનો છોકરો કોઇએ મારી નાખ્યો હતો તેથી તેણે મહમૂદને કહ્યુ " જે દેશ પર તમે બરાબર રાજ્ય ચલાવી શકતા નથી તે દેશ તમે શા માટે જીતો છો ? જે દેશમા તમારૂ રાજ્ય ચાલે છે, તેની ખરાબ

વ્યવસ્થા માટે તમે જવાબદાર છો અને ખુદા તાલા તમારી પાસેથી જવાબ માગશે આ શબ્દોની અસર તેના પર ઘણી જ થઇ

સાઠ વર્ષની ઉમરે **મહમૂદ** મરણ પામ્યો તે ઘણો શૂરવીર લડવૈયો હતો રાજા તરીકે તે ઘણો ન્યાયી હતો અને વિદ્વાનોને ઉત્તેજન આપતો હતો

---

## ૧૬. રાજા જયચંદ અને રાજસૂય યજ્ઞ.

### સંયુક્તા

હિંદુસ્તાનમા જુદે જુદે ઠેકાણે રજપૂત રાજ્યો હતા તે આગળની વાત ઉપરથી તમે જાણો છો. ઉત્તર હિંદમા દિલ્હી અજમેર અને **કનોજનાં** ત્રણ મોટા રાજ્ય હતા **અનંગપાળ દિલ્હી**મા, **પૃથ્વીરાજ અજમેરમાં** અને **જયચંદ કનોજમાં** રાજ્ય કરતો હતો, **જયચંદ** અને **પૃથ્વીરાજ** **મસિઆઇ ભાઇ** થતા હતા **અનંગપાળને** પુત્ર નહિ હોવાથી પોતાના મરણ વખતે તે પોતાની ગાદીનો વારસ **ભાણેજ પૃથ્વીરાજને** નીમતો ગયો, કારણકે તે બહાદુર હતો આથી **પૃથ્વીરાજ દિલ્હી** અને **અજમેર** બને રાજ્યનો રાજા થયો, **જયચંદ** તેથી ઘણોજ નારાજ થયો

**જયચંદે રાજસૂય યજ્ઞનો** આરંભ કરી સઘળા રાજાઓને બોલાવ્યા યજ્ઞ પ્રસગે તેણે એક **સ્વયંવરની** ગોઠવણ કરી હતી તેને **સંયુક્તા** નામે પુત્રી હતી તે આ પ્રસગે ઇચ્છિત પતિ મેળવવાની હતી. **પૃથ્વીરાજને** આ પ્રસગમા ભાગ લેવાનુ આમંત્રણ મળ્યુ ત્યારે તે ઘણો ગુસ્સે થયો અને બોલ્યો, એક ચોહાણ રાજા શુ જયચંદને ચક્રવર્તી રાજા તરીકે કબુલ કરે ? કદી નહિ વળી એવુ કહેવામા આવે છે કે **પૃથ્વીરાજ** એક વખત **કનોજ** ગયો હતો, ત્યારે **સંયુક્તાને** તેણે

જોઇ હતી તેથી તેની સાથે લગ્ન કરવા તેનુ ઘણું મન હતુ જ્યારે સ્વયવરની વાત તેણે સાભળી ત્યારે તેનુ મન વશ રહ્યું નહિ

યજ્ઞ દરમિયાન દરેક રાજાને જુદા જુદા કામ સોપ્યા હતા. પૃથ્વીરાજે દ્વારપાળનુ કામ કરવુ એમ નક્કી કરવામા આવ્યુ હતું; પરતુ તે તો ત્યા ગયો જ નહિ, તેથી જયચંદે તેની સોનાની પ્રતિમા બનાવી તેને બારણા આગળ દ્વારપાળ તરીકે મૂકી પૃથ્વીરાજે આ અપમાનને માટે વેર લેવાનો નિશ્ચય કર્યો તથા બને તો સયુક્તાને પણ પરણવી એવો પણ મનમા સકલ્પ કર્યો. થોડા વિશ્વાસુ લડવૈયા લઈ તે કનોજ ભણી ગયો તે દરમિયાન સ્વયવરનુ કામ ચાલતુ હતું. સંયુક્તા પુષ્પની માળા લઇ રાજાઓ અને રાજકુવરોની હારો વચ્ચેથી પસાર થતી ચાલી **તેણે પૃથ્વીરાજની બહાદુરી અને પરાક્રમ વિષે ઘણુ સાભળ્યુ હતું તેથી મડપને છેડે પૃથ્વીરાજની પ્રતિમાના ગળામાં પુષ્પની માળા પહેરાવી દીધી.** પૃથ્વીરાજ અને તેના યોદ્ધાઓ કનોજ આગળ આવી પહોચ્યા હતા તેમણે છૂપા વેષમા બધી બાતમી મેળવી હતી, તેથી સયુક્તાએ પ્રતિમાને માળા આરોપી કે તરતજ તેને લઈ શહેર બહાર નીકળી ગયો ત્યા ઘોડાઓ તૈયાર રાખી મૂકયા હતા, તે પર બેસી સઘળા દિલ્હી તરફ ચાલ્યા ગયા.

આ બનાવથી સર્વત્ર ત્રાસ વર્તી રહ્યો કનોજના યોદ્ધાઓ પોતાના ઘોડા પર બેસી પૃથ્વીરાજની પાછળ પડયા રસ્તામા પાચ દિવસ સુધી ચોહાણો તથા રાઠોડો વચ્ચે લડાઇ ચાલી શરૂઆતમા ચોહાણના ઘણા સામતો કપાઇ મુઆ, પરતુ છેવટે તેમનો જય થયો, અને તેઓ સુખરૂપ દિલ્હી પહોચ્યા ઘણી ધામધૂમથી અને ઠાઠમાઠથી- પૃથ્વીરાજ અને સંયુક્તાના લગ્ન થયા તેમણે ઘણા વર્ષ સુધી સુખ ભોગવ્યુ અને જ્યારે પૃથ્વીરાજ મરણ પામ્યો ત્યારે આ પતિવ્રતા સ્ત્રીએ ચિતામા બળી દેહત્યાગ કર્યો

## ૧૭. મહંમદ ઘોરી અને પૃથ્વીરાજ.

**પૃથ્વીરાજ ચોહાણ** રાજા હતો તે તમે આગની વાર્તામા વાચી ગયા તેની અને જયચદ ગહોડ વચ્ચે અણબનાવ હતો તે પણ તમે જાણો છો જયચદની સામે લડવામા **ચિતોડના** રાજા **સમરસિંહે** પૃથ્વીરાજને ઘણી મદદ આપી હતી પૃથ્વીરાજ પોતાના રાજ્યમા નિર્ભયપણે રાજ્ય કરતો હતો એવામા તેને **નાગોર** આગળ ઘણો મોટો ખજાનો મળ્યો, તેથી જયચદ અને બીજા રજપૂતોને તેને માટે ઈર્ષા ઉત્પન્ન થઈ તેમણે **અફગાનિસ્તાનના મહમદ ઘોરીને** હિંદુસ્તાનમા બોલાવ્યો, અને તેની સાથે રહી પૃથ્વીરાજ સામે લડવા વચન આપ્યુ મહમદ ઘોરી મોટુ લશ્કર લઇને આવ્યો અને દિલ્હીની ઉત્તરે **થાણેશ્વર** આગળ તેના તથા રજપૂતોની વચ્ચે ઘણા યુદ્ધો થયા તિરૌરી આગળ એક લડાઇ થઇ તેમા રજપૂતોના પરાક્રમથી અફઘાનો હારી ગયા, અને અતે પોતાના દેશમા નાસી ગયા

મહમદ ઘણો બહાદુર રાજા હતો થોડાજ વખતમા તે પાછો હિંદુસ્તાનમા આવ્યો પૃથ્વીરાજ ઘણો એશઆરામમા પડી ગયો હતો તેને પોતાની પ્રિય પત્ની સયુક્તા પાસેથી એક ક્ષણવાર પણ દૂર જવાનુ ગમતું નહોતુ પરિણામે સઘળે અવ્યવસ્થા થઇ હતી, અને તેના સિપાઇઓમા પણ શુરાતન ક્ષીણ થઇ ગયુ હતુ પરતુ ચિતોડનો રાણો **સમરસિંહ** પોતાના લશ્કરની સાથે તેની મદદે આવ્યો તેના આવવાની સાથેજ આખા શહેરમા હર્ષના પોકાર થઈ રહ્યા, અને લડાઇને વાસ્તે તૈયારી થવા માડી **તિરૌરી** આગળજ પાછી લડાઇ શરૂ થઇ, પરતુ પહેલાની તિરૌરીની લડાઇ ક્યા અને બીજી વખતની લડાઈ ક્યા? રજપૂતો એક પછી એક પડવા લાગ્યા સમરસિંહ અને તેનો બહાદુર પુત્ર લડાઇમા મરણ પામ્યા પૃથ્વીરાજે ઘણું શુરાતન બતાવ્યુ, પોતાના લશ્કરના આગલા ભાગમાથી જરા પણ તે પાછો

ખસ્યો નહિ, પણ તેના ઘણા માણસ માર્યા ગયા અને પોતે કેદ પકડાઇ ગયો

**સમરસિંહની** રાણી **પૃથાને** જેવી ખબર પડી કે પોતાનો પતિ લડાઈના મેદાન પડયો છે કે તરતજ મરણની સત્વળી તૈયારી કરી, તે પોતાના ધણી પાછળ સતી થઇ અફઘાન લોકોએ **દિલ્હી** અને **અજમેર** જીત્યા અને ઘણી લૂટ ભેગી કરી તેઓ સ્વદેશ પાછા વળ્યા

બીજેજ વર્ષે મહમદ ફરીથી હિંદુસ્તાનમા આવ્યો, અને **જયચંદના કનોજના** રાજ્ય પર તેણે હુમલો કર્યો. જયચદ તેની સામે લડાઇ કરવા તૈયાર થયો, પરતુ અફઘાન લોકો સાથે લડવાનુ તેમનામા સામર્થ્ય નહોતુ વળી ઘણા રજપૂતો આગળની લડાઇમા મરી ગયા હતા, તેથી તેને પૂરતી મદદ મળી શકી નહિ આવી સ્થિતિમા તે લડયા અને અતે હાર્યો, અને મહમદે કનોજ તથા બનારસ લૂટી લીધા. આ પ્રમાણે રજપૂત રાજ્યોનો વારાફરતી નાશ થયો **રજપૂત રાજાઓએ એક બીજાને દુશ્મનની સામે લડવામાં મદદ કરી હોત તો તેમની સત્તા કમી થાત નહિ. અને અફઘાનો પોતાની સત્તા હિંદુસ્તાનમા બેસાડી શકત નહિ.**


---

## ૧૮ ગુલામ વંશ.

### કુતુબુદ્દીન અને કુતુબ મિનાર.

**મહંમદ ઘોરીનો મુખ્ય ઉદ્દેશ હિંદુસ્તાનમા મુલક જીતવાનો તથા જેટલી મળે એટલી લૂટ લઈ જવાનો હતો.** તેમા તે ફાવ્યો અને હિદુસ્તાન છોડતી વખતે પોતાના જીતેલા પ્રાતોમા ઘણા સરદારો અને અમલદારો પોતાની પાછળ મૂકતો ગયો, પણ ઇ સ.૧૨૦૬ મા તે મરણ પામ્યો એટલે તેના સરદારો સ્વતંત્ર થઇ ગયા અને પોતાને રાજા કહેવડાવા લાગ્યા, પરિણામે ઘોર રાજાના દરબારમા ઉછરેલો

ગુલામ દિલ્હીમા રાજ્ય કરવા લાગ્યો, તેણે કુતુબદ્દીન નામ ધારણ કર્યું હિદુસ્તાનમા રહેતા તેને માલમ પડયુ કે દેશ ઘણો ફળદ્રુપ છે અને પોતાના દેશ કરતા આ દેશમા જિદગી વધારે સુખમા જશે એવી તેની ખાતરી થઇ, તેથી તેણે પોતાના દેશના લોકોને આ સમાચાર



કુતુબ મિનાર, ઉચાઇ ૨૫૦ ફુટ

મોકલ્યા ત્યાથી આરબ, તુર્ક અને પઠાણ લોકોના ટોળેટોળાં હિંદુસ્તાનમા આવ્યા તે લોકનુ રાજ્ય આશરે ૩૦૦ વર્ષ સુધી હિંદુસ્તાનમા રહ્યુ

કુતુબુદ્દીને દિલ્હી શહેરથી થોડે દૂર એક મિનારો ચણાવ્યો. પોતાના નામ ઉપરથી તે મિનારાનુ નામ તેણે ' કુતુબ મિનારો ' પાડયુ હિંદુઓને ઘણા હેરાન કરી તેમના દેવાલયો એણે તોડી પાડયા, અને તેમાના પત્થર તથા સ્તભો એ મિનારાના બાધકામમા લીધા એ મિનારો ૨૫૦ ફુટ ઉચો છે, અને દુનિયાના ઘણા ઉચા મિનારામા એની ગણતરી થાય છે તે બધાવ્યાને આજે આશરે ૭૦૦ વરસ થયા તો પણ તે હજુ ઘણી સારી હાલતમા છે

આ રાજાના વખતમા ચગીઝખાન નામે એક મોટો મોગલ સરદાર હતો તેના સિપાઇઓ સિધુ નદી આગળ આવ્યા અને તેમણે મુલતાન શહેર પર હલ્લો કર્યો તે શહેર તેઓ લઇ શકયા નહિ, પરતુ તેમને ખાતરી થઇ કે હિંદુસ્તાન પર સવારી સહેલાઇથી લાવી શકાય તેમ છે આગળ જતા તમે વાચશો કે એજ દેશનો તૈમુર આ દેશમા વધારે પ્રવેશ કરી શકયો

આ તુર્કી રાજાને ઉત્તર હિંદુસ્તાનના રજપુત સરદારો સાથે ઘણી લડાઇઓ થઈ હતી અને રજપૂતોને પોતાનો પ્રદેશ છોડવો પડયો, તેઓ અરવલ્લીની ટેકરીઓ પાસે જઈ વસ્યા જે દેશમા તેઓ વસ્યા તે હાલ રજપૂતાના કહેવાય છે, હાલ પણ ત્યા કેટલાક રજપૂત રાજાઓ બ્રિટિશ સલ્તનત નીચે રહી રાજ્ય ભોગવે છે

## ૧૯. સુલતાના રઝિયા.

કુતુબુદ્દીન પછી ગુલામ વંશના બે રાજાઓ દિલ્હીની ગાદી પર આવ્યા ત્યાર પછી એક અજબ બનાવ બન્યો, તે એ હતો કે એક શાહજાદી હિંદુસ્તાનની ગાદીએ આવી તે ગુલામ વંશના પાદશાહ

**અલ્તમશની** શાહજાદી હતી આ કુંવરીને તેના પિતાએ ઘણી સારી કેળવણી આપી હતી, **રાજ્યકારભાર કેમ ચલાવવો તથા રૈયત સાથે કેવી રીતે વર્તવું તે તે સારી રીતે જાણતી હતી- તે ઘોડા પર બેસતી અને ધનુષ ને તરવાર વાપરી શકતી. મરદના પોષાકમાં તે બહાર નીકળતી અને પોતાના મોઢા પર કોઈ પણ જાતનો બુરખો રાખતી નહિ. ઘણા ઉત્તમ ગુણના શાહજાદાઓ સાથે અક્કલ હોંશિયારીમાં તે બરાબરી કરી શકતી.** એના ભાઇઓ આળસુ અને શોખીન હતા, તેથી જ્યારે એનો પિતા દિલ્હી છોડી બીજા પ્રદેશમા જતો ત્યારે સઘળો રાજ્યકારભાર તે ચલાવતી હતી તેની યોગ્યતા જોઇ તેના પિતાએ પોતાની પછી તેને ગાદીવારસ નીમી રાજ્યના અમીરોને આથી આ-શ્ચર્ય લાગ્યુ, રાજાએ તેમને કહ્યુ, " મારા છોકરાઓને મોજ-શોખ બહુ ગમે છે, તેમનામાથી એક પણ રાજ્ય ચલાવવાને લાયક નથી. મારી પુત્રી રઝિયા સ્ત્રી જાત છે એ વાત ખરી, પરતુ તેની વિચાર કરવાની શક્તિ પુરુષના જેવી છે, અને વીસ પુત્રો કરતા પણ તે ચઢીઆતી છે "

**અલ્તમશના** મરણ પછી તેનો એક છોકરો ગાદીએ આવ્યો પરતુ તેણે એવી ખરાબ રીતે રાજ્ય કર્યું કે રાજ્યના ઉમરાવોએ એકઠા મળી તેને હાકી કાઢયો અને રઝિયાને ગાદી પર બેસાડી તેની અક્કલ હોશિયારી વિષે તેમને સપૂર્ણ ખાતરી હતી, અને રાજ્યકારભાર ઘણી ઉત્તમ રીતે તે ચલાવશે એમ તેઓ માનતા હતા **રઝિયાબેગમ** નીવડી પણ તેવીજ લોકોની દાદફરિયાદ તે જાતે સાભળતી અને તેમને યોગ્ય ન્યાય આપતી ટુકામા કહીએ તો એનો અમલ બહુ ઉંચા પ્રકારનો હતો, તેમ છતા કેટલાક બળવાખોર અમીરોને તેની રાજ્યપદ્ધતિ ગમી નહિ, સ્ત્રી તેમના પર રાજ્ય ચલાવે તે તેમનાથી સહન થયુ નહિ તેથી તેમણે બળવો કર્યો, અને તેને કેદ પકડી મારી નાખી આ **હિંદુસ્તાનની પહેલી સુલતાનાએ** આશરે ત્રણ વરસ રાજ્ય કર્યું

---

## ૨૦ ખિલજી વંશ.

### અલ્લાઉદ્દીન અને કરણ

ગુલામ વંશના રાજાઓ પછી **ખિલજી વંશના** રાજાઓ ગાદીએ આવ્યા. એ રાજાઓ તુર્ક જાતના હતા આ સમયના સઘળા રાજ્યકર્તાઓના વૃત્તાન્ત જાણવાની તમારે બહુ જરૂર નથી, પરંતુ **અલ્લાઉદ્દીન** કે જેણે ઇ સ ૧૨૯૬ થી ૧૩૧૬ સુધી હિંદુસ્તાનમા રાજ્ય કર્યું તેને વિષે તમારે કાંઇક જાણવુ જોઇએ. **અલાઉદ્દીન** ઘણો ઘાતકી રાજા હતો પોતાના વૃદ્ધ કાકાને મારી નાખી તે ગાદી પર બેઠો પોતાનું રાજ્ય વધારવા **મહારાષ્ટ્ર** તરફ તે ગયો રસ્તામા તેને ઘણું ધન પ્રાપ્ત થયુ અને ઘણા રાજાઓને હરાવી તે દિલ્હી પાછો વળ્યો દિલ્હી પહોચ્યા પછી તેને માલમ પડયુ કે ગુજરાતમા તે સમયે **કરણ** નામે રાજા રાજ્ય કરતો હતો તેને કમળાદેવી નામે અતિ રૂપવતી રાણી હતી, તેને મેળવવા તેની ઇચ્છા થઇ વળી ગુજરાત પ્રાંત ઘણો ફળદ્રુપ હતો તેથી તે જીતવાનુ તેને મન થયુ કરણ રાજાના પ્રધાન **માધવને** તેણે પોતાના પક્ષમા લીધો, અને લડાઇની સઘળી તૈયારી કરી તેણે ગુજરાત પર લશ્કર મોકલ્યુ કરણ રાજા બહુ બહાદુરીથી લડયો પણ સઘળુ વ્યર્થ ગયુ તે પોતાની દીકરી **દેવળદેવી** સાથે નાસી જઇ **બાગલાણના** કિલ્લામા ભરાઇ બેઠો **કમળાદેવી** દુશ્મનના હાથમા ગઇ અને નિરુપાયે **અલાઉદ્દીનની** બેગમ બની

કમળાદેવી પોતાના દિવસો સુખ દુ ખે **અલ્લાઉદ્દીનના** જનાનખાનામા ગાળતી હતી એક દિવસે તેને પોતાની પુત્રી સાભળી આવી, તેથી તેણે પોતાના નવા ખાવિંદને કહ્યુ કે " મારી પુત્રી દેવળદેવીને મળવાની મારી ઘણી ઇચ્છા છે માટે તમે તેને અહી તેડાવો " **અલાઉદ્દીને** તેમ કરવા વચન આપ્યુ અને **દેવળદેવીને** શોધી લાવવા તેણે પોતાના સરદાર **કાફુરને** લશ્કર સહિત વિદાય કર્યો કાફુર શોધ કરતા કરતા દક્ષિણમા જ્યા કરણ રાજા ભરાઇ બેઠો હતો ત્યા આવી પહોચ્યો.

તેણે ક્રણને દેવળદેવી સ્વાધીન કરવા જણાવ્યું કારણ એક રજપૂત રાજા હતો, તેની રગેરગમા રજપૂતનું લોહી વહેતુ હતું, તેથી તેણે નિર્ભયપણે જવાબ આપ્યો કે, **"જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી દેવળદેવીને હું કદી આપનાર નથી. તારે દેવળદેવીને જોઇતી હોય તો પ્રથમ મનેમાર, અને પછી એને લઈ જા."**

ઉપર વર્ણવેલા બનાવ પહેલા **દેવગિરિના** રાજા **રામદેવે** પોતાના પુત્ર **શંકરદેવ** વાસ્તે **દેવળદેવીનુ** માગુ મોકલ્યુ હતુ, પણ કર્ણે તે માગુ સ્વીકાર્યું નહોતુ, કારણ કે **રામદેવ** તેના કરતા હલકા કુળનો હતો, પરંતુ જ્યારે એને એમ લાગ્યુ કે દેવળદેવીને પોતાની પાસે રાખવી જોખમકારક છે, ત્યારે એણે રામદેવની માગણી કબુલ કરી, અને દેવળદેવીને દેવગિરિના રસ્તા તરફ ઘણા હેતપૂર્વક વિદાય કરી રસ્તામા અફઘાન ઘોડેસવાર ફરતા હતા તેથી દેવળદેવી અને તેની ધાવને ઇલોરાની પ્રસિદ્ધ ગુફામા સતાઇ જવાની જરૂર પડી, પણ ત્યાથી તેઓ પકડાયા અને અંતે તેમને દિલ્હી લઇ જવામા આવ્યા ત્યા અલાઉદ્દીનના શાહજાદા **ખિઝરખાનની** તે છોકરી પર નજર પડી અને તેના પર તેનો પ્રેમ બંધાયો અંતે કમળાદેવી પેઠે દેવળદેવી પણ અફઘાન શાહજાદાના હાથમા ગઈ કરણ અફઘાન સિપાઇઓ સાથે લડતા લડતા મરાયો અને ગુજરાત ઉપર દિલ્હીના બાદશાહનો અમલ થયો

---

## ૨૧. અલાઉદ્દીન અને ચિતોડ.

### પદ્મિનીની વાર્તા.

**અલાઉદ્દીન** જે વખતે **દિલ્હી** પર રાજ્ય કરતો હતો તે વખતે મેવાડની રાજધાની **ચિતોડ**મા **ભીમસિંહ** રાજ્યપદ ભોગવતો હતો તેને **પદ્મિની** નામે અતિ સ્વરૂપવાન રાણી હતી રજપૂતોને હરાવી

ચિતોડગઢ લેવો તથા પદ્મિનીને પોતાની બેગમ બનાવવી એવી અલાઉદ્દીનની ઇચ્છા થઈ, તેથી અફઘાનોનું મોટું લશ્કર લઈ તેણે ચિતોડને ઘેરો ઘાલ્યો, પણ તેમા નિષ્ફળ નીવડયો અને કંટાળી જઈ તેણે ભીમસિંહને કહાવ્યું કે "પદ્મિનીને જોવાની મને ઘણી ઇચ્છા છે, અને મને એક વખત બતાવશો તો સત્વર હું દિલ્હી પાછો ચાલ્યો જઇશ." ભીમસિંહે તેમ કરવા ના કહી, પરંતુ એક આયનામાંથી પદ્મિનીનો ચહેરો બતાવવા કબુલ કર્યું અલાઉદ્દીનને આ વાત પસંદ પડી અને માત્ર બે ત્રણ માણસ સાથે રજપૂતોના કિલ્લામા નિર્ભયપણે તે ગયો ત્યા જઇ તેણે પદ્મિનીનુ મુખકમળ જોયુ, પણ તેથી તે સંતોષ પામ્યો નહિ, બલકે તેને મેળવવા તે વધારે આતુર થયો તેણે ભીમસિંહને કહ્યુ કે, "આપણે મિત્રની માફક છુટા પડવુ જોઇએ તમે મને ગઢના દરવાજા સુધી વળાવવા આવો, અને ત્યાથી આપણે એક બીજાથી છુટા પડીશુ" ભીમસિંહે એના ઉપર વિશ્વાસ રાખ્યો, અને ગઢના દરવાજા સુધી તે તેને વળાવવા ગયો, પરંતુ અલાઉદ્દીને તુર્ક લોકોનુ લશ્કર સતાડી રાખ્યુ હતું તે લશ્કર ભીમસિંહ ઉપર તૂટી પડ્યુ, અને રજપૂતોને આ બનાવની ખબર પડી તે પહેલા તો ભીમસિંહને કેદ પકડી તુર્કો છાવણીમા લઇ ગયા

આ હકીકત સાભળી રજપૂતો તથા પદ્મિની ઘણા ક્રોધાયમાન થયા, અને દગાખોર સાથે દગો કરવો એજ જરૂરનુ ધારી પદ્મિનીએ અલાઉદ્દીનને કહેવડાવ્યુ કે "તમે મારા પતિને છુટો કરશો તો હુ શરણુ થઇશ મારી પદવીને છાજે એમ દાસદાસીઓ, વસ્ત્ર, આભુષણ વગેરે લઇને હુ બંધ પાલખીમા આવીશ, અને તમને શરણ થતા પહેલા મારા પતિને હુ એક વાર મળી લઇશ" અલાઉદ્દીને એ વાત કબુલ કરી.

શરત મુજબ ૭૦૦ પાલખીઓ તૈયાર કરવામા આવી, અને દરેકમા દાસીઓને બદલે રજપૂત યોદ્ધાઓ ગોઠવાઈ ગયા તેમણે પોતાના

વસ્ત્ર, બખ્તર, વગેરે તેમા મૂકી રાખ્યા એક પાલખીમા પદ્મિની પોતે બેઠી, અને સઘળો રસાલો તુર્કી છાવણી તરફ ચાલ્યો ત્યા પહોચ્યા એટલે શરત મુજબ ભીમસિંહને બહાર લાવવામા આવ્યો તે જેવો બહાર આવ્યો કે તરતજ પાલખીમાથી રજપૂત સરદારો કુદી પડયા અને તુર્કી સરદારો સાથે ઝપાઝપી કરી ભીમસિંહ અને પદ્મિનીને લઈ ચિતોડ તરફ નાસી ગયા અલાઉદ્દીનના લશ્કરે તેમની પૂઠ પકડી અને ઝપાઝપીમા ઘણા રજપૂતો માર્યા ગયા, પરંતુ પદ્મિની અલાઉદ્દીનના હાથમા આવી નહિ

નિરાશ થઈને અલાઉદ્દીને ઘેરો ઉઠાવી લીધો તેમ છતા ચિતોડ આગળની હાર તેના હૃદયમા સાલ્યા કરતી હતી, તેથી ફરીથી મોટુ લશ્કર લઇ તેણે બીજી વાર ચિતોડને ઘેરો ઘાલ્યો રજપૂતોએ ઘણી વાર અફઘાનોને પાછા હઠાવ્યા, પણ અફઘાનનુ બળ કોઇ પણ પ્રકારે ઓછુ થયુ નહિ છેવટે એક છેલ્લો ધસારો કરી રજપૂતો પોતાના દેશને વાસ્તે પોતાના પ્રાણનુ બળિદાન આપવાના નિશ્ચય પર આવ્યા તે અરસામા એક રાત્રે ભીમસિંહને સ્વપ્નુ આવ્યુ, અને તેમા કાલિકા માતાએ તેને દર્શન દીધા માતાજીએ તેને કહ્યુ કે, "તારા રાજ્યના બાર રાજાઓ મરશે ત્યારેજ ચિતોડનો છૂટકારો થશે" આથી ભીમસિંહે પોતાના પુત્રોને એક પછી એક ગાદીએ બેસાડ્યા, અને તેઓ દુશ્મન સાથે લડતા મરી ગયા એકદર ૧૧ કુવરો મરણને શરણ થયા ત્યારે ભીમસિંહે પોતાના નાનામા નાના પુત્રનો રાજ્યાભિષેક કર્યો, અને તેને પોતાના વિશ્વાસુ માણસો સાથે નસાડી મૂકયો તેને વિદાય કરતી વખતે રાજાએ કહ્યુ કે, "તુ જીવતો હોઇશ તો મારો વશ જારી રહેશે, અને કોઇ પણ દિવસે ચિતોડનુ રાજ્ય ઉભુ થશે"

પુત્રના ગયા પછી ભીમસિંહ રજપૂત લોકોના રિવાજ પ્રમાણે થોડા શૂરવીર યોદ્ધાઓ સાથે દુશ્મન ઉપર તૂટી પડયો પદ્મિની અને બીજી રજપૂતાણીઓ એક ઉંડી ગુફામાં ભરાયાં અને ચિતા સળગાવી

**જીવતાં બળી મૂઆં** રજપૂતોએ આ પ્રમાણે **કેસરીઆં** કરી બહાદુરીથી જેટલાને મરાય તેટલાને મારી પોતાના દેશને વાસ્તે પ્રાણ ખોય'.

આ પ્રમાણે ચિતોડના ઘેરાનો અંત આવ્યો એક પણ રજપુત **અલાઉદ્દીનના** હાથમા જીવતો આવ્યો નહિ, અને જે ચિતોડ જાહોજલાલીથી દીપી રહેલુ હતું તે ચિતોડ ઉજ્જડ થઇ ગએલુ તેની આખ આગળ દેખાયુ

## ૨૨. તઘલખ વંશ.

### મહંમદ તઘલખ.

ઇ સ ૧૩૨૬ મા **અલાઉદ્દીન ખિલજી** મરણ પામ્યો ત્યારપછી **ગ્યાસુદ્દીન તઘલખ** નામનો એક પંજાબનો જોરાવર સુબો હતો તે દિલ્હીપર ચઢી આવ્યો, અને છેલ્લા **ખિલજી** રાજા **ખુશરૂને** હરાવી મારી નાખી પોતે ગાદીએ બેઠો તેના મરણ પછી તેનો દીકરો **મહંમદ તઘલખ** ગાદીએ આવ્યો તે સ્વભાવે આકરો હતો, અને પોતાના મગજમા સ્ફુરેલા વિચારને દૃઢપણે વળગી રહેતો, પછી તે ખરો હોય કે ખોટો હોય દીર્ઘદૃષ્ટિ પહોચાડી કામ કરવાની ખામીને લીધે તેની કારકીર્દી વખોડાઇ, અને **'મહંમદ તઘલખ ગાંડો'** એ નામથી ઓળખાયો તેણે ચાદીના સિક્કાને બદલે તાબાના રૂપીઆ ચલાવવા માડયા, આથી લોકો ઘણા નાગજ થયા, પણ તેણે જરાએ દરકાર કરી નહિ લોકો તેને **'ખૂની'** કહેતા હતા, કારણ કે ભાગ્યે એક પણ એવો દિવસ જતો કે એના મહેલ આગળ મનુષ્યવધ થયો ન હોય દરરોજ સેકડો મનુષ્યને હાથપગ બાધી તેની પાસે લઇ જવામા આવતા હતા, અને પોતાની મરજી મુજબ ન્યાય આપી તે તેમને નિર્દયપણે શિક્ષા કરતો.

એણે પોતાનુ રાજ્ય ઘણું વધાર્યું, અને '**દક્ષિણમાં**' દેવ-

ગિરિ સુધી એની સત્તા પ્રસરી **દિલ્હી** જે પોતાનુ રાજધાનીનુ શહેર હતુ તે બદલી પોતાની રૈયતને તેણે **દેવગિરિ**મા રહેવા જવા ફરમાવ્યુ **દેવગિરિ**ને **દોલતાબાદ**નુ નામ આપ્યુ અને તેને પાટનગર બનાવ્યુ. ઘરબાર છોડી ૮૦૦ માઇલ જેટલે છેટે દેવગિરિ જવામા લોકોને બહુ સહન કરવુ પડયુ તે વખતે આગગાડી વગેરે મુસાફરીના સાધન હતા નહિ તેથી રસ્તામા અસહ્ય થાકથી કેટલાકના પ્રાણ ગયા એક અપગ અને અધ પુરુષથી મુસાફરીનો શ્રમ વેઠી શકાય એમ નહોતુ તો પણ તેને જોરજુલમથી દોલતાબાદ ધસડી લઇ જવામા આવ્યો અને તે બિચારો ૪૦ દિવસની મુસાફરી પછી મરણ પામ્યો

**મહમદ એવો તો ધાતકી હતો કે દયા શું છે તે તે સમજતો નહોતો. જીવતા માણસની ચામડી તે ઉતરાવતો, અને તેમને હાથીઓના પગ તળે ચગદાવી મારી નાખતો.** આ ધાતકી રાજા ઇ સ ૧૩૫૧ મા મરણ પામ્યો.

---

## ૨૩. ફિરોઝ.

**મહમદ** પછી તેનો ભત્રીજો ફિરોઝ ગાદીએ બેઠો ફિરોઝની મા રજપૂતાણી હતી તેથી તેને અર્ધો હિદુ ગણી શકાય તે સ્વભાવે ઘણો નમ્ર તથા દયાળુ હતો, અને લડાઈ તરફ તેને ઘણો તિરસ્કાર હતો ગાદીએ આવ્યા પછી એક વિદ્વાન પુરુષને તેણે પ્રધાનપદ આપ્યુ અને તેની સલાહથી ઘણી ઉત્તમ રીતે રાજ્ય કર્યું રૈયત પર જે અસહ્ય કરનો બોજો મૂકવામા આવેલો હતો તેમા તેણે ઘટાડો કર્યો, અને રૈયત સુખચેનથી દહાડા કાઢવા લાગી લોકોના ઘરમા અનાજ તથા ખાવાના સાધનો પુષ્કળ માલમ પડતા હતા, અને દરેક જણ પાસે સોનારૂપાના દાગીના દેખાતા હતા

દિલ્હીનુ રાજ્ય દિવસે દિવસે વૃદ્ધિ પામતુ ગયુ, અને સુલતાને

સુશોભિત શહેરો વસાવવા માડયા. ફતેહાબાદ, જુઆનપુર વગેરે સુદર શહેરો એના વખતમા વસ્યા, શહેરમા લોકોને પાણી પુરૂ પાડવા માટે તેણે જમના અને સતલજ નદીઓમાથી નહેરો ખોદાવી આવી નહેરોમાની એક નહેર જેને 'જમનાની નહેર' કહે છે તે હાલ પણ જોવામા આવે છે, અને તેમાથી દિલ્હીના શહેરીઓને પાણી પૂરૂ પડે છે આ ભલા અને માયાળુ સુલતાને ઠામ ઠામ **પુલો, મસ્જિદો, અને પાઠશાળાઓ બંધાવી, અને જુના મકાનો સમરાવ્યા.**

ગરીબ તથા વૃદ્ધ પુરુષો જે કામકાજ કરી શકતા નહોના તેમને દરેક વર્ષે આ ભલો રાજા મોટી પૈસાની રકમ આપતો તે ઉપગત માણસને વાસ્તે તેણે દવાખાના તૈયાર કરાવ્યા એના રાજ્ય દરમિઆન રૈયત ઘણી સુખી તથા આબાદ માલમ પડતી હતી, અને બળવા, કાવતરા તથા અશાતિ શુ છે તે લોકો જાણતા નહિ ટુકામા કહીએ તો **જેમ એક પિતા પોતાનાં બાળકો ઉપર રહેમ નજર રાખી સત્તા ભોગવે છે, અને તેમના કલ્યાણના ઉપાય શોધે છે તેમ આ માયાળુ રાજા પોતાની રૈયત પર સત્તા ભોગવતો હતો, અને તેમની સુખાકારી વાસ્તે અનહદ શ્રમ લેતો હતો.**

ફિરોઝ પછી આ વ શના ચાર રાજાઓ થયા તેમના વખતમા દિલ્હીના તાબાના પ્રાતો એક પછી એક સ્વતત્ર થઇ ગયા, અને છેલ્લા તઘલખ રાજાના અમલ દરમિઆન માત્ર દિલ્હી અને તેની આસપાસનોજ મુલક રહ્યો તે પ્રદેશ પણ જ્યારે મોગલો હિંદુસ્તાનમા આવ્યા ત્યારે જતો રહ્યો

## ૨૪. ગુજરાતના સ્વતંત્ર મુસલમાન સુલતાનો;

### અને અમદાવાદની સ્થાપના.

**કરણ** રાજાના મરણ પછી ગુજરાત ઉપર દિલ્હીના પાદશાહનો અમલ થયો એવુ તમે આગળ વાચી ગયા છો દિલ્હીના પાદશાહો ગુજરાતનુ રાજ્ય ચલાવવા પોતાના પ્રતિનિધિ તરીકે **સુબાઓ** મોકલતા હતા તે સુબાઓમાથી એક સુબાએ **મુઝફ્ફરશાહ** નામ ધારણ કર્યું, અને ગુજરાતનો પહેલો સુલતાન થયો તેના પૌત્ર **અહમદે** તેનું ખૂન કર્યું અને **અહમદશાહ** નામ ધારણ કરી પોતે ગાદી પર બેઠો

અહમદશાહે પોતાના નામ પરથી **સાબરમતી** નદીને કિનારે **અમદાવાદ** શહેર વસાવ્યુ તે શહેરમા **મસ્જિદો, મહેલો,** અને **કીલ્લાઓ** તેણે ચણાવ્યા દિવસે દિવસે તે ગુજરાતનું એક નામીચુ શહેર થતુ ગયુ ઘણા વેપારીઓ, ધનાઢ્ય શેઠીઆઓ અને કુશળ કારીગરો ત્યા વસવા લાગ્યા હાલ તે ગુજરાતનુ ઉદ્યોગ અને વેપારનુ મથક ગણાય છે ત્યા ઘણી મીલો અને કારખાના છે જેમા ઘણી વસ્તુઓ બને છે એ શહેર વસાવ્યાને આજે લગભગ ૫૦૦ વરસ થઇ ગયા છે

**અહમદશાહ** બળવાન સુલતાન હતો. તેણે ગુજરાત તથા માળવાના ઘણા રાજાઓને હરાવ્યા અને તેમની પાસેથી ખડણી લીધી તેના રાજ્ય દરમિઆન **વાઘેલા** વંશના **વરહોજી** અને **જેતોજી** નામના બે ભાઈઓ જે બહારવટીઆ તરીકે જાણીતા થયા હતા, તેઓ તે દેશ લૂટવાને નીકળી આવ્યા તેઓ ઘણા બહાદુર અને એકવચની હતા તેઓ **અમદાવાદ શહેર** આગળ આવી પહોચ્યા અને છૂપા વેષમા ગામની પાદરે ફર્યા કરતા હતા એવામા એક સાજે અહમદશાહની બેગમ એક પીરની કબર આગળ નિમાજ

પઢવા આવી, તે તેમણે જોઇ તરતજ બન્ને ભાઇઓએ તેને ઘેરી લીધી અને તેને કહ્યુ કે, "અમે જરહો અને જેતો નામના રજપૂત સરદારો છીએ, અને અમે અમારા ગામો પાછા માગીએ છીએ"

બેગડે તેમના શબ્દ સાભળી જવાબ દીધો કે, "તમે મને છોડશો તો હુ તમને તમારા ગામ પાછા અપાવીશ" બન્ને ભાઈઓએ તેના પર વિશ્વાસ રાખી તેને છોડી દીધી બેગડે સુલતાનને સમજાવી તેમના ગામ પાછા અપાવ્યા આથી બને ભાઇઓ સુલતાન પર ઘણા ખુશી થયા, અને પોતાની બેન **લાલાનાં** સુલતાન સાથે લગ્ન કર્યા લાલા જે ઇતિહાસમા "**લાલા વાઘેલી**" તરીકે જાણીતી થઇ છે તે સુલતાનની ઘણી માનીની બેગમ થઇ પડી

---

## ૨૫. મહમૂદ બેગડો.

**સુલતાન મહમૂદ** ગુજરાતનો મુસલમાન રાજાઓમા મોટામા મોટો હતો ૧૪ વરસની ઉમરે ઇ સ ૧૪૫૯મા તે ગાદીએ આવ્યો શરૂઆતમા તેની તરણ અવસ્થાને લીધે તેના રાજ્યમા અશાતિ રહી અને કોઇ કોઈ ઠેકાણે બળવા ફાટી નીકળ્યા, પણ જેમ જેમ તે મોટો થયો, તેમ તેમ પોતાના રાજ્યમા સારો બદોબસ્ત રાખવા તે શક્તિમાન થયો એક દિવસે તેણે પોતાના **પેગબરને** સ્વપ્નામા જોયા તેણે તેની આસપાસના હિંદુ રાજ્યો જીતી લેવા તથા તેમા મુસલમાની ધર્મ દાખલ કરવા તેને સૂચના કરી આથી પશ્ચિમે **સોરઠ** પ્રાન્ત પર અને પૂર્વે **ચાંપાનેર** પર હુમલો કરવાનો તેણે નિશ્ચય કર્યો.

**સોરઠ** પ્રાન્ત ગુજરાતની નૈઋત્યમા કાઠિઆવાડમા આવેલો છે. તેનુ મુખ્ય શહેર **જુનાગઢ** છે ત્યા **ગિરનાર** નામે ડુગર છે તેના ઉપર **જૈન** માર્ગીઓના ઘણા ઉત્તમ દહેરા છે આખો પ્રાન્ત **મંડળીક**

નામે રાજાના હાથમા હતો તેની સામે **મહમૂદ બેગડો** મોટુ લશ્કર લઇને ગયો. રજપૂત રાજા પાસે તોપ અને બદુકો વગેરે હથિયાર નહોતા, તેથી મુસલમાન સુલતાન સાથે તે ટક્કર ઝીલી શક્યો નહિ ને તેને શરણે ગયો, અને મોટી રકમો તેને આપી, પરતુ એટલાથી મહમૂદ સતોષ પામ્યો નહિ ગિરનાર જીતી લેવાનો તથા **સોરઠ** અને ખાસ કરીને જુનાગઢમા મુસલમાની ધર્મ ફેલાવવાનો તેનો દઢ નિશ્ચય હતો, તેથી તે ફરીથી ત્યા એક ચઢાઇ લઇ ગયો **મંડળિકે** પોતાને હેરાન નહિ કરવા બાબત ઘણી આજીજી કરી પણ સુલતાને તેનુ જરા પણ માન્યુ નહિ અને તેણે કિલ્લાની કુચી સુલતાનને સ્વાધીન કરી પોતે મુસલમાન થયો તેણે પોતાની પાછલી જિદગી અમદાવાદમા ગાળી

**જુનાગઢ** જીત્યા પછી **મહમૂદે ચાંપાનેર** તરફ પોતાની દૃષ્ટિ ફેરવી **ચાંપાનેરનો** કિલ્લો મોટો હતો અને તેમા રજપૂતોએ સેકડો વર્ષ સુધી રાજ્ય કર્યું હતુ એ કિલ્લો **પાવાગઢ** તરીકે પ્રસિદ્ધ હતો. તેના શિખર ઉપર **કાલિકા માતાનું** દહેરૂ છે તે વખતે ત્યા **પતાઈ રાવળ** રાજ્ય કરતો હતો.

જ્યારે રાવળને ખબર પડી કે સુલતાન મહમૂદ પોતાના ગઢ ઉપર હુમલો લાવે છે, ત્યારે પોતાના બચાવ માટે તેણે ઘણા પ્રયત્ન કર્યા કિલ્લાને મજબુત બનાવી તેની આસપાસ ઉંડી ખાઇ ખોદાવી તમામ લસ્કર ભેગુ કર્યું અનેને મરતા સુધી લડવાની તૈયારી કરી મહમૂદે એક મોટુ લશ્કર તૈયાર કરી ચાપાનેરને ઘેરો ઘાલ્યો. ઘેરો બાર વરસ પહોચ્યો અ તે પતાઈ રાવળ કટાળી જઇ બૈરા છોકરાને કતલ કરી હાથમા તલવાર લઇ શૂરવીર સામતોની સાથે મુસલમાન લશ્કર પર તૂટી પડયો તે ઘણી બહાદુરીથી લડયો, પણ અ તે કેદ પકડાયો મહમૂદે તેને કહ્યુ કે, " જો તું મુસલમાન થઇશ તો હુ તારી જિદગી બચાવીશ " રાણાએ આ વાતને તિરસ્કારી કાઢી તેથી તેને મારી નાખવામા આવ્યો.

મહમૂદે જુનાગઢ અને પાવાગઢ એમ બે ગઢ લીધા, તેથી તે "બેગડો" કહેવાય છે તેનો દેખાવ ઘણો વિચિત્ર હતો તેની મૂછો બહુ લાંબી હતી, અને તે પોતાના માથા ઉપર એ મૂછોની ગાંઠો બાધતો તેણે ઘણી મસ્જિદો, વિદ્યાલયો, અને ધર્મશાળાઓ ચણાવ્યા તે ઉપરાંત મુસાફરોની સગવડ વાસ્તે રસ્તામા કુવા, વાવ ખોદાવ્યા અને ઝાડો રોપાવ્યા જિંદગીના પાછલા ભાગમા એનુ હૃદય ઘણુ દયાળુ થઇ ગયુ હતુ જે કોઈ પણ નિરાશ્રિત મરદ અથવા સ્ત્રી તેની પાસે આવતા તે સઘળાને તે મદદ કરતો

---

## ૨૬. બ્રાહ્મણી રાજ્ય.

### હસન ગંગુની વાર્તા.

મહમદ તઘલખના વખતમા ગંગુ નામના બ્રાહ્મણને ત્યા એક અફઘાન નોકરી કરતો હતો તેનુ નામ હસન હતું શેઠે તેને થોડી જમીન કાઢી આપી હતી, અને તે જમીન ખેડી તે પોતાનો નિર્વાહ કરતો હતો એક દિવસે તે જમીન ખેડતો હતો એટલામા કર્મસંજોગે તેને જમીનમાથી ધન મળી આવ્યુ હસનને લાગ્યુ કે જમીન મારી નથી, માત્ર અનાજ ઉપર મારો હક છે, તેથી ધન તેણે પોતાના શેઠને આપી દીધુ. આ વાત રાજાના કાને ગઇ અને હસનના પ્રામાણિકપણાથી તે ઘણો ખુશી થયો રાજાએ તેની પ્રશસા કરી અને તેને ૧૦૦ ઘોડેસ્વારની ટુકડીનો ઉપરી નીમ્યો આ પ્રમાણે હસનનો ભાગ્યોદય થયો તેના શેઠે તેને કહ્યુ કે, "ભવિષ્યમા તુ એક મોટો પુરુષ થઇશ, કદાચ રાજાનુ પદ પણ તું પામે એવો સમય આવે તો મને તું ભુલતો નહિ, પણ મને તારો પ્રધાન નીમજે અને મારી યાદગીરી તરીકે તારા નામ સાથે ગંગુ શબ્દ ઉમેરજે." હસને એ વાત કબુલ રાખી અને દિલ્હી છોડી તે દક્ષ્ખણમા ગયો.

મહમદના જુલમથી સઘળી રૈયત કંટાળી ગઇ હતી, તેથી તેમણે રાજા સામે બળવો ઉઠાવ્યો એ બળવામા ત્રાસ વર્તાઇ રહ્યો, અને અંતે દોલતાબાદ બળવાખોરોના હાથમા ગયુ

આ બળવામા હસને ભાગ લીધો હતો, તેથી તેમણે તેને 'ઝાફરખાન'નો ઇલ્કાબ આપ્યો હસને બળવાખોરોની મદદથી મહમદને હરાવ્યો, અને ઇ સ ૧૩૪૭મા તેનો રાજ્યાભિષેક થયો. તેણે પોતાના પાટનગર તરીકે ગુલબર્ગ પસદ કર્યું, અને ગંગુ નામ પોતાના નામ સાથે જોડી બ્રાહ્મણી રાજ્યનો પાયો નાખ્યો કોઇ તેને બાહ્મણી રાજ્ય પણ કહે છે તે 'બ્રાહ્મણીનો' અપભ્રંશ છે

બ્રાહ્મણી રાજ્ય ઘણા વર્ષ સુધી હિંદુસ્તાનમા રહ્યુ જે સમયમા તેની શરૂઆત થઇ તેજ અરસામા દક્ષિણમા વિજયનગરમાં એક મોટુ હિંદુ રાજ્ય સ્થપાયુ. તે રાજ્ય લગભગ ૨૫૦ વર્ષ સુધી ટકી રહ્યુ આ બંને રાજ્યો એક બીજા સાથે મિત્રાચારી રાખતા હતા, પણ જ્યારે દિલ્હીના રાજાઓનો ડર તેમને રહ્યો નહિ, ત્યારે તેઓ બને માહોમાહે લડયા, અંતે કેટલાક વર્ષ પછી બ્રાહ્મણી રાજ્ય તૂટયુ અને તેના જુદા જુદા પાચ રાજ્ય થયા તેઓ બિજાપુર, ગોવળકોંડા, અહમદનગર, વરાડ અને બિદર નામે ઇતિહાસમા પ્રસિદ્ધ છે વિજયનગરના હિંદુ રાજ્યનો પણ છેડો આવ્યો. તાલિકોટાની લડાઇમા મુસલમાન રાજાઓએ હિંદુઓને હરાવ્યા અને ત્યાર પછી વિજયનગર રાજ્યનુ નામનિશાન રહ્યુ નહિ

---

## ૨૭. તૈમુર લંગડો.

ચગીઝખાનનુ રાજ્ય તેના પુત્રોના પછી તૈમુરના હાથમા આવ્યુ. તુર્કસ્તાનની આસપાસનો પ્રદેશ પ્રથમ જીતી તે આગળ વધ્યો, અને

તેની પાસેના એક દેશના મધ્ય ભાગમા આવેલા એક ગામડા પર તેણે છાપો માર્યો તેમા તે હાર્યો અને છૂપા વેશમા નાસી જઇ ઘેર ઘેર ભટકી ભિક્ષા માગી તેને પોતાનુ પેટ ભરવુ પડયુ એક દિવસે તેણે એક વૃદ્ધ ડોસીને ત્યા ભિક્ષા માગી ડોસીએ થાળીમાં ઉનો ભાત તેની આગળ ધર્યો તૈમુરે તેમાથી બાચકો ભર્યો પણ દાઝયો અને બધો ભાત તેના હાથમાથી પડી ગયો ડોસી આ જોઇ બોલી કે "તુ તૈમુર તાતાર જેવો છે હમણાજ તેનો પરાજય થયો, કારણ કે સરહદ પરના મુલક જીતવાને બદલે તેણે મધ્ય પ્રદેશો જીતવા માડયા તે પણ જો થોડો ભાત લીધો હોત તો તુ દાઝત નહિ અને સઘળો ભાત તુ ખાઇ શકત" આ પરથી તૈમુરે શિખામણ લીધી. આખો લાડવો એકદમ ખાવા કરતા કકડે કકડે ખાવો એ વધારે સારૂ છે એમ એને ખાતરી થઇ

તૈમુર ચુસ્ત મુસલમાન હતો તેથી ઇસ્લામ ધર્મ નહિ માનનાર પર ચઢાઇ કરવી એવો તેણે દૃઢ નિશ્ચય કર્યો, તેણે હિંદુસ્તાન સબધી ખબર અતર મગાવી તે પરથી તેને માલમ પડયુ કે હિંદુસ્તાન સમૃદ્ધ દેશ છે ત્યા સોનુ, રૂપુ હીરા, માણેક, વગેરે અમૂલ્ય જવાહીર મળી શકે છે તે ઉપરાત તે દેશ ઘણો ફળદ્રુપ છે, ત્યા ખોરાકના સાધન અનેક છે, પરતુ તેને એવુ કહેવામા આવ્યુ છે કે હિદુસ્તાનમા દાખલ થવુ ઘણુ કઠણ છે તે દેશની ઉત્તરમા પાચ નદીઓ આવેલી છે, જે સહેલાઇથી ઓળગી શકાય એવી નથી, વળી ત્યાના રજપૂત રાજાઓ ઘણા બળવાન છે, અને વિદેશીને તેઓ પોતાના દેશમા આવવા દેતા નથી એ દેશના રાજાઓ પાસે હાથીઘોડા ઘણા હોય છે તેઓ એવા જોરાવર હોય છે કે ઘોડા અને તેના સવારને પકડી, હવામા ઉરાડી ભોય પર પછાડી તેમને મારી નાખે છે આવી અનેક વાતના ગપાટા તૈમુર આગળ આવ્યા, પણ તે જરાએ ગભરાયો નહિ. ઝડપી અને બળવાન લશ્કર એકઠુ કરી ખૈબર ઘાટને રસ્તે તે હિંદુસ્તાનમા દાખલ થયો.

પ્રથમ સિંધુ નદી ઓળગી તૈમુર પંજાબમા આવ્યો રસ્તામા જે જે શહેરો તથા ગામડા આવતા ગયા તે સઘળા તેણે બાળી મૂક્યા લાખો માણસને તેણે કેદ પકડયા ઠામ ઠામ તેનો ત્રાસ વર્તાઇ રહ્યો અને તેના નામથી લોકો થરથર ધ્રુજવા લાગ્યા દિલ્હીમા તે વખતે તઘલખ વંશનો છેલ્લો રાજા રાજ્ય કરતો હતો. શરૂઆતમા તો ભય પામી તે કિલ્લામા ભરાઈ ગયો પણ થોડા દિવસ પછી લશ્કર લઇ બહાર નીકળ્યો ને ઘણી બહાદુરીથી લડયો, પણ અંતે તેનો પરાજય થયો અને તે ગુજરાત ભણી નાઠો તૈમુરના લશ્કરમા હિંદુ અને મુસલમાન કેદીઓ હતા, તેમની સખ્યા ઘણી હોવાથી વખતે તેઓ નડશે એમ ધારી તૈમુરે તમામને કતલ કરાવી નાખ્યા ઇતિ-હાસલેખક ફિરસ્તા કહે છે કે એ પ્રમાણે એક લાખ કેદીને તેણે કાપી નાખ્યા.

ત્યાર પછી તૈમુરે હિંદુસ્તાનના પાદશાહની પદવી ધારણ કરી દિલ્હીના લોકો તાબે થયા, તેમનુ રક્ષણ કરવાનુ તૈમુરે વચન આપ્યુ પછી લોકો પાસે જોરજુલમથી દંડ ઉઘરાવવા માડયો આથી લોકો સામે થયા, એટલે તૈમુરના લશ્કરે શહેરમા કતલ ચલાવી મૂકી પાંચ દિવસ સુધી એમ ચાલ્યુ તૈમુરે પોતાના સિપાઇઓને અતિ ઘાતકી કામ કરતા જોયા પણ તેણે તેમને બિલકુલ રોકયા નહિ, અને લૂટવાનુ કાઇ રહ્યું નહિ ત્યારે તૈમુરે કુચ કરવાનો હુકમ આપ્યો શહેરમાથી તેણે ઘણું દ્રવ્ય લૂટયુ અને અસખ્ય સ્ત્રીપુરુષોને ગુલામ કર્યા.

તૈમુર ઘણો બહાદુર હતો ત્રેસઠ વર્ષ ઉમરનો છતા તે લડાઇમા આગળ લડતો અને શ્રમ ખમી શકતો તે દેખાવડો હતો, તેનુ માથું મોટુ હતું તથા અવાજ બુલંદ હતો એક પગે તે લગડો હતો તેથી તેને "તૈમુર લંગડો" કહેવામા આવે છે

# મોગલ પાદશાહો.

## ૨૮ બાબર

તૈમુર પછી છઠ્ઠી પેઢીએ બાબર ઉતરી આવેલો હતો. તુર્કી અને મોંગોલીઅન પ્રજાનું મિશ્રિત લોહી તેના શરીરમાં વહેતું હતું તેથી તે 'મોગલ' કહેવાયો. 'મોંગલ' એ 'મોગલ' શબ્દનો અપભ્રંશ છે. બાબર અને તેની પછીના સઘળા મુસલમાન પાદશાહો મોગલ કહેવાય છે. જોકે ખરી રીતે જોતાં તેઓ તુર્કી રાજાઓ હતા. બાબરનું ખરૂં નામ ઝહીરૂદ્દીન હતું. નાની વયે તે વાંચતાં લખતાં શીખ્યો અને તેણે ઘોડે બેસવામાં તથા શિકાર કરવામાં કુશળતા મેળવી. ફુલ અને બાગબગીચા ઉપર તેને ઘણો પ્રેમ હતો. તેની જિંદગીનો હેવાલ તેણે પોતે લખેલા તેના જીવનચરિત્ર ઉપરથી આપણે સારી રીતે જાણીએ છીએ.



બાબર

બાર વર્ષની ઉમરે તેનો પીતા મરણ પામ્યો. તે વખતે તેનો કાકો તુર્કસ્તાનનું તેનું નાનું રાજ્ય પચાવી પડવાની કોશીશ કરતો હતો. આ ખબર સાંભળી બાબરે પોતાના કાકાનું સમરકંદનું રાજ્ય જીતી લેવાનો નિશ્ચય કર્યો, અને ઇ. સ. ૧૪૯૭ માં તેણે સમરકંદ જીત્યું, પરંતુ પોતાની સત્તા ત્યાં બરાબર જામે ત્યાં સુધી તે રહી શક્યો નહિ. ત્યાર પછી ઇ. સ. ૧૫૦૪ માં તેણે કાબુલ લીધું, અને ઇ. સ. ૧૫૧૦ માં હિંદુસ્તાન તરફ આવવા નીકળ્યો. પેશાવર થઇને તે પંજાબમાં દાખલ થયો અને કેટલીક લૂટ મેળવ્યા પછી કાબુલ પાછો વળ્યો.

તે અરસામા દિલ્હીની ગાદી પર **ઇબ્રાહીમ લોદી** રાજ્ય કરતો હતો તેની રાજ્યપદ્ધતિ ઘણી ખરાબ હતી, અને પ્રજા તેનાથી અસંતુષ્ટ રહેતી હતી તેથી તેણે બાબરને નિમંત્રણ કરી હિંદુસ્તાન બોલાવ્યો ઇ સ ૧૫૨૬ ના એપ્રીલમા ૧૩૦૦૦ મોગલ સિપાઇનુ લશ્કર લઈ તે હિંદુસ્તાન આવ્યો, અને દિલ્હીથી ૫૦ માઇલ દુર **પાણીપતના** મેદાનમા તેણે પડાવ નાખ્યો ઇબ્રાહિમ લોદીને આ બાબતની ખબર પડી કે તરતજ તેની સામે લડવા નીકળ્યો. તેની પાસે ૧૦,૦૦૦ માણસનુ લશ્કર હતુ, પણ તોપ અને દારૂગોળાનો ઉપયોગ તેને આવડતો નહતો મોગલો તેમની સાથે લડવાને પોતાની તોપો વગેરે લઇ આવ્યા હતા.

ઇ સ ૧૫૨૬ ના એપ્રિલ મહીનામા લડાઇ શરૂ થઈ મોગલ સેનાના મધ્ય ભાગમા તોપો ગોઠવવામા આવી. હિંદુસ્તાનના લશ્કરે મોગલો ઉપર હુમલો કર્યો, પરંતુ મોગલો જરા પણ ડગ્યા નહિ, મોગલ ઘોડેસવારની ટુકડી ઇબ્રાહિમ લોદીના લશ્કરની બને બાજુએ જઇ તેમની પાછળ વીંટળાઇ વળી આથી હિંદી લશ્કરમા ગભરાટ ફેલાયો અને સિપાઇઓ નાસવા લાગ્યા નાસતા ઘણા માર્યા ગયા ઇબ્રાહિમ પોતે પણ પડ્યો આ પ્રમાણે ઇબ્રાહિમ લોદીને **પાણીપતના** યુદ્ધમા હરાવી બાબરે મોગલ રાજ્યનો પાયો હિંદુસ્તાનમા નાખ્યો

પાણીપતની લડાઇથી બાબર માત્ર દિલ્હીના રાજ્યનોજ ધણી થયો એને હજુ **રજપુતાનાના** રજપૂત રાજાઓ તથા કેટલાક મુસલમાન રાજાઓને હરાવવાના બાકી હતા રજપૂત રાજાઓમા ચિતોડનો **રાણો સંગ** સર્વોપરિ હતો તે એક મોટુ લશ્કર લઇ **સીક્રી** આગળ બાબર સામે આવી ઉભો રહ્યો બાબરના સિપાઇઓ **રાણા સંગના** લશ્કરને જોઇ નાહિંમત થયા વળી કાબુલથી કેટલાક માણસો આવ્યા હતા તેમા એક જોશી આવ્યા હતો તેણે કહ્યુ કે “રજપૂત સામે લડવામા બાબરનો પરાજય થશે” આથી સિપાઇઓ બહુ ગભરાઇ ગયા, અને લડવા આનાકાની કરવા લાગ્યા બાબરને દારૂનો

ઘણો શોખ હતો ગીઝનીથી ઘણો ઉમદા દારૂ માણુસો સાથે આવ્યો હતો, પરંતુ આ વખતે તેણે સોગન લીધા કે હવે પછી હુ કદી દારૂ પીશ નહિ. તેણે સોનારૂપાના દારૂના પ્યાલા જમીન પર નાખી દીધા, આથી સિપાઇઓના હૃદય ઉપર ઘણી ઉંડી અસર થઇ બાબરે તેમને ઘણો બોધ દીધો તેથી તેમણે પણ કુરાન હાથમા લઇ સોગન લીધા કે "અમારે જીતવુ કે મરવું પણ પાછા હઠવુ નહિ" અને રાણો સંગ લડાઇમા હાર્યો.

'બાબર' શબ્દનો અર્થ સિહ થાય છે તે ખરેખર સિહના જેવો બહાદુર હતો હિંદુસ્તાનમા આવવાનો તેનો મુખ્ય ઉદ્દેશ મહમદ ગીઝની અથવા બીજા મુસલમાન રાજાઓની પેઠે દેશ લૂટવાનો કે દેવાલયો તોડી પાડવાનો નહોતે પરંતુ હિંદુસ્તાનમા સારી રીતે રાજ્ય કરવાનો હતો તેણે અહીં ૫ વર્ષ રાજ્ય કર્યું અને તેના ૪૮મા વર્ષમા તે મરણ પામ્યો

---

## ૨૯. હુમાયુન્ અને શેરશાહ.

હુમાયુન્ બાબરનો મોટો પુત્ર થતો હતો તેના પર તેનુ અત્યંત વહાલ હતું બાબર હિંદુસ્તાનમા માત્ર ચારજ વર્ષ રહ્યો હતો, અને તે વખતે હુમાયુ ઘણો માંદો પડયો હતો તેની જીવવાની આશા રહી નહોતી તેના પિતાને આથી ઘણુ લાગી આવ્યુ અને તેને બચાવવા જે કાંઇ કરવુ પડે તે સઘળુ કરવા તે તૈયાર થયો તેના એક દરબારીએ સૂચવ્યુ કે, " જો તમે ઇશ્વરની બંદગી કરો અને તમારી પાસે ઉત્તમમા ઉત્તમ ચીજ જે હોય તે ઇશ્વરને અર્પણ કરો તો કદાચ તમારા પુત્રની જિંદગી બચી શકે, તમારી પાસે આગ્રામાંથી મળેલો એક અમૂલ્ય હીરો છે તે તમે ઇશ્વરને અર્પણ કરો ' બાબરે જવાબ દીધો કે " મારી પાસે એથી પણ અમૂલ્ય ચીજ છે. તે ચીજ મારી

પોતાની જિંદગી છે, તે અર્પણ કરવા હું ખુશી છું," એમ કહી પોતાના પુત્રની પથારી આગળ ઘુંટણીએ પડી તે બોલ્યો, કે "હે ઈશ્વર! મારા પુત્રને તું બચાવ, અને તેને બદલે મને ઉપાડી લે" થયું પણ તેમજ **હુમાયુન્** માંદગીમાંથી બચ્યો અને બાબર મરણ પામ્યો

હુમાયુને તેના **પિતા** તરફથી યુદ્ધકળાનું ઘણું સારૂં શિક્ષણ મળ્યું હતું તેથી લડાઈમાં તે ઘણી સારી રીતે લડી શકતો, પરંતુ તેનું ચારિત્ર ઉંચા પ્રકારનું નહોતું ખત શું છે તે સમજતો નહિ. પોતાનો વખત **મોજશોખ** અને **આળસમાં** કાઢતો તેથી દુશ્મનો તેના પર ફાવી જતા.

ગુજરાતના રાજા **બહાદુરશાહ** તથા બંગાળાના પઠાણ **સરદાર** **શેરશાહ** સાથે એને લડવું પડ્યું. **શેરશાહે** દગો કરી હુમાયુને હરાવ્યો જ્યારે હુમાયુન્ અને તેના સિપાઈઓ નિર્ભયપણે સુતા હતા ત્યારે અફઘાનો તેમના પર તૂટી પડ્યા, પરિણામે ઘણા સિપાઈઓ માર્યા ગયા અને કેટલાક ગંગા **નદીમાં** ડૂબી મુઆ હુમાયુએ પણ પોતાની જિંદગી બચાવવા ગંગા નદીમાં પડતું મૂક્યું, પણ એક **ભીસ્તીએ** પોતાની પખાલની મદદથી તેની જિંદગી બચાવી અને તેને નદીને સામે પાર લઈ ગયો હુમાયુએ તેને તે વખતે વચન આપ્યું કે તું આગ્રા આવીશ તો હું તને ત્રણ કલાક રાજ્યાસન પર બેસાડી પાદશાહની પેઠે હુકમ કરવા દઈશ થોડા વખત પછી એ **ભીસ્તી આગ્રા** જઈ ચઢ્યો, અને હુમાયુએ પોતાના વચન પ્રમાણે તેને ત્રણ કલાક ગાદી પર બેસવા દીધો, તે દરમિઆન **ભીસ્તીએ** પોતાના સગા વહાલાને **કીમતી બક્ષિસો** આપી અને રાજપદનું સુખ ભોગવી લીધું.

**બીજે** વર્ષે હુમાયુએ લશ્કર ઉભું કર્યું, અને **શેરશાહ** સાથે તેને **કનોજ** આગળ એક લડાઈ થઈ તેમાં પોતાના લશ્કરના કાવતરાથી તે હારી ગયો, અને રજપૂતાનામાં નાસી ગયો **અફઘાન સરદારોએ** તેની પુઠ પકડી તેથી નાસતા નાસતા તે એક રણમાં

આવી પહોચ્યો, ત્યા પાણીની તેમને બહુ વિટંબણા પડી પાણી વાસ્તે તેના સિપાઇઓ માહોમાહે લડી મુઆ થોડા ઘણા જે જીવતા રહ્યા તેમની સાથે ઉમરકોટ શહેરમા તે પહોચ્યો ત્યા ઇ સ. ૧૫૪૨ મા તેની બેગમ હમીદાને પેટે પુત્રનો જન્મ થયો તે પુત્રનુ નામ જલાલુદ્દીન પાડવામા આવ્યુ તે મહાન અકબરના નામથી ઇતિહાસમા પ્રખ્યાત થયો છે ત્યાથી તે ઇરાન ગયો. ઇરાનના રાજાએ તેને આશ્રય આપ્યો, અને તેનુ રાજ્ય પાછુ મેળવવામા મદદ આપવાનું વચન આપ્યુ આ પ્રમાણે હુમાયુએ પ્રથમ પોતાનુ રાજ્ય ગુમાવ્યુ

તે ઈરાનમા રહ્યો તે દરમિઆન શેરશાહ દિલ્હીની ગાદી પર બેઠો તેણે ઘણી ઉત્તમ રીતે રાજ્યવ્યવસ્થા કરી પણ એના મરણ પછી તેના વંશજો ઘણા નિર્બળ માલમ પડયા તેમની સત્તા નામનીજ રહી તેમનો પ્રધાન હેમુ સઘળો રાજ્કારભાર ચલાવતો હતો. સર્વત્ર અવ્યવસ્થા ફેલાઇ આ તકનો લાભ લઇ પોતાના નિમકહલાલ સરદાર બહેરામખાન સાથે ઇરાનના પાદશાહની મદદ લઇ તે હિંદુસ્તાન આવ્યો સરહિંદ આગળ તેણે અફઘાનોને હરાવ્યા, અને પોતાનુ રાજ્ય પાછુ મેળવ્યુ

રાજ્ય પાછુ મળ્યા પછી તે વધારે વખત ભોગવી શકયો નહિ. એક વખત સાજે પોતાના મહેલની અગાસી ઉપર તે ગયો ત્યાથી નીચે ઉતરતો હતો એવામા પાસેની મસ્જિદમાથી બાગનો પોકાર તેણે સાભળ્યો, એટલે તે પગથીઆ ઉપર બેસી ગયો, અને ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો ત્યાર પછી ઉઠી જેવો તે નીચે ઉતરવા જાય છે કે તેની લાકડી આરસ પહાણના પત્થર પરથી લપસી ગઇ અને તે નીચે પડયો સખત ઇજાના પરિણામે ૫૦ વર્ષની ઉમરે તે મરણ પામ્યો.

## ૩૦. અકબર અને બહેરામ.

### પાણીપતનું યુદ્ધ.

હુમાયુના મરણ વખતે તેનો પુત્ર **અકબર** પંજાબમા હતો. તેથી ગાદીનો દાવો કરનાર ઘણા જણ નીકળી પડયા દાવો કરનારમા મુખ્ય પુરુષ **હેમુ** હતો શેરશાહના વંશજોના વખતમા પ્રધાનપદ તેણે ભોગવ્યુ હતુ વળી તે ઘણો લોભી હતો તેથી રાજગાદી મેળવવા પ્રયાસ કરવા લાગ્યો, પરંતુ **બહેરામખાન** તથા **તાર્દિબેગ** જેવા નિમકહલાલ મરદારો **અકબર** પાસે હતા તેમણે તેને તેની તરુણ અવસ્થામા ઘણી મદદ આપી

**અકબર** અને **બહેરામ** એક મોટુ લશ્કર લઈ **હેમુ**ને **પાણીપત**ના મેદાનમા ઈ સ ૧૫૫૬ મા મળ્યા લડાઈ થોડો વખત ઘણી સખત ચાલી અંતે એક તીર **હેમુ**ને વાગ્યુ, અને તે મરણતોલ થઇ ગયો આથી તેના લશ્કરમા ગભરાટ ફેલાયો અને સઘળા નાસવા લાગ્યા **હેમુ**ને અકબર પાસે લઇ જવામા આવ્યો બહેરામે **અકબર**ને કહ્યુ કે, " આ તમારી પહેલી લડાઈ છે, માટે આ કાફરને મારી તમારી તરવારને એના લોહીથી તૃપ્ત કરો " પરંતુ **અકબરે** કહ્યુ કે, " એ મરેલા જેવોજ છે, જો તેનામા



અકબર

જોર તથા હોશિયારી હોત તો એને "મારી તરવારનો સ્વાદ હુ ચખાડત" આથી બહેરામે પોતે ભરદરબારમા હેમુને મારી નાખ્યો, આજ પ્રમાણે ઇર્ષાથી તાર્દિબેગને પણ તેણે મારી નાખ્યો હતો આવા કૃત્યોનુ શુ વિપરીત પરિણામ આવ્યુ તે આગળ જણાશે

પાણીપતના યુદ્ધ પછી અકબરનો રાજ્યાભિષેક કરવામા આવ્યો. દિલ્હીની સમસ્ત પ્રજાએ તેને ઘણા હર્ષના પોકારથી વધાવી લીધો. બધા બળવાખોરો નિસ્તેજ થઇ ગયા, અને સલાહશાતિમા તે રાજ્ય કરવા લાગ્યો. તેને માલમ પડ્યુ કે બાબર તથા પોતાનો પિતા બને મોગલ રાજ્યનો પાયો બરાબર નાખી શકયા નહોતા, કારણ કે તેમની રાજનીતિ ભૂલ ભરેલી હતી તેઓ હિદુ અને મુસલમાનમા ભેદ ગણતા હતા પરિણામે હિંદુ તથા મુસલમાન પ્રજા વચ્ચે અસતોષ ફેલાયો. આથી તેણે નિશ્ચય કર્યો કે મારે સઘળાને સમાન ગણવા અને વાજબી ન્યાય આપવો આથીજ તે ઘણો લોકપ્રિય અને ન્યાયી પાદશાહ ગણાયો

જ્યારે અકબર અઢાર વર્ષનો થયો ત્યારે તેને લાગ્યુ કે મારે હવે સ્વતત્રપણે રાજ્ય કરવુ જોઇએ વળી બહેરામખાનની નિર્દયતા અને આપખુદ સ્વભાવથી તે કટાળી ગયો હતો, તેથી તેણે તેને કહેવડાવ્યુ કે, "મક્કાની હજ કરવા હવે તમે જાઓ તો સારૂ" તે સમજી ગયો કે હવે મારી સત્તાનો અત આવ્યો છે છેવ્લે તેણે એક બળવો કર્યો, પણ તેમા તે ફાવ્યો નહિ તેથી અકબરને શરણે ગયો; પરતુ અકબરે તેને મક્કે મોકલાવી દીધો રસ્તામા એક અફઘાન કે જેના બાપને તેણે મરાવી નાખ્યો હતો તેણે તેને દગાથી પાટણમા મારી નાખ્યો આ પ્રમાણે બહેરામનો અંત આવ્યો. દયા અને રહેમનજર ક્યારે અને કોના પર રાખવી તે તે સમજતો નહોતો પોતાની ભૂલનું પરિણામ તેણે ભોગવ્યુ, અને પાછલી ઉમરે અકાળ મૃત્યુને શરણ થયો.


## ૩૧. અકબર અને રજપૂતો.

રાજ્યની લગામ હાથમા લીધા પછી **અકબરે** ઘણા મુલકો જીત્યા, પણ **રજપૂતાના** રજપૂતોનાજ હાથમા હતું **તેમને પોતાના મિત્ર બનાવવા એવો અકબરનો ઉદ્દેશ હતો,** સઘળા રજપૂતોમા રાણા **સંગનો** પુત્ર **ઉદેસિંહ** ઘણો બહાદુર હતો ઘણા રજપૂતો અકબરને શરણ થયા, પરંતુ ઉદેસિંહ જરા પણ ડગ્યો નહિ **ચિતોડ** અને તેનો કિલ્લો અસલથી જાણીતો થએલો છે તે કિલ્લામા ઉદેસિંહે સર્વ ગોઠવણ કરી તેનુ ઉપરીપણુ **જયમલ** નામના એક બહાદુર સરદારને સોપ્યુ, અને પોતે **અરવલ્લીના** ડુંગરમા ભરાઇ ગયો અકબરે તે કિલ્લાને કેટલાક મહીના સુધી ઘેરો ઘાલ્યો પણ કાંઇ પરિણામ આવ્યુ નહિ કિલ્લો ઘણો મજબૂત હતો, તથા રૈયતને વાસ્તે ખાવા પીવાના સાધન તેમા પુષ્કળ હતા અંતે સુરંગ ખોદવા અકબરે હુકમ આપ્યો, કે જેથી તેમા દારૂગોળો ભરી કિલ્લાને ઉડાડી દેવાય સુરંગ ખોદતા ઘણાના પ્રાણ ગયા જો કે એટલુ તો કહેવુ જોઇએ કે કોઇને પણ એ કામ પર અકબરે જોરજુલમથી લગાડયા નહોતા

અંતે કિલ્લાની દીવાલમા ઠેકાણે ઠેકાણે ગાબડા પડવા લાગ્યા, તેથી અકબરે કિલ્લાની દરેક બાજુએથી હુમલો કરવા પોતાના સૈનિકોને કહ્યુ તેમણે તે પ્રમાણે કર્યું અને રજપૂતો અને મોગલો વચ્ચે દારુણ યુદ્ધ થયુ, **જયમલ** ગઢના મિનારા પરથી સઘળુ જોતો હતો અને પોતાના સિપાઇઓને ઉત્તેજન આપતો હતો, એવામા તેના કપાળમા એક ગોળી વાગી અને તે નીચે પડયો પોતાનો સરદાર આ પ્રમાણે પડયો તે જાણી રજપૂતો પોતાના રિવાજ પ્રમાણે પોતાના બૈરાછોકરાને આપઘાત કરી, હાથમા તરવાર લઇ **કેસરીઆં** કરી લડવા નીકળી પડયા આખી રાત લડાઈ ચાલી અને ૮૦૦૦ રજપૂતો લડતા મરી ગયા તેમ છતા **ઉદેસિંહ** અકબરને તાબે થયો નહિ તે અને તેનો પુત્ર **પ્રતાપસિંહ** મરતા સુધી અકબરની સામે લડયા.

## ૩૨. પ્રતાપસિંહ અને હલદીઘાટનું યુદ્ધ.

અનેક રજપૂત રાજાઓ દિલ્હીના પાદશાહને નમ્યા હતા, અને તેમના પુત્રો પાદશાહની નોકરીમા સરદાર થયા હતા, પરંતુ મેવાડના સિસોદીઆ રાણાઓ મુસલમાન પાદશાહને તાબે થયા ન હતા અંબરના મહા બુદ્ધિમાન અને પરાક્રમી રાજા માનસિંહને અકબરે સૈન્ય લઇ દક્ષિણમા મોકલ્યો હતો, તે પ્રતાપસિહને મળવા આવ્યો, ત્યારે પ્રતાપસિહે તેનો તિરસ્કાર કર્યો અને કહ્યુ કે તુર્કને કન્યા આપનાર સાથે હું જમનો નથી આ અપમાનથી ક્રોધે ભરાઇ માનસિંહે અકબરને ઉશ્કેર્યો તેથી અકબરે પોતાના વડા શાહજાદા સલીમના હાથ નીચે મોટુ લશ્કર મેવાડ પર મોકલ્યુ. હલદીઘાટનું મેદાન અરવલ્લી પર્વતની તળેટીમા એક ખીણના મો આગળ આવેલુ છે તે મેદાનમાં સંવત ૧૯૩૨ ના શ્રાવણ સુદ ૭ ને દિવસે રજપૂત અને મોગલ સૈન્યો વચ્ચે મોટુ યુદ્ધ થયુ મેવાડનો રાણો પ્રતાપસિંહ ૨૨,૦૦૦ શૂરા રજપૂતો લઇને હલદીઘાટને નાકે અકબર પાદશાહની ફોજને ખાળવા સારૂ આવી ઉભો હતો



પ્રતાપસિહ

રજપૂત અને મોગલ સૈન્યનો ભેટો થતા પ્રતાપ પોતાના લાલ વાવટા સાથે રણમા ધસ્યો, અને જ્યા પુરેપુરૂ યુદ્ધ જામી રહ્યુ હતું ત્યા જઈ પહોચ્યો રાજા માનસિહને પ્રતાપસિહે બહુ ખોળ્યો, પણ તેની સાથે યુદ્ધ કરી વેર લેવાનો લાગ મળ્યો નહિ, પરંતુ સલીમના દેહરક્ષકોને કાપતો કાપતો પ્રતાપ સલીમના હાથી પાસે જઇ પહોચ્યો પ્રતાપનો ઘોડો ચેતક સલીમના હાથી પર એક પગ મૂકી

ઉંચો થયો સલીમના હોદ્દાને લોખંડના પતરા જડેલા ન હોત, તો શૂરા રજપૂત રાજાના ભાલાથી સલીમ માર્યો ગયો હોત. હાથીનો માવત પડ્યો અને હાથી ઉન્મત્ત થઈ સલીમને લઇને નાઠો એ સ્થળે ભારે કતલ મચી રહી પ્રતાપને એક ગોળીનો, ત્રણ ભાલાના, અને ત્રણ તરવારના મળી સાત જખમો થયા હતા, તોપણ તેણે પાછી પાની કરી નહિ

આખરે તે ઘેરાઇ જવાની તૈયારીમા આવી પડ્યો, એટલામા **દેલવાડાના રાજા માનાએ** તેના માથા પરથી રાજછત્ર ખેચી લઇ પોતાને માથે ધરાવ્યું, અને મોગલોનો જમાવ હતો ત્યા તે ધસ્યો. એ **પ્ર**તાપ છે એમ ધારી મોગલોએ તેના પર હુમલો કર્યો, અને રાજા **માનસિંહ** અને તેના દોઢસો માણસો મરાયા આ દરમિયાન પ્રતાપને તેના માણસો દૂર ખેચી ગયા રજપૂતોએ બહુ બહાદુરી બતાવી, પરંતુ મોગલ ફોજની સખ્યા ઘણી મોટી હતી, અને તેમની પાસે ઘણી તોપો હતી, તેથી મોગલ લશ્કરનો જય થયો **હલદીઘાટના** રક્ષણ માટે એકઠા થએલા બાનીસ હજાર રજપૂતોમાથી ફક્ત આઠ હજાર રણભૂમિમાથી જીવતા પાછા ગયા

આવી હારથી ન ગભરાતા રાણા પ્રતાપે અકબર સાથે લડાઇ ચાલુજ રાખી, અને ધીમે ધીમે ચિતોડ સિવાય પોતાના રાજ્યનો ઘણોખરો ભાગ પાછો મેળવ્યો પ્રતાપસિંહે એવી બાધા રાખી હતી **કે જ્યાં સુધી હું ચિતોડ પાછું મેળવુ નહિ ત્યાં સુધી મારે સોનારૂપાની થાળીમાં જમવું નહિ, તેમજ પરાળ સિવાયની બીજી પથારીમાં સુવું નહિ, અને દાઢી મૂછ આમળવાં નહિ.** હજુ પણ ને વંશના રજપૂત રાજાઓ સોના રૂપાની થાળીમા જમતા નથી તેઓ થાળી નીચે પાદડા મૂકે છે ત્યાર પછી જમે છે પથારી તળે પણ હમેશ પરાળ મૂકે છે તેઓ અદ્યાપિ એવુ અભિમાન ધરાવે છે કે અમે મુસલમાનને તાબે થયા નથી.

## ૩૩. અકબર અને ચાંદબીબી.

**બ્રાહ્મણી** રાજ્ય કેવી રીતે સ્થપાયુ તથા કેવી રીતે તૂટી ગયુ તે તમે આગળ વાચી ગયા છો **અહમદનગર**નો રાજા મરી ગયો અને કોઇ હક્કદાર વારસ નહિ હોવાથી ગાદીને વાસ્તે ભાજગડ થવા લાગી, તેથી રાજ્યના પ્રધાને **અકબર**નો પુત્ર **મુરાદ,** જે તે વખતે ગુજરાતમા હતો તેને મદદ વાસ્તે લખ્યુ **અહમદનગરની બેગમ ચાંદબીબીને** આ ગમ્યુ નહિ તેના સરદારો તેને છોડી ચાલ્યા ગયા હતા, તો પણ હિમત રાખી પોતાના વિશ્વાસુ સિપાઇઓ સાથે લડાઇની સામગ્રી તે તૈયાર કરવા લાગી જેટલો ખોરાક મળી શક્યો તેટલો સઘળો કિલ્લામા તેણે ભર્યો પોતાના શહેરને ફરતી મજબૂત દીવાલ પર, વિશ્વાસુ અમલદાર પર, અને પોતાના સામર્થ્ય ઉપર આધાર રાખી તે દુશ્મનની વાટ જોવા લાગી

અહમદનગરનો કોટ એવો ઉચો હતો કે કોઇ પણ દુશ્મનથી તે ઉપર ચઢી શહેરમા દાખલ થઇ શકાય નહિ જો કોટ તૂટે તોજ તેમા પ્રવેશ કરી શકાય તેથી **મુરાદ**ના લશ્કરે સુરગ ખોદવાનુ કામ શરૂ કર્યું સુરગ એવી રીતે ખોદવાની હતી કે તેનુ મોઢુ બરાબર દીવાલ આગળજ નીકળે આવી સુરગો તૈયાર કરવામા આવી, અને તે બાબત બરાબર બાતમી **ચાંદબીબી**ને મળી તે પહેલા એક સુરગમાથી દારૂગોળો ફોડવામા આવ્યો, અને દીવાલમા ગાબડુ પડ્યુ ગાબડુ પડતાજ **ચાંદબીબી**ના સૈનિકો નાસભાગ કરવા લાગ્યા, પરતુ **ચાંદબીબી** જરા પણ ગભરાઇ નહિ તેણે શરીરે બખ્તર પહેર્યું અને હાથમા તરવાર લઇ દુશ્મન સમીપ આવી ઉભી રહી આવી હિમતની અસર સૈનિકો ઉપર ઘણી થઇ તેઓ સઘળા એકઠા થઇ પોતાની બેગમ સાથે રહી દુશ્મન સામે ઘણી બહાદુરીથી લડયા તેમના ઘણા માણસો મરી ગયા, અને સધ્યાકાળ થતા મોગલ લશ્કરને પાછા હઠવુ પડયુ

ચાદબીબીના આ કૃત્યની સઘળા પ્રશંસા કરવા લાગ્યા તે દિવસથી રૈયતે તેને **"ચાંદ સુલતાના"** નું નામ આપ્યું રાતોરાત તેણે તૂટેલી દીવાલ સમરાવી અને સૂર્યોદય થતા આઠ ફૂટ દીવાલ ચણાઇ ગઇ ત્યાર પછી તેણે પોતાના સરદારો જે દેશાવર હતા તેમને લડાઈ બાબત સંદેશા મોકલાવ્યા તેઓ તેમની મદદે આવી પહોચ્યા, એટલે મોગલોએ સંધિ કરી આ પ્રમાણે આ બહાદુર ગણીએ પોતાના દેશનું રક્ષણ કરી તેનુ સ્વતંત્રપણું જાળવી રાખ્યું

---

## ૩૪. અકબર અને તેના મિત્રો.

**અકબર વિદ્યાવિનોદી હતો અને વિદ્વાન પુરુષને પોતાના રાજ્યમાં ઘણું ઉત્તેજન આપતો** તેની નોકરીમા દાખલ થનાર પહેલો હિંદુ **ટોડરમલ** હતો તેના પર રાજાનો પૂર્ણ વિશ્વાસ હતો જમીનની માપણીનુ તથા કરવેરા ઉઘરાવવાનુ તેને ઘણા ઉંચા પ્રકારનુ જ્ઞાન હતુ રાજદ્વારી ખાતામા વપરાતી હિંદી ભાષા તેણે કઢાવી નાખી અને તેને બદલે શુદ્ધ **ફારસી** ભાષા દાખલ કરાવી આથી સઘળા હિંદુઓ જે રાજ્યમા ઉંચા દરજ્જાની પદવીની અભિલાષા રાખતા હતા તેમને ફારસી ભાષા શીખવી પડી ટોડરમલ વિદ્વાન હતો એટલુજ નહિ પણ તે ઘણો બહાદુર હતો બગાળામા ચાલતી એક લડાઇ દરમિયાન તે હાજર હતો લડાઇમા એક સરદાર માર્યો ગયો અને બીજાનો ઘોડો નાસી ગયો પણ ટોડરમલ પોતાની જગાએથી જરા પણ ખસ્યો નહિ આથી મોગલ લશ્કર હારતું બચ્યુ એટલુજ નહિ પણ તેને ફતેહ મળી

અકબરના મિત્ર તરીકે **અબુલ ફૈઝી** અને **અબુલ ફઝલ** નામના બે ભાઇઓ ઘણા પ્રખ્યાત છે તેઓ ઘણા વિદ્વાન હતા, અને તેમણે ઘણા ઉત્તમ પ્રકારના પુસ્તક લખ્યા છે ફૈઝીની કવિતાની કીર્તિ અ-

કબરના દરબારમા ફેલાઈ તેથી રાજાએ તેને પોતાની પાસે બોલાવ્યો, અને ત્યારથી તેને પોતાના અગત મિત્ર તરીકે પોતાની પાસે રાખ્યો. **અબુલ ફઝલે 'આઈને અકબરી'** નામનુ પુસ્તક રચ્યુ છે, તે ઉપરથી **ફૈઝી** વિષે ઘણી ખબર આપણને મળી શકે છે તે સ્વભાવે ઘણો આનંદી હતો ગરીબ તેમજ તવગરને પોતાને ત્યા બોલાવતો અને તેમનો આદરસત્કાર કરતો તેણે યુનાની દવાઓનો ઘણો સારો અભ્યાસ કર્યો હતો અને તેનો લાભ સઘળાને તે મફત આપતો

**અબુલ** ફઝલ પોતાના ભાઈ કરતા ચાર વરસે નાનો હતો પદર વરસની ઉમરે એણે ઘણીખરી ચોપડી વાચી હતી એક વખત એવુ બન્યુ કે એક ચોપડી જે ભાગ્યેજ વાચકવર્ગના હાથમા આવી હતી તેના બધા પાના અર્ધા બળી ગયા હતા અબુલ ફૈઝલને તે બળેલી ચોપડી આપવામા આવી, અને બળી ગએલા પાના પૂરા કરવાનુ તેને કહેવામા આવ્યુ અબુલફઝલે તેમ કર્યું અને જ્યારે તેજ ચોપડીની બીજી નકલ અનાયાસે મળી આવી ત્યારે તેના ઉમેરેલા શબ્દો બરાબર મળતા આવ્યા. આથી તે કેટલો વિદ્વાન હતો તેનો તમને ખ્યાલ આવશે અકબરને તેના પર ઘણી પ્રીતિ હતી, પરતુ તેના **શાહજાદા સલીમને** તેને માટેજ તેટલાજ પ્રમાણમા તિરસ્કાર હતો અતે સલીમે આ વિદ્વાન પુરુષને મારી નખાવ્યો અકબર આ ખબર સાભળી ઘણો દીલગીર થયો અને તે બોલ્યો "સલીમને જો પાદશાહ થવાની ઉમેદ હતી તો અબુલફઝલને બદલે મને મારી નાખ્યો હોત તો સારૂ થાત "

અકબર પોતાના મિત્રો સાથે પ્રેમાળ હતો એટલુ નહિ પણ સર્વ મનુષ્ય પર સમાનતાથી જોતો હિદુઓ પ્રત્યે તે સભ્યતાથી અને માયાળુપણે વર્તતો તેના વખતમા દરેક જણને પોતાની નજરમા આવે તે ધર્મ પાળવાની છૂટ હતી મુસલમાની ધર્મ ન માનનારા પાસે જજીયાવેરો લેવામા આવતો તે તેણે રદ કર્યો જાત્રાળુઓ

પરનો વેરો પણ તેણે માફ કર્યો. હિંદુસ્તાનમા સતી થવાનો ચાલ હતો તે તેણે બધ કરવા કોશીશ કરી ટુકામા રૈયતના સુખ માટે અકબર બહુ કાળજી રાખતો હતો. રાજ્યના કાર્ય નિયમસર અને સત્ય માર્ગે ચલાવતો અકબરની રાજનીતિથી દેશમા આબાદી થઇ અને બધે એક સરખી વ્યવસ્થા ફેલાઇ સઘળા મોગલ રાજકર્તાઓમા તે શ્રેષ્ઠ થઇ ગયો

## ૩૫. જહાંગીર અને સર ટૉમસ રો.

સલીમ જહાંગીર નામ ધારણ કરી ગાદીએ બેઠો તે કોઇ પણ રીતે પોતાના પિતા મહાન અકબર સાથે સરખાવી શકાય એવો નહોતો પોતાનો વખત એશઆરામ અને આળસમા કાઢતો તેના રાજ્યની શરૂઆતમા તેના પુત્ર ખુરમે બળવો કર્યો, પણ તરતજ તે દાબી દેવામા આવ્યો ત્યાર પછી કાબૂલ, મેવાડ, બંગાળા અને દક્ષિણમાં તેણે સવારીઓ મોકલી, અને ત્યા વિજય મેળવ્યો તેના પિતાની કબર આગ્રામા હતી તેના ઉપર તેણે એક ભપકાદાર મકાન બધાવ્યુ આસપાસ બગીચો કરાવ્યો અને તેમા દાખલ થવા સુશોભિત દરવાજા તેણે ઉભા કર્યા રસ્તામા ઠામ ઠામ ઝાડો રોપાવ્યા. આ સઘળો ફેરફાર તેણે કર્યો હતો તે જોવા તે પોતે આગ્રા ગયો. ત્યા આગળ એક રમુજી બનાવ બન્યો તેની વાર્તા નીચે પ્રમાણે છે

એક રાત્રે જહાગીર પોતાના તબુમા નિસો કરી સુતો હતો એટલામા તેણે શિઆળના અવાજ સાભળ્યા તેણે પોતાના દરબારીઓને પુછ્યુ "આ જનાવરો શા માટે બરાડા પાડે છે અને તેમને શુ જોઇએ છે ?" ત્યારે તેમણે જવાબ આપ્યો કે, "ખુદાવિંદ! આપ અહી આવેલા છો તે જાણી તેઓ આ સખત ટાઢમાથી પોતાને બચાવવા આપને આજીજી કરે છે" જહાગીરને આ સાભળી

ઘણુ લાગી આવ્યુ અને તેમને વાસ્તે કેટલાક ગરમ કપડા તથા શાલુદુશાલા મોકલી આપ્યા, પરંતુ બીજી રાત્રે પણ એવોજ અવાજ એણે સાંભળ્યો. તેનુ કારણ પૂછતા એને એમ કહેવામા આવ્યુ કે સાહેબ! ગઇ કાલના આપના ઉપકારના બદલામા તેઓ આપને દુઆ દે છે " આ ઉપરથી તમને જણાશે કે જહાગીર કેટલો બધો નીશો કરતો હતો'

સોળમા સૈકામા યુરોપીઅન પ્રજા હિંદુસ્તાનમા આવવા લાગી પોર્ટુગીઝ પ્રથમ અહીં આવ્યા હતા. તેમના પછી હોલંડના લોકો તથા અંગ્રેજો પણ વ્યાપાર અર્થે અહીં આવવા લાગ્યા ઇંગ્લંડના રાજા જેમ્સે હિંદુસ્તાનની જાહોજલાલી વિષે સાભળ્યુ હતુ, તેથી સર ટૅામસ રો નામના પોતાના એલચીને જહાગીરના દરબારમા તેણે મોકલ્યો, તે ત્રણ વર્ષ રહ્યો અને જે સઘળુ તેણે જોયુ તેની નોંધ તેણે લીધી છે તે કહે છે, કે " જહાગીરના વખતમા રાજ્યવ્યવસ્થા અકબરના જેવી નહોતી. દેશ લૂંટારાથી ભરપુર હતો, તેથી મુસાફરી કરવી બહુ કઠણ પડતી હતી. વળી જહાગીરને દારૂ પીવાનો ઘણો શોખ હતો બેભાન થઈ ઢળી પડતા સુધી તે પીધાજ કરતો જો કે બીજાઓને દારૂ પીવાની સખત મનાઈ હતી. તે કેટલીક વખત ક્રૂરતાથી વર્તતો તોપણુ તેનુ અંતઃકરણ નિર્મળ હતુ "

" જહાગીરના જન્મ દિવસે તેની તુલા થતી, અને સોનુ, રૂપુ, કીનખાબ વગેરે કીમતી ચીજો ઉમરાવો અને બીજાઓને બક્ષિસ આપી દેવામા આવતી તે જ્યારે સવારીમા ફરતો અને લડાઇમા જતો ત્યારે બહુ દબદબો રાખતો, પણ અવ્યવસ્થા ઘણી માલમ પડતી તેનો દરબાર ખટપટથી ભરપુર હતો સઘળો કારભાર તેની બેગમ નુરજહાં કરતી હતી, જ્યારે મે પાદશાહ પાસે હિંદુસ્તાનમાં વેપાર કરવાની રજા માગી ત્યારે એવો જવાબ મળ્યો, કે રાજ્યનુ કામ રાણી કરે છે માટે તેમને પૂછો. "

નુરજહાંનો બાપ તુર્કસ્તાનનો રહીશ હતો, પરંતુ ગરિબાઇને લીધે તેણે પોતાનો દેશ છોડયો અને તે અકબરના દરબારમા દાખલ થયો, ત્યા આગળ નુરજહા સલીમની નજરમા આવી અને તેને જોઇ તે મોહિત થયો, પણ નુરજહાના લગ્ન શેર અફધાન નામના ફરાની સરદાર સાથે કરવામા આવ્યા હતા તેથી તે પોતાની ઇચ્છામા નાઉમેદ થયો જેવો તે ગાદીએ આવ્યો કે તરતજ તેણે શેર અફધાનને મરાવી નખાવ્યો અને નુરજહા સાથે લગ્ન કર્યું. રાજ્યનો સઘળો કારભાર તેણે તેને સોપી દીધો, તેના ભાઇ તથા બાપને દરબારમા ઉંચી પદવી આપી જહાગીર તો એમજ કહેતો કે, “ઉત્તમ ખોરાક અને પીવાનો સારો દારૂ મને પુષ્કળ મળે એટલે બસ છે મારી બેગમ ઘણી હોશિયાર છે તે મારા કરતા રાજવહીવટ સારો ચલાવશે ”

નુરજહાની સત્તા જહાગીર પર કેટલી હતી તે નીચે લખેલી વાર્તા ઉપરથી સ્પષ્ટ સમજાશે —

નુરજહાને એક દિવસ પાદશાહ સાથે કજીઓ થયો પાદશાહે તેને ઘણી સમજાવી પણ સઘળુ વ્યર્થ ગયુ તેણે એવીજ હઠ લીધી કે “તમે પગે પડી મારી માફી માગો.” પાદશાહે તેમ કરવા ના પાડી, કારણ કે તે જાણતો હતો કે જો હુ એમ કરીશ તો લોકોમાં હલકો પડીશ અને મારી નિંદા થશે. આથી એક વૃદ્ધ ડોસી હતી તેની પાસે તે ગયો અને તેની સલાહ પૂછી તેણે કહ્યું કે, “ તમે તમારી બેગમને આજે બાગમા મળજો અને તેની પાસે તમે આવો ત્યારે એટલુ ધ્યાનમા રાખજો કે તમારો ઓળો એના પગ પર પડે. પાદશાહ બાગમા ગયો અને સંકેત પ્રમાણે પેલી ડોસી નુરજહાને પણ ત્યા લાવી પાદશાહનો ઓળો નુરજહાના પગ પર પડયો એટલે તે બોલ્યો, “ જો મારો આત્મા પણ તારા પગમા પડી નમે છે.” આ પ્રમાણે નુરજહાના મનનુ સમાધાન થયુ

નુરજહાં જેવી ખુબસુરત હતી તેવીજ હોશિયાર હતી. તેણે કેટલીક વખત જહાંગીરને લડાઇ દરમિઆન ઘણી મદદ કરી હતી. પાદશાહ કાશ્મીર ગયો ત્યા તે માંદો પડયો, અને ઇ' સ. ૧૬૨૭ મા મરણ પામ્યો ત્યારપછી નુરજહા રાજદ્વારી બાબતોમાથી દૂર ખસી ગઇ તેને પેન્શન બાંધી આપનામા આવ્યુ, તેના પર તેણે પોતાનું ગુજરાન ચલાવી જિંદગી પુરી કરી

---

## ૩૬. શાહજહાં અને તેનું મયૂરાસન.

### તાજમહેલ.

ખુર્રમ **શાહજહા** નામ ધારણ કરી દિલ્હીની ગાદીએ આવ્યો. એના પિતાની પેઠે રજપુત લોહી એના શરીરમા વહેતુ હતું ગાદીએ આવવા પહેલા કેટલાક તેની ઇર્ષા કરતા અને કેટલાક તેની ખુશામત કરતા હતા, પરંતુ કોઇ પણ તેને અંતકરણપૂર્વક ચહાતુ નહિ. પછીથી શાહજહાની રીતભાતમા ઘણો ફેરફાર થયો તે સઘળાનો સત્કાર કરતો અને તેમની વાત સાભળી વાજબી ન્યાય આપતો. લોકોને જ્યારે માહોમાહે કજીઓ થતો ત્યારે તેઓ પાદશાહ પાસે ફેસલો કરાવવા જતા, એક ઘણા રમુજી મુકદમાનો કરેલો ફેસલો અહી આપેલો છે


દિલ્હી શહેરમા ચાર વેપારીની સહીઆરી એક દુકાન હતી. દરેક વેપારી દુકાનના કામકાજ પર વારાફરતી ધ્યાન આપતો, દીવામા તેલ પૂરતો તથા દુકાનની પાળેલી બિલાડીને ખાવાનુ નાખતો. જેના વારા દરમિઆન બિલાડી મરી જાય તેણે બીજી બિલાડી લાવવી એવી શરત સર્વે કબૂલ કરી હતી એક દિવસે એવુ બન્યું કે બિલાડીનો એક પગ ભાગી ગયો. તેની સારવાર કરવાનું કામ શરત પ્રમાણે જેનુ હતું તેણે ઉઠાવી લીધુ, પણ ખર્ચ માટે પોતાના

ભાગીદારોને કહ્યું, પણ તેઓએ ના પાડી તેથી તેણે તેને પગે પાટો બાંધ્યો. ત્યાર પછી આમ તેમ ફરતા રાત્રે બિલાડી દીવા સાથે અથડાઇ, દીવો ઢળી ગયો અને દુકાનમા આગ લાગી, અને તેની અંદરનો સઘળો સરસામાન બળી ગયો હવે આ બાબત ઝગડો ઉત્પન્ન થતા સઘળા ન્યાયની અદાલતમા ગયા ત્યા એવો ઇન્સાફ આપવામા આવ્યો કે જે પુરુષના વખતમા બિલાડીનો પગ ભાગી ગયો હતો તેણે સઘળુ નુકસાન ખમવુ, પણ **શાહજહાને** આ વાતની ખબર પડી ત્યારે તેણે કહ્યુ કે "ભાગેલો પગ ચાલી શકે એમ નહોતું, પણ ત્રણ સાજા પગ બિલાડીને ત્યા લઇ ગયા અને તેમણે આ નુકસાન કર્યું છે, માટે બિલાડીની સારવાર કરનાર સિવાયના ત્રણે વેપારીઓએ નુકસાન વેઠવુ જોઇએ " આ પ્રમાણે વેપારીઓની ભર કચેરીમા હાસી કરી તેમને કાઢી મૂક્યા

**શાહજહાને** જાહોજલાલી અને ભપકાનો ઘણો શોખ હતો તેથી દબદબા ભર્યા દરબાર તે ભરતો અને અદ્ભુત શોભાવાળા મકાનો બંધાવતો. **ટેવર્નિઅર** નામે એક **ફ્રાંસનો** મુસાફર જે હિંદુસ્તાનમા આવ્યો હતો તે પાદશાહના દરબારનુ વર્ણન આપતા લખે છે કે આ ભવ્ય અને વિશાળ દિવાનખાનુ ત્રણ બાજુએ ખુલ્લુ છે અને ચાર ફુટ ચોરસ એવા બત્રીસ આરસના સ્તંભ ઉપર કમાનો વાળેલી છે દિવાનખાનાની વચમા એક તખ્ત નાખેલુ હતું એના પર બેસી પાદશાહ રૈયતની દાદફરિયાદ સાભળતો એ તખ્તનુ નામ **'તખ્તે તાઉસ'** એટલે **મયુરાસન** છે તે છ ફુટ લાબુ અને ચાર ફુટ પહોળુ છે તેને વીસ પચીસ ઇંચ ઉંચા એવા ચાર પાયા છે, અને તેના ઉપર એક ચોકઠુ મૂકી તે ઉપર તખ્ત ગોઠવેલુ છે. પાયા સોને મઢેલા છે, તેમા હીરા, માણેક, તથા પાના જડેલા છે કેટલેક ઠેકાણે સોનાંના મોતી પણ બેસાડેલા છે. એ સિંહાસન પર ચઢવા માટે પગથીઆ છે તે સર્વે જવાહીરથી જડેલા છે, ઘુમટના અંદરના ભાગમા હીરા અને મોતી જડેલા છે, અને ચોતરફ

મોતીના તોરણુ છે એ આખા તખ્તનો કીમતીમા કીમતી ભાગ છે ઘુમટ ઉપર એક કળા કરેલો સોનાનો મોર બેસાડેલો છે તેમા ભાતભાતના જવાહીર જડેલા છે અને તેમા ઘણી કારીગરી કરેલી છે. આ તખ્તની કીમત લગભગ ૯ કરોડ રૂપીઆ ગણુવામા આવે છે ઇ સ ૧૭૩૮ મા ઇરાનનો **નાદીરશાહ** હિંદ પર ચઢી આવ્યો ત્યારે એ તખ્ત લઈ ગયો

આ ઉપરાત **શાહજહાંએ** ઘણા કીમતી મકાનો બધાવ્યા, તેની વહાલી **બેગમ મુમતાજ મહાલ** જ્યારે મરણ પામી ત્યારે તેણે તેને



તાજમહેલ

વચન આપ્યુ હતું કે તારી કબર પર એક રોજો બંધાવીશ તે પ્રમાણે ઘણા પૈસા ખરચી **તાજમહેલ** નામનો એક ઘણો સુંદર રોજો તેણે તેની કબર પર બંધાવ્યો તેનો બાધનાર મુખ્ય કારીગર **વેનિસનો** હતો. જમના નદીને કિનારે આગ્રામા તે આવેલો છે, અને જાણે હમણાજ બાંધ્યો હોય તેવો તે તદ્દન નવો દેખાય છે તેમા સફેદ

આરસપહાણના પત્થર વાપરેલા છે, તેથી ચાંદની વખતે બહુ રમણીય લાગે છે તે બાંધતાં લગભગ **૩૦ વરસ** લાગ્યાં અને **૩૦ લાખ** રૂપીઆ ખર્ચ થયો હતો એમ કહેવાય છે વળી **શાહજહાંએ** દિલ્હીમાં **જુમા મસ્જિદ** અને આગ્રામાં **મોતી મસ્જિદ** ચણાવી


**શાહજહાંની** પાછલી જિંદગી બહુ ફિકરચિંતામાં ગઈ તેણે પોતાના ચાર પુત્રોને જુદા જુદા પ્રાંતોના હાકેમ બનાવ્યા હતા તેમણે જ્યારે એમ જાણ્યું કે તેમનો પિતા માંદો છે અને સારૂ થાય એવું નથી, ત્યારે તેઓ ગાદીને વાસ્તે માંહોમાંહે લડવા લાગ્યા **ઔરંગઝેબ** સૌથી જબરો, લુચ્ચો, લોભી અને ઘાતકી હતો તેણે ભાઈઓને મારી નાખ્યા અને પિતાને કેદમાં નાખી પોતે ગાદી પર બેઠો

## ૩૭. ઔરંગઝેબ.

**ઔરંગઝેબ આલમગીરનો** ઈલ્કાબ ધારણ કરી ઈ સ ૧૬૫૯ માં ગાદીએ આવ્યો તેણે ૫૦ વર્ષ હિંદુસ્તાનમાં રાજ્ય કર્યું તેની જિંદગીનો મુખ્ય ઉદ્દેશ **ઇસ્લામ ધર્મ** સર્વત્ર ફેલાવવાનો હતો તે જ્યારે નાનો હતો ત્યારે તેણે ફકીરની જિંદગી ગુજારી હતી, અને ગાદીએ આવ્યા પછી એક ચુસ્ત મુસલમાન તરીકે તે વર્તવા લાગ્યો હિંદુઓને તેણે બહુ હેરાન કર્યા અને તેમના દેવાલયો તોડી પાડયા. ઇસ્લામ ધર્મમાં '**સુન્ની**' અને '**શિયા**' એમ બે પંથ છે **ઔરંગઝેબ સુન્ની** પંથનો હતો તેથી શિયા પંથના



ઔરંગઝેબ.


ઔરંગજેબના વખતનું
મોગલ રાજ્ય.
ઈ સ ૧૭૦૦
કાબુલ
દિલ્હી
મૈસુર
અરબી
સમુદ્ર
બંગાળાનો
ઉપસાગર
હિંદી
મહાસાગર
MR

મુસલમાનો તેના પંથમા જોડાય એવી તેની ઇચ્છા હતી પોતાના ધર્મનુ પુસ્તક કુરાન તેને મોઢે આવડતુ હતુ અને તેમા લખેલી દરેક આજ્ઞા તે પાળતો હતો દરેક માણસે કાઇક ઉદ્યમ કરી પોતાનો નિર્વાહ કરવો જોઇએ એવુ કુરાને શરીફમા લખ્યુ છે, તેથી તે નવરાશનો વખત ટોપીઓ બનાવવામા ગાળતો પ્રાર્થનાનો વખત તે કદી પણ ચૂકતો નહિ એક લડાઇ દરમિઆન સાજ પડી એટલે તરતજ પોતાની ગાદી ઉપરથી તે ઉતરી પડયો અને જેમ મસ્જિદમા નિમાઝ પઢતો હોય તેમ નિર્ભય રીતે લડાઇના મેદાનમા તે નિમાઝ પઢવા લાગ્યો

અકબરે રજપૂતોને પોતાના મિત્ર બનાવ્યા હતા, અને પોતાના રાજ્યમા તેમને મોટી મોટી પદવીઓ આપી હતી ઔરંગઝેબની વર્તણુક તેમના તરફ ઘણાજ જુદા પ્રકારની હતી તેણે તેમને ઉચી જગાઓમાથી કાઢી મૂક્યા અકબરે જજિયા કે ધર્મવેરો બધ કર્યો હતો તે તેણે પાછો ચાલુ કર્યો આ પ્રમાણે હિંદુઓને હરકોઇ બહાને તે દુખ દેવા લાગ્યો જોધપુરના રજપૂત રાજાએ આ સબધમા ઔરંગઝેબને એક પત્ર લખ્યો, તેમા તેણે લખ્યુ કે, "સઘળા મનુષ્યનો ઇશ્વર એકજ છે તમારા પૂર્વજો તે પ્રમાણે ગણતા અને સઘળા સાથે પ્રેમભાવથી વર્તતા, પણ તમે તો હિંદુ પ્રજાને પગ તળે ખુદી નાખો છો " પરતુ આ શબ્દની તેના પર કશી અસર થઇ નહિ.

તે સખત હૃદયનો અને નિર્દય હતો તેથી બધા તેનાથી ડરતા. તેના પોતાના છોકરા પણ તેનાથી ઘણા બીતા હતા તે જ્યારે ગાદીએ બેઠા ત્યારે તેનો નાનપણનો શિક્ષક ઇનામની આશાથી તેની પાસે ગયો પાદશાહે તેને કાઇ પણ આપ્યુ નહિ, પરતુ તેને સપડાવ્યો અને કહ્યુ, કે " તમે મને વાચતા લખતા અને કુરાન પઢતા શીખવ્યુ છે, થોડુ ઘણુ અરબી ભાષાનુ જ્ઞાન આપ્યુ છે, પણ એશિઆ તથા યુરોપ ખડની ભૂગોળ બીલકુલ શીખવી નથી " શિક્ષકને આ

શબ્દ સાભળી બહુ લાગી આવ્યુ પણ સત્તા આગળ શાણપણ નકામુ છે એમ સમજી તે મુગો રહ્યો

મોગલ પાદશાહો દક્ષિણમા પોતાના રાજ્યનો વિસ્તાર કરવા ઇચ્છના હતા અકબરે પણ ત્યા રાજ્ય સ્થાપવા પ્રયત્ન કર્યો ચાંદબીબી સાથેનુ યુદ્ધ તમે આગળ વાચી ગયા છો ઔરગઝેબ લડાઇમા બહુ બહાદુર હતો તેથી દક્ષિણમા આવેલા બિજાપુર અને ગોવળકોડાના રાજ્ય જીતવા તેણે નિશ્ચય કર્યો દિલ્હીથી એક મોટુ લશ્કર લઈ તે તરફ વધ્યો તે વખતે આગગાડી જેવા સાધનો નહોતા તેથી કૂચ કરતા તેને ઘણો વખત લાગ્યો રસ્તામા વળી હાડમારી વેઠવી પડી, પરતુ તે હિમત હાર્યો નહિ દક્ષિણમા તે અને પહોચ્યો અને ત્યા ૨૫ વર્ષ ગાળ્યા બિજાપુર અને ગોવળકોંડાના મુસલમાન સુલતાન ઘણા બહાદુર હતા તેથી તેઓ તેને સહેલાઇથી તાબે થયા નહિ તેમના કિલ્લા ઘણા મજબૂત હતા, પરતુ ઔરગઝેબે તેમનાં કેટલાક માણસોને ફોડયા અને દગલબાજીથી તેમને હરાવ્યા

દક્ષિણની જીત પછી તેની જિદગી બહુ દુખી અવસ્થામા ગઈ પશ્ચિમ ઘાટમા રહેનાર મરાઠા તેની સામે થયા, અને તેમની સામે લડવામા એની પાછલી જિદગી પુરી થઈ ઇ સ ૧૭૦૭ મા કટાળી તે મરણ પામ્યો મરતા પહેલા પોતાના પુત્રને તેણે એક પત્ર લખ્યો કે, " હુ રાજ્યના રક્ષક તરીકે વર્ત્યો નથી મારો કાળ નજીક આવ્યો છે, અને મારા કરેલા પાપ હુ મારી સાથે લેતો જાઉ છુ. પરલોકમા મારા કૃત્ય વાસ્તે પરવરદિગાર મને કેવી શિક્ષા કરશે તે હુ જાણતો નથી "

## ૩૮. નાદીરશાહની ચઢાઇ અને મોગલ રાજ્યની પડતી.

**ઔરંગઝેબના** મરણ પછી એનો છોકરો **બહાદુરશાહ** ગાદીએ આવ્યો, પણ તેણે બહુજ થોડો વખત રાજ્ય કર્યુ તેના પછી બે ત્રણ મોગલ રાજાઓ થઇ ગયા પણ તેઓ બહુજ નબળા માલમ પડ્યા તેમના વખતમા રાજ્યના અમીરોની સત્તા બહુ વધી અને તેઓ પોતાનુજ ધાર્યુ કરતા ઇ સ ૧૭૧૯ મા એટલે ઔરંગઝેબના મુઆ પછી બાર વર્ષે **મહમદશાહ** નામનો મોગલ પાદશાહ ગાદીએ આવ્યો તેણે લગભગ ૩૦ વર્ષ રાજ્ય કર્યું તેના અને તેના વંશજોના રાજ્ય દરમિઆન મોગલ રાજ્યની પડતી શરૂ થઇ મોગલ રાજ્યના સઘળા સુબેદાર સ્વતંત્રપણે અમલ કરવા લાગ્યા મોગલ પાદશાહને તેઓ ખંડણી મોકલતા, પરંતુ પોતાના પ્રાંતમા મોગલ બાદશાહની હકુમત બિલકુલ ચાલવા દેતા નહિ તે ઉપરાંત મરાઠી સત્તા બહુજ વધી હતી તેઓ દિલ્હી સુધી પહોચ્યા હતા અને મહમદશાહ પાસેથી દક્ષિણમા ચોથ ઉઘરાવવાની પરવાનગી મેળવી હતી

આવા અંધાધુંધીના સમયમા જ્યારે મહમદશાહ રાજ્ય કરતો હતો ત્યારે **નાદીરશાહ** નામનો એક ઇરાની સરદાર **અફઘાનોનુ** મોટુ લશ્કર લઇ હિંદુસ્તાનમા આવ્યો **ખૈબરઘાટમા** થઇ પંજાબમાં તે દાખલ થયા અને ત્યાથી દિલ્હી પર ચઢી આવ્યો તેનો મુખ્ય હેતુ હિંદુસ્તાનમાથી ધન મેળવવાનો હતો તેણે કહ્યુ કે " મને પુષ્કળ પૈસો મળશે તો હુ દિલ્હી શહેરને નુકસાન કરીશ નહિ " પરંતુ દિલ્હી શહેરના કેટલાક વતનીઓએ રાતમા તેના થોડા માણસોને મારી નાખ્યા આથી નાદીરશાહ ક્રોધે ભરાયો અને પોતાના માણસોને દિલ્હી લૂટવાનો તથા શહેરીઓને મારી નાખવાનો હુકમ કર્યો તેના માણસોએ આખો દિવસ કતલ ચલાવી, ઘરો બાળી મૂક્યા, અને જે કાંઇ હાથમા આવ્યુ તે સઘળુ કબજે કર્યું અને મહમદશાહે તેને બહુ કાલાવાલા કર્યા ત્યારે તેણે પોતાના માણસોને આ અઘોર કૃત્ય

કરતા અટકાવ્યા **નાદીરશાહે** હિંદુસ્તાનમાંથી અખૂટ ધન મેળવ્યું **શાહજહાંનું મયુરાસન**, ઘરેણા, હાથી, ઘોડા, તોપો વગેરે ઘણી કીમતી ચીજો તે ઇરાન લઇ ગયો આ હુમલાથી મોગલ રાજ્ય તદ્દન પડી ભાગ્યું, જુદા જુદા પ્રાંતોના સુબેદાર અને નવાબો જે થોડી ઘણી ખંડણી મોગલ પાદશાહને ભરતા હતા તે તેમણે બંધ કરી વળી **મરાઠાનું** જોર ઘણું વધ્યું તે ઉપરાંત **અંગ્રેજો** જે દક્ષિણ હિંદમાં અને બંગાળામાં વધતા હતા તેમની સામે થવાનું મોગલોમાં સામર્થ્ય રહ્યું નહિ. આ પ્રમાણે મોગલ રાજ્યનો અંત આવ્યો જો કે નામનો મોગલ પાદશાહ તો ઇ સ ૧૮૫૭ સુધી દિલ્હીમાં માલમ પડતો હતો તેનું નામ **મહમદ બહાદુરશાહ** હતું તેણે ઇ સ ૧૮૫૭ ના બળવામાં ભાગ લીધો તેથી તેને બ્રહ્મદેશમાં દેશનિકાલ કરવામાં આવ્યો

ભાગ ત્રીજો.

# અર્વાચીન હિંદ:- બ્રિટિશ સત્તા.

## ૩૯. શિવાજી અને ઔરંગઝેબ.

### મરાઠી રાજ્યની સ્થાપના.


શિવાજી

મહારાષ્ટ્ર દેશ મુસલમાનોએ તાબે કર્યો હતો, છતા ત્યા નાના નાના ઘણા સ્વતત્ર હિદુ રાજ્યો હતા મરાઠા લોક હિદની પશ્ચિમે જે ભાગ હાલમા મુબઇ ઇલાકો કહેવાય છે, તેમા તાપી અને કૃષ્ણા નદીની વચ્ચેના ડુગરી મુલકમા રહેતા હતા તેઓ ડુગરી કિલ્લા તાબે કરી સમય આવતો ત્યારે મુસલમાનોની સામે લડવા નીકળતા હતા, અને ચોમાસામા ખેતી કરતા હતા તેઓ લડવામા સમયસૂચકતા વાપરી શત્રુઓને હફાવતા હતા નવ મરાઠા જાગીદારોમ'ના સાત બિજાપુરની અને બાકીના બે અહમદનગરના રાજ્યની

નોકરીમા રહ્યા હતા પહેલાના સાતમાનુ એક સાવતવાડી સસ્થાન હજી પણ બ્રિટિશ સામ્રાજ્યની સત્તા નીચે રાજ્ય કરતુ જોવામા આવે છે અહમદનગરમા નોકરી કરતા બે કુટુબમાનુ પહેલુ કુટુમ્બ દેવગીરીના યાદવોના કુળમાથી ઉતરી આવેલુ સિંધખેડના યાદવોનુ કુટુબ વધારે સમર્થ હતુ તેમાનુ બીજુ **ભોસલેનુ** કુટુબ હતુ, આ બંને કુટુબો લગ્ન સબધથી જોડાઈ અરસ્પરસ સહાયક તરીકે અહમદનગરના રાજ્યમા નોકરી કરતા હતા આમ લ્યુખજી જાદવરાયની પુત્રી **જીજીબાઇ** સાથે **શાહજી** ભોસલે પરણ્યો હતો, અને મરાઠી રાજ્યનો સ્થાપનાર **શિવાજી** તેમનો પુત્ર હતો તે ઇ સ ૧૬૨૭ મા **જુન્નરના** જિલ્લામા જન્મ્યો હતો

અહમદનગરના ઇતિહાસમા મલિક **અંબર** નામનો આબિસિનિઅન સરદાર પ્રખ્યાત થઈ ગયો છે **શાહજી** લશ્કરી અને મુલકી અમલદાર તરીકે તેનો જમણો હાથ હતો તેના અત પછી શાહજીએ અહમદનગરનો કબજો લેવાનો પ્રયત્ન કર્યો, પણ મોગલોએ તે જીતી લીધો તે કારણથી તે **બિજાપુરના** રાજાની નોકરીમા ગયો તેને કર્ણાટકના સરદાર તરીકે મોકલવામા આવ્યો તેણે ત્યા તાન્જોરને રાજધાની બનાવ્યુ આ સસ્થાન બિજાપુરથી પ્રથમ નબરે સ્વતત્ર થયુ હતુ બિજાપુર અને અહમદનગરની નોકરી દરમિઆન **પુનામાં** પણ તેની જાગીર હતી જ્યારે શાહજી કર્ણાટકમા ગયો ત્યારે શિવાજીના રક્ષક તરીકે તે **દાદાજી કોડદેવ** નામના બ્રાહ્મણને મૂકતો ગયો તેણે તેને ઉત્તમ ઘોડેસવાર તરીકે કેળવી અસ્ત્રશસ્ત્રનો ઉપયોગ પણ શીખવ્યો **રામાયણ** અને **મહાભારતની** વીરરસ કથાઓએ તેને હિંદુ ધર્મ પ્રત્યે પૂજ્યભાવવાળો કીધો, અને પ્રાણાર્પણે પણ બ્રાહ્મણોનુ રક્ષણ કરવા નિશ્ચયી કર્યો તેની માતા પૂનામા તેની સાથે રહી તેને પ્રાચીન વીરોની કથાઓ શીખવતી હતી, આના શિક્ષણથી કેળવાઇ શિવાજીએ પૂનાની નજીકની ખીણોમા વસતા માવળી લોકોને કેળવી પ્રખ્યાત લડવૈયા બનાવ્યા.

**દાદાજી** કોંડદેવના મરણ પછી તેને પૂનાની અને મહારાષ્ટ્રમા આવેલી પિતાની બધી જાગીરની વ્યવસ્થા કરવી પડી હવે તેણે પૈસા અને લશ્કર મેળવવા માડયા **માવલી** જાતના સિપાઇઓ ઘાટને મથાળે રહેનારા હતા, અને તેઓ હાથોહાથની લડાઇમા હોશિયાર હતા હેડકરી જાતના સિપાઇઓ કોકણમા રહેના। અને બંદૂક ફોડવામા ઘણા નિપુણ હતા આ લશ્કરથી પોતાના રાજયમા કિલ્લા નહિ હોવાથી તેણે બિજાપુરના રાજાના તાબાનો **તોરણાગઢ** ઇ સ ૧૬૪૬ મા તાબે કીધો તે પછી તરતજ તેણે **રાયગઢ** ચણાવ્યો, અને મુસલમાન સરદારની સત્તામાનો **સિહગઢ** પણ કબજે કર્યો **પુરધરના** કિલ્લા માટે કેટલાક માહોમાહે લડતા હતા, તેનો લાભ લઇ તે ૨૦ વર્ષની વયે તેણે જીતી લઇ પોતાની કીર્તિ વધારી આમ મજબુત કિલ્લાઓ જીતી તેણે બિજાપુરની હદમા પ્રવેશ કર્યો બિજાપુરના રાજાએ તેને વશ કરવા શાહજીને કર્ણાટકથી બોલાવી કેદી કીધો શિવાજીએ **શાહજહાન** પાદશાહ પર નમ્ર કાગળ લખી તેની હદમા પ્રવેશ કર્યો આ યુક્તિથી ભોળવાઇ રાજાએ શાહજીને છુટો કર્યો, અને પોતાના હિદુ પ્રધાન મુરારિપિતની સલાહથી તેને કર્ણાટકમા પાછો મોકલ્યો

**શાહજી**ના કેદમાથી મુક્ત થયા પછી **શિવાજી**એ મોગલ પ્રાતો લૂટયા, અને ત્રણ લાખ રૂપીઆ તથા ૩૦૦ ઘોડા મેળવ્યા આ માણસો **'બર્ગિટ'** એટલે **'મરાઠા ઘોડેસવારો'** તરીકે પ્રખ્યાત થયા હતા તેઓએ ૧૫૦ વર્ષ સુધી આખા હિદમા પ્રખ્યાતિ મેળવી હતી શિવાજીએ પોતાના સૈન્યમા મુસલમાનોને દાખલ કરી તેઓની મદદથી બ્રિટિશ સત્તા નીચેનુ મુબાઇ પોર્ટ્યુગીઝ સત્તા નીચેનુ ગોવા, અને આબિસિનિઅન સત્તા નીચેનો જિંજીરા સિવાનો આખો કોકણ જીતી લીધો

કોકણ ખોયાના સમાચાર સાભળી બિજાપુરના સુલતાને **અફ્જલખાન** નામના પઠાણ સરદારને શિવાજીને વશ કરવા મોકલ્યો

તેણે '**ડુંગરનો ઉંદર**' પકડી લાવવાનુ દરબારમા વચન આપ્યુ હતું શિવાજીએ સમયસૂચકતા વાપરી અતિશય ડર્યો હોય એવો ડોળ કરી તેને પ્રતાપગઢમા એકલા મળવા ઇચ્છ્યુ, અને શરણુ થવાની ઇચ્છા બતાવી તેણે **અફજલખાનના** બ્રાહ્મણ સરદારની મારફતે ખાનગી મુલાકાત ઠરાવી ખાને શિવાજીના વચન પર ભરોસો રાખી વગર હથિયારે મુલાકાત કરી આ વખતે શિવાજીએ વિશ્વાસઘાત કરી હાથે પહેરી રાખેલા **વાઘનખ** તેની છાતીમા ભોકી ઇ સ ૧૬૫૯ મા કટારથી તેનો નાશ કર્યો તે પછી તેના લશ્કરને હરાવી નસાડયુ, તે પછી સુલતાન પોતે શિવાજીની સામે થયો. તેણે શાહજીને વિશ્વાસઘાત કરી તાજોરથી આણી બિજાપુરમા કેદ કરનાર બાજી ઘોરપુરેને સરદારી આપી શિવાજીએ તે સરદારને હરાવી કુટુબ સાથે મારી નાખ્યો તે પછી તે રાયગઢ ગયો, અને બિજાપુરના રાજાએ મોટી રકમ આપવાનુ વચન આપી તેને શાન્ત કર્યો

ઔરંગઝેબે ઉગતા શત્રુને દબાવવા **શાઇસ્તખાન** નામના પ્રખ્યાત સરદારને ઇ સ ૧૬૬૧ મા મોકલ્યો તેણે શિવાજીના ઘણા ડુંગરી કિલ્લા તાબે કરી પૂનામાના શાહજીના ઘરમા મુકામ કર્યો શિવાજીએ આ વખતે પણ સમય વિચારી રણક્ષેત્રમા યુદ્ધ ન કરતા ૨૦ માણસો સાથે રાત્રે પૂના જઇ ઘરમા ઘુસી શાઇસ્તખાનના પુત્રને મારી નાખ્યો. શાઇસ્તખાન મરતા મરતા બચ્યો નાસતા નાસતા શિવાજીએ તેની બે આંગળીઓ કાપી નાખી તે પછી તે વેશ બદલી રાયગઢમા જઇ ભરાયો શાઇસ્તખાન એટલો બીધો ડર્યો કે તે પૂના છોડી જતો રહ્યો

તે પછી શિવાજીએ સુરત લૂટયુ અને બિજાપુરના તાબાનુ બાર્સિલોર બદર લૂટી રાજાના ખિતાબ ધારણ કરી ઇ સ ૧૬૬૪ મા પોતાના સિક્કા પડાવ્યા હવે ઔરંગઝેબે **દિલીરખાન** અને રાજા **જયસિંહને** તેની સામે મોકલ્યા તેમની સામે તેણે ઘણુ પરાક્રમ બતાવ્યુ છેવટે તેણે જયસિહની સલાહ પ્રમાણે ઔરંગઝેબના દરબારમા દિલ્હી

જવા વચન આપ્યુ ત્યા ગયા પછી તેને પોતાની જિંદગીને જોખમ જણાયાથી એક રાત્રે તે અને તેનો પુત્ર **શંભાજી** મિઠાઇના ટોપલામા બેસી નાસી છુટયા આ પછી ઔરંગઝેબે તેના જીતેલા પ્રાંતો પાછા આપી તેને રાજા તરીકે સ્વીકાર્યો ઔરંગઝેબે ફરીથી તેને ઘણી વખતે મીઠા વચનોથી બોલાવ્યો, પણ તેણે ફરીથી તેનો ભરોસો કર્યો નહિ તે પછી બિજાપુરના રાજાએ પોતાની ઉપજનો ચોથો અને ગોવળકોંડાના રાજાએ ૧૦ મો ભાગ આપવાની શરતે તેની સાથે સલાહ કરી આમ તેણે પોતાનુ રાજ્ય મેળવ્યુ, અને તે પછી તેણે લશ્કરી તથા મુલકી વ્યવસ્થા પર ધ્યાન દેવા માડયુ

પાછળથી શિવાજીએ સિપાઈઓને રોકડ પગાર આપવા માડયો. તેણે જુના હિંદુ રિવાજ મુજબ મહેસુલ ઉઘરાવવા માડી લડાઇને કારણે કેદી થએલા ઉચ્ચ અમલદાર અને બ્રાહ્મણને તે માન સાથે છોડી મૂકતો હતો તેને એક પ્રધાનમડળ હતુ તેમા એક મુખ્ય પ્રધાન પેશ્વા હતો સેનાપતિ ઉપરાત અનેક શાસ્ત્રમા પ્રવીણ એવો એક પડિત એમ બીજા બે પ્રધાન હતા આમ શિવાજીએ ઔરંગઝેબ સાથે ફરીથી વિગ્રહ થયો ત્યા સુધીના બે વર્ષ કારભાર ચલાવ્યા

ઔરંગઝેબે શિવાજીને બળવાન થતો જોઇ તેને વશ કરવા શાહજાદા **શાહઆલમને** હુકમ કર્યો. આ સમાચાર જાણી શિવાજીએ **સિંહગઢ** અને **કલ્યાણ** નામના કિલ્લા ઝપાટી જીતી લઇ એક વખતે ફરીથી **સુરત લૂટયુ** ઇ સ ૧૬૭૦ શિવાજીને વશ નહિ કરી શકવાથી ઔરંગઝેબે વારવાર દખ્ખણના સુબેદારોમા ફેરફાર કર્યો આ ફેરફારનો લાભ લઇ શિવાજીએ દખ્ખણ જીતી તાંજોર અને કર્ણાટકના રાજ્ય પાસેથી ચોથ મેળવી

**શાહજી** ઇ સ ૧૬૭૧ મા મરણ પામ્યો ત્રણ વર્ષ પછી શિવાજીએ મહારાજાનો ખિતાબ ધારણ કરી ભારે આડંબરથી રાયગઢમા પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો ઇ સ ૧૬૭૭ મા પિતાનો

તાંજોર મુલક તેના ભાયાત પાસેથી તેણે જીતી લીધો ઇ સ ૧૬૭૯મા મોગલોએ બિજાપુરને ઘેરો ઘાલ્યો, તેથી ત્યાના રાજાએ શિવાજીની મદદ માગી મોગલોની ગેરહાજરીનો લાભ લઇ તેણે મોગલ પ્રાંતો લૂટવા માડયા આથી તેઓને બિજાપુરનો ઘેરો ઉઠાવી લેવો પડયો. આ આડકતરી મદદથી પ્રસન્ન થઇ બિજાપુરના રાજાએ શિવાજીને તાંજોર અને તેની આજુબાજુના જિલ્લાનો 'રાજા' સ્વીકાર્યો તે પછી શિવાજી ઇ સ ૧૬૮૭ મા ૫૩ વર્ષની વયે મરણ પામ્યો

શિવાજી જો કે એક સાધારણ જાગીરદારનો પુત્ર હતો, તોપણ તેણે બુદ્ધબળ, હિમત, અને ઉદ્યોગથી એક હિંદુ રાજ્ય સ્થાપ્યુ એટલુ જ નહિ, પણ તેણે શાન ખેડુતોને એક ઝનુની અને લડાઇ પ્રિય જાતમા ફેરવી નાખ્યા હિંદુઓએ તેને ચાહ્યો અને તેને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય આપી હતી મહારાષ્ટ્રમાં મુસલમાનોની સત્તા નીચે હિંદુઓ મોટા અમલદારો હતા, તોપણ તેઓ સ્વતંત્ર નહોતા. બિજાપુરમા મુરારિપંત અને ગોવળકોડામા મદનપંત સુલતાનના જમણા હાથ હતા, છતા તેઓ પરતંત્ર હતા મુસલમાન સત્તાથી સ્વતંત્રતા ઇચ્છનાર શાહજી અને શિવાજીજ હતા શાહજી સ્વતંત્રતા પ્રાપ્ત કરવામા નિષ્ફળ નીવડયો, પણ શિવાજી સફળ થયો હતો તેણે પોતાના ટુકા સમયમા મરાઠી પ્રજામા એવો આત્મા મૂકયો કે તેના મરણ પછી પણ તેઓએ મોગલાઇ જેવી મહાન સંસ્થાનને તોડી પાડી સ્વતંત્રતા પ્રાપ્ત કીધી

## ૪૦. બીજો પેશ્વા બાજીરાવ અને મરાઠા રાજ્યની વૃદ્ધિ.

શિવાજીએ પોતાના મોટા પુત્ર **શંભાજીને** તેના ખરાબ આચરણથી પાનાલાના કિલ્લામા કેદ કીધો હતો મરાઠા આગેવાનોને શંભાજીની ચાલ અને શક્તિ વિષે સારા વિચાર નહિ હોવાથી તેઓએ શિવાજીનુ મરણ છાનુ રાખ્યુ હતું પણ તેણે પિતાના મરણના સમાચાર મેળવીને પાનાલા કિલ્લાનો કબજો કરી લીધો તે પછી તેણે પોતાના પક્ષના લોકોને એકઠા કરી રાયગઢ જઇ પિતાની ગાદી લીધી તેણે પોતાની વિરુદ્ધ કાવતરા રચનારાઓને કેદમા પુરી તેમાના ઘણાને મારી નાખ્યા મોગલો સાથેનો કજીઓ ચાલતો હતો છતા તેણે ગોવા અને **જિંજીરા** પર હલ્લો કર્યો પણ તેમા તે નિષ્ફળ નીવડ્યો એવામા **ઔરંગઝેબે** બિજાપુર અને ગોવળકોંડા પાયમાલ કર્યાં, તેથી ન ચેતતા તેણે મોજશોખ અને અદફીલીમા ખજાનો ખાલી કર્યો તેણે ખેડુતો પર ભારે કર મૂક્યો અને તેમ તે નિંદાયો ઇ. સ. ૧૬૮૯મા ઔરંગઝેબે તેનો શિરચ્છેદ કર્યો

**શંભાજીના** મરણ પછી તેનો પુત્ર **શિવાજી** બીજો ગાદીએ બેઠો તે નાની વયનો હતો તેથી તેના કાકો **રાજારામ** કારભાર ચલાવતો ઔરંગઝેબે **જુલ્ફિકારખાન** નામે સરદારને તેની સામે મોકલ્યો એક મરાઠા સરદારે રાયગઢ કિલ્લો મોગલ સરદારને સોંપી દીધો, તેથી શિવાજી બીજો કેદી થયો ઔરંગઝેબે તેને પોતાના દરબારમા રાખ્યો. મોગલોના બંધનરૂપી પાંજરામા રહેવાથી તે પક્ષી જેવો થયો, વળી બચપણમા આરામ ભોગવવાથી તે આળસુ થયો **શિવાજી બીજો શિવાજી અને શંભાજીને 'ચોર' કહેતો તેથી ઔરંગઝેબે તેને શાહુ એટલે પ્રામાણિક એવું નામ આપ્યું હતું.** એ નામથી તે ઇતિહાસમા ઓળખાય છે પાદશાહ તેને ચહાતો તેથી તેણે તેને બે વાર મરાઠા કન્યાઓ સાથે પરણાવી સારી જાગીર આપી હતી મોગલોએ મરાઠાના એક પછી એક કિલ્લા જીત્યા તેથી રાજારામે કર્ણાટકમા જઇ

જિજીને મુખ્ય મથક બનાવ્યુ તેણે રાજાની ગેરહાજરીમા કારભાર કરનાર પ્રતિનિધિની નવી જગા કાઢી

હવે મોગલોએ કોકણના મરાઠી કિલ્લા જીતવા **રામચંદ્રપંતને** મોકલ્યો તેમા તેણે સફળતા મેળવી મરાઠાઓએ જિંજીના ઘેરામા **જુલ્ફિકારખાનને** એવો ફટકો લગાવ્યો કે તેણે રાજારામ પાસે ઘેરો ઉઠાવી વાટીવાન જવા દેવાની વિનતિ કરી આ સમાચાર સાભળી ઔરંગઝેબે એક બળવાન લશ્કર જિંજી તરફ રવાના કર્યું તેમણે ઇ સ ૧૬૯૮ મા તે કિલ્લો જીતી લીધો, તેથી રાજારામ કોકણ ગયો

રાજારામે રામચંદ્રપંતની સૂચનાથી સતારાને રાજધાની કર્યું, પણ તે ક્યાએ ઝાઝો મુક્ત રહેતો નહિ તેણે **ખંડેરાવ દાભાડેને** ગુજરાત અને **પરસોજી ભોસલેને** વરાડમા ચોથ ઉઘરાવવા મોકલ્યા ત્યા તેમણે **વડોદરા** અને **નાગપુરમા** જુદા જુદા રાજ્ય સ્થાપ્યા. ઔરંગઝેબે પોતાના લશ્કરના બે ભાગ કરી એક ભાગ જુલ્ફિકારખાનને સોપી રાજારામ સામે મોકલ્યો, અને પોતે સતારા લઇ કેટલાક કિલ્લા જીતી લીધા રાજારામ સિંહગઢ જતો રહ્યો અને ઇ સ. ૧૭૦૦ મા મરણ પામ્યો

હવે **રાજારામનો** મોટો દીકરો **શિવાજી** ત્રીજો નામ ધારણ કરી ગાદીએ બેઠો તેની મા તેની વતી કારભાર કરતી હતી મરાઠાઓએ ઇ સ ૧૭૦૭ મા થએલા ઔરંગઝેબના મરણ પહેલા પોતાના ઘણાખરા કિલ્લા પાછા મેળવ્યા

સતારા જીત્યા પછી મોગલોએ શાહુને પોતાના તાબામા રહી રાજ્ય કરવા છુટો કર્યો. તે ઇ. સ ૧૭૦૮ મા કેટલાક સરદારોની મદદથી ગાદીએ બેઠો. શિવાજી ત્રીજાની મા તારાબાઇ શાહુની સામે

થઇ, પણ ઇ સ ૧૭૦૬ મા શિવાજી મરણ પામ્યો છતા તેના બીજા પુત્ર શભાજી બીજાને ગાદીએ બેસાડી તેણે શાહુ સાથેની લડાઈ ચાલુ રાખી આખરે શભાજી બીજાએ સહ્યાદ્રિનો ઘણો પ્રદેશ જીતી કોલ્હાપુરમા પોતાની જુદી ગાદી સ્થાપી અને મુલકી વિગ્રહ ચાલુ રાખ્યો

**બાલાજી વિશ્વનાથ** નામના કોકણના એક બ્રાહ્મણે આ વખતે મહેસુલ ઉઘરાવવામા ઘણી બાહોશી બતાવેલી હોવાથી શાહુએ તેને પેશ્વા એટલે મુખ્ય પ્રધાન નીમ્યો મોગલોના ઝનાનામા ઉછરેલા પછી જેવા અને આળસુ **શાહુએ** પેશ્વાને કુલ સત્તા સોપી દીધી પેશ્વાએ દિલ્હી જઇ મોગલ પાદશાહ પાસેથી આખા દખ્ખણમા ચોથ ઉઘરાવવાની પરવાનગી મેળવી ત્યાંથી **સતારા** પાછા આવી તેણે મહેસુલની સારી વ્યવસ્થા કરી તે પોતાની પદવી વશપરપરા ઉતરે એવો બદોબસ્ત કરી ઇ સ ૧૭૨૦ મા મરણ પામ્યો

તેના પછી તેનો પુત્ર **બાજીરાવ પેશ્વા** થયો શાહુએ ઇ સ ૧૭૩૦ મા કોલ્હાપુરને સ્વતત્ર જાહેર કર્યું તેથી મુલ્કી વિગ્રહનો અત આવ્યો ઇ સ ૧૭૪૮મા શાહુના મરણ પછી મરાઠી રાજ્યની સપૂર્ણ સત્તા પેશ્વાના હાથમા આવી બાજીરાવે **શાહુના પૌત્ર રાજારામને** ગાદીએ બેસાડી પોતે તેના નામથી કારભાર ચલાવ્યો નવા રાજાને કાઇજ સત્તા નહોતી સતારાનો કિલ્લો પણ પેશ્વાના સિપાઇઓ સાચવતા હતા

બાલાજી વિશ્વનાથે પેશ્વાઇની સ્થાપના કરી ખરી, પણ જે માણસે પેશ્વા તરીકે પોતાને મરાઠાનો વાસ્તવિક આગેવાન બનાવ્યો, અને જેણે પેશ્વાઇને હિદમા સૌથી બળવાન બનાવી તે બાજીરાવ હતો તે સુદર દેખાવનો, પ્રામાણિક, પ્રખ્યાત અને મુલકી તેમજ લશ્કરી ખાતાનો સારો અનુભવી હતો તેણે મોગલાઇનો નાશ કરવાનો અને હિદુસામ્રાજ્ય સ્થાપવાનો વિચાર કર્યો સેનાપતિ **દાભાડે** અને **પ્રતિનિધિ શ્રીપતિરાવ** તેના મોટા પ્રતિસ્પર્ધી હતા તેઓ બાજીરાવની

સામે થયા **નિઝામે** પણ પોતે **પેશ્વાનો** શત્રુ હોવાથી તેઓને મદદ કરી તેઓ સ્વતન્ત્ર થવાના પોતાના પ્રયત્નમા નિષ્ફળ નીવડ્યા, અને નિઝામે પેશ્વાને ઘણા નાણા આપી સલાહ કરી

**માળવાના** રાજાએ બુન્દેલખંડ પર ચઢાઇ કરી, તેથી તેના રાજાએ **બાજીરાવની** મદદ માગી તેણે તે માગણી સ્વીકારી ત્યા જઇ માળવાના રાજાને હાકી કાઢ્યો વરાડના કાનોજી ભોનસેને વરાડ મોકલ્યો તે ભોસલે કુટુંબનો સમર્થ સરદાર હતો આ પ્રમાણે બાજીરાવે બધા મરાઠી સરદારો પર સર્વોપરિ સત્તા મેળવી અને મોટુ લશ્કર લઇ માળવા પર ચઢાઇ કરી, ત્યા જઇ તેણે મોગલ પાદશાહ મહમદશાહ પર કાગળ લખ્યો કે ગુજરાત અને માળવામા ચોથ ઉઘરાવવાની રજા આપો માળવાના પાદશાહનો સુબો **જયસિહ** હતો, તેણે પાદશાહની સલાહથી તે દેશ પેશ્વાને આપી દીધો

તે પછી પેશ્વાએ બ્રાહ્મણ છતા ચંબલ નદી દિલ્લી સુધી લશ્કર દોર્યું, અને દિલ્હીના દરવાજા સુધી લૂટ કરી સાબિત કર્યું કે પાદશાહ પોતા સામે લડવા સમર્થ નથી દિલ્હીના **ખાનદારાન** અને અયોધ્યાના **સાદતઅલીના** સંયુક્ત લશ્કરોએ મરાઠાઓને થોડી મુદ્દત રોકયા હતા આવી સ્થિતિમા દિલ્હીના પાદશાહે પોતાથી સ્વતન્ત્ર થએલા હૈદ્રાબાદના નિઝામ **અસફજાહને** પોતાનુ પ્રધાનપદ સ્વીકારવા કાગળ લખ્યો, તેને દખ્ખણ ઉપરાત માળવા અને ગુજરાતનો સુબો ઠરાવવામા આવ્યો પાદશાહે બીજા નાના નાના સરદારોને નિઝામની સાથે જોડાવા હુકમ કર્યો નિઝામે ભોપાળ પાસે છાવણી કરી. બાજીરાવે તેને ૮૦,૦૦૦ ઘોડેસવારથી ઘેરી લશ્કરની કતલ કરી લડાઇમા ઉપયોગી જાનવરોને લૂટી લીધા આખરે કાયર થઇ નિઝામે બાજીરાવને માળવાનો સુબો નીમ્યો, અને નર્મદા તથા ચંબલની વચ્ચેના પ્રાન્તો તેને સોંપી દીધા, ઉપરાત મોગલોની તિજોરીમાથી ૫૦ લાખ રૂપીઆ અપાવવા વચન આપ્યુ ઇ સ ૧૭૩૮.

પેશ્વાએ રજપૂતોના મુલકો પણ તાબે કરી તેમની પાસેથી ચોથ મેળવી આજ વખતે રાઘોજી ભોંસલેએ બંગાળા અને ઓડીઆમા ધાડ પાડી પેશ્વાએ નિરાધાર બની તેમને ગુજરાત અને માળવામા ચોથ ઉઘરાવવાની પરવાનગી આપી

બીજે વર્ષે **નાદિરશાહે** દિલ્હીને પાયમાલ કર્યું, તેની અવ્યવસ્થાનો લાભ લઇ બાજીરાવ અને તેના ભાઇએ **પોર્ટુગીઝના વસાઈ** અને **સાલ્સેટ** ટાપુઓ જીતી લીધા નિઝામે આપેલા પ્રાંતો તેણે **રાઘોજી ભોંસલે** અને **મલ્હારરાવ** હોલકરને વહેચી આપ્યા **બાજીરાવના વખતમાં પૂનામાં પેશ્વાનું, ગુજરાતમાં ગાયકવાડનુ, ગ્વાલીઅરમાં સિંધીઆનુ, ઇંદોરમા હોલકરનુ અને વરાડમા ભોસલેનુ એમ પાંચ મરાઠા રાજ્યો હતાં.** આમ મરાઠી રાજ્યની વૃદ્ધિ કરી બાજીરાવ ઇ સ ૧૭૪૦ મા મરણ પામ્યો

બાજીરાવ પોતે એક બહાદુર લડવયો હતો તેનામા રાજ્ય ચલાવવાની હોશિયારી ઘણી હતી મોગલાઇની પડતી જોઇ તેણે વિચાર કર્યો હતો કે, " આપણે સડેલા થડનેજ તોડી પાડો એટલે ડાળીઓ આપોઆપ તૂટી પડશે " એ વિચાર તેણે પોતાના બાહુબળ અને બુદ્ધિબળથી પાર પાડયો તેણે કેટલુક રાજ્ય મરાઠા સરદારોની વચ્ચે વહેંચ્યુ છતા તેઓનો સપ ટકાવી રાખી મરાઠી રાજ્યની વૃદ્ધિ કરી, તે પરથી જણાય છે કે તે ઉચ્ચ રાજનીતિજ્ઞ હતો. તેનો વિચાર મરાઠાઓને સર્વોપરિ બનાવવાનો હતો સર્વ પેશ્વામા તે શ્રેષ્ઠ ગણાય છે.

## ૪૧. ત્રીજો પેશ્વા બાલાજી બાજીરાવ અને પાણીપતનું ત્રીજું યુદ્ધ.



બાલાજી બાજીરાવ

બાજીરાવના મરણ પછી તેનો પુત્ર **બાલાજી બાજીરાવ** ઇ સ. ૧૭૪૦ના ઓગસ્ટમા પેશ્વા થયો તે અતિશય આબાદ પેશ્વા હતો તેણે ઇ સ ૧૭૪૦ મા **શાહુ** પાસેથી નર્મદાની ઉત્તરના તમામ પ્રદેશ પાસેથી ચોથ ઉઘરાવવાની રજા મેળવી, રાઘોજી ભોસલેના દિવાન **ભાસ્કર પંડિતે** બગાળાના સુબેદાર **અલીવર્દીખાનને** હરાવીને રાા કરોડ રૂપિઆ મેળવ્યા મોગલ પાદશાહે બગાળાને બચાવવા બાલાજી બાજીરાને કાલાવાલા કય તેથી તેનો બચાવ થયો પાછા ફરતી વખતે પાદશાહે ભોસલેને સુબેદારી આપી **દામાજી ગાયકવાડ** અને **રાઘોજી ભોંસલેને** દાબમા રાખી પેશ્વાએ તેમને મોગલ પ્રાતોમાથી ચોથ ઉઘરાવવા મોકલ્યા, અને **શાહુ** પાસે બીજા મરાઠા સરદારો કરતા પોતાની વધુ મોટાઇની સાક્ષી અપાવી, આથી મરાઠા સરદારો કબજે રહ્યા મરાઠાઓ દિલ્હીમા આવે નહિ એ શરતે મોગલાઇ પાદશાહે બાલાજી બાજીરાવને આખા હિંદમા **ચોથ** ઉઘરાવવાની પરવાનગી આપી હતી તે પરથી પેશ્વા પાદશાહ તરફથી નીમાયો છે એવા વિચારથી બધા તેનાથી ડરવા લાગ્યા પોતે વાસ્તવિક રીતે રાજાનો પુત્ર હોવાથી બધાએ તેને માન આપ્યુ

ઇ સ ૧૭૪૮ મા **શાહુ** મરણ પામ્યો, ત્યારે કેટલાક સરદારોએ

સતારાની ગાદી માટે વાંધો લીધો, તેથી બાલાજી બાજીરાવે પોતાની ગાદી પૂનામાં રાખી સતારામાંના શાહુના વારસ રામરાજાના અને તેના કુટુંબના પોષણને માટે પેશ્વાએ બધી વ્યવસ્થા કરી હતી પેશ્વા **જે કાંઇ કરે તે બધું પોતાના કાયદા તરીકે સ્વીકારવા રામ-રાજાએ બાલાજી બાજીરાવને કબુલાત આપી હતી.**

પેશ્વાએ જુદા જુદા મરાઠા સરદારો સાથે મતભેદકારક મનાઇ રાખી હતી, માત્ર દામાજી ગાયકવાડને અસંતોષ હોવાથી તેની સાથે સલાહ કરવામાં આવી આ પછી પેશ્વાના ભાઇ અને સેનાપતિ **રાઘોબા** અને ગાયકવાડનું સંયુક્ત લશ્કર ગુજરાતમાંનો મોગલ પ્રાંત જીતવા નીકળ્યું, તેમણે ઇ. સ. ૧૭૫૫માં રાજધાનીનું શહેર **અમદાવાદ** જીતી લીધું

ઇ. સ. ૧૭૪૮માં હૈદરાબાદનો નિઝામ મરણ પામ્યો, તેથી તેના મોટા પુત્ર **ગાઝીઉદ્દીન** અને બીજા પુત્ર **નાઝીરજંગ** વચ્ચે દખ્ખણની સુબાગીરી માટે કજીઓ થયો આ ઝગડાનો લાભ લઇ પેશ્વાએ ગાઝીઉદ્દી-નનો પક્ષ લઇ **સદાશિવરાવને** તેની મદદે મોકલ્યો રાઘોજી ભોસલેએ પણ આ અવ્યવસ્થાનો લાભ લઇ **ગ્વાલીગઢ, નાર્નલ** અને **માણીકદુર્ગ** જીતી લીધા એટલામાં ગાઝીઉદ્દીનનું ખૂન થયું, પણ પેશ્વાએ પોતાને મદદને પેટે તેના તરફથી મળેલા **વરાડના** પ્રાંતો દખ્ખણના સુબેદારને પાછા આપ્યા નહિ એટલામાં નિઝામના એક સરદારે અહમદનગરનો **કિલ્લો સદાશિવને** ઇ. સ. ૧૭૫૯ મા સોંપી દીધો આથી પેશ્વા અને દખ્ખણના સુબેદાર વચ્ચે વિગ્રહ સળગ્યો, પરંતુ સુબેદારે પોતે લડાઇ માટે તૈયાર નહિ હોવાથી ૬૨ લાખ રૂપીઆની આવકના દોલતાબાદ, બિજાપુર અને આશીરગઢ જિલ્લાઓ સોંપી મરાઠા સાથે સલાહ કરી

આ અરસામાં **રાઘોબાએ** લશ્કર લઇ પંજાબમાં જઇ અફઘાનોને **હરાવી લાહોરમાં** પોતાનો સુબો નીમ્યો રાઘોબા અટકથી મહિમા

સાથે પાછો આવ્યો, પણ તેણે દેશને ૮૦ લાખ રૂપીઆના દેવામાં નાખ્યો આથી બાલાજીબાજીરાવે ગણેશને દિવાન નીમ્યો અને સદાશિવરાવને સેનાપતિ તરીકે ઉત્તરમા મોકલ્યો.

બાલાજીબાજીરાવના વખતમા મરાઠાના જુદા જુદા રાજ્યો વૃદ્ધિ પામી અતિ બળવાન થયા હોલકરે પણ, બુંદેલખંડ જીત્યું હતું. મરાઠાઓની જીતોથી તેમની કીર્તિ ચોમેર ફેલાઈ હતી આ વખતે મરાઠી રાજ્યની પૂર્ણ કળા જોઈને સર્વને એમજ લાગતું હતું કે મોગલ સામ્રાજ્યનો નાશ કરી મરાઠીઓ હિંદુ સામ્રાજ્ય સ્થાપશે; પરંતુ ચડતી પાછળ પડતી આવે છે એવો સૃષ્ટિનો ક્રમ છે, તે મુજબ એક અણધાર્યો બનાવ બન્યો, જેથી મરાઠા રાજ્ય લગભગ તૂટી ગયું, અને તેની સત્તા સ્વપ્નાની માફક પડી ભાગી

**અહમદશાહ અબદલી** નામે પાદશાહ **અફઘાનિસ્તાનમાં** રાજ્ય કરતો હતો તે **દુરાની** ટોળીનો હોવાથી **અહમદશાહ દુરાની** નામથી પણ ઓળખાતો તે **નાદિરશાહ** સાથે હિંદમા આવેલો હોવાથી દેશની જાહોજલાલી વિષે જાણીતો હતો મોગલ રાજ્યની પડતીનો લાભ લેવા તે સિંધુ ઓળંગી **પંજાબ** પર ચડી આવ્યો, પણ ત્યાના સુબાએ ખંડણી આપવાની કબુલાત આપવાથી તે પાછો ગયો થોડા વખત પછી ફરીથી આવી પંજાબ જીતી ત્યા પોતાના પુત્રને મૂકતો ગયો, પરંતુ તેની ગેરહાજરીનો લાભ લઈ મોગલ પ્રધાન ઘાઝીઉદ્દીને મરાઠાની મદદ થી તેને હાંકી કાઢ્યો

આ સમાચાર સાંભળી **અહમદશાહ** બળવાન લશ્કર લઈ કાબુલથી ઉતરી આવ્યો હિંદમા મરાઠી સામ્રાજ્ય સ્થાપવાની અભિલાષાથી મરાઠાઓ અફઘાનોની સામે લડવા તૈયાર થયા **રજપૂતો, જાટ, પિંઢારા, હોલકર, સિંધીઆ ગાયકવાડ અને બીજા મરાઠા કુટુંબો પેશ્વાની મદદે આવ્યાં. રોહીલા અને બીજા મુસલમાની કોમો અબદલીના પક્ષમાં ભળી.**

મરાઠાના લશ્કરમા ૫૫,૦૦૦ ઘોડેસવાર, ૧૫,૦૦૦ પાયદળ, તથા ૨૦૦ તોપો હતી તેમા ઉત્તર તરફ જતા ઘણા માણસો ઉમેરાવાથી એક લાખની સખ્યા થઈ હતી તે કરતા બમણા માણસો મદદ કરનાર હતા મગાઠાઓનુ લશ્કર તથા તેમની છાવણી વ્યવસ્થિત હતા લશ્કરના મુખ્ય સરદારો પેશ્વાનો પિત્રાઈ ભાઈ સદાશિવ ભાઉ અને પુત્ર વિશ્વાસરાવ હતા તેમણે દિલ્હી જઈ ખાઈઓ ખોદાવી લડાઈની તૈયારી કરી તેઓ ધારતા હતા કે અફઘાનો ભૂખે મરી ઘેરો ઉઠાવી ચાલ્યા જશે

અફઘાન લશ્કરમા ૪૨,૦૦૦ ઘોડેસવાર ૮૦,૦૦૦ પાયદળ અને ૮૦ તોપો હતી. અહમદશાહે મરાઠી હયદળને કાપી મરાઠા સૈન્યમા ભગાણ પાડયુ આથી વિશ્વાસરાવે સરદારોને બોલાવી મરવુ કે જીતવુ એવો નિશ્ચય કર્યો અહમદશાહ તૈયાર હતો પોતાના બીકણ સૈનિકોને તેણે કહ્યુ કે "તમે સુખેથી સુઈ જાઓ, હુ તમારૂ રક્ષણ કરીશ" તેણે ઘોડેસવાર થઈ લશ્કર દોર્યુ, પણ મરાઠાઓએ અફઘાનોની ડાબી પાખ તોડી તેમને પાછા હઠાવ્યા, તેથી તેઓ પોતાની છાવણીમા પાછા ગયા તે પછી અફઘાનોના લશ્કરમા અયોધ્યાનો નવાબ શુજાઉદ્દૌલા જોડાયો તેથી બાજી બદલાઇ ગઇ. બે મહીના ગહ જોઇ ઇ સ ૧૭૬૧ ના એપ્રિલની સાતમી તારીખે પ્રભાતે ભયકર વિગ્રહ શરૂ થયો ઉત્તરના પહાડી અને થડા પ્રદેશના બળવાન અફઘાનો સામે મરાઠાઓ ટકી શક્યા નહિ, બપોરે બે વાગે વિશ્વાસરાવ લડતા લડતા પડયો, અને મરાઠી સૈન્ય નિરાશ થઇ અવ્યવસ્થિત થતા હારી ગયુ તે દિવસે મરાઠી સામ્રાજ્ય સ્થાપવાના ભગીરથ પ્રયત્નમા લગભગ બે લાખ હિંદુઓએ પાણિપતના ક્ષેત્રમા લોહી વહેવડાવ્યુ

સદાશિવ ભાઉ, વિશ્વાસરાવ, અને અન્ય અનેક સરદારો ર-

ણુમા પડયા પેશ્વા જાતે વધુ સૈન્ય સાથે દખ્ખણુથી મદદ માટે ઉત્તરમા આવતો હતો એટલામા તેને રસ્તામા લડાઇની ખબર લઇ જતો દૂત મળ્યો, એક શાહુકારે પત્રમા લખ્યુ હતુ કે, **“બે મોતી ભુંદી નંખાયાં છે; સત્તાવીસ મહોરો ગુમાવી છે, અને ખોએલા રૂપા તથા તાંબાના સિક્કાની સખ્યા થઇ શકી નથી.”** પેશ્વા આ અતિ દુખદ સમાચાર સાભળી શોક અને શરમમા પૂના તરફ પાછો ફર્યો, અને ગમગીનીમા ગરક થઇ થોડાજ મામમા મરણને શરણ થયો

લડાઇમા વિજય મેળવી **અહમદશાહ અબ્દલી** હિદમા રહ્યો નહિ, પણ મોગલ પાદશાહ **શાહઆલમ** બીજાને ગાદી આપી પોતાના દેશમા ચાલ્યો ગયો, અને પછી પાછો આવ્યો નહિ

વિગ્રહ પહેલા મરાઠાઓ **તાંજોરથી** પંજાબ સુધીના આખા હિદમા ફરી ચોથ ઉઘરાવતા હતા વિગ્રહથી તેમના બળને જબરો ફટકો લાગ્યો આમ થવાથી પેશ્વાની વૃદ્ધિ થતી અટકી, અને પેશ્વાની સત્તા ઘણી કમી થઈ ગઇ તેનો લાભ લઈ બીજા મરાઠી રાજ્યો સ્વતત્રપણે વર્તવા લાગ્યા, તેઓ કુસપથી માહોમાહે લઢી નબળા પડવા લાગ્યા, એમ મરાઠાઓ ઘણા વર્ષો સુધી ચબલ નદી ઓળગી આગળ જઇ શક્યા નહિ.

## ૪૨. ચોથો પેશ્વા માધવરાવ અને નાના ફડનવીસ.

### મરાઠી રાજ્યની પુનઃ ચઢતી અને પડતી.

**બાલાજી બાજીરાવના** મરણ પછી તેના બે દીકરા **માધવરાવ** અને **નારાયણરાવમાંથી** માધવરાવ ૧૭ વર્ષની વયે પેશ્વા થયો તે કાચી વયનો હોવાથી તેનો કાકો **રઘુનાથરાવ કે રાઘોબા** તેની વતી

કારભાર કરતો હતો આ વખતે મરાઠાઓના કુસંપ અને પડતીનો લાભ લઇ નિઝામે **પૂના** લૂંટ્યું આથી જુવાન પેશ્વાએ કુસંપ દૂર કરી બહાદુરી બતાવી નિઝામને હરાવ્યો મ્હૈસુરના **હૈદરઅલીએ** પૂના પર ચઢાઇ કરી તેને ઇ સ ૧૭૬૪મા હરાવી તેની પાસેથી ૩૨ લાખ રૂપીઆ લીધા

**રામશાસ્ત્રી** નામના શિક્ષક તરફથી **માધવરાવને** ઉંચા પ્રકારનુ ધાર્મિક અને રાજકારી શિક્ષણ મળેલુ હોવાથી તેણે બહાદુરીથી કારભાર કરી હાથમાથી ગએલુ મરાઠી રાજ્ય પાછુ ઠેકાણે આણ્યુ તેના વખતમા **રામશાસ્ત્રી** ન્યાયાધીશ, **ત્ર્યંબકમામા** અને **હરિપંત** **સરદારો** તથા **સખારામભાઉ** તથા **નાના ફડનવીસ** તેના ઉત્તમ કારભારીઓ હતા

**બાલાજી જનાર્દન ભાનુ** ઉર્ફે **નાના ફડનવીસ** ઇ સ ૧૭૪૧ મા જન્મ્યો હતો ૨૦ વર્ષની વયે તે **સદાશિવરાવ** ભાઉના સૈન્ય સાથે **પાણિપતની** લડાઇમા ગએલો અને મરતા મરતા મહા મુશ્કેલીએ બચ્યો હતો ઇ સ ૧૭૬૩ મા માધવરાવે તેના કાકા **રઘુનાથરાવના** હાથમાથી રાજ્યસત્તા લઇ નાનાને સોપી

પેશ્વાની નગીર વયને લીધે મરાઠા સરદારોએ સ્વતંત્ર થવા ઇચ્છ્યુ, પણ તેણે નાના ફડનવીસની મદદથી તેઓના આગેવાન **જાનોજી ભોંસલેને** હરાવી વશ કર્યો રઘુનાથરાવે પોતાની પત્ની **આનંદીબાઇના** સમજાવવાથી અર્ધુ રાજ્ય માગ્યુ, પણ તેને વશ કરવામા આવ્યો **રાણોજીનો** પુત્ર **જ કોજી સિંધીઆ પાણિપતના** યુદ્ધમા મરવાથી **મહાદજી સિંધીઆને** ગાદી આપી ઇ સ ૧૭૬૬મા **મલ્હારરાવ હોલ્કર** મરણ પામ્યો તેથી **અહલ્યાબાઇએ તુકાજીની** મદદથી ઇદોરનો કારભાર ચલાવવા માડ્યો

હવે બધા મરાઠા સરદારોએ સપ કરી **વિસાજી કૃષ્ણને સૈન્ય**

આપી ઇ સ ૧૭૬૯મા ઉત્તરમા મોકલ્યો, અને પેશ્વાએ સિંધીઆ તથા હોલકરને તેની મદદે જવા હુકમ કર્યો તેમણે રજપૂત અને જાટ લોકો પાસેથી ખડણી લીધી, અને રોહીલાને વશ કર્યા ઇ. સ. ૧૭૭૧મા દિલ્હી અને આગ્રા જીતી લઇ શાહઆલમને પોતાના કબજામા લીધો દરમિઆન માધવરાવે હૈદરને દક્ષિણમા હરાવ્યો. આમ પેશ્વાઇને ફરીથી સજીવન કરી માધવરાવ ઇ સં ૧૭૭૨મા અકાળ મરણ પામ્યો

**માધવરાવના** મરણ પછી તેનો ભાઇ **નારાયણરાવ** પેશ્વા થયો. માધવરાવે મરણ વખતે **રાઘોબાને** બોલાવી પોતાના ભાઇને સોપ્યો હતો, પણ તે ઝાઝી મુદત રાજ્ય કરી શક્યો નહિ થોડા માસ પછી **આન** દીબાઇના સમજાવવાથી **નારાયણ**રાવનુ ખૂન થયુ અને **રાઘોબા** પેશ્વા થયો તેણે હૈદરાબાદના નિઝામઅલીની સાથે સલાહ કરી તેના આવા કાર્યોથી કટાળી રામશાસ્ત્રીએ રાજીનામું આપ્યુ એટલામા નારાયણરાવની સગર્ભા વિધવા ગંગાબાઇએ ઈ સ ૧૭૭૪ના એપ્રિલમા **સવાઈ માધવરાવ** નામના બાળકને જન્મ આપ્યો આથી મરાઠાઓમા **સવાઇ માધવરાવનો** અને **રાઘોબાનો** એમ બે પક્ષ પડયા. નાના ફડનવીસ, સખારામભાપુ, અને બીજા જુના નોકરોએ બાળકનો પક્ષ લઇ તેના નામે કારભાર કરવા માડ્યો નાના ફડનવીસે કુલ સત્તા પોતાના હાથમા લીધી, અને રાઘોબા સાથે લડવામા જે જે મુશીબતો વેઠવી પડી તે બધી તેણે પોતાના બુદ્ધિબળથી દૂર કીધી. સિંધીઆએ તેનુ રક્ષણ કર્યું

**રાઘોબાએ** મુબાઇના ગવર્નરની મદદ માગી, અને તે બદલ મુંબાઇ પાસેના વસાઇ અને સાલસેટ ટાપુઓ આપવાનુ વચન આપ્યુ. **નાનાફડનવીસે** પણ તેજ શરતે કલકત્તાના ગવર્નરની મદદ માગી તે અને તેનો કાકો મુશામા પૂનામાં આગેવાન હતા, પણ કઈ કારણસર તેના કાકાએ નારાજ થઇ રાઘોબાને ગાદીએ લાવવા ફરીથી મુબા-

ઇના ગવર્નરની મદદ માગી મુબઇનુ લશ્કર રાઘોબાને લઇ પૂના જવા નીકળ્યુ તે પશ્ચિમઘાટમા આવેલા તુલીગ્રામ આગળ ઇ સ ૧૭૭૬ના જાન્યુઆરીની ૯ મી તારીખે હાર્યું, તેથી વારગામ મુકામે કરાર કરી પાછુ ફર્યું મુબાઇ સરકારે ફરીથી તૈયારી કરી ગ્વાલીઅર અને અમદાવાદ જીતી કોકણનો મોટો ભાગ જીતી લીધો છેવટે ઇ. સ. ૧૭૮૨મા સાલબાઈ મુકામે સલાહ થવાથી રાઘોબાને ૩ લાખનુ વર્ષાસન બાધી આપવામા આવ્યુ, અને સવાઇ માધવરાવને પેશ્વા તરીકે મ જુર રાખવામા આવ્યો

**મહાદજી સિંધી**આ પેશ્વાથી સ્વતત્ર થવા માગતો હતો તેને પેશ્વાની આણ માનતો કરવા નાનાફડનવીસ ઘણુ મથતો હતો અ તે ઈ સ ૧૮૮૭મા મહાદજી ઉત્તરમા હાર ખાઇ પોતાની મેળે નાનાને નમ્યો અને તેણે લખ્યુ કે " મારો વહેમ રાખશો નહિ, આપણે બને એક ધણીના નોકર છીએ અને મને તમારી મદદની જરૂર છે" આ નાનાફડનવીસની મોટી ફતેહ કહેવાય

નાનાફડનવીસના વખતનો છેલ્લો મોટો બનાવ નિઝામ પર મેળવેલા **ખરડાના** વિજયનો હતો આ વખતે સિધીઆનુ લશ્કર પૂનામા હતું પેશ્વાના હુકમને માન આપી **હોલકર** અને ભોસલે મહાન સૈન્ય સાથે આવી પહોચ્યા, અને ગાયકવાડે મોટુ લશ્કર મોકલ્યુ હતું તે પછી નાનાફડનવીસે **નિઝામઅલી** પાસે ચોથની માગણી કરી. તેનો જવાબ સતોષકારક નહિ જણાયાથી ઈ સ ૧૭૯૫મા **કુર્દલા** આગળ લડાઈ થઈ. થોડો વખત લડી નિઝામ તરતજ રણક્ષેત્રમાથી જતો રહ્યો તેનુ લશ્કર વિખરાયુ અને મરાઠાઓને ઘણી સહેલાઇથી જય મળ્યો નિઝામે ૩ કરોડ રૂપીઆ અને અર્ધું રાજ્ય આપવા કબુલ કર્યું જીત મેળવ્યા પછી સવાઇ માધવરાવે ટીકા કરી કે " **આ નજીવી મહેનતે આપણે જીત્યા તેમાં આટલી બધી પતરાજી શાની! આપણી સ્થિતિ જોઈ મને તો અફસોસ થાય**

છે." આ બનાવ મરાઠી ઇતિહાસમા નોધી રાખવા લાયક છે, કારણ કે આ વખતે બધા મરાઠા સરદારો નાનાફડનવીસના હુકમને માન આપી પોતપોતાની ટુકડીઓ સાથે જેટલી સખ્યામા હાજર થયા હતા તેટલી સખ્યામા પછી કોઈ પણ દિવસ એકઠા થયા નથી નાનાફડનવીસ હવે હિદમા સૌથી વધારે બળવાન થયો

**સવાઇ માધવરાવ** નાનાફડનવીસ અને બ્રાહ્મણોના દાબથી કટાળી ઇ સ ૧૭૯૫ના અકટોબરની ૨૫મી તારીખે મહેલની અગાસીમાથી પડતુ મૂકી આપઘાત કરી મરણ પામ્યો

## ૪૩. નાનાફડનવીસ અને છેલ્લો પેશ્વા બાજીરાવ બીજો.

### પેશ્વાઇનો અંત.

**કુર્દલાની** લડાઇ પછી મરાઠાઓમા ભારે કુસપ થયો હતો. એ ત્રણ વર્ષ સુધી તેઓ માહોમાહે લડ્યા, પણ કુસપ દૂર થયો નહિ, **માધવરાવના** મરણ પછી રાઘોબાનો પુત્ર **બાજીરાવ બીજો** પેશ્વા થયો. આ વખતે અંગ્રેજોએ હિદના રાજાઓને માહોમાહે લડતા અટકાવવા અને પરદેશી હુમલાથી તેમનુ રક્ષણ કરવા એક મોટુ લશ્કર તૈયાર કર્યું તેમણે બીજા પરદેશી માણસોને પોતાના મુલકમાથી કાઢી મૂકી પોતાના રક્ષણ માટે અગ્રેજી લશ્કર ગખી તેનો પગાર આપવાનુ દરેક દેશી રાજ્યને કહ્યુ ગવર્નર જનરલ **વેલેસ્લીની** આ યોજના "**સહાયકારી લશ્કરની યોજનાને**" નામે પ્રખ્યાત છે

ગવર્નરે પેશ્વાને '**સહાયકારી લશ્કર**' રાખવાનુ કહ્યું પણ નાનાફડનવીસે તે માગણી સ્વીકારવા દીધી નહિ ઇ સ ૧૭૯૯મા મરાઠાઓએ અંગ્રેજો સાથે લડવા તૈયારી કરી એવામા નાનાફડનવીસ

મરણ પામ્યો. જે શાક્તથી તેણે ૩૦ વર્ષ સુધી મરાઠાઓનો કારભાર ચલાવ્યો, તે અજાયબ જેવી હતી તે જીવ્યો ત્યા સુધી તેણે પેશ્વાઇને ડોલવા દીધી નહિ બાજીરાવ બીજા વિષે તેનો અભિપ્રાય સારો નહોતો તે કહેતો હતો કે " જો તે પેશ્વા તરીકે કાયમ રહેશે, તો મરાઠી રાજ્યનો વિનાશ થઇ જશે "

મરાઠા સરદારોનો કુસપ તોડવા તેણે અથાગ પ્રયત્ન કર્યો, પણ તેના મરણ સુધી તે તૂટી શક્યો નહિ તેના મરણ પછી પેશ્વા અને સિધીઆ નાનાની મિલ્કત માટે લડયા પેશ્વાની નબળાઇનો લાભ લઇ બીજા મરાઠા સરદારો સ્વતત્ર થવા લાગ્યા આખરે **સિંધીઆની** ઘણી બીકને લીધે **બાજીરાવે વસાઇના** કરારથી અગ્રેજોની **સહાયકારી લશ્કરની યોજના** સ્વીકારી પોતાની મરજી વિરૂદ્ધ પેશ્વાએ અગ્રેજો સાથે કરાર કર્યા તેથી હોલકર અને સિધીઆ નારાજ થયા, અને તેમણે લડાઇની તૈયારી કરી થોડા વખત પછી બાજીરાવે તેમની સાથે છુપી મસલત કરી અગ્રેજોથી સ્વતત્ર થવા ઇચ્છયુ તેણે ઇ સ ૧૮૧૭મા પૂનાની પાસે **ખડકીમા** રહેતા અગ્રેજ રેસિડેન્ટ **મિ. એલ્ફીન્સ્ટન** પર હુમલો કર્યો, પણ તેના સૈન્યને સખત હાર ખાવી પડી આ પ્રમાણે બાજીરાવ કરાર તોડતો હોવાથી તે ભરોસા લાયક જણાયો નહિ તેથી તેને વર્ષાસન બાધી આપી **બિઠુરના** કિલ્લામા નજરકેદ રાખ્યો આ પ્રમાણે અગ્રેજોએ ઇ સ ૧૮૧૮ મા પેશ્વાનો ભાગ ખાલસા કરી સતારાના શિવાજીના વશજને સ્વતત્ર બનાવ્યો તેનો છેલ્લો રાજા ઇ સ ૧૮૪૮ મા વારસ વગરનો મરણ પામવાથી બ્રિટિશોએ સતારાનુ રાજ્ય ખાલસા કર્યું **બાજીરાવના દત્તક પુત્ર નાનાસાહેબે** ઇ સ ૧૮૫૭ ના બળવામા ભાગ લીધો તે પછી તે મરણ પામ્યો, એમ પેશ્વાના વશજોનો પણ અત આવ્યો, પરતુ **શિવાજીના વશજો હજુ પણ કોલ્હાપુરમા રાજ્ય ભોગવે છે.**

## ૪૪. સિંધીઆનું કુટુંબ. મહાદજી સિંધીઆ.

**સિંધીઆ** કુટુંબનો સ્થાપનાર રાણોજી હતો પ્રથમ તે **બાલાજી વિશ્વનાથની** નોકરીમાં એક હલકા હજુરીઆ તરીકે દાખલ થયો. અને ધીમે ધીમે પોતાની હોશિયારી અને બુદ્ધિથી ઉંચી પદ્વીએ પહોચ્યો છેવટે **ગ્વાલિયરમાં** સ્વતંત્ર રાજ્ય સ્થાપી તે ઇ. સ. ૧૭૫૦ મા મરણ પામ્યો

**રાણોજીના** કુટુંબમાથી **મહાદજી સિંધીઆ** ઉતરી આવેલો હતો તે ઘણો બહાદુર, ડાહ્યો અને ખુશમિજાજી હતો

નારાયણરાવ પેશ્વાના ખૂન થયા પછી પેશ્વાના પદને માટે ચાલેલી તકરાર વખતે તેણે અગ્રેજોની સામે પોતાની કુશળતા બતાવી હતી, અને **સાલ્બાઇની** સલાહથી તેને ભરૂચ મળ્યું હતું તે પછી તેણે રજપૂતો પાસેથી ખંડણી લીધી

શાહઆલમ પાદશાહે ઉત્તરના રાજકર્ત્તાઓના કુસંપનો લાભ લઈ પોતાના પ્રધાન નજફખાનની મદદથી ખોએલા દિલ્હી અને આગ્રા પ્રાંતો ફરીથી કબજે કર્યાં

ઇ સ ૧૭૮૨ મા નજફખાન મરણ પામ્યો, અને તેનો પુત્ર અફ્રાસિઆબખાન પોતાનું રક્ષણ કરવા માટે અશક્ત હતો તેથી તેણે સિંધીઆની મદદ લીધી તે થોડા વખતમા મરણ પામ્યો, અને મહાદજી સિંધિઆ સહેલાઇથી દિલ્હીનો ધણી થયો આમ શાહઆલમ પાદશાહ સિંધિઆના કબજામા આવ્યો પાદશાહે પેશ્વાને વકીલે મુતાલિક એટલે રાજ્ય પ્રતિનિધિનો ઇલકાબ આપ્યો. સિંધીઆ પેશ્વાના ડેપ્યુટી તરીકે દિલ્હીમા રહ્યો, અને પાદશાહે તેને આગ્રા તથા દિલ્હીનો સુબેદાર ઠરાવ્યો

જ્યારે ઇ. સ. ૧૭૯૦ મા બ્રિટિશ, નિઝામ, અને મરાઠાનું

સયુક્ત લશ્કર **ટીપુ** સામે લડ્યુ, અને તે પછી મહારાષ્ટ્રમા નાના-ફડનવીસનુ જોર વધ્યુ, તે અરસામા મહાદજી પૂના આવ્યો

તેનો બાહ્ય હેતુ પાદશાહે પેશ્વાને આપેલા " **વકીલે મુતા-લિક** " નો ઇલ્કાબ આપવાનો હતો, પણ ખરો હેતુ નાનાફડનવીસ અને બ્રાહ્મણોની સત્તાનો નાશ કરવાનો હતો પેશ્વાએ દરબાર ભરી મહાદજીને દિલ્હીના વ શપરપરાના પ્રતિનિધિ તરીકે ઠરાવ્યો

**મહાદજીની** હાજરી દ મિયાન પેશ્વા સવાઇ માધવરાવ ધીમે ધીમે છૂટ મેળવતો હતો, સિ ધીઆના સેનાપતિએ ઉત્તરમા હોલકર પર જીત મેળવવાથી પૂનામા તેની સત્તા બળવત્તર થઇ, પણ એટલામા ઇ સ ૧૭૯૪ મા મહાદજી મરણ પામ્યો

મહાદજીના મરણ પછી તેનો ભત્રીજો **દોલતરાવ** સિ ધીઆ ગાદીએ બેઠો, નાનાફડનવીસના મરણ પછી તે પેશ્વા સામે લડયો અને તેને કબજે કર્યો એટલામા તેને **હોલકર** સાથે લડવુ પડ્યુ **યશવંતરાવ હોલકરે** પોતાના પ્રાતો લૂટ્યા, એ સમાચાર સાભળી સિ ધીઆ પોતાની રાજધાની **ઉજ્જનમાં** ગયો, પર તુ તે પહોચ્યો તે પહેલા હોલકર દક્ષિણમા જતો રહ્યો હોલકરને હરાવી સિ ધીઆ ઉત્તરમા આવ્યો એટલામા પેશ્વાએ અગ્રેજો સાથે સલાહ કરી હતી અગ્રેજોએ સિંધીઆને પણ સહાયકારી લશ્કરની યોજના સ્વીકારવાની ફરજ પાડી તેથી તેણે અગ્રેજો સાથે લડાઇ જોડી આખરે સિ ધીઆએ અગ્રેજોની માગણી સ્વીકારી ઇ સ ૧૮૧૭ મા સલાહ કરી

અત્યારે **ગ્વાલિઅરમા** મહારાજા **માધુરાવ** ગાદીએ બિરાજે છે તેઓ બ્રિટિશ સરકારના આશ્રય તળે પોતાનુ રાજ્ય ચલાવે છે, અને પ્રજાના તથા લોકકલ્યાણના હિતમા સાદુ જીવન ગાળે છે થોડા વખત ઉપર થઈ ગએલા **યુરોપીયન વિગ્રહમાં** તેમણે ઘણી સારી સેવા બજાવી હતી. તેઓ વિદ્યાવિનોદી છે, તેમની કદર જાણી કેમ્બ્રિ-

જ યુનિવર્સિટીએ એલ. એલ ડી ની માનવતી ડીગ્રી તેમને બક્ષી છે. પોતાના રાજ્યનો કારભાર "મિજલિસે ખાસ" નામની કૌસિલના પાચ સભાસદોની મદદથી તેઓ ઘણી ઉત્તમ પ્રકારે ચલાવે છે;

તેમના રાજ્યમા ઔદ્યોગિક પ્રગતિ ઘણી માલમ પડે છે ઠામ ઠામ રૂ કાતવાના કારખાના દેખાય છે અને કેટલેક સ્થળે લુગડા વણવાની મીલોમા સારૂ કામ કરવામા આવે છે, ચદેરીમા ઘણા ઉંચા પ્રકારની મજલીન બને છે આ ઉપરાત ચામડાનો રોજગાર પણ ત્યા સારો છે

## ૪૫. અહલ્યાબાઇ અને તુકાજી હોલકર.

બાલાજી વિશ્વનાથના વખતમા મલ્હારરાવ એક ભરવાડનો છોકરો પ્રકાશમા આવ્યો તેણે પેશ્વા પર પોતા વિષે સારી છાપ પાડી ઇ સ ૧૭૭૩ મા તેને ઇદોરમાં ચોથ ઉઘરાવવા મોકલવામા આવ્યો ત્યા તેના વશજોએ ધીમે ધીમે સ્વતત્ર થઇ જુદી ગાદી સ્થાપી એ રાજાઓ હોલકર નામથી ઓળખાય છે, અને હાલ પણ ઇદોરમા રાજ્ય કરે છે

અહલ્યાબાઇ મલ્હારરાવ હોલ્કરના પુત્ર ખડેરાવની વિધવા હતી તેના સ્વામીના સ્વર્ગવાસ પછી ઇદોરનુ રાજ્ય તેના હાથમા આવ્યુ આ પરાક્રમી અને વિવેકી બાઇએ તુકાજી હોલકર નામના એક વીર અને ઠરેલ પુરૂષને સનાપતિ નીમી ઇ સ ૧૭૬૫ થી ઇ. સ ૧૭૯૫ સુધીના ૩૦ વર્ષ સુધી પ્રજા સતોષ પામે એવી રીતે કારભાર કર્યો તેણે નડતી મુશીબતો દૂર કરી રાજ્ય એવી ઉત્તમ રીતે ચલાવ્યુ કે પ્રજામા સુખસતોષ વ્યાપી રહ્યા

તે બે જણાના કારભારની ઇતિહાસકારોએ બહુ પ્રશસા કરી

છે તેઓ એક બીજાની સલાહ લઇ રાજ્યના કાર્ય કરતા હતા. અહલ્યાબાઇ ઘણી પવિત્ર, ધર્મિષ્ઠ, નિયમિત કામ કરનારી અને ચપળ હતી મોટા અમલદારો જાતેજ નીમતી બપોરના બેથી સાત વાગતા સુધી અને રાતના નવથી અગિઆર વાગતા સુધી તે રાજ્ય-કાર્ય કરતી પર રાજ્યો સાથે તેણે એવી મૈત્રી રાખી હતી કે તેના જમાનામા એકજ વખતે ઇંદોર પર ચઢાઇ થઇ હતી તેણે ઇંદોરને રમણીય નગર બનાવ્યુ, અને તેના રક્ષણને માટે કેટલાક કિલ્લા ચણા વ્યા રાજકારભારના શ્રમથી અને પુત્રી મરણના શોકથી તે ૬૦ વર્ષની વયે દેવલોક પામી તે સ્વભાવે આનદી, અત્યત સાદી, અને ક્વચિતજ ગુસ્સે થાય એવી હતી

તેના મરણ પછી **જશવંતરાવ હોલકર** ઇંદોરની ગાદીએ બેઠો તેણે અંગ્રેજોની સહાયકારી લશ્કરની યોજના સ્વીકારી નહિ, તેથી તેને તેમની સાથે લડાઈ થઈ શરૂઆતમા બ્રિટિશ લશ્કર હાર્યું પણ બીજે વર્ષે એટલે ઇ સ ૧૮૦૪ મા અગ્રેજોએ તેને **દીગની** લડાઇમા હરાવ્યો, તેથી તેણે સલાહ કરી તેના મરણ પછી તેની સ્ત્રી **તુલસીબાઈ** કારભાર કરતી હતી. જ્યારે બાજીરાવે ઇ સ ૧૮૦૭મા અગ્રેજો સાથે લડાઇ કરી ત્યારે તે તેની મદદે આવતી હતી તેનો વિચાર અગ્રેજો સાથે સલાહ કરવાનો હોવાથી સરદારોએ તેને મારી નાખી.

તેના મરણ પછી અગ્રેજોએ **જશવતરાવ હોલકરના** પુત્ર **મલ્હારરાવને** ગાદીએ બેસાડી તેના રક્ષણ માટે લશ્કર મૂક્યુ હતુ, તે ઇ સ ૧૮૩૩ મા મરણ પામ્યો

હાલના **હોલકર મહારાજા તુકાજીરાવ** છે તેઓ વફાદારીથી બ્રિટિશ સરકારની સત્તામા રહી પોતાનુ રાજ્ય ચલાવે છે. ઈ. સ. ૧૯૦૩ મા તેમના પિતા **શિવાજી** તેમના લાભમા ગાદી પરથી વાન-પ્રસ્થ થયા, પરતુ સગીર વયને લીધે તેઓશ્રી પોતે રાજ્યના કા-

પર ધ્યાન આપી શકયા નહિ એમનો પોતાનો અમલ સને ૧૯૧૧ ના નવેમ્બર માસથી શરૂ થાય છે રાજ્યકારભાર પોતેજ ચલાવે છે, પણ મદદમા પોતાના મુખ્ય પ્રધાન અને પાચ સભ્યોને રાખે છે એમના રાજ્ય દરમિયાન આખા રાજ્યની ઉપજમા ઘણો વધારો થયો છે હાલ આવક ૮૫ લાખની અડસટે ધારવામા આવે છે.

## ૪૬. રાઘોજી ભોંસલે અને ગાયકવાડ.

**ભોંસલે** કુટુબનો સ્થાપનાર **પરસોજી ભોંસલે** હતો પેશ્વાના હુકમથી તે **વરાડ** પ્રાતની મહેસુલ ઉઘરાવતો એના પિત્રાઇએ રાજ્ય પદ ધારણ કર્યું અને **નાગપુરમા** ભોસલેની ગાદી સ્થાપી એનુ નામ **રાઘોજી** હતું રાઘોજી બીજાએ ઇ સ ૧૭૭૨ થી ઇ સ ૧૮૮૬ સુધી રાજ્ય કર્યું તેણે વેલેસ્લીની સહાયકારી લશ્કરની યોજના નહિ સ્વીકારવાથી લડાઇ થઇ તેમા હાર થવાથી **દેવગામ** મુકામે કરાર કરી તેણે સલાહ કરી ઇ સ ૧૮૮૧ મા છેલ્લા પેશ્વાએ કરાર તોડી અગ્રેજો સાથે લડાઇ જોડી, ત્યારે નાગપુરના જુવાન રાજાના રક્ષક આપા સાહેબે **સીતાબલ્દીના** ડુગરી કિલ્લામા રહેતા અગ્રેજ રેસિડેન્ટ **મિ જેન્કીન્સ** પર હુમલો કર્યો ૭ માસના કજીઆ પછી રાજા શરણે આવ્યો, અને સેનાપતિ આપા સાહેબ **સીખની** મદદ માટે **લાહોર** જતો રહ્યો અગ્રેજોએ રાજાના નામથી નાગપુરમા કારભાર ચલાવ્યો

કેટલાક રાજાઓ પછી રાઘોજી બીજાનો પૌત્ર ગાદીએ બેઠો, પરતુ તે ઇ સ. ૧૮૫૩ મા અપુત્ર મરણ પામવાથી ગવર્નર જનરલ **લોર્ડ ડેલ્હાઉસીએ** તેનો મુલક ખાલસામા કર્યો અત્યારે તે પ્રદેશ " મધ્ય પ્રાતો અને વરાડના " નામથી ઓળખાય છે. પહેલા ત્યા ચીફ કમિશ્નર નીમાતો, અને તે કારભાર કરતો, પરતુ ઇ સ.

૧૯૨૦ ના છેવટના ભાગમા ત્યા ગવર્નરની નીમણુક થઇ છે ત્યાના પહેલાજ ગવર્નર ફ્રેંક સ્લાઇ છે

ગાયકવાડ કુટુંબનો સ્થાપનાર પ્રથમ પુરુષ **દામાજી** નામે હતો. **હોલકર અને સિંધીઆની** પેઠે તે પણ પ્રથમ પેશ્વાની નોકરીમા જોડાયો હતો તેના મરણ પછી તેનો ભત્રીજો **પીલાજી** મરાઠી લશ્કરના સેનાપતિ બન્યો, અને એમ ધીમે ધીમે ગાયકવાડ કુટુંબ આગળ પડતું થયુ દામાજી બીજાના એક પૌત્રે ઇ સ ૧૮૦૧ મા અંગ્રેજોની સહાયકારી લશ્કરી યોજના સ્વીકારી અને ૧૮૫૭ ના બળવા વખતે ખંડેરાવ ગાયકવાડે બ્રિટિશ સરકારને અંતઃકરણપૂર્વક મદદ આપી

ઇ સ ૧૮૭૦ મા **મલ્હારરાવ ગાયકવાડ** વડોદરામા ગાદીનશિન થયા ત્યારપછી હાલના નામદાર ગાયકવાડ **સયાજીરાવ** જેઓ દામાજીના વંશમાંથી ઉતરી આવેલા છે તેઓ ગાદીપર આવ્યા તેમની તરુણ અવસ્થામા રાજ્યકારભાર ચલાવવા **સર ટી. માધવરાવને** નીમવામા આવ્યા

વડોદરાનુ રાજ્ય હિંદના દેશી રાજ્યોમા અગત્યનુ સ્થાન ભોગવે છે, તેનુ મુખ્ય કારણ એજ છે કે નામદાર ગાયકવાડ જાતેજ ઘણા વિદ્યાવંત અને વિદ્વાન રાજ્યકર્તા છે

તેમણે **જાપાન**, ઇંગ્લંડ, અને **અમેરીકામાં** સફર કરી ત્યાની વિદ્યાકળા શીખી લાવી તેનો લાભ પોતાની પ્રજાને આપ્યો છે પોતાના રાજ્યમા હુન્નરકળા, વિજ્ઞાન, અને કેળવણીનો ઘણો પ્રચાર થાય તે માટે તેમણે ઘણી સંસ્થાઓ ખોલી છે ત્યા ઘણું ઉત્તમ પ્રકારનું શિક્ષણ અપાય છે, અને તેનો લાભ તેઓશ્રીની પ્રજા ઉપરાંત બીજી પ્રજા અને અન્ય પુરુષો પણ લે છે


વળી બ્રિટિશ રાજ્યપદ્ધતિને અનુસરીને પોતે રાજ્યકારભાર ચલાવે છે સાંસારિક અને સામાજિક સવાલો ઉપર તેઓ ઘણુ સારૂં લક્ષ આપે છે, અને પોતાની રૈયતની શારીરિક, માનસિક, તથા આર્થિક સ્થિતિ સુધારવા બનતા પ્રયત્ન કરે છે બાળલગ્ન એજ દેશને હાનિ કર્તા છે એમ સમજી એમણે બાળલગ્નનો પ્રતિબંધ કર્યો છે હલકી વર્ણના લોકોને કેળવણી આપવામા તેઓ ઘણો શ્રમ વેઠે છે ટુંકામા કહીએ તો ગુજરાતમા વડોદરાનુ રાજ્ય ઘણુ આબાદ છે.

---

## ૪૭. યુરોપીયન લોકનું હિંદમાં આવવું.

ઘણા લાંબા સમય ઉપર યુરોપના લોકોએ હિંદુસ્તાનની સમૃદ્ધિ વિષે સાંભળ્યુ હતું ઇ સ પહેલા ગ્રીક અને રોમન લોકો હિંદ સાથે વેપાર કરતા હતા પૂર્વના મુલકોમાથી યુરોપમા માલ લઇ જવાના માર્ગો તે વખતે ઘણા હતા તે પૈકી આરબ અને મીસરી લોકો હિંદુસ્તાનનો માલ રાતા સમુદ્રમા થઇને ભુમધ્ય સમુદ્રને કાંઠે આવેલા ઍલૅકઝાંડ્રિઆ બંદરે લઇ જતા બીજા કેટલાક ઉંટ પર માલ લાદીને અફગાનિસ્તાન, ઇરાન, મેસોપોટેમીઆમા થઇ પાલેસ્ટાઇનના બંદરોએ લઇ જતા હતા ૫૦૦–૬૦૦ વર્ષ ઉપર ઇટાલીના વેનીસ અને જીનોવા શહેર શ્રીમંત અને આબાદ હતા, કારણ કે હિંદનો માલ તેઓની મારફતે યુરોપમા ફેલાતો

તુર્કોએ એશિઆ માઇનોરની કોન્સ્ટાન્ટીનોપલને રાજધાની કર્યા પછી જુના વેપારના રસ્તા બંધ થયા. તેથી યુરોપના લોકોએ હિંદમા આવવાનો નવો 'જળમાર્ગ' શોધી કાઢવાનો 'વિચાર' કર્યો પોર્ટુગલનો વાસ્કોડીગામા આફ્રિકાનો પશ્ચિમ કાંઠો ફરી એક વર્ષની



હિદમા શરૂઆતના
બિટીશ વહેપારી
થાણા
મુંબઈ
ગોવા
અરબી
સમુદ્ર
ઉપસાગર
મદ્રાસ
હિંદી
મહાસાગર
M.A.

સફર પછી હિદના કાલિકટ બદરે ઉતર્યો ઇ સ ૧૪૯૮ ના મેની ૨૦ મી તારીખ આપણે યાદ રાખીશુ, કારણ કે તે દિવસે હિંદ મહાસાગરના રસ્તે યુરોપ સાથે જોડાયુ

પોર્ટુગીઝોએ **ગોઆમા** પોતાનુ સસ્થાન સ્થાપ્યુ લગભગ ૧૦૦ વર્ષ સુધી હિદનો વેપાર તેઓના હાથમા રહ્યો ૧૬મી સદીના અતમા યુરોપમા એક પક્ષમા **અંગ્રેજો અને વલંદા** અને બીજા પક્ષમા **પોર્ટુગીઝ અને સ્પેનીશ** લોકો વચ્ચે વિગ્રહ સળગ્યો તેમા પોર્ટુગીઝોની સત્તા નાશ પામી

ઇ સ ૧૬૦૦ મા અગ્રેજોએ **ઇસ્ટ ઇંડિઆ કપનિ** નામે એક વેપારી મડળ સ્થાપન કર્યું તે હિદ સાથે વેપાર ચલાવવા આવ્યુ. તેમના પછી ઇગ્લંડથી ઘણી કંપનીઓ આવી અને ઇ સ ૧૭૦૦ મા તે બધી જોડાઈ જઇ **"યુનાઇટેડ ઇસ્ટ ઇંડિઆ કંપનિ"** નામથી ઓળખાવા લાગી અગ્રેજો પછી બે વર્ષે વલદા લોકો હિદમા આવ્યા તેઓએ **સુરત, કોચીન, જાફના, નેગાપટ્ટણ, મછલીપટ્ટણ** અને બીજે સ્થળે વેપારી મથકો બાધ્યા તેઓ શરૂઆતમા અગ્રેજો કરતા વધુ સફળ થયા હતા ઇ સ ૧૬૦૦ થી ઇ સ ૧૭૦૦ સુધીનો હિદનો વેપાર વાસ્તવિક રીતે તેઓના હાથમા હતો.

અગ્રેજી કપનિ હિદમા લડવા કે દેશ જીતવા આવી નહોતી, પણ તેનો ખાસ હેતુ વેપાર કરવાનો હતો શરૂઆતમા તેમની પાસે સિપાઇઓ કે કિલ્લા બિલકુલ નહોતા તેઓએ મજબુત વખારો ચણાવી પોતાના રક્ષણ માટે પટાવાળા રાખ્યા, તેમણે મોગલ બાદશાહ પાસેથી બદરો અને શહેરોમા ખરીદવકરો કરવાની રજા મેળવી પછી તેઓએ લુટારાથી પોતાનુ રક્ષણ કરવા માટે હિંદી રાજા રજવાડાની મદદ માગી હતી થોડા વખત પછી મોગલ સલ્તનતની પડતી થઇ તે વખતે દેશમા ઘણી અવ્યવસ્થા થઇ **શિવાજીએ બે વખત સુરત** લુટ્યુ હતુ આમ ૧૦૦ વર્ષ વીત્યા પછી **અગ્રેજોએ**

નાના કિલ્લા બાંધી પોતાના રક્ષણ માટે થોડા સિપાઇઓ રાખવા માડ્યા ઇ સ ૧૭૦૦ મા હિદમા તેમના **મદ્રાસ**, **મુબઈ**, અને **કલકત્તા** એમ ત્રણ મુખ્ય વેપારના મથકો હતા

આ પછી **ફ્રેંચો** વેપાર માટે હિદમા આવ્યા. તેઓનુ મુખ્ય મથક મદ્રાસની દક્ષિણે **પોંડેચરીમા** હતુ તેઓ ધીમે ધીમે ચઢતીમા આવ્યા, અને અગ્રેજોના કટ્ટા પ્રતિસ્પર્ધી થયા ફ્રેંચો વિના યુરોપી બીજી પ્રજાઓ પણ વેપારને માટે હિદમા આવી હતી

---

## ૪૮ રોબર્ટ કલાઇવ અને તેની શરૂઆતની જિંદગી

આપણો **હિદુસ્તાન** દેશે કે જે દ્રવ્ય, વિસ્તાર, મહિમા અને મહાન કાર્યોથી પ્રાચીન પ્રસિદ્ધિ ભોગવતો આવ્યો છે તે દેશમા બ્રિટિશ રાજ્ય સ્થાપનાર જે મહાન નર છે તે **રૉબર્ટ કલાઇવ** હતો. તે ઇગ્લડના **શ્રોપ** પરગણામા **માર્કેટ ડ્રેટન** પાસે ઇ સ ૧૭૨૫ ના સપ્ટેમ્બરની ૨૯ મીએ જન્મ્યો હતો

હરકોઈ વસ્તુનો કેવી રીતે ચુરો કરવો ત તે સારી જાણતો હતો તેના માબાપ તેને ગાંડો ધારતા અને તેને વિષે બેચેન રહેતા. તે શાળામા દરેક શિષ્ય સાથે લડતો અને મોટા પર જીત મેળવતા સુધી લડાઇ જારી રાખતો તે પોતાના પાઠ કરતો નહિ છતા તે હસી કાઢવા જેવો નહોતો તે આળસુ અને તોફાની હોવાથી વિદ્યાર્થી તરીકે નિષ્ફળ નીવડ્યો તેના એકજ શિક્ષકે તેના વિષે ભવિષ્ય કહ્યું કે “આ છોકરો ભવિષ્યમા મહાન નર થાય” તેનો બાપ આવેશી સ્વભાવનો હોવાથી તેણે કલાઇવને કબજે રાખવા **મિ. બેલી** નામના પોતાના સાઢુને ત્યા **માન્ચેસ્ટર** મોકલ્યો ત્યા તે વશ રહ્યો નહિ, તેથી તેના બાપે તેને વતનમા પાછો બોલાવ્યો ત્યા તે તોફાની

છોકરાઓના ટોળાના આગેવાન તરીકે લોકોને સતાવતો હતો તેનામાં દૃઢ રહેવાનો ગુણ પહેલેથીજ જોવામા આવતો હતો

ઇ સ ૧૭૪૩ મા તેના બાપે ઇસ્ટ ઇંડિઆ કપાનની એક કારકુનની જગા તેને માટે શોધી કાઢી તે પહેલા કલાઇવ એક વકીલની પેઢીમા લખવાનુ કામ કરતો હતો તે જગા કરતા નવી જગા વિષેના સારા વિચારે તે તેણે આતુરતાથી સ્વીકારી કપનિ પાસે પોતાની જમીન કે પોતાના સિપાઇઓ હતા નહિ, પણ તે એક દેશી રાજ્યમા એક વેપાર કરનાર સસ્થા હતી તેનો અને ત્યા જઈ જે શ્રમ પડવાનો હતો તેનો તેને મુદ્દલ ખ્યાલ હતો નહિ

ઇ સ ૧૭૪૩ની શરૂઆતમા કલાઇવ ઇગ્લ ડથી હિંદમા આવવા નીકળ્યો અઢારમા સૈકાના મધ્યમા સુએજ નહેર અને મેઇલ સ્ટીમરો નહિ હોવાથી હિંદની સફર અતિ મુશ્કેલ હતી તેનુ વહાણ ખરાબ મોસમમા સપડાવાથી તેને ૯ માસ સુધી રિઓડિ જાનેરોમા સમારકામ માટે રોકાવુ પડયુ બીજી લાબી મુદ્દત કેપ ઓફ ગુડ હોપ આગળ આન્ચોરમા રોકાવુ પડયુ ઇ સ ૧૭૪૪ ના અતમા તે મદ્રાસ પહોચ્યો

હિંદમા આવ્યા પછી સાથી કારકુનો સાથે તેને સબધ નહોતો તે પૈસા અને મિત્ર વિનાનો હતો પ્રથમના થોડા મહીના કપરા તેની મિનકત અને ગમગીનની તેની જિદગી હતી તેણે એક વખત પાસે પડેલી પિસ્તોલથી પોતાના સાથીને પોતા પર ગોળી છોડવા કહ્યુ પિસ્તોલ નિષ્ફળ જવાથી કલાઇવ બચ્યો અને તેને ભાન થયુ કે “ આ જિદગીમાં મારે કાંઈક કરવાનુ છે ”

તે પછી તેણે મિત્રો મેળવવા માડયા, પણ તેના મગજને કાઇ શાતિ થઇ નહિ તેણે પોતાના પિત્રાઇને કાગળ લખ્યો કે “ જ્યારથી એ મારી જન્મભૂમિ તજી ત્યારથી એક પણ દિવસ મેં આનંદમાં

**ગાળ્યો નથી.** " મદ્રાસના ગવર્નરે તેના પર દયા આણી તેને પોતાનું પુસ્તકાલય વાપરવાની રજા આપી કલાઇવ વાચનનો શોખીન હોવાથી હવેથી ઓછો દીલગીર રહેવા લાગ્યો

કલાઇવમા જે શક્તિ હતી તે બતાવવાનો પ્રસગ હજી સુધી આવ્યો નહોતો તે સમયે **ફ્રેંચો** અગ્રેજોના કટા પ્રતિસ્પર્ધી હતા અગ્રેજોએ એક દેશી રાજા પાસેથી **મદ્રાસ** ખરીદી ત્યા કોઠી ચાલી હતી, અને પાસે એક કિલ્લો ચણાવી તેને **ફોર્ટ સેંટ જ્યોર્જ** નામ આપ્યુ હતુ કોઠી અને કિલ્લો બને નાના હતા ઇ સ ૧૭૪૪ મા ૩૦૦ અગ્રેજો અને થોડા દેશીઓનુ લશ્કર હતુ તેમાના ઘણાજ થોડા લડવાને લાયક હતા

ઇ સ ૧૭૪૪ મા યુરોપમા અગ્રેજો અને ફ્રેંચો વચ્ચે લડાઇ થઇ **પારીસથી** ફ્રેંચ ગવર્નરને મળેલા હુકમ પ્રમાણે તેણે મદ્રાસના અગ્રેજ ગવર્નરને લખ્યુ કે યુરોપમા ભલે લડાઇ થાય, પણ આપણે અહી લડવુ નહિ મદ્રાસના ગવર્નરને લડનથી હુકમ મળ્યો હતો કે **"થોડા વખતમા એક નૌકાસૈન્ય આવી પહોંચશે, તેની મદદથી હિંદમાં ફ્રેંચોનો નાશ કરવો."** આથી મદ્રાસના ગવર્નરે ફ્રેંચોની વાત મજુર રાખી નહિ

આથી ફ્રેંચ ગવર્નર **ડુપ્લેએ** કર્ણાટકના નવાબની મદદ માગી નવાબે હુકમ કર્યો કે ' મારા રાજ્યમા હુ બે પ્રજાને લડવા દઇશ નહિ " આથી થોડો વખત બને વચ્ચે શાંતિ રહી ઇ સ ૧૭૪૬ ના જુનમા અગ્રેજોએ સાભળ્યુ કે મિલોનના વલદા સસ્થાનની ફ્રેંચો મદદ માગે છે, જેથી તેમણે ફ્રેન્ચોને હરાવ્યા તે પછી ફ્રેન્ચોએ લાબોર્ડોનેસની સરદારી નીચે ૧૧૦૦ ફ્રેન્ચો અને થોડા દેશી સિપાઇઓના લશ્કરથી મદ્રાસ પર હલ્લો કર્યો. આથી ગવર્નર **મિ. મોર્સે** નવાબની મદદ માગી, પણ નવાબે જવાબ આપ્યો નહિ અગ્રેજો પાસે લશ્કર નહિ હોવાથી તેમણે શહેર તથા કિલ્લો ઇ સ ૧૭૪૬

ના સપ્ટેમ્બરની ૨૧મીએ ફ્રેન્ચોને સ્વાધીન કીધા, આથી કલાઇવ કેદી થયો આ સ્થિતિએ કલાઇવને આબાદી બક્ષી તેની અજાયબ જિંદગીની શરૂઆત અહીંથી થાય છે

મદ્રાસ લેવાના સમાચાર નવાબે જાણી તે પાછુ આપવા તેણે ફ્રેન્ચોને હુકમ કર્યો, પણ તેને અનાદર થવાથી તેણે લડાઇ જાહેર કરી, સેટ થોમે આગળ યુરોપીય લશ્કર પહેલીજ વાર દેશી સામે લડયુ, અને તેમા કાઈજ માલ નથી એવો અનુભવ મેળવ્યો અગ્રેજને અને નવાબને હરાવવાથી ડુપ્લે ફુલાઇ ગયો ફ્રેન્ચ સેનાપતિએ મદ્રાસ આપી ૪ દિવસમા પડિચેરીમા જઈ કેદી થઈ રહેવા અગ્રેજોને હુકમ કર્યો અગ્રેજે આ હુકમનો અનાદર કરી દક્ષિણે ૧૬ માઇલ પર આવેલા ફ્રોર્ટ સેંટ ડેવિડના કિલ્લામા નાસી છુટયા કલાઇવ પોતાના એક મિત્ર સાથે દેશીનો વેશ ધારણ કરી મહાસુશ્કેલીએ ફ્રોર્ટ સેટ ડેવિડ આવી પહોચ્યો ફ્રેન્ચોએ આ કિલ્લો લેવા પ્રયત્ન કર્યો, પણ કલાઇવે બહાદુરીથી તેમને પાછા હઠાવ્યા આ બહાદુરીએ તેને લખવાના કામમથી મુક્ત કર્યો

ઘેરા વખતે તે એક અમલદારની સાથે ગજીફો રમતો હતો. તેણે પોતાને છેતરતા જોયો તેથી તેણે કહ્યુ કે "હવે હુ રમીશ નહિ, જીતેલા પૈસા પાછા આપો" તકરાર થતા લડવા તૈયાર થયો, તેમા તે જીત્યો સામાને મારી ભાગરી પછી ઘેરા દરમિઆન બીજા અમલદાર સાથે પણ એવીજ તકરાર થતા સામાએ લડવા ના પાડવાથી શરમને લીધે તેને લશ્કરમાથી રાજીનામુ આપવુ પડયુ

ચાર વખતે હુમલો કર્યા છતા ફ્રેન્ચો કિલ્લો લઈ શક્યા નહિ તેથી તે પાડિચેરી જતા રહ્યા. વખત આવ્યે અંગ્રેજોએ પાડિચેરીને ઘેરો ઘાલ્યો પણ તે લઇ શક્યા નહિ એટલામા યુરોપમા અગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે સલાહ થવાથી ઇ સ ૧૮૪૮ મા હિન્દમા બને પ્રજા વચ્ચે સલાહ થતા મદ્રાસ અગ્રેજોને પાછુ મળ્યુ

લડાઈ વખતે **તાંજોર**ના રાજાનુ રાજ્ય ગયુ હતુ, તેની તકરાર થતા **મેજર લૉરેન્સ** અને **કલાઇવે** ફ્રેન્ચોનો દેવીકોટાનો કિલ્લો જીતી લીધો આ વખતે મેજર લૉરેન્સે કલાઇવને માટે ઉચ્ચ અભિપ્રાય દર્શાવ્યો તે પછી અગ્રેજોએ સાભળ્યું કે પોતાની ગેરહાજરીમા કર્ણાટકમા તકરાર થતા ઘણા દેશી રાજાઓ એક બીજા સાથે લડયા હતા તેમાના **મુજફ્ફરજંગ** અને **ચદાસાહેબ**નુ ફ્રેચોએ રક્ષણ કર્યું હતુ ગયા નવાબ **અન્વરૂદ્દીનનો** દીકરો **મહમદઅલી** નાસીને **ત્રિચીનાપલ્લીમા** ભરાયો અને તેણે અગ્રેજોની મદદ માગી

---

## ૪૯. રોબર્ટ કલાઇવ અને આર્કટનો ઘેરો.

કર્ણાટકના નવાબ **મહમદઅલીને** ચદાસાહેબ તથા ફ્રેન્ચોએ ત્રિચિનોપલીમા ઘેર્યો હતો, અને તેણે અગ્રેજોની મદદ માગી હતી એ વાત તમો વાચી ગયા છો મદ્રાસના ગવર્નરે એક નાનુ લશ્કર તૈયાર કરી તેનો યોગ્ય સેનાપતિ નહિ મળવાથી **મિ પિગોટ** નામ ના એક મુલકી અમલદારને નીમ્યો કલાઇવ તેની સાથે સ્વયસેવક તરીકે જવા તૈયાર થયો આ વખતે ત્રણ દિવસની મુસાફરી પછી તેઓને ફોર્ટ સેંટ ડેવિડ પાછા આવવુ પડયુ ગવર્નરે એક બીજુ લશ્કર તૈયાર કર્યું, અને **કલાઈવે વગર પગારે સેનાપતિની જગા માટે અરજી કરી.** આથી ગવર્નરે તેના વિષે સારા વિચાર બાધ્યા અને તેને કેપ્ટન નીમ્યો

કલાઇવને વાચનનો ઘણો શોખ હોવાથી મહાન યોદ્ધાઓની વાતો વાચી તેમના જેવા થવા તે પ્રયત્ન કરતો હતો તેણે એક યુક્તિ શોધી કાઢી તેણે જોયુ કે ચદાસાહેબે ત્રિચિનોપલી લેવા બળવાન યોદ્ધા આણ્યા છે, અને રાજધાની **આર્કટ**નુ રક્ષણ કરવા

યોગ્ય માણસો મૂકયા નથી ક્લાઇવે તક જોઈ ગવર્નરને આર્કટ લે-વા વિષેના પોતાના વિચાર જણાવ્યા, અને એમ ત્રિચિનોપલ્લીનો ઘેરો ઉઠાવવાની યુક્તિ બનાવી

ગવર્નરે તેની માગણી સ્વીકારી તેને ૨૦૦ અંગ્રેજોનુ લશ્કર આપ્યુ ક્લાઇવ ઇ સ ૧૭૫૧ ના ઑગસ્ટની ૨૬ મી તારીખે મ-દ્રાસથી નીકળ્યો તેણે પોતાના બીનઅનુભવી લશ્કરને સફળતા મે-ળવનાર તરીકે કેળવ્યુ, અને આર્કટમાંના નવાબના ૧૨૦૦ માણસના અનિયમિત લશ્કરને હરાવી શહેર તથા કિલ્લો જીતી લીધા

તે પછી ક્લાઇવે કોટ સમરાની કિલ્લાની મજબુતી કરી, કારણ કે તે જાણતો હતો કે ફ્રેંચો અને હજારો દેશીઓ આર્કટ પર હુમલો કરવા આવશે તેના ધાર્યા પ્રમાણે ચંદાસાહેબનો દીકરો **રાજાસાહેબ** ૧૦,૦૦૦ માણસના લશ્કર સાથે આવ્યો અને આર્કટનો ઘેરો શરૂ થયો નવાબના વિશાળ સૈન્ય આગળ અંગ્રેજોના જુજ લશ્કરનો કાંઈ હિસાબ નહોતો આ વખતે **આખા હિંદની આંખો આર્કટ તરફ આતુરતાથી જોઈ રહી હતી,** કારણકે **અંગ્રેજો જીતે કે હારે તે પર તેમની સ્વતંત્રતા કે પરતંત્રતાનો આધાર હતો.** તા ૨૩ મી સપ્ટેમ્બરે ચંદાસાહેબના લશ્કરે ફ્રેંચો સાથે મળીને શહેરને ઘેર્યું તેમણે ૫૦ દિવસ સુધી રાતદિવસ હલ્લા કર્યા પણ કાંઇ ફાવ્યુ નહિ સૌથી ભયંકર સ્થળે ક્લાઇવ હાજર રહેતો, અને જ્યા તે રહેતો ત્યા જીત મળતી

સાત અઠવાડીઆની ચાલુ લડાઈ લડયા પછી એક બાકુ પાડવામા આવ્યુ, જેમા થઈને માણસો આવજા કરી શકે તેમ હતું. આ દિવસે મુસલમાનોનો તહેવાર હતો, તેથી તેઓ ઉજાણી કરતા હતા આ પછી તેમણે અંગ્રેજો પર હુમલો કર્યો તેમણે આકાશ જેવડી આશાએ જીવની દરકાર છોડી દીધી, તેઓ ખાઇની મારફતે અંદર ધસ્યા અને લોહીની રેલમછેલ થઇ રહી દુશ્મનો જીવ બચા-

યત્રા રાતોરાત નાઠા અને આર્કટનો ઘેરો પુરો થયો તેના નેતા ક્લાઇવે સર્વત્ર પોતાની કીર્તિ ફેલાવી આ પછી ફ્રેંચો તથા તેમના સાથીઓને તેણે સજ્જડ હરાવ્યા

કલાઈવે કોવરેપાક આગળ ફ્રેંચોને ફરીથી હરાવ્યા, તેથી તેઓ બધી દિશામા નાઠા હવે કલાઇવ તાકીદે ફોર્ટ સેંટ ડેવિડ ગયો જુનો સેનાપતિ **મેજર લોરેન્સ** ઇંગ્લાડથી આવી પહોચ્યો તેણે અને ક્લાઇવે ફ્રેંચોને ફરીથી હરાવ્યા તેઓ અગ્રેજોને શરણ થયા ઘણુ કામ કરવાથી કલાઇવની તબીયત બગડી, તેથી તેણે સ્વદેશ જવા માટે અરજી કરી તે ઇ સ ૧૭૫૩ ના ફેબ્રુઆરીમા મદ્રાસથી ઇંગ્લાડ જવા ઉપડયો

સ્વદેશ છોડે તેને ૧૦ વર્ષ થયા હતા, પણ તેટલામા તેનામા અજબ ફેરફાર થયો હતો તે એક ગરીબ દુખી અને આબાદી વ્ગરનો છોકરો બીજા છોકરાની પેઠે માબાપ તરફ જોતો જોતો હિંદમા આવ્યો હતો હવે તે જુવાન, દુનીઆની નજરમા વીર, ધનવાન અને અજયબ સફળ થયો હતો **ઇસ્ટ ઇડિઆ કપનિની કોર્ટ ઓવ ડિરેકટરે તેને ઘણુ માન આપ્યુ, અને તેને એક હીરાજડિત મુઠવાળી તરવાર ભેટ આપી.** તેણે બાપનુ દેવુ વાળ્યુ પોતાની સાથે ઘણા પૈસા લઇ ગયો હતો તેથી તેના કુટુબને તેને આવકાર આપવાનુ સારૂ કારણ મળ્યુ હતુ

## ૫૦. કલકત્તાનું કારાગૃહ,

ઇંગ્લાડમા એક વર્ષ રહી કલાઈવ ફોર્ટ સેંટ ડેવિડના સેનાપતિ અને ગવર્નર તરીકે હિદમા પાછો આવ્યો, અને પાછળથી તે

મદ્રાસનો ગવર્નર નીમાયો તે વખતે કલકત્તામાં એક ભયંકર બનાવ બન્યો.

બંગાળાના નવાબ સુરાજ-ઉદ્-દૌલાએ પોતાના સ્વાર્થને લીધે અંગ્રેજોનું કાસીમબઝાર જીતી લીધું, અને કલકત્તામાં વિશાળ ખજાનો સંતાડેલો છે એવા વિચારે તે ત્યાં જવા નીકળ્યો તેણે કારણ ઉભા કર્યાં કે અંગ્રેજો હુકમ માનતા નથી અને નવા કિલ્લા બાંધે છે

નવાબની સવારીના સમાચાર સાંભળી અંગ્રેજોએ તૈયારી કરી અને મુંબઈ તથા મદ્રાસ મદદ માટે કાગળો લખ્યા, પણ તેઓને વખતસર મદદ આવી મળી નહિ ઇ સ ૧૭૫૬ ના જુનની ૨૦ મી તારીખે નવાબ કલકત્તા આવી પહોંચ્યો કિલ્લામાં અંગ્રેજ સિપાઇઓની સંખ્યા ઘણી ઓછી હોવાથી રાત્રે તેમાંના ઘણાખરા નાસી છુટયા આખરે અંગ્રેજોએ આશા મૂકી દારૂના વેનમાં દરવાજો ઉઘાડયો, તેથી શત્રુઓએ અંદર પેસી હલ્લો કર્યો અને કિલ્લો સર કર્યો

રાત્રે નવાબ કિલ્લો તજીને ગયો તે પછી હુકમ આવ્યો કે કેદીઓને કેદખાનામાં પુરવા એક દેશી અમલદારે સિપાઈઓને એક નાની ઓરડીમાં પેસવા હુકમ કર્યો તે ઓરડીમાં ત્રણ ચાર માણસો અથવા બહુ તો છ માણસો તન્દુરસ્ત સ્થિતિમાં રહી શકે ઘણા અંગ્રેજો ઓરડીનો વિસ્તાર અને હવાનું માપ જાણતા હતા તે ઓરડીને બે નાની જાળી હતી અમલદારે મરણની બીક બતાવીને તેમાં ૧૪૬ કેદીઓ પુર્યાં. તે પછી મુશ્કેલીથી દરવાજો બંધ કર્યો અંદર પેસવા કરતા બહાર તરવારથી મરવું એ સ્થિતિ સારી હતી **મિ. ઓર્મ** નામનો હિંદનો ઈતિહાસકાર આ ભયંકર સમય વિષે લખે છે કે **" વર્ષમાં આ ઋતુ સૌથી ગરમ અને રાત સૌથી ભયંકર હતી. કેદીઓ આખી રાત જીવે એ અશક્ય હતું. "**

ગરમી ઘણીજ થવા લાગી, અને પ્રત્યેક પળે સિપાઇઓએ પાણી માટે હૃદયભેદક પોકાર કર્યા તેઓ વારંવાર પોકારતા હતા કે **"દેવની ખાતર અમોને પાણી આપો."** દરેક પળે હવા વધુ બગડતી હતી, અને સિપાઇઓ મરણ પામતા હતા. તે જોઈ નવાબના ઘાતકી સિપાઈઓ ખુશ થતા હતા રાતે બે વાગે ૫૦ કરતા વધુ કેદીઓ જીવતા રહ્યા નહોતા **મિ. હોલ્વેલે** બારી પાસે જઈ અમલદારને ઘુસ માગી, અમલદારે નવાબને ખબર આપી અને તરતજ દરવાજો ઉઘાડવાનો હુકમ થયો બારણું ઉઘાડવાની સાથે અર્ધા કલાકમા તાજી હવા મળવાથી કેદીઓ એક પછી એક બહાર નીકળવાને શક્તિમાન થયા ૧૪૬ માથી ૨૨ પુરુષ અને એક સ્ત્રી જીવતાં બહાર નીકળ્યા

નવાબે કેદીઓ પ્રત્યે સહેજ પણ દયા બતાવી નહિ તેણે કેદીઓને ખજાનો બતાવવા બહુજ દુખ દીધુ **સુરાજ-ઉદ્-દૌલાએ** વિજય મેળવ્યો અને તેણે ધાર્યું કે હવે મારા દેશમા અંગ્રેજો કદી પણ ઉભા રહી શકશે નહિ

## ૫૧. રોબર્ટ કલાઇવ અને પ્લાસીની લડાઇ,

**કલકત્તાના કારાગૃહના** માઠા સમાચાર મદ્રાસ પહોચ્યા ત્યારે અંગ્રેજો દીલગીર થયા નવાબને શિક્ષા કરવા માટે લશ્કરની તૈયારી કરી અને કલાઇવ તથા **વોટસન** ૮૦૦ અંગ્રેજો, ૧૨૦૦ દેશી સિપાઇઓ, અને થોડી નાની તોપો સાથે મદ્રાસથી નીકળ્યા

નવાબ કલકત્તા મેળવ્યાના આનંદમા **મુર્શિદાબાદમાં** રહેતો હતો વૉટ્સને તેને કાગળ લખ્યો કે "તમે જે નુકશાન કર્યું છે તેને માટે એકદમ બદલો આપો નહિ તો હું મારા પોતાના હાથમા કાયદો પકડીશ." . . . . . .

નવાબે પોતાનુ વિશાળ લશ્કર એકઠુ કરી કલકત્તા તરફ સવારી કરી ઇ સ ૧૭૫૭ ના જાન્યુઆરિની ૨ જી તારીખે કલાઇવે કલકત્તા લીધુ અને થોડા દિવસ પછી હુગલી શહેર પણ જીતી લીધુ, કલાઇવની બહાદુરી જોઇ નવાબ ગભરાયો અને પોતે કરેલુ બધુ નુકસાન ભરી આપવા તે તૈયાર થયો થોડા વખત પછી યુરોપમા અગ્રેજો અને ફ્રેન્ચો વચ્ચે લડાઇ સળગવાના સમાચાર કલાઇવે સાભળ્યા તેણે ફ્રેન્ચો પર ચઢાઈ કરી ચદ્રનગર લઇ લીધુ આથી નવાબ વધારે ખીજ્યો

નવાબને ધિક્કારનારા ઘણા માણસોમાનો એક તેનો મુખ્ય સરદાર મીરજાફર હતો તેણે બગાળાની ગાદી લેવાની શરતે અગ્રેજોને મદદ કરવા કાગળ લખ્યો કલાઇવે તેને બગાળાનો નવાબ નીમવા વચન આપ્યુ આ બાબતમા બગાળાના મોટા મોટા શેઠીઆ પણ ભળ્યા હતા.

નવાબે મીરજાફર અને શેઠીઆઓ પર આધાર રાખી અગ્રેજોને બગાળાની બહાર હાકી કાઢવાને મુર્શિદાબાદથી ૨૦ માઇલ પર આવેલા પ્લાસી ગામ આગળ મુકામ કર્યો કલાઇવ પોતાના નાના લશ્કર સાથે તેની સામે ગયો અને પ્લાસીની આબાવાડીમા મુકામ કર્યો અહીથી નવાબનુ લશ્કર એક માઇલ કરતા વધુ દૂર નહોતુ

ઇ સ ૧૭૫૭ના જુન માસની ૨૩ મી તારીખે નવાબના ૫૦,૦૦૦ પાયદળ અને ૧૮,૦૦૦ ઘોડેસવારને યોગ્ય જવાબ આપવા કલાઇવ પોતાના નાના લશ્કર સાથે પ્લાસીના મેદાનમા સામે થયો સવારના આઠ વાગે લડાઇ શરૂ થઇ નવાબે તોપોના મારથી વૃક્ષોના સમૂહનો નાશ કર્યો કલાઇવને જીત માટે ઘણી શકા હતી બધાએ શત્રુની તરફેણમા જીતની ધારણા કરી ઇગ્લડમા કદી નહિ જોએલો એટલો વરસાદ બપોરે અહી પડયો તે વખતે કલાઇવે દારૂખાનુ સચવી રાખ્યુ, અને નવાબનુ નકામુ થયુ.

નવાબે વૃક્ષોનો સમૂલ નાશ કરવા પ્રયત્ન કર્યો પણ તેમા તેના વિશ્વાસુ સરદારો મર્યા ગયા થોડા વખત પછી તેના એક સરદારે તેને

રણક્ષેત્રમાંથી નાસી જવાની સલાહ આપી તેથી તે ૨૦૦૦ બહાદુર રક્ષકો સાથે ઉતાવળી સાંઢ પર બેસી મુર્શિદાબાદ જતો રહ્યો. તેનું લશ્કર વિખરાયું અને અંગ્રેજોએ વિજય મેળવ્યો.

નવાબ ફ્રેન્ચોની મદદ માટે નાસી જતો હતો તે **મિરજાફરના** છોકરા **મિરાનના** હાથમાં આવ્યો, તેણે તેને મારી નાખ્યો. મિરજાફરને વિશ્વાસઘાતથી રાજ્ય મળ્યું, કલાઇવે કદી પણ તેનો ભરોસો કર્યો નહિ.

**નવા નવાબે અંગ્રેજોને લડાઈનો ખર્ચ તથા કલકત્તાની આજુબાજુનો થોડો પ્રદેશ આપ્યો.** આથી અંગ્રેજોએ બંગાળામાં પગભર જમીન મેળવી તે વધીને પાછળથી બંગાળા ઇલાકો થયો. મિરજાફરે નાણાં મેળવવા પ્રજા પર ભારે કર મૂક્યા તેથી બળવો થયો. તે દબાવવા પોતે અસમર્થ હોવાથી તેણે **કલાઇવની** મદદ માગી. **આ પ્રમાણે અંગ્રેજો બંગાળાના ખરેખરા માલીક થયા.**

કલાઇવે કલકત્તા પાછા આવી ઉત્તર સરકારમાં ફ્રેન્ચોનું જોર તોડયું અને ત્યાં પણ અંગ્રેજોએ ઉપરીપણું મેળવ્યું. દરમિયાન **દિલ્હીનો** પાદશાહ **શાહઆલમ** મિરજાફર પર ચઢી આવ્યો, પણ કલાઈવે તેને પાછો કાઢ્યો, આ મદદ બદલ નવાબે તેને બંગાળાની થોડી જમીનની મહેસુલ આપી તે તેણે પાછળથી કંપનિને આપી દીધી.

તે પછી કલાઇવે **વલંદાઓને** હરાવી વશ કર્યા, અને ઇ. સ. ૧૭૬૦ માં ૩૫ વર્ષની વયે તે બીજી વાર **ઇંગ્લાંડ** ગયો. ત્યાં તેને અમીરનો ઇલ્કાબ આપવામાં આવ્યો. બંગાળાની બારીક સ્થિતિ જોઇ તેને બંગાળાના ગવર્નર અને મુખ્ય સેનાપતિ તરીકે ઇ. સ. ૧૭૬૫ માં હિંદમાં પાછો મોકલવામાં આવ્યો. હિંદુસ્તાનમાં આવી તેણે **ઇસ્ટ ઇંડિઆ કંપનિના** કારભારમાં ઘણા સુધારા કર્યા. વળી **મોગલ પાદશાહ શાહઆલમ** પાસેથી **ઓડીસા બંગાળા બિહાર** અને

**આની દિવાનીની સનંદ મેળવી,** પરંતુ તબીયત બગડવાથી ઇ સ ૧૮૬૧ મા તે છેલ્લી વખતે સ્વદેશ ગયો ત્યા તેના શત્રુઓએ તેના પર તહોમત મૂક્યા, પણ તેમા તે નિર્દોષ ઠર્યો હતો તેને ઉંઘ આવતી નહોતી, તેથી તેણે ઇ સ ૧૭૭૪ ના નવેમ્બ મા આપઘાત કરી પોતાની જિંદગીનો અત આણ્યો

## પર. વૉરન હેસ્ટિંગ્સ અને તેનો હિંદનો અમલ.

ઇ સ ૧૭૩૨ ના ડિસેમ્બર માસની છઠ્ઠી તારીખે ઇંગ્લંડ ના એક ગામમા વૉરન હેસ્ટિંગ્સનો જન્મ થયો હતો એનુ કુટુંબ ઘણુ ગરીબ હતુ અને એના દાદાએ પોતાની જેટલી જમીન હતી તે સઘળી પોતાનુ કરજ પતાવવા એક વેપારીને વેચી દીધી હતી આથી બાળક વૉરન ઘણો દીલગીર રહ્યા કરતો હતો એક દિવસે પાછલે પહોરે પોતાના ગામની નદીના કિનારા પર સુતો હતો. એટલામા અનાયાસે તેના મુખ-



વૉરન હેસ્ટિંગ્સ

આથી નીચેના શબ્દ નીકળ્યા " **મને મોટો થવા દે, મારા બાપદાદાની ગુમાવેલી મિલ્કત હું જરૂર પાછી મેળવીશ.** " આગળ જતા તમે વાચશો કે આ નાના છોકરાના મોઢામાંથી નીકળેલા શબ્દ પુરેપુરા ખરા પડ્યા

હેસ્ટીંગ્સના કાકાએ એને વળી કુમળી વયે ઇંગ્લંડની એક નામીચી શાળામાં વિદ્યાભ્યાસ કરવા મૂક્યો હતો ત્યાં અભ્યાસમાં તે ઘણો આગળ વધ્યો અને પોતાના સહાધ્યાયીમાં ઘણો ઉંચો નંબર ગણવા લાગ્યો, આથી તેના શિક્ષકો તેના પર ઘણાજ પ્રસન્ન રહેતા અને તેના ઉદ્યોગ અને ખંતની તારીફ કરતા શાળાની દરેક પ્રકારની રમતગમતોમાં તે ઉત્સાહ ભર્યો ભાગ લેતો અને તરવામાં, હોડી હંકારવામાં અને એવા અનેક અંગકસરતના અખતરામાં તે દીપી નીકળતો

દૈવયોગે તેનો કાકો એ અરસામાં દેવલોક પામ્યો, અને ઇસ્ટ ઇંડિઆ કંપનિનો એક ડિરેક્ટર કે જે તેનો દૂરનો સગો હતો તે તેનો વાલી થયો તેણે તેને શાળામાંથી ઉઠાડી લીધો અને થોડું ઘણું હિસાબ તથા નામાનું જ્ઞાન આપી તેને કલકત્તે વિદાય કર્યો કલકત્તા જતી વખતે તેણે મનમાં સંકલ્પ કર્યો, કે " હિંદુસ્તાન જઇ હું ઘણી મહેનત કરીશ, મારા પગારમાંથી જે કાંઇ બચશે તેટલું સંઘરીશ અને ઇંગ્લાંડ પાછો આવી મારા બાપની જમીન પાછી મેળવીશ " કલકત્તે આવી એક કારકુન તરીકે તેણે પોતાની જિંદગી શરૂ કરી. પોતાનું કામ એકનિષ્ઠાથી કરી નવરાશનો વખત બંગાળી ભાષાનું જ્ઞાન મેળવવામાં તે ગાળતો. આ પ્રમાણે ઘણી કાળજી અને ખંતથી તે ધીમે ધીમે ઉંચી પદવીએ પહોંચ્યો અને તે કલકત્તા કૌંસિલના એક સભ્ય તરીકે તેની નીમણુંક કરવામાં આવી દરમિઆન થોડા ઘણા પૈસા તેણે એકઠા કર્યા, અને ઇ સ ૧૭૬૪ માં તે પોતાને વતન ગયો. પરંતુ કંપનિના ડિરેક્ટરો એની ટુંકી મરજીથી

એટલા બધા પ્રસન્ન થયા હતા કે ઇ સ ૧૭૭૨મા બંગાળાના ગવર્નર તરીકે તેની નીમણૂક કરી બીજી વાર તેને હિંદુસ્તાન મોકલ્યો.

બંગાળાના ગવર્નર તરીકે કંપનિની રાજનીતિમા તેણે ઘણા સુધારા કર્યા ન્યાયને વાસ્તે તેણે અદાલતો સ્થાપી અને હિંદુ તેમજ મુસલમાન લોકોને અનુકૂળ આવે એવા કાયદા ઘડી કાઢ્યા તે ઉપરાંત કંપનિની આવકમા વધારો કરી આપ્યો આથી કંપનિના ડિરેક્ટરો તેના પર ઘણાજ ખુશી થયા અને ઇ સ ૧૭૭૪ મા તેને બ્રિટિશ હિંદુસ્તાનનો પહેલો ગવર્નર જનરલ નીમ્યો.

ગવર્નર જનરલનો હોદ્દો ઘણો જોખમ ભરેલો હોય છે ગવર્નર જનરલ તરીકે હેસ્ટિંગ્સને કંપનિના વેપારરોજગાર પર ધ્યાન આપવાનુ હતું એટલુજ નહિ પણ બંગાળા અને આખા બ્રિટિશ હિંદનો વહીવટ કરવાનુ હતું શરૂઆતમા આ કામમા તેને ઘણી મુશીબતો વેઠવી પડી રાજકારોબારી મંડળના સભ્યો તેની સાથે સલાહસંપથી વર્તતા નહોતા હમેશ એકમત થઇ તેઓ તેની દરેક દરખાસ્ત ઉરાડી દેતા, અને તેના કામમા વિક્ષેપ નાખવામાજ સંતુષ્ટ રહેતા સભામા ફિલિપ ફ્રાન્સિસ નામનો એક સભ્ય હેસ્ટિંગ્સનો કટ્ટો દુશ્મન હતો એક વખતે ફ્રાન્સિસે આપેલુ વચન ભંગ કર્યું ત્યારે હેસ્ટિંગ્સે સભાના કારભારના પુસ્તકમા તે બાબત નોધ લીધી આથી ફ્રાન્સિસ ઘણો ગુસ્સે થયો અને પોતાના દેશના રિવાજને અનુસરીને તેણે તેને દ્વંદ્વ યુદ્ધ કરવા આમંત્રણ કર્યું યુદ્ધમા પોતે ઘવાયો, તેથી ઇંગ્લંડ જઈ ત્યાની પ્રજાને હેસ્ટિંગ્સ વિરુદ્ધ તે ઉશ્કેરવા લાગ્યો. તેનુ કેવુ વિપરીત પરિણામ આવ્યુ તે હવે પછીની વાર્તામા તમે વાચશો

ફ્રાન્સિસ ગયા પછી હેસ્ટિંગ્સ સ્વતંત્ર રીતે રાજ્ય કરી શક્યો. મરાઠા અને હૈદરઅલી જે સર્વોપરિ સત્તા વાસ્તે મથતા હતા તેમને વિગ્રહમા હરાવ્યા અને ત્યાર પછી રાજ્યકારભારમાં સુધારા

ચધારા કરવા માડયા તેની ઉંમર તે વખતે ૫૩ વરસની હતી અથાગ મહેનતને લીધે તેનુ શરીર કથળી ગયુ તેથી પોતાના હોદ્દાનુ રાજીનામુ આપી તે ઇગ્લંડ જવા માટે ઉપડી ગયો

## ૫૩. હેસ્ટિંગ્સ અને ઇગ્લંડમાં તેની સામે ચલેલો મુકદ્દમો.

હેસ્ટિંગ્સની હિંદુસ્થાનની રાજનીતિ તદ્દન દોષરહિત હતી કે નહિ તે આપણે ખાત્રીથી કહી શકતા નથી તે કાઇ દેવ નહોતો, પરંતુ એક મનુષ્ય હતો મનુષ્ય માત્રમા ગુણદોષ છે તે પ્રમાણે તેનામા પણ હોય તો તેમા કાઇ બહુ આશ્ચર્ય પામવા જેવુ નથી પરંતુ એટલુ તો આપણે ચોક્કસ કહી શકીએ છીએ કે જેવી સ્થિતિમા એણે હિંદુસ્થાનનુ રાજ્ય ચલાવ્યુ તેવી સ્થિતિમા કોઇ બીજો પુરુષ ચલાવી શકત નહિ તેની અડગ હિંમત અને ધૈર્ય વાસ્તે તેને ધન્યવાદ ઘટે છે

તે ઇગ્લંડ પહોચ્યો ત્યારે કંપનિના ડિરેક્ટરો, ગવર્નર, પ્રધાન અને પ્રજાએ તેની હિંદની નિષ્ઠાથી કારકીર્દિ વાસ્તે તેને અભિનંદન આપ્યુ, અને સર્વ ઠેકાણે તેની સ્તુતિ થવા લાગી, પોતાના બાપદાદાની ગુમાવેલી જમીન તેણે પાછી મેળવી અને પોતાના દિવસો સુખચેનમા ગાળવા લાગ્યો પરંતુ તેના દુશ્મનોએ અને મુખ્યત્વે કરીને ફિલિપ ફ્રાન્સિસે તેના પર લગભગ ૨૦ આરોપો મૂકયા તેઓ એમ સાબિત કરવા માગતા હતા કે હેસ્ટિંગ્સે હિંદના લોકને લૂટયા છે, દગ્યા છે, તેની સામે ક્રૂરતા વાપરી છે, જુલમ ગુજાર્યો છે અને એવા એવા અનીતિના કામો કર્યા છે કે તેનુ યથાસ્થિત વર્ણન કરવાને અગ્રેજી ભાષામા પૂરતા શબ્દ નથી

ઇ સ ૧૭૮૮ ના ફેબ્રુઆરિ માસની ૧૩ મી તારીખે પાર્લામેન્ટની સભામા એ મુકદ્દમો ચાલ્યો એ કેસ સાભળવા શાહજાદા, ડ્યૂક, અમીરઉમરાવ અને ઇગ્લંડના પ્રતિષ્ઠિતપુરુષો ભેગા મળ્યાહતા

તહોમતો વાંચી સંભળાવવામાંજ બે દિવસ વહી ગયા ત્યાર પછી બર્ક નામના એક ઘણાજ પ્રધાન વક્તાએ એના ગુન્હા બાબત ચાર દિવસ સુધી ભાષણ આપ્યું, તેણે પોતાના ભાષણના આવેશમાં એવા અયોગ્ય શબ્દો વાપર્યા કે જે કોઈ પણ ડાહ્યો પુરુષ વાપરે નહિ **તેણે હેસ્ટિંગ્સના કૃત્યોને એવી ભાષામાં વર્ણવ્યા કે હેસ્ટિંગ્સને પોતાને સંદેહ ઉત્પન્ન થયો કે શુંએને હું પોતે એવોજ હોઉં** આ પ્રમાણે પ્રથમ ૩૫ દિવસ કામ ચાલ્યું તે પછી અવારનવાર કામ ચાલ્યા કર્યું આખો કેસ સાત વરસ પહોંચ્યો

હેસ્ટિંગ્સે પોતાના બચાવ વાસ્તે ત્રણ બારિસ્ટરો રોક્યા હતા. તેમણે દરેક તોહોમતના જવાબ ઘણીજ બાહોશીથી આપ્યા હેસ્ટિંગ્સને પોતાના નિર્દોષપણા વાસ્તે એટલી ખાતરી હતી કે મુકદ્દમો પૂરો થયો ત્યારે તેણે ન્યાયાધીશને કહ્યું હતું કે તમને જે યોગ્ય લાગે તે ફેંસલો હાલને હાલ જ આપો, પરંતુ તેમણે તેમ કર્યું નહિ.

અને સઘળા તોહોમતમાંથી હેસ્ટિંગ્સને નિર્દોષ ઠેરવવામાં આવ્યો પ્રજા ચુકાદો સાંભળી ઘણી ખુશી થઈ હેસ્ટિંગ્સને મુકદ્દમા દરમિઆન ખર્ચ ઘણોજ થઈ ગયો હતો તેથી તે ઘણી કંગાળ અવસ્થામાં આવી પડ્યો કંપનિની નોકરી એક નિષ્ઠાથી તેણે કરી હતી તે ધ્યાનમાં લઈ મુકદ્દમાનો સઘળો ખર્ચ તેને આપવામાં આવ્યો, અને તે જીવ્યો ત્યાં સુધી તેને સારૂ પેન્સન બાંધી આપવામાં આવ્યું.

હેસ્ટિંગ્સે પોતાની પાછલી જિંદગી નિવૃત્તિમાં ગાળી પોતાના બાગબગીચામાં કેટલાક હિંદી છોડવાઓ એણે વાવ્યા, અને હિંદુસ્તાનમાં જેમ વહેલો ઉઠતો તથા ઠંડે પાણીએ નહાતો તેજ પ્રમાણે પોતાની જિંદગીના પાછલા ભાગમાં તે કરવા લાગ્યો ઈ સ ૧૮૧૩ માં ૮૦ વર્ષની વયે હિંદુસ્તાનના કોઈ એક અગત્યના સવાલ ઉપર સાક્ષી આપવા તેને પાર્લામેન્ટની સભામાં બોલાવવામાં આવ્યો હતો. તે વખતે સઘળાએ ઉભા થઈ તેને ઘણો આવકાર આપી તેના પ્રત્યે તેમની લાગણી પ્રદર્શિત કરી. ૮૬ વર્ષની વયે તે દેવલોક પામ્યો.

# મ્હૈસુરનું રાજ્ય.

## ૫૪. હૈદરઅલી.

હિંદુસ્થાનની દક્ષિણે મલબાર અને કોરોમાંડલ કિનારાની વચ્ચે મ્હૈસુરનુ દેશી રાજ્ય આવેલુ છે, ત્યા કાનડી લોક રહે છે. ત્યા પ્રથમ હિંદુ રાજાઓ રાજ્ય કરતા હતા લાબા સમય સુધી એ પ્રાન્ત વિજયનગરના રાજ્યનો એક ભાગ ગણાતો હતો, પણ તાલિકોટની લડાઇ પછી વિજયનગરના રાજ્યનો નાશ થયો ત્યારે મ્હૈસુરના રાજાએ પોતાનુ રાજ્ય વધાર્યું, શ્રીરંગપટ્ટણ જીત્યુ અને પોતાના રાજ્યનુ તેને પાટનગર બનાવ્યુ



હૈદરઅલી

હૈદરઅલી ઇ સ ૧૭૦૨મા જન્મ્યો હતો, તેનો પિતા મ્હૈસુરના રાજ્યમા એક હલકા દરવાજાની જગ્યા પર હતો તરુણ અવસ્થામા હૈદર લૂટારા તરીકે કામ કરવા લાગ્યો, અને લુટફાટ કરી પોતાનુ ગુજરાન ચલાવતો હતો તે અરસામા ફ્રેંચ લોકો હિંદુસ્તાનમા રાજ્ય સ્થાપવા પ્રયત્ન કરતા હતા તેઓ યુદ્ધ કરવામા ઘણા પ્રવીણ હતા તેથી હૈદર તેમની નોકરીમા જોડાયો ધીમે ધીમે પોતાની હોશિયારીથી તે બહાર પડયો, અને મ્હૈસુરના રાજ્યમા તેને લશ્કરના સેનાધિપતિની જગા મળી દરમિઆન મ્હૈસુરના તરુણ રાજા અને તેના કાકા વચ્ચે લડાઈ થઇ તેનો લાભ લઇ હૈદર ગાદી પચાવી પડયો.

મ્હૈસુરની ગાદી પર તેણે **બાત્રીસ** વરસ રાજ્ય કર્યું તેના રાજ્ય દરમિઆન **નિઝામ, મરાઠા** અને **અંગ્રેજ** લોકો સાથે તેને ઘણી લડાઇઓ થઇ મરાઠાના **પહેલા માધવરાવ** પેશ્વાએ તેને હરાવ્યો અને તેની પાસેથી ૩૨ લાખ રૂપીઆ લડાઇના ખર્ચ બદલ લીધા ત્યાર પછી અંગ્રેજ લોકો સાથે એણે લડાઇ કરી અને છેક **મદ્રાસ** સુધી ધસી ગયો તે વખતે **વૉરન હેસ્ટિંગ્સ** હિંદુસ્તાનનો ગવર્નર જનરલ હતો તેણે એક મોટું લશ્કર તેની સામે લડવા મોકલ્યું લડાઇમાં હૈદર હાર્યો અને તેને સંધિ કરવી પડી, પરંતુ થોડાજ વખતમાં તેમની સાથે તકરાર કરી, લડાઇનું બહાનું શોધી તેણે પાછું યુદ્ધ ચલાવ્યું યુદ્ધની શરૂઆતમાં તે કેટલીક ફતેહ પામ્યો

હૈદરમાં લડવૈયાના ગુણ જન્મથીજ હતા તે ઘણો બાહોશ ઘોડેસવાર હતો અને તરવારની પટાબાજીમાં તેણે ઘણી કુશળતા મેળવી હતી યુવાવસ્થામાં તેનું શરીર કસાયલું હતું તેથી જ્યારે તેને મહેનત કરવી પડતી ત્યારે તેને શ્રમ બીલકુલ લાગતો નહિ, તેનો ઘણો ખરો વખત લડાઇમાં પસાર થયો હતો તેથી મરળો રાજકારભાર તેના અમલદારના હાથમાં સોંપવો પડતો તેઓ કાંઇ પણ ભૂલ કરતા તો તેમને ચાબખાવતી ઘણી સખ્ત શિક્ષા કરતો પોતાના પુત્રને પણ તેવીજ રીતે શિક્ષા કરતો તેની ક્રૂરતાના કેટલાક દૃષ્ટાંત આપણી પાસે આવેલા છે તેણે કેટલાક અંગ્રેજ કેદીઓને ભૂખમરાથી અર્ધા મારી નાખ્યા હતા, અને તેમની મરજી વિરુદ્ધ તેમને સુનત કરાવવી પડી હતી હૈદરની શિક્ષા પ્રત્યેની ભાવનાથી આપણે એવા નિર્ણય પર આવવું જોઇએ નહિ કે તે તદ્દન નિર્દય અને નિષ્ઠુર હતો તેનામાં બીજા કેટલાક એવા ગુણો હતા કે જેથી એના સમાગમમાં આવનાર પુરુષો તેને વખાણતા, અને કાંઇક અંશે તેની સ્તુતિ કરતા.

હૈદર પોતાની પ્રજા સાથે ઘણી છૂટથી મળતો એક વખતે ઘણી બાબત ઉપર લક્ષ આપવાની તેનામાં અસાધારણ શક્તિ હતી તેની પાસે કોઇ કાગળ વાંચતો હોય, તો તે લક્ષમાં રાખી તેજ વ-

અને કોઈ બીજા પુરુષ સાથે અગત્યના વિષય પર વાત કરી શકતો, અને સાથે નાટક અને તમાશામાં પણ ઉત્સાહ ભર્યો ભાગ લઈ સઘળી બીના ધ્યાનમાં રાખતો. **તે અશિક્ષિત હતો છતાં દરેક અગત્યના સવાલ ઉપર ધ્યાન આપતો અને ભાગ્યેજ એવો રાજદ્વારી કાગળ એના દરબારમાં લખાયો હોય કે જેની તેને માહિતી નહિ હોય.**

રાજકારભાર ચલાવવામાં તથા ધર્મમાર્ગી બાબતમાં તે ગમે તેટલો હઠિલો હોય તોપણ તે એક બહાદુર લડવૈયો હતો અને યુદ્ધકળામાં ઘણો પ્રવીણ હતો એ બાબત બે મત છેજ નહિ લડાઈના કટોકટીના સામના વખતે પોતાના ચિત્તની સ્વસ્થતા જાળવી રાખી હિંમત કદી પણ હારતો નહિ

## ૫૫. ટીપુ.

હૈદરના મરણ પછી તેનો પુત્ર **ટીપુ** મહેસુરની ગાદીએ આવ્યો.


ટીપુ

તેનું નામ **ટીપુ** કેમ પાડ્યુ તે બાબત અનેક તર્કો થયા છે કેટલાક એમ કહે છે કે કાનડી ભાષામાં **ટીપુ**નો અર્થ વાઘ થાય છે, અને **ટીપુ** વાઘના જેવો બહાદુર હતો તેથી તેનું નામ એ પાડવામાં આવ્યું હતું પોતાની રૈયતમાં ધાક ઉપજાવવા માટે પોતાના રાજ્યચિહ્ન તરીકે એણે વાઘનું ચિહ્ન પસંદ કર્યું હતું વળી તે પોતે કહેતો હતો કે "**ગરીબ ઘેટા તરીકે ૨૦૦ વર્ષ સુધી જિંદગી ગાળવા કરતા વાઘ તરીકે માત્ર બે દિવસની જિંદગી ગાળવી હું વધારે પસંદ કરૂં છું.**"

આ ઉપરથી ' ટીપુ ' શબ્દનો અર્થ કાનડી ભાષામા વાઘ થાય છે એવો મત ભૂલથી સર્વત્ર ફેલાયો વળી કેટલાકના મત પ્રમાણે, ટીપુની માતા તેના જન્મ થતા પહેલા ટીપુ નામના પવિત્ર ફકીરની મુલાકાતે ગઇ હતી તેથી એ પવિત્ર પુરૂષના નામ ઉપરથી એનુ નામ પાડવામા આવ્યુ હતુ, પણ એ બનવા જોગ નથી

ટીપુને ગાદીએ બેઠાને હજુ આઠ વર્ષ પૂરા થયા નહોતા, એટલામા મલબાર, કુર્ગ અને મ્હેસુરની આસપાસના કેટલાક મુલક તેણે જીતી લીધા

ત્યા આગળ તેણે ઘણો ત્રાસ વર્તાવ્યો તેનામા ઔરંગઝેબની પેઠે ધર્મનુ ઝનૂન ઘણુ હતુ તેથી ત્યાની પ્રજાને મુસલમાન ધર્મ સ્વીકારવા તેણે ફરજ પાડી જેઓ એની ઇચ્છાને તાબે થાય નહિ તેમને એણે નિર્દયપણે મારી નાખ્યા અંગ્રેજ લોકોનો એ કટ્ટો શત્રુ હતો, અને હિંદુસ્તાનમાથી તેમને કાઢી મૂકવા એણે ઘણુ પ્રયાસ કર્યા, પણ તેમા તે ફાવ્યો નહિ આ વખતે લૉર્ડ કૉર્નવૉલિસ હિંદુસ્તાનમા ગવર્નર જનરલનો હોદ્દો ભોગવતો હતો જેની હકીકત આ વાર્તા પછી આવશે, તેણે તેને હરાવ્યો અને કર્ણાટકમા આવેલા એકાદ બે જિલ્લા તેની પાસેથી લઈ લીધા ત્યાર પછી માર્કિવસ વેલેસ્લીના અમલમા ટીપુ અને અગ્રેજ વચ્ચે લડાઈ થઇ તેમા તે ઘણી બહાદુરીથી લડયો અને તે ઘવાયો અને પડયો તે વખતે તેના સિપાઇઓએ તેને કહ્યુ કે " તમે કોણ છો, તેની ઓળખ અગ્રેજ અમલદારોને તમે આપો, જેથી તમારાં માન આબરૂ જળવાય અને તમારૂં કાંઇ અનિષ્ટ થાય નહિ " પરંતુ એણે તેમનુ સાંભળ્યું નહિ અને તે જમીન પર પડયો રહ્યો.

એ દરમિઆન એક અગ્રેજ સિપાઇ તેના રત્નજડિત કમરપટાથી લલચાઇ તેની પાસે આવ્યો ટીપુએ પડયા પડયા પણ એવો સખ્ત ઘા તેના પર કર્યો કે તે પગે લગડો થયો, પછી તે લગડા

સિપાઈએ ટીપુને ગોળી મારી ઠાર કર્યો ટીપુના મરણ પછી અંગ્રેજ સરકારે અસલ હિંદુ રાજાના વંશના એક કુંવરને મ્હૈસુરની ગાદી પર બેસાડયો, અને ટીપુના છોકરાઓને સારૂં પેન્શન બાંધી આપી વેલોર મોકલી આપ્યા

**ટીપુ** એના બાપ હૈદર કરતાં જુદા પ્રકારનો હતો યુદ્ધકળામાં **હૈદર** જેટલો તે કુશળ નહોતો છતાં ઘોડે બેસતાં તથા નિશાન તાકતાં તેને ઘણું સારૂં આવડતું હતું તે વિદ્વાન હતો અને વેપાર, ધર્મ, ઔષધશાસ્ત્ર વગેરે વિદ્યા સંબંધી તેણે જ્ઞાન મેળવ્યું હતું, વળી ચુસ્ત **મુસલમાન** તરીકે પોતાના દેશમાં દારૂ વેચવાની તેણે સખ્ત મનાઇ કરી હતી આવા કેટલાક તેનામાં પ્રશંસનીય ગુણ હતા, પરંતુ તે ઘણોજ ક્રૂર અને નિર્દય હતો કાનડામાં એક સમયે એના રાજ્ય દરમિઆન બળવો થયો હતો ત્યારે તેણે પોતાના સેનાધિપતિને લખ્યું કે, "**આજથી દસ વરસ પહેલાં એ પ્રાન્તમાં આસરે ૧૫૦૦૦ માણસને ઝાડ ઉપર ફાંસી દેવામાં આવ્યાં હતા, ત્યાર પછી ઝાડો બીજા ભક્ષ વાસ્તે તલસ્યા કરે છે, માટે જેટલા બળવાખોરો હાથ આવે તે સઘળાને તમે ઝાડ પર લટકાવી દેજો**"

આ ઉપરાંત કેટલીક વાર તે કેદીઓના ગળા કાપી નાખતો અથવા ઝેર આપી ગુંગળાવી તેમને મારી નાખતો ઉપર વર્ણવેલી શિક્ષા સિવાય બીજા પ્રકારની શિક્ષા કરવામાં પણ તે આનંદ લેતો એક લાકડાનો ઘોડો તૈયાર કરી તેના જીન ઉપર ખીલા ઠોકાવી રાખ્યા હતા. ગુનેગારને તેના ઉપર તે જાતે બેસાડતો અને પછી એક કળ ફેરવતો એટલે ખીલા તે ગરીબ બિચારાના શરીરમાં ભોંકાઈ જતા અને ગુનેગાર મરણ પામતો એવું કહેવામાં આવે છે કે ટીપુનું મગજ પાછલી વયે બગડયું હતું, અને તેનામાં ગાંડપણના ચિહ્નો જોવામાં આવતા હતા આથી એનો સ્વભાવ ક્રૂર અને નિર્દય થયો હોય એ સ્વાભાવિક છે

## ૫૬. લૉર્ડ કૉર્નવૉલિસ અને કાયમ જમાબંધી.

વૉરન હેસ્ટિંગ્ગ પછી લૉર્ડ કૉર્નવૉલિસ જે એક અગ્રેજી અમીર કુટુબમા જન્મ્યો હતો તેની હિંદુસ્તાનના ગવર્નર જનરલ તરીકે સને ૧૭૮૫મા નીમણુક કરવામા આવી ક્લાઇવ કે હેસ્ટિ-ગ્સની પેઠે પ્રથમથી એ કાઇ ઇસ્ટ ઇંડિઆ કપનિનો નોકર નહોતો પરતુ ઘણોજ પ્રામાણિક તથા લાયક હોવાને લીધે એની પસદગી કરવામા આવી કૉર્નવૉલિસને પોતાની શક્તિ વાસ્તે ઉચો અભિપ્રાય નહોતો એટલુજ નહિ, પણ ઘણીજ શકા હતી અમેરિકામા તે વખતે ચાલતા વિગ્રહ દરમિઆન એવા પ્રતિકૂળ સજોગો ઉત્પન્ન થયા હતા કે તેને પોતાના લશ્કર સાથે દુશ્મનને શરણે જવાની ફરજ પડી હતી આથી પોતાની મરજી વિરૂદ્ધ અને ઘણીજ નાખુશીથી એણે આ જોખમ ભરેલા ઓદ્ધાનો સ્વીકાર કર્યો

લૉર્ડ કૉર્નવૉલિસ સ્વભાવે ઘણો શાત હતો યુદ્ધ તરફ તેને બહુ પ્રીતિ નહોતી તેથી રૈયતના કલ્યાણાર્થે શા શા પગલા લેવા જોઇએ તે તરફ તેણે પોતાનુ લક્ષ દોરવા માડયુ મુખ્યત્વે કરીને બગાળામા સુધારાની બહુ જરૂર હતી કંપનિના નોકરો પોતાની સત્તાનો ગેરઉપયોગ કરી લાચરૂશવત લેતા અને ખાનગી ધધામા મશગુલ રહી પોતે ધનવાન કેવી રીતે થઇ શકે તેવા ઉપાયો શોધતા હતા આથી કપનિના હિતને ઘણુ નુકસાન થતુ હતુ તે અટકાવવા કંપનિના નોકરોનો પગાર વધારવા તેણે સખત ભલામણ કરી પગાર સારો આપવામા આવે તો નોકરો એક નિષ્ઠાથી અને ઉમગથી પોતપોતાનુ કામ બજાવશે અને કપનિનુ હિત જાળવશે એવો એને પૂર્ણ વિશ્વાસ હતો આ ઉપરાત ન્યાયની અદાલતોમા એણે કેટલાક સુધારા કર્યા.

લૉર્ડ કૉર્નવૉલિસના સુધારામા ખાસ અગત્યનો સુધારો બં-

ખાળામા કાયમની **જમાબંધી** દાખલ કરવાનો છે એ સુયોગ સાથે એનુ નામ હમેશ જોડાએલુ રહેશે મહાન અકબરના વખતમા **રાજા ટોડરમલે** જમીનની માપણી કરી દરેક પ્રાંતો વાસ્તે અમુક **મહેસુલ** નક્કી કર્યું હતુ, અને **મોગલ** સત્તનતના **પ્રતિનિધિઓ** દર વર્ષે તે ઉઘરાવવા નીકળતા હતા વખત જતા જ્યારે **મોગલ** સામ્રાજ્ય **પડી** ભાગ્યુ ત્યારે એજ પ્રતિનિધિઓ પોતેજ પ્રાંતોના માલિક છે એવું કહેવા લાગ્યા ટુકામા તેઓ પ્રાંતોના જમીનદાર થઇ પડયા. હેસ્ટિ-ગ્સ જ્યારે હિંદનો ગવર્નર થયો ત્યારે તેમનો ખીતાબ કરવા તેણે માફ ના પાડી જમીનદાર કેવી રીતે થઇ પડયા હતા તે તે સારી રીતે જાણતો હતો એણે પ્રાંતોને ઇજારે આપવાનો નવો ધારો કાઢ્યો અને શરૂઆતમા પાચ વર્ષને પટે તે જમીન આપવા લાગ્યો, પરંતુ આનુ પરિણામ સારૂ આવ્યુ નહિ જમીનદારો જમીન ઉપર પરતું લક્ષ આપી સુધારો વધારો કરતા નહોતા, કારણ કે પટો પુરો થતા પછી તે જમીન પાછી તેમનેજ મળશે એવો તેમને સુદ્ધલ ભરોસો નહોતો પરિણામે જમીનનો ક્રમ દિવસે દિવસે બગ-ડવા લાગ્યો

લૉર્ડ કૉર્નવૉલિસે આ બાબત ઝીણી વટી તપાસ કરી અને ઇજારદારોને પાચ અથવા દસ વર્ષના પટાને બદલે **વંશપરંપરાના પટા કરી આપવાના નિર્ણય પર તે આવ્યો.** દર વર્ષે દરેક જમીનદારે કેટલુ આપવુ તે પ્રથમ નક્કી કરવામા આવ્યુ આથી જમીનદારો પોતાની જમીન બાબત નિર્ભય થયા અને ઉમગથી કામ કરવા લાગ્યા

વંશપરંપરાનો જમીનદારી ધારો બંગાળાને મળ્યો તેથી તેને અનહદ લાભ પ્રાપ્ત થયો ખેતીનુ કામ ઘણુ આગળ વધવા લાગ્યું અને એકદરે વ્યાપારમા ઘણી વૃદ્ધિ થઇ જમીનદારોનો વર્ગ બગા-ળામા હાલ ઘણો નામીચો થઇ પડયો છે તેમની આબાદીને લીધે

મધ્યમ વર્ગના લોકને પણ લાભ થયો છે તેમને રોજી સારી મળે છે, પરંતુ આ ધારાથી ખેડુત વર્ગને કેટલીક વખત નુકશાન ખમવુ પડે છે તેમની પાસે જમીનદારો જે વેરો લે તેમા કોઇથી વચ્ચે પડાય નહિ એવુ હોવાથી તેમને ઘણો ગેરલાભ થાય છે

ઉપર વર્ણવેલો અગત્યનો સુધારો કરી લૉર્ડ કૉનર્વાલિસ ઇ સ ૧૭૯૩ મા સ્વદેશ ગયો દેશી રાજ્યોના માહોમાહેના કજીઆમા વચ્ચે નહિ પડવાનો સંકલ્પ કરી ઇંગ્લંડથી હિંદમા આવ્યો હતો અને પોતાના બનતા પ્રયાસે તે નિર્ણયને તે વળગી રહ્યો

---

## ૫૭. વેલેસ્લી અને તેની ઇંગ્લિંડની કારકીર્દિ.

લૉર્ડ કૉર્નવૉલિસ પછી સર જોન શોર હિંદનો ગવર્નર જનરલ થયો ત્યાર પછી માર્કિવસ ઑાવ વેલેસ્લીની તે જગા પર નીમણુક થઇ તેણે અંગ્રેજ લોકોની સત્તા હિંદુસ્તાનમા વધુ બળવાન બનાવી રાજદ્વારી પુરુષ તરીકે એના કરતા ચઢિઆતો ભાગ્યેજ કોઇપણ ગવર્નર જનરલ હિંદુસ્તાનમા આવ્યો હશે ક્લાઇવે હિંદુસ્તાનનો થોડો પ્રદેશ મેળવ્યો, હેસ્ટિંગ્સે તેમા વધારો કર્યો પરંતુ બ્રિટિશ રાજ્ય અહી સ્થાપનાર ખરેખર વેલેસ્લીજ હતો તે અહીં આવ્યો ત્યારે ઇસ્ટ ઇંડિઆ કંપનિ માત્ર એક વેપારી પેઢીનું જ કામ કરતી હતી, પરંતુ તે જ્યારે અહીંથી પાછો ફર્યો ત્યારે કંપનિની રાજનીતિમા ઘણો ફેરફાર થયો હતો, અને એક રાજસત્તા ચલાવનારી કંપનિ તરીકે પ્રસિદ્ધ થઇ હતી

સને ૧૭૫૦ના જુન મહીનાની ૨૦ મી તારીખે વેલેસ્લીનો જન્મ એક અમીરને ત્યા થયો હતો, પોતાનુ નામ પ્રથમ 'વેલેસ્લી'

ને બદલે તે **વેસ્લી** લખતો હતો વેલેસ્લી અને તેનો ભાઈ **આર્થર** જે પછીથી **ડ્યુક ઑવ વેલિંગ્ટન** તરીકે પ્રસિદ્ધ થયો તે નાનપણમાં સાથે વિદ્યાભ્યાસ કરતા હતા તેમની નિશાળમાં એક વખતે છોકરાઓ પાઠો ભજવતા હતા તેમાં વેલેસ્લીને ભાગે એક કરૂણરસવાળો પાઠ ભજવવાનો આવ્યો હતો. તે તેણે એવી ઉત્તમ રીતે ભજવી બતાવ્યો કે **ત્રીજા જ્યૉર્જ** રાજા જે મેળાવડામાં આવ્યા હતા તેમની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં ગૅરિક નામનો ઍક્ટર (નાટકમાં પાઠ ભજવનાર) જોઈ બોલી ઉઠ્યો કે **"તમે જે કર્યું તે હું કરી શકત નહિ."** આ ઉપરથી આપણને માલમ પડે છે, વેલેસ્લીમાં ભાષણ કરવાની તથા પોતાના કહેમાં ફેરફાર કરવાની ઘણા ઉંચા પ્રકારની શક્તિ હતી.

નિશાળ છોડયા પછી આ તરૂણ અમીર ઇંગ્લંડના રાજદરબારમાં ઉત્સાહભર્યો ભાગ લેવા લાગ્યો તેની શરૂઆતની કારકીર્દિ જોઈ સઘળાને એમજ લાગ્યું કે આગળ જતાં તે ઘણો સારો રાજનીતિજ્ઞ પુરુષ થશે હિંદુસ્તાનની રાજ્યવ્યવસ્થા ચલાવવાને **બોર્ડ આવ કન્ટ્રોલ** નામનું એક મંડળ ઇંગ્લાંડમાં સ્થાપવામાં આવ્યું હતું તેના એક સભ્ય તરીકે સને ૧૭૯૩ માં એની નીમણુંક થઇ આ પ્રમાણે હિંદુસ્તાન સાથે એને પ્રથમ સબંધ ઇંગ્લંડમાંજ જોડાયો, ત્યાર પછી પોતાના ભાઈ **આર્થર** અને પોતાની આગળના **ગવર્નર જનરલ લૉર્ડ કૉર્નવૉલિસ** પાસેથી હિંદુસ્તાન વિષે તેણે ઘણી માહીતી મેળવી. અંતે સને ૧૭૯૭ માં તેની ગવર્નર જનરલ તરીકે નીમણુંક કરવામાં આવી.

## ૫૮. માર્કિવસ વેલેસ્લી અને તેનો હિંદનો અમલ.


હિંદુસ્તાન આવી તેણે નિષ્પક્ષપાતપણે પોતાનું કામ બજાવવા માંડયું તે કોઇ વેપારી નહોતો, તેથી વેપાર તરફ તેની વૃત્તિ થઇજ નહિ જન્મથી તે તો એક મોટા દરજ્જાનો અંગ્રેજ ઉમરાવ હતો તેથી સ્વાભાવિક રીતે રાજ કાજ અને દેશકલ્યાણ તરફ એનું લક્ષ દોરાયું હેસ્ટિંગ્સને જેમ સ્વદેશમાં દુશ્મન નહોતા તેમ તેને હિંદુસ્તાનમાં દુશ્મન નહોતા, પરિણામે તેને પોતાના કામમાં ઘણી અનુકૂળતા મળી હિંદુસ્તાન આવ્યા પછી એને માલમ પડયું કે રાજાઓ



માર્કિવસ વેલેસ્લી

માહોમાહે લડે છે, દેશમાં મારામારી અને લૂટફાટ ચાલે છે, છતાં આગળના બે ગવર્નર જનરલ પૈકી કોઇએ દેશી રાજાઓને લડતા અટકાવ્યા નહિ, તેમ જ લૂટફાટ થતી અટકાવવા પુરતું ધ્યાન આપ્યું નહિ. આવી રાજનીતિથી દેશી રાજાઓ માહોમાહે લડી દેશને પાયમાલ કરતા હતા તે જાણતો હતો કે દેશમાં સારો બંદોબસ્ત જળવાય એવું લશ્કર કંપનિ પાસે છે તેથી તેણે જુદીજ પદ્ધતિ પકડી.

વેલેસ્લીએ સઘળા દેશી રાજકર્તાઓને કહેવડાવ્યું, " કે જે દેશી રાજા અમારી સાથે મિત્રાચારીની સંધિ કરશે તેની મદદ અર્થે સહાયકારી લશ્કર આપીશું પણ લશ્કરનો તમામ ખર્ચ તેને માથે રહેશે; વળી તે ઉપરાંત તે રાજા અંગ્રેજ સરકારની રજા વગર


માર્કિવસ વેલેસ્લી
ના વખત નું બ્રિટિશ
હિંદ.
ઇ સ ૧૭૯૯
મુંબઈ
નિઝામનો
મુલક
મદ્રાસ
M.A.

**કોઇ બીજા રાજા સાથે લડી શકે નહિ, તેમજ જો કોઇ બીજો રાજા તેના ઉપર ચઢી આવે તો અંગ્રેજ સરકાર તેને મદદ કરવી.**

તે વખતે બળવાન રાજાઓમા પેશ્વા, સિંધીઆ હોલકર, ગાયકવાડ, ભોંસલે, નિઝામ અને ટીપુ સુલતાન હતા નિઝામે વેલેસ્લીની શરત કબુલ રાખી અને તે હૈદરાબાદમા નિર્ભયપણે રાજ્ય કરવા લાગ્યો, પરંતુ મ્હૈસુરના રાજા ટીપુએ એ શરતનો અનાદર કર્યો, અને તેની સાથે એક મોટો વિગ્રહ થયો તેમા તેનો નાશ થયો પેશ્વા અંગ્રેજ સરકાર સાથે આ સંધિથી જોડાયો પરંતુ બીજા મરાઠા રાજાઓ એથી નારાજ થયા, તેથી તેમની સાથે મરાઠા વિગ્રહ ઉત્પન્ન થયો આ પ્રમાણે બને વિગ્રહમા જીત મેળવી વેલેસ્લીએ અંગ્રેજી રાજ્યને ઘણુ મજબુત બનાવ્યુ તે ઉપરાંત તાંજોર અને કર્ણાટકના રાજ્યને અંગ્રેજી રાજ્ય સાથે તેણે જોડી દીધા વળી અયોધ્યાના નવાબે તેની શરત કબુલ રાખી રાજા અને જમના નદીની વચ્ચે આવેલો પ્રદેશ અંગ્રેજ સરકારને આપી દીધો ટુકામા કહીએ તો એના રાજ્ય દરમિઆન અંગ્રેજ સત્તા હિંદુસ્તાનમા પણ ખાસ કરીને મદ્રાસ ઇલાકામા પુરેપુરી જામી

વેલેસ્લીની હિંદની રાજનીતિ બાબત ઇંગ્લાંડમા ઘણી ચર્ચા થઇ અને સને ૧૮૦૫ મા તે ઇંગ્લંડ પાછો વળ્યો ત્યા ગયા પછી થોડો વખત તે નિવૃત્ત જીવન ગાળવા લાગ્યો, પણ એવુ જીવન એને નીરસ લાગવાથી ફરીથી રાજદ્વારી બાબતોમા આગેવાન તરીકે ભાગ લેવા લાગ્યો ૮૨ વર્ષની ઉમરે પણ તેનામા ઘણો જુસ્સો માલુમ પડતો હતો શરીરશક્તિ કરતા તેનામા મનોબળ વિશેષ પ્રમાણમાં હતુ તેને કોઇ પણ મુશ્કેલી નડતી ત્યારે તે કહેતો કે, **“ મુશ્કેલી એજ આપણો ખોરાક છે, હુ તો તેના પર જીવુ છું અને તે મને ઘણી માફક આવે છે ”** તેનામા હુંપદ વધારે દેખાતુ હતુ તેના આચાર, રીતભાત, બોલવા ચાલવા વગેરેમા તે સ્પષ્ટ જણાઇ આવતુ હતુ,

પણ પોતાની ઉંચી પદવીને તે સઘળા જરૂરના છે એમ તે માનતો હતો, એક અંગ્રેજ લેખક કહે છે, કે " તે એક અંગ્રેજ સુલતાન જેવો દેખાતો હતો."

---

## ૫૯. માર્ક્વિસ હેસ્ટિંગ્સ અને તેની રાજનીતિ.

**ફ્રાન્સિસ રૉડન હેસ્ટિંગ્સને** નાનપણથીજ લશ્કરી નોકરી તરફ ઘણો પ્રેમ હતો તેથી પોતાનો અભ્યાસ પૂરો થયો કે તરતજ સત્તર વરસની કુમળી વયે તે લશ્કરી નોકરીમા જોડાયો ત્યા ઉત્તરોત્તર પદવી પ્રાપ્ત કરી ઘણી કીર્તિ મેળવી **અમેરિકા** અને **ઇંગ્લંડ** વચ્ચે ચાલતા વિગ્રહ દરમિઆન તેણે અમેરિકામા બહુ બહાદુરી બતાવી ઇ સ. ૧૭૯૩ મા તેના પિતા મરણ પામ્યા એટલે તેને **લૉર્ડ મોઇરાનો** ઇલકાબ મળ્યો


માર્ક્વિસ હેસ્ટિંગ્સ

**લૉર્ડમિન્ટો** નામનો ગવર્નર જનરલ હિંદુસ્તાનથી સને ૧૮૧૩ મા પાછો આવ્યો હતો તેજ જગ્યાએ **હેસ્ટિંગ્સની** નીમણુક થઈ ગવર્નર જનરલના હોદ્દા વાસ્તે તે પુરેપુરો લાયક હતો, કારણ કે એનામા દૃઢ નિશ્ચય, ઉદાર વૃત્તિ, અને ચારિત્ર્યબળ ઘણા ઉત્તમ પ્રકારના હતા ને ઉપરાત તે ઘણોજ પ્રામાણિક

અને એકવચની હતો, વળી એક બહાદુર લડવૈયા તરીકે અમેરિકામા તેણે ખ્યાતિ મેળવી હતી આ સર્વ ગુણને લીધે તેની નીમણૂક સઘળાને પસદ પડી

ઇગ્લડમા જ્યારે તે હતો ત્યારે **માર્કિવસ વેલેસ્લીની** રાજનીતિ તેણે વખોડી કાઢી હતી તેનુ કહેવુ એવુ હતુ કે "હિદુસ્તાનના દેશી રાજાઓના કજીઆમા અગ્રેજી સરકારે શા માટે વચ્ચે પડવું જોઇએ ? તેમને તેમનુ કામ કરવા દેવુ જોઇએ " પરતુ જેવો તે અહીં આવ્યો કે તરતજ તેને માલમ પડ્યું કે વેલેસ્લીની રાજનીતિ યોગ્ય હતી

કપનિના કારોબારી મડળને ઇગ્લડમા **હેસ્ટિગ્સે** સવિસ્તર સમાચાર મોકલાવ્યા અને વધુમા જણાવ્યુ કે મગઠા અને પિંઢારાઓ તોફાન મચાવી રહ્યા છે ત્યાથી એવો પ્રત્યુત્તર મળ્યો કે, 'તમને યોગ્ય લાગે તેમ કરો " આથી લૉર્ડ વેલેસ્લીએ શરૂ કરેલુ કામ તેણે હાથમા લીધુ અને હિદુસ્તાનમા બ્રિટિશ સત્તાનો અમલ વધારવા તેણે યોગ્ય પગલા લીધા

---

## ૬૦. માર્કિવસ હેસ્ટિંગ્સ અને પિંઢારા.


**હેસ્ટિંગસને** પ્રથમ પિંઢારા લોક સાથે બાથ ભીડવી પડી. પિંઢારા નામની એક જાત તે સમયે હિદુસ્તાનમા ત્રાસ વર્તાવી રહી હતી તેઓ લૂટફાટ કરતા અને લોકોને ત્રાહે ત્રાહે પોકરાવતા હતા કેટલાક પિંઢારા જાટ જાતના હતા અને કેટલાક અફઘાનો હતા તેઓ નાની ટુકડીઓમા ઠામ ઠામ ફરતા, ઘણી ઝડપથી ગરીબ લોકો પર ઓચીંતો છાપો મારી તેમના ગામો લૂટતા અને તેમને નિર્દયપણે કાપી નાખતા તેઓ ઘણા કઠોર હૃદયના હતા. દયા શું

છે તે બાબત તે અજ્ઞાન હતા પુરુષ અથવા સ્ત્રી જે કોઈ તેમના સપાટામા આવતુ તેને તેઓ ક્રૂરતાથી મારી નાખતા આખા મદ્રાસ ઇલાકામા, નિઝામના પ્રદેશમા, અને મલબારમા છૂટા છવાયા ફરતા તેઓ માલુમ પડતા હતા આથી આખી કોમને જડમૂળથી ઉખેડી કાઢવા હેસ્ટિંગ્સ તત્પર થયા

**અમીરખાન** નામના પિંઢારાના એક આગેવાન સરદારને **ટોંકનો** મુલક આપી હેસ્ટિંગ્સે બીજા પિંઢારા સાથે લડાઈ ચલાવવા માટે જુદા જુદા લશ્કર મોકલી તેમને ઘેરી લેવામા આવ્યા હજારો તેમનામાથી મરણ પામ્યા **વસિલ મહમદ** નામના પિંઢારાએ ઝેર પીધુ **કરીમખાન** નામનો બીજો સરદાર અંગ્રેજ સરકારને તાબે થયો, પરંતુ ચિતુ નામનો પિંઢારો જંગલમા નાસી ગયો અને તેને વાઘે ફાડી ખાધો એવુ કહેવામા આવે છે, આ પ્રમાણે પિંઢારાનુ જોર તોડી પાડવામા હેસ્ટિંગ્સ ફતેહમંદ નીવડ્યા તેમનામાના થોડા ઘણા બચ્યા તેઓ સલાહશાન્તિથી ધંધે વળગ્યા અને ફરીથી તેઓએ કદી લૂંટફાટમા ભાગ લીધો નહિ

**નેપાળના ગુરખા** લોકો સાથે હેસ્ટિંગ્સને લડાઈમા ઉતરવુ પડ્યુ ગુરખા લોક હાર્યા અને હિમાલય પર્વતની દક્ષિણનો કેટલોક ભાગ અંગ્રેજ સરકારને તેમને આપવો પડ્યો ત્યારપછી મરાઠા લોક અંગ્રેજ સરકારની સામે થયા તેમા તેઓ હાર્યા અને પેશ્વાનો મુલક લઈ લેવામા આવ્યો આ પ્રમાણે હાલ જેમ આપણે જોઈએ છીએ તેમ મુંબઈ ઇલાકાની સરહદ બંધાઈ

હેસ્ટિંગ્સને લડાઈમા ઘણુ રોકાવુ પડ્યુ હતુ છતા તેણે જન-સુખાકારી વાસ્તે ઘણો શ્રમ વેઠ્યો હતો. તેણે રસ્તાઓ, પૂલો, નહેરો વગેરે બંધાવ્યા, અને દેશમા વેપાર રોજગારને ઘણુ ઉત્તેજન આપ્યુ. દેશની આબાદીની અને વૃદ્ધિના દરેક કામમા તેણે ઘણો ઉત્સાહભર્યો ભાગ લીધો, તે વૃદ્ધ થયો હતો તો પણ પોતાનુ કામ ઘણા ધૈર્ય અને


લોર્ડ હેસ્ટિંગ્સના
વખતનું બ્રિટિશ હિંદ.
ઈ.સ. ૧૮૨૩.
રજપુતાના
આઉદ
સિંધીઆ
હોલકર
ગુજરાત
ગાયકવાડ
વરાડ
મુંબઈ
નિઝામનો
મુલક
મદ્રાસ
મહેસુર

અંતથી તે કરી શકતો હતો સને ૧૮૧૩ મા જ્યારે તે હિંદુસ્તાનમા આવ્યો ત્યારે સઘળે તોફાન અને અશાન્તિ પ્રસરી રહેલા હતા, પરંતુ સને ૧૮૨૩ મા જ્યારે તે ઇગ્લંડ જવા નીકળ્યો, ત્યારે દરેક મુખ્ય દેશી રાજ્ય અગ્રેજ સરકારના તાબામા આવેલુ હતુ અને બ્રિટિશ સત્તા સર્વોપરિ બની હતી

ઇંગ્લંડ ગયા પછી લાબો વખત તેણે વાનપ્રસ્થ અવસ્થા ભોગવી નહિ તે ઘણોજ ઉદાર સ્વભાવનો હતો, તેથી પોતાના સમાગમમા આવનાર માણસોને તે ઘણી વાર પૈસાની મદદ કરતો પ્રિન્સ ઓફ્ વેલ્સ અને તેની વચ્ચે ગાઢ મિત્રાચારી હતી પ્રિન્સ તેની પાસેથી પૈસાની મદદ લેતો તે કહેતો હતો કે, "માઇરો અને હુ બન્ને **ભાઇઓ જેવા છીએ. જ્યારે એકને પૈસાની જરૂર હોય ત્યારે તે બીજાના ગજવામા હાથ નાંખે એવો અમારો નિયમ** છે" આ પ્રમાણે તે પાછલી અવસ્થાએ નિર્ધન સ્થિતિમા આવી ગયો અને માલ્ટા નામના ટાપુના ગવર્નર અને મુખ્ય સેનાધિપતિની જગા તેને લેવી પડી ત્યા આગળ પોતાના નિયમ પ્રમાણે એકનિષ્ઠાથી નોકરી કરવા લાગ્યો, પરંતુ એની તબીઅત બગડી અને અકસ્માતથી ઘોડા પરથી પડી જઇ તે મરણ પામ્યો પોતાનો દેહ છોડતી વખત તેણે કહ્યુ કે **"મારો જમણો હાથ કાપી નાખવો અને મારી સ્ત્રી મરણ પામે ત્યારે તેની સાથે હાથને દાટવો."** તેની ઇચ્છાનુસાર કરવામા આવ્યુ અને અત્યારે તેનો હાથ તેની વહાલી પત્ની સાથે પોતાના દેશમા તેની કબરમા દટાએલો છે તે કેટલો પ્રેમાળ હતો તે ઉપલા દ્રષ્ટાન્ત ઉપરથી માલમ પડે છે

# ૬૨. લોર્ડ વિલિઅમ બેન્ટિક અને વેલોરનો બળવો.

ઇ સ ૧૭૭૪ના સપ્ટેમ્બર માસની ૧૪ મી તારીખે **વિલિઅમ કેવેન્ડિશ બેન્ટિકનો જ મ થયો** હતો યુરોપમા લડાઇ સબધી થોડુ ઘણુ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સને ૧૮૦૩ મા તેને **મદ્રાસનો** ગવર્નર નીમવામા આવ્યો તેના જેટલી તરૂણ વયે ભાગ્યેજ કોઇ અ ગ્રેજ અમલદાર આવા ઉંચા હોદ્દા પર આવ્યો હશે મદ્રાસ આવી તેને થોડાજ વખતમા લાગ્યુ કે હિ દુસ્તાનમા લોકોને સુખ મળે અને તેમનુ કલ્યાણ થાય એવી રાજપદ્ધતિ બ્રિટિશ સરકારની હોવી જોઇએ આ



લોર્ડ વિલિઅમ બેન્ટિક

તરફ તેણે ધીમે ધીમે પ્રયાસ કરવા માડ્યો, પર તુ **વેલોરમા** એકાએક બળવા ફાટી નીકળ્યો તેમા તેનુ સઘળુ ચિત્ત પરોવાયુ.

**વેલોરમા** લશ્કરી છાવણી હતી **મદ્રાસના** સેનાધિપતિએ એવો હુકમ કાઢ્યો કે સઘળા સિપાઇઓએ અમુક જાતની એક સરખી પાઘડી પહેરવી, અને પરેડ કરતી વખતે કપાળમા ચાલ્લો કરવો નહિ, તથા કાનમા કડી પહેરવી નહિ, આથી સિપાઇઓને એમ લાગ્યુ કે અગ્રેજ સરકાર તેમને ભ્રષ્ટ કરવા માગે છે, તેથી તેમની ધાર્મિક લાગણી ઉશ્કેરાઇ અને તેમણે બળવો કર્યો કેટલાકનુ કહેવુ એવુ છે કે સિપાઇઓ, **ટીપુના** છોકરાઓ જે **વેલોરમાંજ** રહેતા હતા તેમને ગાદી અપાવવા માગતા હતા, તેથી તેમણે બળવો ઉઠાવ્યો **બેન્ટિકનો**

અભિપ્રાય આ બાબત પૂછવામા આવ્યો ત્યારે એણે કહ્યુ, કે "એક વખત હુકમ કાઢયા પછી રદ્ કરવામા આપણી નિર્બળતા દેખાય માટે બળવાખોરોને શિક્ષા કરવી જોઇએ.' એની ઇચ્છાનુસાર બળવો કરનારા આગેવાન પુરુષોને પકડવામા આવ્યા અને તેમને યોગ્ય શિક્ષા થઇ

આ બનાવથી કંપનિના ડિરેક્ટરોને બેન્ટિક પર અવિશ્વાસ આવ્યો તેમને એમ લાગ્યુ કે પોતાની નોકરીમા જે લો જોઇએ તેટલો એ જાગ્રત રહ્યા નહિ, અને તેની ગફલતના પરિણામે કદાચ ભવિષ્યમા એવા સજોગો ઉત્પન્ન થાય કે તેને પહોચી વળવા બ્રિટિશ સરકાર સમર્થ થાય નહિ, આથી તેને ઇગ્લડ પાછો બોલાવી લેવામા આવ્યો ઈગ્લડ જઈ તેણે પોતાના બચાવમા ઘણી દલીલો રજુ કરી પણ ડિરેક્ટરોએ પોતાનો હુકમ રદ કર્યો નહિ ત્યારપછી બેન્ટિકે યુરોપમા ઘણી ઉંચી પદવીઓ મેળવી એમહર્સ્ટ હિંદુસ્તાનથી પાછો ફર્યો ત્યારે ગવર્નર જનરલ તરીકે તેની નીમણુક કરવામા આવી આ નીમણુકથી તેનુ કલક ધોવાઈ ગયુ અને ૧૮૨૮ મા હિંદુસ્તાન આવી તેણે પોતાના હોદ્દાનો ચાર્જ લીધો

ઠગ લોકોના ટોળેટોળા તે વખતે જોવામા આવતા હતા તેઓ મુસાફરોને લૂટી લઈ તેમના પ્રાણ લેતા ગામડીઆનો વેષ લઈ મુસાફરો સાથે દોસ્તીનો ડોળ કરતા અને તેમને ફસાવી ગળામા રૂમાલ નાખી ફાસો દઇ તેમને મારી નાખતા **તેઓ એમ માનતા હતા કે આવાં ઘોર કૃત્યથી કાલીકા માતા પ્રસન્ન થાય છે.** તેમનો ત્રાસ મધ્ય હિંદમા ફેલાઈ છેક દક્ષિણ સુધી પ્રસર્યો હતો બેન્ટિકે આ ઠગ લોકોને શોધી કાઢી તેમને શિક્ષા કરવા સારૂ અમલદારો નીમ્યા આ કામમા મેજર સ્લીમન નામના અંગ્રેજ સરદારે ઘણી સારી સેવા બજાવી અને એને લીધેજ આ આપત્તિમાથી હિંદુસ્તાન મુક્ત થયુ, આશરે ૭૨,૦૦૦ ઠગ લોકોને પકડવામા આવ્યા અને તેમાના ૧૫૦૦ને યોગ્ય શિક્ષા થઇ

## ૬૨. લોર્ડ વિલિઅમ બેન્ટિક અને તેણે કરેલા સુધારા.

**હિંદુસ્તાનમાંથી** સતી થવાનો રિવાજ બંધ કરવા માટે **બેન્ટિકને** ધન્યવાદ ઘટે છે જ્યારે પતિનુ મરણ થતુ ત્યારે તેની સ્ત્રી તેની પાછળ બળી મરતી હતી મહાન અકબરે આ ક્રૂર ચાલ અટકાવવા ઘણા પ્રયત્ન કર્યા હતા પણ તેમા તે નિષ્ફળ નીવડયો હતો, દિનપ્રતિદિન સતીઓની સખ્યામા વધારો થયો હતો કેટલીક સ્ત્રીઓને તેમની મરજી વિરુદ્ધ તેમના પતિના શબ સાથે બાળી મૂકવામા આવતી હતી તેમને કોઈ વખત તેમના સગાવહાલા કેફી વસ્તુ પીવડાવી દેતા જેથી પોતાનુ સર્વ ભાન ખોઇ આવેશમા ને આવેશમા પોતાના પ્રાણનુ બલિદાન આપવા તેઓ તત્પર થતી આ ચાલને વિષે તે વખતે એવુ કહેવામા આવતુ હતું કે તેમા ધર્મનો સમાવેશ થાય છે, અને કોઇ પણ ધાર્મિક કામમા હાથ લાવવો એ વાજબી ગણાય નહિ, પરતુ **દ્વારકાનાથ ટાગોર** અને **રામ મોહનરાયે** આ અધમ રિવાજને બહુજ વખોડી કાઢયો અને જણાવ્યુ કે સતી થવાના રિવાજને ધર્મની સાથે કાઇ સબધ નથી

**બેન્ટિકના** પહેલા આવેલા **ગવર્નર જનરલ** આ ઘોર અને નિર્દય કૃત્યથી કટાળી ગયા હતા, પણ દેશીઓના રીતરિવાજમા વચ્ચે પડવુ તેમને યોગ્ય લાગ્યુ નહિ તેમ છતા જેટલુ બન્યુ તેટલુ તેમણે કર્યું તેમણે એવો હુકમ કાઢયો હતો કે જે સ્ત્રી સતી થવા માગતી હોય તેને કોઈ પણ કેફી વસ્તુ પીવડાવવી નહિ અને તેની ઇચ્છા વિરુદ્ધ ચીતામા બાળી મૂકવી નહિ તે ઉપરાત એ બાબતની ખબર **મેજીસ્ટ્રેટને** આપવી તેઓ એમ ધારતા હતા કે આવા પગલાથી રિવાજ ધીમે ધીમે નાબુદ થઇ જશે, પરતુ માત્ર બગાળામા એક વરસ દરમિઆન ૮૦૦ વિધવાઓ જીવતી બળી મુઇ હતી

**બેન્ટિકના** વખતમા આ રિવાજનુ જોર વિશેષ વધ્યુ હતું તેથી તેને કેમ નાબુદ કરવો એ બાબત પર તે ઉંડો વિચાર ચલાવ્યા

કરતો હતો દરમિઆન ટાગોર અને રામ મોહનરાય તરફથી એને ઘણો સારો ટેકો મળ્યો તેથી હિંમત પકડી તેણે જાહેર કર્યું કે સતી થવાનો રિવાજ ગેરકાયદેસર છે અને જે કોઈ એ કામમા મદદગાર થશે તેના પર ફોજદારી કામ ચલાવવામા આવશે આ પ્રમાણે **બેન્ટિંકે આ ક્રુર રિવાજ બંધ કર્યો અને અસંખ્ય વિધવા-ઓની આશીષ મેળવી,**

આ સિવાય પણ હિંદુસ્તાનના લોકો વાસ્તે તેણે ઘણા સુધારા કર્યા દેશીઓને પોતાની લાયકાત મુજબ ઉંચી જગાઓ મળવા માંડી એને લીધેજ હાલ દેશીઓ સરકારી નોકરીમા ઉંચી પાયરીઓ ભોગવે છે તે ઉપરાંત મોટા મોટા શહેરોમા તેણે અંગ્રેજી શાળાઓ સ્થાપી જેથી દેશીઓ અંગ્રેજી ભાષા શીખી પોતાની લાયકાત વધારી શકે હાલ હિંદુસ્તાનમા દરેક સ્થળે વસતા લોકો પોતાના વિચારો અંગ્રેજી મારફત આપલે કરી શકે છે તેને માટે આપણે તેના આભારી છીએ

આ પ્રમાણે હિંદુસ્તાનની સેવા કરી તે ઇગ્લાંડ પાછો ફર્યો અને ૧૮૩૯મા ૬૫ વરસની વયે મરણ પામ્યો

---

## ૬૩ સીખ લોકો અને રણજીતસિંહ.

૫ંદરમા સૈકામા જ્યારે હિંદુ અને મુસલમાન પ્રજા વચ્ચે યુદ્ધો થયા કરતા તે અરસામા સન ૧૪૬૯ મા **નાનક** નામના એક પુરૂષનો જન્મ થયો તે મોટો થયો ત્યારે મુસલમાન અને હિંદુ ધર્મનુ સમાધાન **કેવી** રીતે થાય તે સબંધી વિચાર કરવા લાગ્યો અને તે એજ નિર્ણય ઉપર આવ્યો કે સઘળા પ્રાણી-ઓનો સરજનાર અનાદિઅનંત ઇશ્વર એક છે, તેથી મુસલમાન

તથા હિંદુઓએ હળીમળી ચાલવું જોઈએ. તેણે હિંદુઓને કહ્યું કે, "તમે મૂર્તિપૂજા તથા નાત-જાતના ભેદ કાઢી નાખો અને એકજ ઈશ્વરની ભક્તિ કરો." તેજ પ્રમાણે મુસલમાનોને ઉપદેશ આપી તેણે કહ્યું કે 'ગાયનો વધ તમારે કરવો નહિ અને બીજા પંથના લોકોને હેરાનગતિ આપવી નહિ." આ પ્રમાણે તેણે એક નવો પંથ સ્થાપ્યો તેમાં હિંદુ અને મુસલમાન બંને જોડાયા તેઓ પોતાને સીખ કહેવડાવવા લાગ્યા, અને નાનકને પોતાના ગુરુ તરીકે તેમણે સ્વીકાર્યો



રણજીતસિંહ

સને ૧૫૩૫ માં નાનકનું મૃત્યુ થયું એના પછી ચોથા ગુરુ રામદાસે અમૃતસર સ્થાપ્યું અને પાંચમા ગુરુએ પોતાની પહેલાના ગુરુઓના વચનામૃતોના સંગ્રહને ગ્રંથસાહેબનું નામ આપી દેવસ્થાનમાં તેનીજ પ્રતિષ્ઠા કરી છઠ્ઠા ગુરુ ગોવિંદે તરવાર હાથમાં લઈ સીખોને શિકારી અને માંસાહારી બનાવ્યા તથા મોગલો સામે લડવા માંડ્યું તેમનામાં ધર્મના ઐક્યનું બીજ રોપાયું અને ધીમે ધીમે રાજ્યવ્યવસ્થા તથા લડાયકવૃત્તિ અને કેળવણી પણ દાખલ થયા ધીમે ધીમે સીખ લોકોએ સતલજ અને જમનાના પ્રદેશમાં કિલ્લાઓ બાંધ્યા અને મોગલાઈની પડતીનો લાભ લઈ પ્રથમ સરહિંદ અને લાહોરના પ્રાંતો જીત્યા પછીના વીસ વર્ષમાં કાશ્મીરથી મુલતાન સુધીનો મુલક તેમના હાથમાં આવ્યો ઈ સ ૧૬૯૭ માં કાબુલના ઝમાનશાહે રણજીતસિંહ નામના એક તરુણ સરદારને રાજાનો ઇલ્કાબ આપ્યો.

**રણજીતસિંહ** શીખ લોકોનો સૌથી બળવાન સરદાર હતો **તે** **સિંહ** જેવો બહાદુર હતો તેથી સર્વ તેને '**પંજાબનો સિંહ**' કહેતા હતા તેણે સીખ સરદારોને હરાવી તેમને પોતાના પક્ષમા લીધા અને પોતાનુ બળ વધાર્યુ લશ્કરને તાલીમ આપવા માટે ફ્રેંચ તથા ઇટે-લિઅન સરદારોને તેણે પોતાના રાજ્યમા રાખ્યા આથી **સીખ** પ્રજાનુ લડાયક બળ ઘણુ વૃદ્ધિ પામ્યુ

રણજીતસિંહનુ શરીર કદાવર નહોતુ વળી માંદગી અને શીત-ળાને લીધે તે ઘણો બેડોળ થયો હતો અને એક આંખ તેણે ગુમા-વી હતી એ ઉપરાંત તેનુ ડાબુ અંગ લકવાથી શિથિલ થએલુ હતુ. છતા તેમનામા શક્તિ અસાધારણ હતી, જ્યારે તે ઘોડે બેસતો ત્યારે એક કાબેલ લડવૈયા જેવો દેખાતો હતો, તેને જોઇને જ સઘળા મ-નુષ્ય છક થઈ જતા અને તેના મુખમાથી નીકળતા શબ્દ ઝીલી લેતા.

૪૦ વર્ષ રાજ્ય કર્યુ તે દરમિઆન તેણે એવી ચાલાકી અને હોશિયારી બતાવી કે અંગ્રેજ સરકારે તેની સાથે મિત્રાચારી કરી. જીવ્યો ત્યા સુધી તે અંગ્રેજનો મિત્ર રહ્યો, પરંતુ એના છોકરા **દુ-લિપસિંહના** વખતમા **સીખ** લોકોમા કુસંપ હતો નહિ સીખ લ-શ્કર દિનપ્રતિદિન વધીને સવા **લાખ** જેટલુ મોટુ થયુ હતુ, અને અં-ગ્રેજી લશ્કર સાથે પોતાનુ બળ અજમાવવા તત્પર થઇ રહ્યુ હતુ આથી સીખ સરદારોએ અંગ્રેજો સાથે લડાઇ જોડી

બે **સીખ** વિગ્રહો થયા તેમા સીખ સરદારો બહુ દૃઢતાથી લડ્યા **ફિરોજપુર** અને **ચિલિઅનવાલાની** લડાઇ આગળ તેમણે ઘણીજ બહાદુરી બતાવી તેમના ઘણા માણસોની ખુવારી થઇ તો પણ તેઓ હિંમત હાર્યા નહિ, પરંતુ **ગુજરાતની** લડાઇમા ભારે તોપખાનુ અંગ્રેજ લશ્કરને આવી મળ્યુ અને કંપાનીના પાયદળના ધસારા સામે સીખ લશ્કર ટકી શક્યુ નહિ તેમની ઘણી ટુકડીઓ કપાઇ ગઇ અને અંતે તેમને શરણ થવુ પડ્યુ પંજાબનો મુલક બ્રિટિશ રાજ્ય સાથે જોડી દઇ તેનો રાજ્યવહીવટ **સર જોન લોરેન્સ-**ના હાથમા સોંપવામા આવ્યો તેણે **પંજાબમા** ઘણા સુધારા **વધાર્યા**

દાખલ કર્યાં અને પરિણામે આખો પ્રાન્ત આબાદ થયો શીખ સિપાહીઓની અડગ હિમત અને શુરાતન અગ્રેજ અમલદારે જોયા હતા તેથી તેમને અગ્રેજ લશ્કરમા દાખલ કર્યા તેઓએ ૧૮૫૭ ના બળવામા અગ્રેજી રાજ્યની ઘણી સારી સેવા બજાવી હમણાના મહાન યુરોપિયન વિગ્રહમા પણ પોતાની કીર્તિ જાળવી રાખી બ્રિટિશ લશ્કરની સાથે રહી તેઓ ઘણી બહાદુરીથી લડ્યા છે

---

## ૬૪. લોર્ડ ડેલહાઉસી અને દેશી રાજ્યો.

લૉર્ડ ડેલહાઉસીનો જન્મ સને ૧૮૧૨ ના એપ્રીલની ૧૨ મી તારીખે થયા હતા એના પિતા કૅનેડામા ગવર્નર જનરલ હતો તેથી બાલ્યાવસ્થામા તે ત્યા રહ્યો હતો દશ વર્ષની વયે ઇગ્લડ આવી હેરોની પ્રખ્યાત શાળામા વિદ્યાર્થીજીવન ગાળવા લાગ્યો માર્કિવસ હેસ્ટિંગ્સે પણ ત્યાજ વિદ્યાભ્યાસ કર્યા હતો તેથી હિંદુસ્તાનથી તે પાછો આવ્યો ત્યારે પોતાની નિશાળની તેણે મુલાકાત લીધી, ત્યા તેનો અને



લૉર્ડ ડેલહાઉસી

ડેલહાઉસીનો પ્રથમ મેળાપ થયો હેસ્ટિંગ્સે હેરોની શાળામા દરેક વિદ્યાર્થીને બબ્બે પૌંડની બક્ષિસ આપી આથી તરૂણ ડેલહાઉસીના મગજ પર ઘણી ઉંડી અસર થઇ અને તે પણ એવુ સારૂ કામ કરી નામના મેળવે એવા દિવસની રાહ જોવા લાગ્યો

પ્રાથમિક કેળવણી લઇ ઉચ્ચ કેળવણી લેવા તે ઓક્સફર્ડ યુનિવર્સિટિમા દાખલ થયો ત્યા પોતાની હોશીયારીથી સઘળાને ચકિત

કર્યા અને સને ૧૮૩૩ મા ત્યાની ડીગ્રી મેળવી જનસેવા કરવા તે તત્પર થયો એની કીર્તિ ઘણી ફેલાઇ અને ૩૫ વર્ષની યુવાન વયે હિંદુસ્તાનના ગવર્નર જનરલ તરીકે તેની નીમણુક કરવામા આવી સને ૧૮૪૮ ના જાન્યુઆરિ માસની ૧૨ મી તારીખે કલકત્તે આવી પહોચ્યો બોલવા ચાલવાની ઢબ તથા સામાન્ય રીતભાતથી જે કોઇ તેના પરિચયમા આવતા તેઓ એને વાસ્તે ઘણો ઉચો અભિપ્રાય બાધતા. તેનુ માનસિક તથા શારીરિક બળ એટલુ તો પ્રબળ હતુ કે આઠ વરસ દરમિયાન ઘણીજ ખતથી તે પોતાનુ કામ બજાવી શકયો ટુક સમયમા હિંદના લાભાર્થે જેટલુ એ કરી ગયો તેનો ચોથો ભાગ પણ બીજો કોઇ કરી શકત નહિ એટલુ તો નિર્વિવાદ છે


**પ્રાતઃકાળમા સૂર્ય ઉગતા તે હમેશ ઉઠતો પોતાના નિત્યકર્મમાથી પરવારી ૯ વાગે કામ શરૂ કરી સધ્યાકાળ સુધી તે જરા પણ વિશ્રાંતિ લેતો નહિ. નોકરીને અગે તાકત વેઠવા પડતા ત્યારે તે જરા પણ કટાળી જતો નહિ. બલ્કે જેમ શ્રમ વધારે વેઠવો પડતો તેમ તેનો ઉત્સાહ વધતો અને એક ચિત્તથી પોતાના કામમા પ્રવર્તતો**

તે હિંદમા આવ્યો ત્યારે હિંદનો ઘણો ભાગ બ્રિટિશ સત્તા તળે આવેલો હતો સઘળે આબાદી માલમ પડતી હતી અને પ્રજા નિર્ભયપણે પોતાનુ કામ કરી શકતી હતી પરતુ જે મુલક દેશી રાજાઓના તાબામા હતો ત્યા થોડે ઘણે અંશે ગેરવ્યવસ્થા અને અશાન્તિ દેખાતા હતા તેણે તેવા રાજ્યોને બ્રિટિશ રાજ્ય સાથે જોડી દેવા નિશ્ચય કર્યો અયોધ્યાના નવાબની બેદરકારીને લીધે રૈયત ઘણી હેરાન થતી હતી **ડેલહાઉસીએ** નવાબને તેની રાજનીતી સુધારવા સૂચવ્યુ પરતુ તેણે માન્યુ નહિ ત્યારે કપનિના **ડિરેકટરોની** પરવાનગીથી એ રાજ્ય ખાલસા કરવામા આવ્યુ ત્યાર પછી **સતારા, ઝાસી નાગપુર** વગેરે રાજ્યોને **બ્રિટિશ** પ્રદેશ સાથે ભેળવી દેવામા આવ્યા રૈયતને આથી બ્રિટિશ રાજ્યના આશ્રયનો અનહદ લાભ મળ્યો અને તે સુખચેનમા દિવસ ગાળવા લાગી

## ૬૫. લૉર્ડ ડેલહાઉસી અને તેણે કરેલા સુધારા.

ઇગ્લડમા વરાળથી ચાલતા એન્જિનોની શોધ થઇ હતી અને ઠામ ઠામ લોઢાની સડકો મારફતે મુસાફરો આગગાડીમા બેસી ઘણી ઝડપથી એક સ્થળેથી બીજે સ્થળે દૂર દેશાવર જઇ શકતા હતા. તે ઉપરાત ત્યા તારના દોરડા નાખવામા આવ્યા હતા. તેની મારફતે લોકો એક ગામથી બીજે ગામ સદેશા મોકલાવતા હતા. **ડેલહાઉસીના** અમલ દરમિયાન ઉત્તર તેમજ દક્ષિણ **હિદુસ્તાન બ્રિટિશ** સત્તા નીચે આવ્યો હતો. ઉત્તરની પ્રજા દક્ષિણની પ્રજાના ગાઢા સબધમા આવે તથા પોતાના માલની આપ લે કરી શકે એવા હેતુથી હિદુસ્તાનમા આવા સાધનો ડેલહાઉસીએ પ્રથમ દાખલ કર્યાં. આજથી આશરે ૬૦ વરસ ઉપર તેણે પ્રથમ અહીં લોઢાની સડકો નખાવી અને આજે ૩૦,૦૦૦ થી પણ વધારે માઇલની રેલવેની સડકો બધાઇ ગઇ છે. હાલ તારના દોરડા મારફત આપણે ઘણી ઝડપથી દૂર દેશાવર સદેશા મોકલાવી શકીએ છીએ, તેથી પણ આપણે તેને આભારી છીએ.

અસલના વખતમા **ટપાલખાતુ** નહોતુ અને માણસો ખેપીઆ મારફતે કાગળો મોકલાવતા હતા. તેમા બહુ મુશ્કેલીઓ વેઠવી પડતી હતી. **લૂટારા** ખેપીઆને માર્ગમા લૂટી લેતા અને રેલવે ગાડીઓ તે વખતે બધાઇ નહોતી તેથી તેમને દૂર દેશ જતા ઘણા દિવસ વીતી જતા. **લોર્ડ ડેલહાઉસીએ ટપાલખાતુ** કાઢયુ, હાલ અર્ધા આનાની કીમતે હિદુસ્તાનને એક છેડેથી બીજે છેડે સુધી એટલે લગભગ ૨૦૦૦ માઇલ સુધી કાગળદ્વારા આપણે સદેશા મોકલાવી શકીએ છીએ. આ ઉપરાત એના રાજ્ય દરમિઆન બીજા ઘણા સુધારા કરવામા આવ્યા. તેણે ઘણી નવી શાળાઓ ઉઘાડી અને તેમા દેશી તથા અગ્રેજી ભાષાનુ શિક્ષણ મળી શકે એવી સર્વ ગોઠવણ કરી. **હાલ** ૨૦૦૦૦૦ થી પણ વધારે નિશાળો છે તેનો લાભ અસખ્ય બાળકો


લોર્ડ ડલહાઉસીના
વખતનું બ્રિટિશ હિંદ.
ઈસ ૧૮૫૬
રજપુતાનું
મુંબઈ
નિઝામનો
મુલક
MAC

આનંદપૂર્વક લે છે, વળી એણે જનસમાજના લાભાર્થે ઘણે સ્થળે નહેરો ખોદાવી ગંગા નદીની નહેર દુનિયામાં મોટામાં મોટી છે જે પ્રદેશમાંથી તે વહે છે તેમાં પાક પુષ્કળ થાય છે, અને પ્રજા તથા ઢોરને કોઈ પણ પ્રકારે દુઃખ ભોગવવું પડતું નથી

આવા સાધનોથી હિંદુસ્તાનના જુદે જુદે સ્થળે વસતા લોક એક બીજા સાથે ગાઢા પરિચયમાં આવ્યા, વેપારમાં વૃદ્ધિ થઈ, મદ્રાસના વેપારીઓ મુંબઈના વેપારીઓ સાથે વેપાર ચલાવવા લાગ્યા અને મુંબઈનો માલ પંજાબ અને બંગાળામાં જવા માંડ્યો વેપાર રોજગારમાં તથા દુકાળના સમયમાં આગગાડી એક ઈશ્વરી બક્ષિસ સમાન થઈ પડી છે ટુંકામાં કહીએ તો આખા હિંદુસ્તાનમાં જાગૃતિ થઈ અને લોકો માંહોમાંહેના કજીઆકંકાસ વિસરી ગયા

આ સઘળા સુખના સાધનો અને તેના પરિણામ વાસ્તે આપણે સર્વ **લોર્ડ ડેલહાઉસીને** આભારી છીએ આઠ વરસ દરમિઆન અથાગ મહેનત લઈ દેશમાં સુવ્યવસ્થા કરી તેમાં તેને ઘણી વિટ-બણા પડી પણ તેની તેણે જરાએ દરકાર કરી નહિ પોતાની વહાલી સ્ત્રી સને ૧૮૫૩ માં મરણ પામી અને ત્યાર પછી એના શરીરની સ્વસ્થતા જળવાઈ નહિ ડાક્ટરોએ એને હોદ્દાનું રાજીનામું આપવા સલાહ આપી ત્યારે તેણે કહ્યું કે, "**જે કામ મેં માથે લીધું છે તે મારે પરિપૂર્ણ કરવું જોઈએ અને ઈશ્વર ઉપર ભરોસો રાખી હજી હું અહીં રહેવા દૃઢ નિશ્ચય ઉપર છું.**" ત્યાર પછી આગલી વા-ર્તામાં કહ્યા મુજબ તેણે **અયોધ્યાનો** મુલક સને ૧૮૫૬ ના ફેબ્રુઆરિ મહીનામાં બ્રિટિશ રાજ્ય સાથે જોડી દીધો પોતાની તબીઅતમાં વધારે બગાડો થવાથી તેણે ફેબ્રુઆરિ મહીનાની છેલ્લી તારીખે પોતાની જગાનું રાજીનામું આપ્યું, ત્યારે તેણે કહ્યું કે "**આ મહીનો ૨૯ દિવસનો છે એટલું સારૂં છે કારણ કે હવે એક બે દિવસ પણ વધારે ટકવાની મારામાં શક્તિ નથી.**" હિંદુસ્તાનની આબો હવા એને માફક આવી

નહિ છતા તેણે પોતાનુ કામ એક નિષ્ઠાથી કર્યું પરિણામે એનુ શરીર તદ્દન નિર્બળ થઈ ગયું ઇગ્લાડ ગયા પછી ચાર વરસમા ૪૮ વર્ષની વયે તે મરણ પામ્યો

---

## ૬૬. ૧૮૫૭ નો બળવો અને દિલ્હીનો છેલ્લો ઘેરો.

લોર્ડ **ડેલહાઉસી** પછી લોર્ડ **કેનિગ** ગવર્નર જનરલના હોદ્દા ઉપર આવ્યો તેના અમલ દરમિયાન દેશી સિપાઇઓએ **બળવો** કર્યો લોર્ડ ડેલહાઉસીએ લોકકલ્યાણ વાસ્તે ઘણા ફેરફાર અને સુધારા કર્યા હતા, પરતુ લોકો અશિક્ષિત હોવાથી તેમને આ સુધારા ગમ્યા નહિ આગગાડી અને તારના દોરડાથી તેઓ ભયભિત થવા લાગ્યા તેઓ તો એમજ માનતા હતા કે લોઢાની સડકો અને તારના દોરડાથી બ્રિટિશ સરકાર દેશને બાધી લેવા ધારે છે, અને અગ્રેજી ભાષા શાળાઓમા દાખલ કરી બધાને ખ્રિસ્તિ કરવાનો તેમનો ઇરાદો છે, વળી બ્રિટિશ સરકારે ખાલસા કરેલા રાજ્યોએ આ મતને પુષ્ટિ આપી અસતોષમા વધારો કર્યો તેઓ એવી આશા રાખવા લાગ્યા કે જો દેશમા બળવો થાય, અને બ્રિટિશ સત્તા થોડી ઘણી હચમચાવી જાય તો તેનો લાભ લઈ તેઓ પોતપોતાનુ રાજ્ય પાછુ પ્રાપ્ત કરી શકે

બળવાખોરોના મદદગારોમા છેલા પેશ્વા **બાજીરાવનો** દત્તક પુત્ર **નાનાસાહેબ** અગ્રેસર હતો અગ્રેજ સરકારે તેનુ પેન્શન બધ કર્યું હતુ તેથી મનમા તેમની સામે વૈરભાવની લાગણી રાખતો હતો, વળી મોગલ વશનો છેલ્લો રાજા **મહંમદ બહાદુરશાહ** એવી ઉમેદ ધરાવતો હતો કે બળવાને પરિણામે તેને તેના વશજોની ગાદી પાછી મળે અને મોગલ પાદશાહ થઈ દિલ્હીની ગાદી પર તે તખ્તનશીન થાય અયોધ્યાના નવાબ તથા **ઝાંસીની** રાણી પણ આ સામાન્ય ઉશ્કેરણી અને અશાન્તિનો લાભ લેવા ચૂક્યા નહી

આના સજોગોમા દેશી સિપાઇઓને અસતોષનુ એક બીજું નવુ કારણ મળ્યું નવી જાતની બદુકો તેમને આપવામા આવી તેમા જે ટોટી મૂકવાની હતી તેને ગાય તથા ડુક્કરની ચરબી લગાડેલી છે એવી વાત બગાળા અને ઉત્તર હિંદુસ્તાનમા ફેલાઈ આથી મુસલમાન તથા હિંદુ સિપાઇઓના દીલ દુખાયા અને તેઓ પોતાના અમલદારોની સામા થયા તથા તેઓએ અયોગ્ય વર્ત્તણૂક ચલાવી

બહેરામપુરની છાવણીમા એક દેશી પલટણ રહેતી હતી એણે ૧૯મી ફેબ્રુઆરિ સને ૧૮૫૭ મા બળવો કર્યો, અને અંગ્રેજ અમલદારોના બગલાઓ સળગાવી મૂકયા આ વાત એક સ્થળેથી બીજે સ્થળે પ્રસરી અને તેનો ચેપ મીરતની છાવણીને પણ લાગ્યો મીરતની પલટણ સાથે બીજી પલટણના સિપાઇઓ તેમજ બીજા બળવાખોરો જાગ્યા તેમણે અગ્રેજ અમલદારો તથા તેમના બૈરાછોકરાને કતલ કર્યા, બગલાઓ બાળી મૂકયા, અને પછી સર્વે મોગલ પાદશાહની રાજધાની દિલ્હી શહેર તરફ વળ્યા.

તા ૧૧ મી મેની સવારમા બળવાખોરો દિલ્હી શહેરમા પેઠા. તેમણે અગ્રેજ અમલદારોને, અને તેમની સ્ત્રીઓને કતલ કર્યા, મોગલ પાદશાહને તખ્તનશીન કરી તેની આણ ફેરવી અને દારૂગોળાના ખજાના ઉપર ધસારો કર્યો આ પ્રમાણે દિલ્હી શહેર બળવાખોરોને હાથ ગયુ આ વાતની ખબર પડતા મીરતથી થોડુક અંગ્રેજ લશ્કર સાજ થતા પહેલા આવી પહોચ્યુ, પરતુ બળવાખોરોના પ્રમાણમા એ લશ્કરને એમને એમ બેસી રહેવુ પડયુ આખરે બહાદુર નિકલ્સનની સરદારી નીચે પજાબથી કેટલુક અંગ્રેજોનું તથા સીખ અને ગુરખાઓનુ લશ્કર અસાધારણ ઝડપથી કુચ કરીને આવી પહોચ્યુ અને દિલ્હી પર હલ્લો કરવાનો નિશ્ચય થયો

અગ્રેજોએ શહેરના કોટ ઉપર તોપનો મારો ચલાવ્યો તેમના

પ્રત્યુત્તરમા સિપાઇઓએ પણ બહુકા ફોડવા માડી અને ખાઇમા નીસરણી ગોઠવી દેવામા આવી અને **નિકલ્સન** સૌથી પહેલો ખાઇમા ઉતરી, સીડી ચઢી કોટ ઉપર જઇ ઉભો આથી એના લશ્કરમા હિમત આવી અને તે પણ તેની પાછળજ ચઢ્યુ કેટલાક અંગ્રેજ સિપાઇઓ જુદે જુદે ઠેકાણે ધસારો કરવા લાગ્યા, અને શહેરના દરવાજા દારૂગોળાથી ઉડાડી તેમા દાખલ થયા આમ પોતાની ફરજ બજાવતા અનેક નરવીરો પડ્યા **નિકલ્સન** પોતાના લશ્કરને મોખરે ગોળીથી ઘવાયો ૭ દિવસ સુધી દિલ્હીમા બારે જંગ મચ્યા અંતે બ્રિટિશ લશ્કરને ફતેહ મળી, મોગલ પાદશાહ પકડાયો અને તા ૨૦ મી સપ્ટેમ્બરે દિલ્હી પુરેપુરૂ અંગ્રેજોના હાથમા આવ્યુ

દિલ્હીનો ઘેરો ચાલતો હતો તે દરમિયાન કાનપુર અને **લખનૌમા** બળવો અસાધારણ જોસથી સળગી રહ્યા કાનપુરમા **નાનાસાહેબે** સેકડો અંગ્રેજ પુરુષોને, અબળાઓને, અને બાળકોને અતિ ઘાતકી રીતે વિશ્વાસઘાત કરીને કતલ કરી નાખ્યા, તેમના મડદા તેણે કાનપુરના એક કુવામા નાખ્યા, અને અંગ્રેજ લશ્કર સામે લડવા તે તત્પર થયો, પરતુ બ્રિટિશ લશ્કર જ્યારે કાનપુર નજદીક આવી પહોચ્યુ ત્યારે તે હિમત હાર્યો અને નાસી ગયો. તે ક્યા ગયા એને તેનુ શુ થયુ તે વિષે ખરી હકીકત બહાર આવી નથી પણ નેપાળના જગલોમા રખડી રઝળી મરી ગયો એવુ ધારવામા આવે છે ઝાંસીની શૂરવીર રાણી લડાઇમા પુરુષને વેષે લડતી મરાઇ અને નાનાસાહેબનો સેનાપતિ **તાત્યાટોપી** કેદ પકડાયો અને આખરે એને ફાસી દેવામા આવી આ પ્રમાણે બળવો દાબી દેવામા આવ્યો અને દેશમા સર્વત્ર શાતિ પ્રસરી રહી આ બળવો '**સિપાઇઓનો બળવો**' તે નામથી ઇતિહાસમા ઓળખાય છે, કારણકે એ બળવામા દેશી સિપાઇઓએજ ભાગ લીધો હતો હિંદુસ્તાનની પ્રજાએ બ્રિટિશ રાજ્યના ફાયદા અનુભવ્યા હતા તેથી તે તદ્દન અલગ રહી હતી.

પંજાબ પ્રાન્ત માત્ર થોડા સમય ઉપરજ જીતી લેવામાં આવ્યો હતો તો પણ સીખ લોકો અંગ્રેજ સરકાર પ્રત્યે ઘણા વફાદાર હતા. તેમણે બળવામાં જરા પણ ભાગ ન લીધો એટલુંજ નહિ પણ બ્રિટિશ સરકારને કીમતી મદદ આપી

બળવા પછી હિંદુસ્તાનની રાજપદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો. હિંદુસ્તાન પરથી ઇસ્ટ ઇંડિઆ કંપનિની હકુમત કાઢી નાખી ઇંગ્લંડની પાર્લામેન્ટે સઘળો વહીવટ પોતાના હાથમાં લીધો ઇ સ ૧૮૫૮માં ઇંગ્લંડની રાણી વિક્ટોરીઆ હિંદુસ્તાનના પણ રાણી થયા તેમણે હિંદમાં સર્વ ઠેકાણે જાહેર કર્યું કે "મારા રાજ્ય દરમિઆન હિંદુ કે મુસલમાન સર્વે સાથે એક સરખી રીતે વર્તવામાં આવશે. જ્ઞાતિ કે ધર્મની બાબતમાં કોઇને હેરાનગતિ થશે નહિ. બધાને સમાન હક મળશે અને એક સરખા કાયદાથી બધાનો ન્યાય થશે" આ શબ્દોથી દરેક હિંદનિવાસીના હૃદયને શાંતિ થઈ અને તે ભલાં રાણીને નર્વ અંતઃકરણપૂર્વક ચાહવા લાગ્યા મહારાણી પોતે હિંદુસ્તાનમાં રહી શકે નહિ તેથી પોતાને બદલે રાજ્ય કરવા સારૂ પોતાના પ્રતિનિધિ તરીકે ઉંચી પદવીના ઉમરાવને મોકલવો એવું તેમણે નક્કી કર્યું એવા ઉમરાવને વાઇસરૉય કહે છે આથી લૉર્ડ કૅનિંગ હિંદુસ્તાનનો પહેલો વાઇસરૉય થયો ઇ સ. ૧૮૭૭ માં


મહારાણી વિક્ટોરિઆ

વિક્ટોરિઆએ કૈસરે હિંદનો ખિતાબ ધારણ કર્યો, અને પોતાને વાઇસરૉયો મારફત ઘણી ઉત્તમ રીતે રાજ્ય કરવા માડયુ, પરતુ ઇ. સ ૧૯૦૧ ના જાન્યુઆરિ માસમા આ ભલા અને માયાળુ રાણી દેવલોક પામ્યા તેમના મરણની ખબર બ્રિટિશ સામ્રાજ્યમા ફેલાઇ ત્યારે સર્વ ઠેકાણે શોક વર્તાઇ રહ્યો અને અદ્યાપિ મહારાણીના ઉત્તમ ગુણોની છાપ દરેક હિંદવાસીના અતકરણમા ઉંડી પડેલી છે.

---

## ૬૭. લૉર્ડ રિપન અને બ્રિટિશ રાજ્યથી થતા લાભ.

લૉર્ડ કેનિગ પછી અત્યાર સુધીમા ૧૪ વાઇસરૉય હિંદમા અમલ કરી ગયા છે વૉરન હેસ્ટિંગ્સે બ્રિટિશ રાજ્યની બરોબર વ્યવસ્થા કરવા પ્રયત્ન કર્યા હતા તે તમે આગળ વાચી ગયા છે જિલ્લાઓમાથી કર વેરા ઉઘરાવવા તેણે કલેક્ટરો નીમ્યા હતા તેમના ઉપર હાલ કમિશ્નરો મુકવામા આવે છે તેઓ પ્રાતના સુબાઓ હોઇ તે ઉપરથી અમલ ચલાવે છે તેમના ઉપર દેખરેખ રાખવા ગવર્નર અને વાઇસરોય હોય છે તેઓ પોતાની કાઉસીલની મદદથી આખા હિદુસ્તાનનો કારભાર ચલાવે છે

વૉરન હેસ્ટિગ્સ પછીના ગવર્નર જનરલોએ હિદુસ્તાનમા બ્રિટિશ હદ વધારી અને ધીમે ધીમે તેઓ અહીંના વતનીઓને ઉંચા પદવીઓ આપવા લાગ્યા લૉર્ડ વિલિયમ બેન્ટિકે દેશીઓને તેમની લાયકી અને યોગ્યતા પ્રમાણે મોટી મોટી જગાઓ આપી લૉર્ડ ડેલહાઉસીએ તેના રાજ્ય દરમિઆન ઘણી અગ્રેજી શાળાઓ ઉઘાડી અને તેથી અહીના વતનીઓ ઉચી કેળવણી લેતા ભાગ્યશાળી થયા તેના મરણ પછી આસરે ૨૫ વર્ષે એટલે ઇ સ ૧૮૮૦મા લૉર્ડ રિપન નામનો વાઇસરોય અહી આવ્યો તેને લાગ્યુ કે હિદી પ્રજાએ ધીમે ધીમે પોતાના દેશના રાજકારભારમા ભાગ લેતા શીખવુ જોઇએ.

શરૂઆતના પગલા તરીકે દેશીઓએ પોતપોતાના ગામનો વહીવટ ચલાવવો એવુ એણે નક્કી કર્યું મોટા શહેરમા સુધરાઈ ખાતાઓ તેણે સ્થાપ્યા અને શહેરીઓને તેનો વહીવટ ચલાવવાનો અધિકાર આપ્યો ત્યારથી શહેરના લોક તે વહીવટ પોતાના પ્રતિનિધિ મારફતે ચલાવે છે સુધરાઈ ખાતાઓ પોતાનુ કામ સારી રીતે બજાવી શકે તેટના માટે લૉર્ડ રિપને તેમને કરવેરા વગેરે ઉઘરાવવાની સત્તા આપી તેઓ હાલ ઘરવેરો, જમીનવેરો, જાજરૂવેરો વગેરે લે છે, તેમાથી


લૉર્ડ રિપન

જનસુખકારીના સાધનો પૂરા પાડે છે જેમ ગામ કે શહેરની સુખાકારી જાળવવા વાસ્તે સુધરાઈ ખાતાઓ સ્થાપવામા આવ્યા છે તેમ તાલુકા અને જિલ્લાઓની દેખરેખ રાખવા માટે લોકલ બોર્ડ (સ્થાનિક મડળો) નીમવામા આવે છે બોર્ડના સભ્યો ગામડાના લોકોની જરૂરીઆતો ઉપર ધ્યાન આપી તેમનાથી બને તેટલી મદદ આપે છે છેલ્લા વીસ વર્ષમા શહેરો ઘણા સુધર્યા છે, જળાશયો અને ગટરો ઘણે સ્થળે બંધાયા છે અને એકદરે શહેરની સુખાકારી ઘણી સારી થઈ છે

આ પ્રમાણે પોતપોતાના ગામ, તાલુકા, અને જિલ્લાનો વહીવટ બરાબર કરી શકે એવી કુશળતા હિંદનિવાસીમા આવે તો ધીમે ધીમે પોતાના દેશના રાજકારભારમા પણ ભાગ લેતા તેઓ શીખશે એવું લૉર્ડ રિપનનુ માનવુ હતું ઇ સ ૧૯૦૬મા લૉર્ડ મિન્ટો વાઇસ-

રોય નીમાયા તેમણે પોતાની ધારાસભામા પ્રજાના ચુંટાએલા પ્રતિનિધિઓની સંખ્યા અને પ્રમાણમા વધારો કર્યો, વળી **વાઇસરૉય** અને ગવર્નરે કારોભારી સભામા એક હિંદી સભાસદ નીમાવાની પહેલ પણ તેમણે કરી આવા સુધારા પ્રાંતિક સભાઓમા પણ તેજ સમયે કરવામા આવ્યા આથી **લોર્ડ રિપનની** ઇચ્છાનુસાર હિંદી પ્રજા રાજકારભારમા ભાગ લેવા લાગી છે

હિંદુસ્તાનના રાજવહીવટમા સમયને અનુસરીને ઘણા સુધારા વધારા કરવામા આવે છે, જંગલોની પૂરતી દેખરેખ માટે મોટા મોટા અમલદારો નીમવામા આવે છે તેઓ જંગલમા લાકડા વગેરેનો કેમ સદુપયોગ થાય તે બાબત પર પુરતુ લક્ષ આપે છે તે ઉપરાંત દેશમા સુલેહશાન્તિ જાળવવા પોલિસ અમલદારો રાખવામા આવે છે તેઓ ગુનેહગારને પકડે છે અને તેમને યોગ્ય શિક્ષાએ પહોંચાડે છે ન્યાયને વાસ્તે અદાલતો હોય છે તેમા વાજબી ન્યાય આપવામા આવે છે ન્યાયાધીશો પૈસાવાળા કે રાજ્યાધિકારીનો પક્ષ કે લાગવગ લેશ માત્ર પણ ધ્યાનમા લેતા નથી આથી બ્રિટિશ તેમની ન્યાયવૃત્તિ વાસ્તે ઘણાજ પ્રસિદ્ધ થયા છે વળી દેશના બાળકો અને મોટી વયના છોકરાની કેળવણી ઉપર ધ્યાન આપવા માટે બ્રિટિશ સરકારે કેળવણી ખાતુ ખોલ્યુ છે તેમા ઇન્સ્પેક્ટરો અને બીજા અમલદારો કેળવણીની અગત્ય વિચારી કેળવણીના પ્રચાર વાસ્તે બહુ પ્રયત્ન કરે છે આ ઉપરાંત બીજા ઘણા ખાતાઓ હોય છે તેમા હમેશ લોકોપયોગી કામ નિયમિત થયા કરે છે

ઉપર કહેલા અમલદાર તથા તેના હાથ નીચેના માણસોને સરકાર પગાર આપે છે તે ઉપરાંત સામાજિક સંસ્થાઓ જેવી કે નિશાળો, દવાખાના વગેરે બાંધકામ પર ઘણો ખર્ચ થાય છે તે માટે નાણાની જરૂર પડે છે નાણા રૈયતેજ પૂરા પાડવા એ સ્વાભાવિક છે, કારણકે તેના લાભ માટેજ એ પૈસા વપરાય છે, આ ઉપરથી બ્રિટિશ સરકાર શા માટે મહેસુલ ઉઘરાવે છે તથા કેટલાક કરો

રૈયત પર નાખે છે તે તમારા સમજવામાં આવ્યુ હશે અસલના વખતમા રાજાઓ સઘળા મહેસુલનો ઉપયોગ પોતાના મોજશોખના સાધનોમા કરતા હતા. જો કોઇ રાજા તેનો થોડો ઘણો ભાગ લોકોપયોગી કામમા વાપરતો તો તે રાજા ઘણો સારો તથા ભલો કહેવાતો, પરતુ બ્રિટિશ રાજ્યપદ્ધતિમા રૈયતનો પૈસો તેનાજ ઉપયોગમા વપરાય છે એક રીતે આપણે એકત્ર કુટુબમા રહેનારા મનુષ્યની જેવા છીએ આપણા સુખ અને આબાદી વાસ્તે આપણે દરેક પોતપોતાનો ફાળો એક સામટા ભડોળમા આપીએ છીએ

---

## ૬૮. લૉર્ડ મિન્ટો અને લોર્ડ હાર્ડિંજ.

મહારાણી વિક્ટોરિઆના મરણ પછી તેમના વડા પુત્ર જેઓ **વેલ્સના શાહજાદા** કહેવાતા હતા તેઓ ઇગ્લાડના રાજા અને હિદુસ્તાનના શહેનશાહ ૭ **મા એડવર્ડ** તરીકે ગાદીએ આવ્યા તેમણે ૯ વરસ સુધી એક મહાન અને ભલા રાજા તરીકે રાજ કર્યું તેમના રાજ્ય દરમિઆન હિદુસ્તાનની રાજનીતિમા થોડાક ફેરફાર થયા **લોર્ડ મિન્ટો** અને હિંદી પ્રધાન **લોર્ડ મોર્લીએ** મહારાણી વિક્ટોરિઆની ઇચ્છા પ્રમાણે શહેનશાહ **એડવર્ડના** હુકમથી હિદુસ્તાનના રાજકારભારમા ઘણા સુધારા કર્યા વાઇસરોયની કાઉન્સિલમા હિદના વિદ્વાન પુરુષો બેસી રાજવહીવટમા



સાતમા એડવર્ડ.

ભાગ લેતા થયા છે તે તેમનોજ પ્રતાપ છે અસલના વખતમા રાજકીય કામકાજમા રૈયતનો અભિપ્રાય કે મત કોઇ રાજા લેતો નહિ રાજાની મરજી તેજ કાયદો હતો, પરતુ હાલ કાઉન્સિલમા જે કાયદા ઘડાય છે તેમા હિદની પણ સંમતિ તેના ચુટી કાઢેલા પ્રતિનિધિ મારફત લેવાય છે.

લૉર્ડ મિન્ટો પછી લોર્ડ હાર્ડિંજ નામના વાઇસરોય આવ્યા. હિદ અને તેની પ્રજા વાસ્તે તેમને ઘણી લાગણી હતી તેથી તેઓ ઘણા લોકપ્રિય થયા તેમણે હિદની પ્રજાને જણાવ્યુ હતું, કે "**કેળવણીનો બહોળો પ્રચાર થાય તથા જનસુખાકારી વધે એવા ઉપાય હું મારા અમલ દરમિઆન લેવા ધારૂં છુ, અને હું આશા રાખુ છું કે એ બને કામમાં દરેક હિદનિવાસી તરફથી મને પુરતી મદદ મળશે**" તેમના વચન પ્રમાણે તેમણે યોજનાઓ ઘડી કાઢી અને આજે તેના મીઠા ફળ આપણે ચાખીએ છીએ

લગભગ એ અરસામા આપણા ભલા અને માયાળુ શહેનશાહ સાતમ એડવર્ડ સ્વર્ગવાસ પામ્યા, તેમની પછી તેમના પુત્ર, અને વિકટોરિઆના પૌત્ર **મહારાજાધિરાજ પાચમા જૉર્જ** ગાદીનશીન થયા તેમના મનમા હિદને વાસ્તે ઘણોજ પ્રેમ હતો અને હજુ પણ છે તેથી ઇગ્લંડમા રાજ્યાભિષેકની ક્રિયા પૂરી થઇ એટલે એમને વિચાર થયો કે હિદુસ્તાનના **શહેનશાહ** તરીકેનો મારો રાજ્યાભિષેક હિદુસ્તાનમા મારી હિદી પ્રજા આગળ થવો જોઇએ આથી **શહેનશાહબાનુ** મેરીને લઈ, લાબી મુસાફરી કરી તેઓ દિલ્હી આવ્યા અને ત્યા તેમણે એક ભવ્ય દરબાર ભર્યો

સઘળા હિદી રાજાઓ, જમીનદારો, પ્રતિષ્ઠિત પુરુષો, એમ સખ્યાબધ માણસો દરબારમા ભાગ લેવા ગયા અને ત્યા શહેનશાહ પ્રત્યે વફાદારીની લાગણી તેમણે જાહેર કરી **શહેનશાહ** પંચમ જૉર્જ ઇગ્લડથી રાજ્યાભિષેકની ક્રિયા વાસ્તે આટલે દૂર આવ્યા તેથી તમામ હિંદનિવાસીના મન ઉપર ઘણીજ ઉંડી અસર થઈ તેમને

ખાતરી થઈ કે શહેનશાહને તેમના હિત માટે ઘણોજ ઉત્સાહ છે અને હિંદુસ્તાન બ્રિટિશ સામ્રાજ્યનો એક અગત્યનો ભાગ તેઓ ગણે છે દરબારમા શહેનશાહે જણાવ્યુ, કે 'હિંદુસ્તાનનુ પાટનગર જે અત્યાર સુધી કલકત્તા હતુ તે દિલ્હીને બનાવવામા આવે છે હિંદુસ્તાનનુ ભવિષ્ય ઘણુ ઉજ્જવળ છે અને આગળ જતા બ્રિટિશ સામ્રાજ્યનુ તે એક ઉપયોગી અને અગત્યનુ અગ થશે " પ્રભુ આ આશા સફળ કરો અને તેમની શુભ વાચ્છના પાર પાડવાને તેમને દીર્ઘાયુ બક્ષો —અસ્તુ '

---

## ૬૯. લોર્ડ હાર્ડિંજ અને મહાન યુરોપીય વિગ્રહ.

લૉર્ડ હાર્ડિંજના અમલના અતમા યુરોપીય મહાન વિગ્રહ સળગી ઉઠ્યો તેમા ફ્રાંસ, રશિઆ, ઇગ્લંડ અને બીજા કેટલાક દેશોના સયુક્ત લશ્કરો જર્મન, આસ્ટ્રિઆ અને તુર્કી સામે લડયા.



લોર્ડ હાર્ડિંજ

ઑસ્ટ્રિયાના રાજકુવરનુ સર્વિયાની હદમા ખૂન થયુ, તેથી સર્વિયા અને ઑસ્ટ્રિયા વચ્ચે લડાઇ સળગી જર્મનિને દુનિયામા સર્વોપરિ સત્તા મેળવી હતી તથી તેણે વણા વર્ષોથી તૈયારી કરી હતી તેણે હવે યોગ્ય પ્રસગ આવ્યો જાણી ઑસ્ટ્રિઆનો પક્ષ લીધો તેનો વિચાર યુરોપની પ્રજાઓમા થએલા કરાર તોડી નાના રાજ્યોને કચરી મારવાનો હતો ફ્રાસ રશિઆના મિત્ર તરીકે લડવા તૈયાર થયુ, તેને નમાવવા જર્મનિએ બેલ્જીયમના ગજ

પાસે તેના દેશમાં થઈને જવાનો રસ્તો માગ્યો તે તેણે આપ્યો નહિ તેથી જર્મની અને બેલ્જીયમ વચ્ચે વિગ્રહ સળગ્યો બેલ્જીઅમે અંગ્રેજોની મદદ માગી પવિત્ર કરારને માન આપી બ્રિટિશ સરકાર ન્યાયની ખાતર નિસ્વાર્થપણે નાના રાજ્યોની સ્વતંત્રતાનું રક્ષણ કરવા જર્મની સામે વિગ્રહમા ઉતરી

હિંદ બ્રિટિશ રાજ્યનુ એક મહત્ત્વનુ અંગ છે, તેથી તેણે આ ભયંકર વિગ્રહમા તન, મન અને ધનથી બ્રિટિશ સરકારને બેહદ મદદ કરી હતી, આ લડાઈ પુરી થયા પહેલા ઇ સ ૧૯૧૬ ના માર્ચ મહીનામા લૉર્ડ હાર્ડિંજે હિંદ છોડયુ

તેમના પછી લૉર્ડ **ચેમ્સફર્ડ** હિંદના વાઇસિરોય નીમાયા તેમણે હિંદુસ્તાનના રાજારજવાડા પાસેથી વિગ્રહમા લશ્કરની તથા નાણાની સારી મદદ મેળવી હિંદી લશ્કરે પોતાના શહેનશાહની ખાતર અતિ બહાદુરી બતાવી રણક્ષેત્રમા પોતાનુ લોહી વહેવડાવ્યુ લડાઇમા રશિઆ બેસી ગયુ પરંતુ **ફ્રાન્સ** અને **બ્રિટને** વિગ્રહ ચાલુ રાખ્યો આખરે **અમેરીકા** અંગ્રેજોના પક્ષમા વિગ્રહમા ઉતર્યું આ ભયંકર યુદ્ધમા અમાપ્ય માણસોના પ્રાણ અને અઢળક દોલતનો ભોગ અપાયા પછી ઇ સ ૧૯૧૯ મા સલાહ થઇ

હિંદના લોકોને તેઓએ કરેલી મદદની કદર કરવા રાજ્યકારભારમા વધારે હક આપવા બાબતની તપાસ કરવા હિંદી પ્રધાન **મિ. મૉન્ટેગ્યુ** હિંદમા આવ્યા તે પહેલા કોઇ પણ હિંદી પ્રધાન હિંદમા આવ્યો નહોતો તેઓએ વાઇસરોયની સંમતિથી એક **સુધારાની યોજના** તૈયાર કરી તે સુધારાના વધારા સાથે ઇંગ્લંડની **પાર્લમેન્ટમાં** પસાર થઇ, અને નામદાર શહેનશાહે તે મંજુર કરી એ સુધારા પ્રમાણે **પ્રાંતિક સરકાર-ગવર્નરોની સરકારનુ કેળવણી ખાતું અને બીજા કેટલાક ખાતાં દેશીઓને સોપવામા આવ્યા છે અને રાજ્યકારભાર ચલાવનારી સભાઓમાં હિંદીઓને વધારે પ્રમાણમાં રાખવામાં આવ્યા છે.**

લોર્ડ **ચેમ્સફર્ડે** ઈ સ. ૧૯૨૧ ના માર્ચમા હિંદ છોડયુ, તેમના પછી **લોર્ડ રીડિંગ** હિંદના વાઇસરૉય નીમાયા છે તેઓએ ઈ સ ૧૯૨૧ના એપ્રિલની શરૂઆતથી પોતાના હોદ્દાનો ચાર્જ સભાળી લીધો છે. તેઓ **પ્રબળ ધારાશાસ્ત્રી, ઉત્તમ સલાહકાર. અને ધુરંધર ન્યાયાધીશ** છે

આપણા દેશમા પહેલા કદી જોવામા આવેની નહિ એવી, માયાળુ, ન્યાયી, અને ન્યાયનો પક્ષ લેનાર, વળી જેના સામ્રાજ્યની સત્તામા આપણે અસખ્ય અમુલ્ય લાભ મેળવ્યા છે એવી નામદાર બ્રિટિશ સરકાર હિંદમા ચિરકાળ રહો અસ્તુ

---

## ૭. હિંદુસ્તાનની રાજ્યપદ્ધતિ.

હિંદુસ્તાનમા અગ્રેજોનો ખાલસા મુલક છે તે ઉપરાન્ત નાના મોટા અનેક દેશી રાજ્યો પણ આવેલા છે હિંદુસ્તાનની રાજ્યપદ્ધતિ સમજવા માટે આપણે ખાલસા મુલક તેમજ દેશી રાજ્યોનો રાજ્ય-કારભાર જોવો જોઇએ

આપણા દેશ ઉપર નામદાર બ્રિટિશ સરકારનો અમલ છે તે સરકાર તરફથી નામદાર **શહેનશાહ પાંચમા જ્યોર્જ** હિંદના શહેનશાહ છે, શહેનશાહને એક **પ્રધાનમંડળ** છે તેનો એક સભાસદ **હિંદી પ્રધાન** છે તેમના હાથ નીચે એક મદદનીશ હિંદી પ્રધાન હોય છે. હિંદી પ્રધાનને મદદ કરવા માટે ૧૦ થી ૧૪ સભાસદ સુધીની એક સભા હોય છે, સભાસદમાના ઘણાખરા હિંદુસ્તાનના અનુભવી હોય છે. હિંદના રાજ્ય કારભાર માટે હિંદી પ્રધાન ઇંગ્લડની સરકારને જવાબદાર છે તે હિંદની ઉપજ અને ખર્ચનુ અદાજપત્ર દરેક વર્ષે પાર્લમેન્ટમા રજુ કરે છે

ઇંગ્લંડના રાજા અને હિંદુસ્તાનના શહેનશાહના પ્રતિનિધિ તરીકે **વાઇસરૉય** હિંદુસ્તાનમા રાજ્ય ચલાવે છે ઇ સ ૧૮૫૮મા કંપનિ સરકાર પાસેથી હિંદનુ રાજ્ય ઇંગ્લંડની સરકારે પોતાના હાથમા લીધુ ત્યારથી ગવર્નર જનરલને વાઇસરૉય કહેવામા આવે છે તે પોતાના કારભાર માટે હિંદી પ્રધાનને જવાબદાર છે દરેક અગત્યની બાબતમા તેને હિંદી પ્રધાનની સંમતિ લેવી પડે છે, વાઇસરૉયને રાજ કારભારમા મદદ કરવા માટે ૭ સભાસદોની એક **કાર્યવાહક** સભા હોય છે તેમને રાજ્યના જુદા જુદા સાત ખાતા સોપવામા આવે છે, તે ઉપરાંત આખા હિંદને માટે કાયદા ઘડનાર એક સભા હોય છે તેને વાઇસ-રૉયની ધારાસભા—હિંદી સરકાર—કહે છે મૉન્ટેગ્યુ—ચેમ્સફર્ડ સુધારા પ્રમાણે તેમા હિંદી સભાસદોની સંખ્યા પહેલાના કરતા વધુ રાખવામા આવે છે તેમા હિંદના રાજારજવાડા પણ ભાગ લે છે. નવી હિંદી ધારાસભા કે જેમા કુલ ૧૪૦ સભ્યો છે તે તા ૯ મી ફેબ્રુઆરિ સને ૧૯૨૧ ને રોજ **નામદાર ડયુક ઑફ કૉનોટને** હાથે ખુલ્લી મૂકવામા આવી છે આ નવી ધારાસભાથી હિંદી આગેવાનોને પોતાના દેશના રાજ્યકારોબારમા ભાગ લેવાનો ઘણો સારો પ્રસંગ મળ્યો છે

દેશના કેટલાક ભાગોને ઇલાકામા વહેચ્યા છે તે ઉપર **ગવર્નર** કારભાર કરે છે તેમની નીમણુક શહેનશાહ પોતે કરે છે, તેમને રાજ્ય કારભારમા મદદ કરવા માટે વાઇસરૉયની પેઠે **કારોબારી** અને **ધારા સભા** નામની બે સભાઓ હોય છે કારોબારી સભામા ૪ સભ્યો હોય છે ધારાસભા સભ્યોની સંખ્યા બહુજ મોટી હોય છે, જેનો મોટો ભાગ પ્રજા તરફથી ચુટાય છે મુંબઇ અને મદ્રાસના ગવર્નરો સિવાય બંગાળા, સંયુક્ત પ્રાંતો, પંજાબ, આસામ, મધ્ય પ્રાંતો અને બહાર પ્રાંત સાથે ઓરીસાના ગવર્નરોની નવી નીમણુક ઇ સ ૧૯૨૦ થીજ થઇ છે આ ગવર્નરોને મદદ કરવા માટે પણ કારોબારી સભા અને ધારાસભા હોય છે તેમા હિંદી સભ્યોનુ પ્રમાણ પ્રથમ કરતા વધુ રાખવામા આવ્યુ છે

**પ્રાંતો** ભાગ કર્યા છે, અને તે પર કારભાર કરવા **ચિફ કમિશનર** નીમે છે તેમને મદદ કરવા કારોબારી કે ધારાસભા હોતી નથી. વાયવ્ય સરહદનો મુલક, કુર્ગ, દિલ્હી, અજમેર સાથે મારવાડ, અને બલુચિસ્તાન ચીફ કામશનરનો અમલ છે પ્રાંતોને નાના નાના ભાગોમા વહેચવામા આવેલા છે તે પર કમિશનર કારભાર કરે છે

પ્રાતોના વિભાગમા નાના નાના પેટા ભાગ પાડયા છે, તેને જિલ્લા કહે છે, અને તેના અધિકારીને **કલેકટર** કહે છે તેનું મુખ્ય કાર્ય મહેસુલ એકઠી કરવાનુ છે, પણ તે કેળવણી, પોલીસ વગેરે બીજાં સરકારી ખાતા પર પણ દેખરેખ રાખે છે ( બ્રિટિશ હિદમા હાલ એવા ૨૬૭ જિલ્લા છે ) કલેકટરના હાથ નીચે **આસિસ્ટંટ કલેકટર, હજુર ડેપ્યુટિ કલેકટર, અને ડિસ્ટ્રિકટ ડેપ્યુટિ કલેકટર** હોય છે તેઓ જિલ્લાનો કારભાર કરવામા મદદગાર છે કલેકટરને મદદ કરવાને એક સભા હોય છે, તેને જિલ્લા સભા કહે છે, કલેકટર તેનો પ્રમુખ છે પોલીસ ખાતાનો **પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ** કલેકટરના હુકમ પ્રમાણે વર્તવા બધાએલો છે

જિલ્લાના તાલુકા પર **મામલતદાર** કારભાર કરે છે તેને મદદ કરવાને તાલુકાના મડળ હોય છે, તેનો પ્રમુખ ડેપ્યુટિ કલેકટર હોય છે. તાલુકાના ગામો પર દેખરેખ રાખી કારભાર કરવાને પોલીસ પટેલ અને પટેલ તલાટી નીમેલા હોય છે તેઓને મદદ કરવાને એક સ્થાનિક **મડળ લોકલ બોર્ડ**–ઇત્યાદિ હોય છે તેઓ **મ્યુનિસિપાલિટિઓના** જેવા લોકહિતના કામોમા મદદ કરે છે

શહેરોમા કારભાર કરનારી સભાને **મ્યુનિસિપાલિટિ કે શહેર સુધરાઇ ખાતુ** કહે છે કારભાર કરનાર મડળને **મ્યુનિસિપલ કોંસિલ** કહે છે, અને તેના સભ્યો **કોંસિલર** કહેવાય છે તેઓ લગભગ બધાજ **હિંદીઓ** હોય તેમાના કેટલાક સરકારે નીમેલા અને કેટલાક લોકોએ ચુટી કાઢેલા છે ઇ સ ૧૮૮૮ મા લોર્ડ રિપને દેશીઓ

પોતાનો કારભાર પોતે કરતા શીખે માટે આ ગોઠવણ કરેલી છે. તેઓ પોતે કાયદા ઘડે છે, કર ઉઘરાવે છે, અને નાણાનો વહીવટ પણ કરે છે રસ્તાઓ સાફસુફ કરવા શહેરમા રાત્રે અજવાળુ પુરૂ પાડવુ, શાળાઓ અને દવાખાના ચલાવવા વગેરે કામો મ્યુનિસિપાલિટિ કરે છે, હિંદમા ૭૧૯ કરતા વધુ મ્યુનિસિપલ કૌંસિલો છે

હિંદુસ્તાનમા નાના મોટા અનેક દેશી રાજ્યો છે તેઓના રાજ્યકર્તાઓ મહારાજા, રાજા, નિઝામ, નવાબ, ઠાકોર વગેરે જુદા જુદા નામથી ઓળખાય છે, દેશી રાજાઓ પોતાના પ્રધાનો, અને પોતાની કૌંસિલોની મદદથી રાજ્ય કરે છે તેઓમાના કેટલાક તો પોતાની રૈયત માટે પોતે ધારા ઘડે છે, પોતે કર લે છે, અને પોતાના સિક્કા પણ પાડે છે મોટા રાજ્યો પર દેખરેખ રાખવા માટે અંગ્રેજ સરકાર તરફથી રેસિડંટ નીમાય છે, અને નાના રાજ્યો પર એજંટ ટુ ધ ગવર્નર અને પોલિટિકલ એજન્ટ નીમાય છે.

સમાપ્ત